## અનુક્રમણિકા


| ક્રમ | નામ | પાના નં. |
|---|---|---|
| ૧. | હિરપરા રૂપલ ગૌરધનભાઇ | ૬ |
| ૨. | રાદડિયા હેતલ વિશાલકુમાર | ૭ |
| ૩. | રાદડિયા આશા કનુભાઇ | ૯ |
| ૪. | કોરિંગા વિમલા રવજીભાઇ | ૧૧ |
| ૫. | ધોરાજીયા અંકિતા હિતેશકુમાર | ૧૬ |
| ૬. | પ્રજાપતિ જસ્મિના જયંતિભાઇ | ૧૮ |
| ૭. | કળથિયા હિરલ મનજીભાઇ | ૧૬ |
| ૮. | ડોરરિયા ત્રિવેણી મગનભાઇ | ૧૭ |
| ૯. | સાવલિયા મયુરી વિનુભાઇ | ૧૯ |
| ૧૦. | સાવલિયા માયા વિનુભાઇ | ૨૦ |
| ૧૧. | જસાણિ જલ્પા હરિકૃષ્ણકુમાર | ૨૧ |
| ૧૨. | નસિત મિતલ પંકજકુમાર | ૨૪ |
| ૧૩. | કથીરીયા હિના વિરજીભાઇ | ૨૬ |
| ૧૪. | સવાણી વનિતા કલ્પેશકુમાર | ૨૮ |
| ૧૫. | સવાણી કિંજલ પુનિતકુમાર | ૩૦ |
| ૧૬. | જાસોલિયા કિરણ ઘનશ્યામભાઇ | ૩૩ |
| ૧૭. | ભટ્ટી ચંદ્રિકા ભીખુભાઇ | ૩૬ |
| ૧૮. | દેસાઇ મિતલ રાણાભાઇ | ૩૯ |
| ૧૯. | દેસાઇ યોગિતા રાણાભાઇ | ૪૧ |
| ૨૦. | દેસાઇ ઉષા કિશનકુમાર | ૪૩ |
| ૨૧. | બોદર દક્ષા નાનજીભાઇ | ૪૪ |
| ૨૨. | જાજમેરા યોગીતા ભાણજીભાઇ | ૪૬ |
| ૨૩. | કિકાણી હેતલ ધનજીભાઇ | ૪૭ |


## અનુક્રમણિકા


| ક્રમ | નામ | પાના નં. |
|---|---|---|
| ૨૪. | શેખડા આકાંક્ષા મનસુખભાઈ | ૪૮ |
| ૨૫. | ચોટલિયા દયા પ્રકાશકુમાર | ૪૯ |
| ૨૬. | પટેલ ક્રિતી ભરતભાઈ | ૫૧ |
| ૨૭. | ચૌહાણ માધવિ ચેતનકુમાર | ૫૨ |
| ૨૮. | અકબરી હેતલ | ૫૪ |
| ૨૯. | અકબરી જાગૃતિ | ૫૭ |
| ૩૦. | વ્યાસ ક્રિતી પરિમલકુમાર | ૬૦ |
| ૩૧. | અણઘણ ભાવિકા જેરામભાઈ | ૬૨ |
| ૩૨. | અણઘણ મમતા જેરામભાઈ | ૬૩ |
| ૩૩. | વાડદોરીયા ભારતી દુલાભાઈ | ૬૪ |
| ૩૪. | વાડદોરીયા કૈલાશ દુલાભાઈ | ૬૬ |
| ૩૫. | વઘાસીયા વૈશાલી પરસોત્તમભાઈ | ૬૮ |
| ૩૬. | ભટ્ટ જલ્પા મહેન્દ્રભાઈ | ૭૦ |
| ૩૭. | રાઠોડ પૂનમ પ્રવિણભાઈ | ૭૨ |
| ૩૮. | વાઘાણી કાજલ વિઠ્ઠલભાઈ | ૭૪ |
| ૩૯. | કેવડીયા નયના શિવજીભાઈ | ૭૬ |
| ૪૦. | ધોળીયા શ્રદ્ધા સંજયકુમાર | ૭૮ |
| ૪૧. | ધીનૈયા વિભા ચંદુભાઈ | ૮૦ |
| ૪૨. | કાકડીયા કપિલા કલ્પેશકુમાર | ૮૧ |
| ૪૩. | ચોટલીયા ગાયત્રી રતિલાલ | ૮૩ |
| ૪૪. | વિરાણી મનિષા બાબુભાઈ | ૮૪ |
| ૪૫. | દેવાણી સોનલ રોહિતકુમાર | ૮૫ |
| ૪૬. | સુરતિ શિતલ મનોજભાઈ | ૮૬ |

# અનુક્રમણિકા

## દીકરી દીલનો દીવો - ૨૦૧૬


| ક્રમ | નામ | પાના નં. |
|---|---|---|
| ૧. | સાવલીયા પીનલ બાબુભાઈ | ૮૯ |
| ૨. | ચુડાસમા રેવિશા ભરતભાઈ | ૯૧ |
| ૩. | જીંગર સપના પ્રકાશભાઈ | ૯૩ |
| ૪. | વસાણી ધરતી મનજીભાઈ | ૯૫ |
| ૫. | રાણા તેજલ હસમુખભાઈ | ૯૭ |
| ૬. | મિયાત્રા કાજલ મુકેશભાઈ | ૯૯ |
| ૭. | પાંધી હિમા/ પાંધી રિયા કમલેશભાઈ | ૧૦૨ |
| ૮. | ગોટી રિંકલ ગોવિંદભાઈ | ૧૦૩ |
| ૯. | ભીમાણી નિરાલી હરજીભાઈ | ૧૦૫ |
| ૧૦. | વેકરીયા રાધિકા મનસુખભાઈ | ૧૦૭ |
| ૧૧. | માંગુકીયા દયા શંભુભાઈ | ૧૦૯ |
| ૧૨. | હિરપરા હેતલ નીતિનકુમાર | ૧૧૧ |
| ૧૩. | દોંગા સંગીતા મનુભાઈ | ૧૧૩ |
| ૧૪. | દોંગા દયા મનુભાઈ | ૧૧૫ |
| ૧૫. | સુરાણી દક્ષા ધનજીભાઈ | ૧૧૭ |
| ૧૬. | ભાદાણી ફાલ્ગુની મયુરકુમાર | ૧૧૯ |
| ૧૭. | દુધાત મિતલ રમેશભાઈ | ૧૨૧ |
| ૧૮. | મુલાણી સંગીતા ગોરધનભાઈ | ૧૨૨ |
| ૧૯. | મિયાત્રા ગીતા બાબુભાઈ | ૧૨૪ |
| ૨૦. | કાકડીયા કામિની કનુભાઈ | ૧૨૬ |
| ૨૧. | કાકડીયા ભૂમિકા કનુભાઈ | ૧૩૧ |

## અનુક્રમણિકા


૨૨. તરસીયા સંગીતા વલ્લભભાઈ ............ ૧૩૪

૨૩. જીકાદરા પાયલ નાથાભાઈ ............ ૧૩૫

૨૪. ગોહિલ નૂતન કાનજીભાઈ ............ ૧૩૮

૨૫. ગેલાણી કોમલ યોગેશકુમાર ............ ૧૪૦

૨૬. સતાણી ગુલાબ જયદિપકુમાર ............ ૧૪૨

૨૭. સાવલીયા જાગૃતિ ............ ૧૪૪

૨૮. બોદરા હિના પદમશીભાઈ............ ૧૪૫

૨૯. જાદવ પાયલ કાળુભાઈ ............ ૧૪૭

૩૦. પટેલ ઉમા કાન્તિભાઈ ............ ૧૪૮

૩૧. ચાવડા સેજલ મનસુખભાઈ ............ ૧૫૦

૩૨. કણજરિયા મનિષા ધીરૂભાઈ ............ ૧૫૧

૩૩. બોરડ સરોજ દકુભાઈ ............ ૧૫૩

૩૪. સરવૈયા નૂતન ધીરૂભાઈ ............ ૧૫૪

૩૫. દૂધાત રીટા દિલીપભાઈ ............ ૧૫૮

૩૬. રાણા અંજલી રાજેશભાઈ ............ ૧૫૯

૩૭. રાદડિયા અંકિતા જયસુખભાઈ ............ ૧૬૨

૩૮. બલદાણિયા રૂપા સુધીરકુમાર ............ ૧૬૩

૩૯. પરમાર જયશ્રી હરજીભાઈ ............ ૧૬૫

૪૦. પરમાર કાજલ હરજીભાઈ ............ ૧૬૭

૪૧. રાણા સાધના હીરાલાલ ............ ૧૬૯

૪૨. નંદવાણા સંગીતા પુનાભાઈ ............ ૧૭૧

૪૩. નંદવાણા અસ્મિતા પુનાભાઈ ............ ૧૭૨

૪૪. મોરડીયા મનિષા સવજીભાઈ ............ ૧૭૩

૪૫. જાસોલીયા શ્રધ્ધા બાબુભાઈ ............ ૧૭૪



## હીરપરા રૂપલ ગોરધનભાઈ

જન્મતારીખ:- ૦૮/૦૩/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૧૬/૧૧/૨૦૦૫

**DEAR PAPA**
**જય રામાપીર**

***નથી જીવવું બીતા બીતા કેમ કે,***
***સાથમાં છે પપ્પા, હામ છે હૈયામાં,***
***હિંમત આપી છે પપ્પાએ,***
***ઉત્સાહ છે આનંદમાં તો ઊજળું કરવાની***
***શક્તિ આપી છે પપ્પા એ................***

મહેશ પપ્પાને હું આજથી બે વર્ષ પહેલા મળી બસ એ દિવસ મારો યાદગાર દિવસ છે. કારણ કે પપ્પાના અવસાન પછી લાંબા સમય બાદ મેં "પપ્પા" શબ્દ ઉચ્ચાર્યો. બસ ત્યારથી જ મારી મોટા ભાગની ચિંતા દૂર થઈ ગઈ મને ફરીથી પપ્પા કહેવાનો હક મળ્યો એ જ મારા માટે ઘણું છે.

દુનિયામાં બધા જ લોકો ખુશ નથી હોતા. બધા જ લોકોને દુ:ખ અને સુખનો સામનો કરવો જ પડે છે. એવામાં મારો પણ સમાવેશ થાય છે મારે પણ ઘણા બધા દુ:ખનો સામનો કરવો પડ્યો હતો મારા પપ્પા Expire થયા તે ક્ષણે મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું અને મારું ઘર સુખ માંથી દુ:ખ માં સરી પડ્યું. પણ મહેશ પપ્પાને મળ્યા બાદ પૂરી Life change થઇ ગઈ કારણકે પપ્પાને પણ ભુલાવી દે એવા મહેશ પપ્પા મને મળ્યા.

આજે હું ગર્વ અનુભવું છું કે મહેશ પપ્પા એ મારા પપ્પા છે હવે મને મારા Family ની ચિંતા નથી એટલે ખુશી ખુશીથી સાસરે જઈ શકીશ. બસ, આનાથી વિશેષ તો કઈ હોઈ જ નહિ. મારા પપ્પા વિશે તો જેટલું લખું તેટલું ઓછું છે. જેટલું વર્ણન કરીશ એટલું ટુંકું જ થશે ૭ વર્ષ સુધી મેં પપ્પા શબ્દ ને નહોતો ઉચ્ચાર્યો. એ મારી Lifeનું મોટામાં મોટું દુ:ખ હતું. પણ એનાથી વિશેષ મને ખુશી ઈ મળી કે આજે મને મહેશ પપ્પાના રૂપમાં મારા પપ્પા કહેવાનો અધિકાર પાછો મળી ગયો.

***ખૂબ ખૂબ આભાર મહેશ પપ્પા મારી Life માં આવવા બદલ....***

લિ. તમારી વહાલી દિકા
***રૂપલ હીરપરા***



## રાદડિયા હેતલ વિશાલકુમાર

જન્મતારીખઃ- ૨૦/૦૧/૧૯૯૧
પિતાની પુણ્યતિથીઃ- ૧૩/૦૭/૨૦૦૧



**મારા પ્રિય આદરણીય**
**શ્રી મહેશપપ્પા**

મને આવાં સરસ કાર્યો અને પિતાનો પ્રેમ આપનાર પપ્પા તમારા પર ગર્વ થાય છે કે તમારો જેટલો અભાર માનું એટલો ઓછો છે.

જય રામાપીર સાથે જણાવું છું પપ્પા તમે મજામાં હશો હું પણ મજામાં છું હું ૧૦ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું બીમારીના કારણે અવસાન થયું. કુટુંબમાં અમે ૪ બહેન અને એક ભાઈ હતા. પપ્પા વિનાનું ઘર સાવ સુનું સુનું થઈ ગયું. અમારા માટે દિવસો કાઢવા સાવ મુશ્કેલ થઇ ગયા પપ્પાની વિદાય પછી ૩ મહિના બાદ મારી બંને મોટી બહેન નાં લગ્ન કર્યા અને બધા ભાઈઓ અલગ થઇ ગયા. અમે બે બહેન ભાઈ અને મમ્મી અલગ રહેવા લાગ્યા. અમે બધા પહેલા સહુ કુટુંબ સાથે રહેતા હતા. ત્યારે બહુ મજા આવતી હતી. અને અલગ થયા પછી અમને પપ્પાની બહુ યાદ આવતી પણ મમ્મીએ ખૂબ તનતોડ મહેનત કરીને અમને ભણાવ્યા પછી મારો ભાઈ ૧૦ ભણીને હીરામાં બેસી ગયો અને અમે બંને બહેન ૧૦ ભણીને મમ્મી સાથે મજૂરી કરવા લાગ્યા. ભણવાની બહુ જ ઈચ્છા હતી પણ ઘરની પરિસ્થિતિના કારણે ભણી શકાય તેમ ન હતું. આમ કરીને ઘર ચલાવતા હતા ત્યાં મમ્મી ખૂબ બીમાર થઇ ગયા દેશમાં કેટલા દવાખાના બદલ્યા તો પણ મમ્મીને ફેર નો પડ્યો પછી અમે સુરત આવતા રહ્યા મમ્મીને આરામ આપ્યો અને અમે બે બહેન મશીનનું કામ કરવા લાગ્યા ખુબ મહેનત કરતા હતા મમ્મીને દવાનો ખર્ચ પણ ખૂબ જ થયો હતો.

બસ આમને આમ દિવસો પસાર કરતા ૨૦૧૦ માં મમ્મીનું મૃત્યુ થયું ૧ સિંગલની ભાડાની રૂમમાં રહેતા હતા. ખુબ મહેનત કરી મમ્મીને સારા કરવામા પણ ના સારું થયું અમારું ઘર સાવ સુનું સુનું થઈ ગયું અમે ૩ ભાઈ બહેન રહ્યા અમારા પર તો જાણે આભ તૂટી પડ્યું હોઈ તેવું લાગ્યું. પિતાની યાદ ભુલાવનાર મમ્મી હતા. તો તે પણ ભગવાને પ્યારા થઇ ગયા. આમ મમ્મી-પપ્પાની યાદ કરતા કરતા દિવસો પસાર કર્યા પછી અમે ૩ ભાઈ બહેન મોટી બહેનના ઘર પાસે રૂમ રાખીને



રહેવા લાગ્યા. બહેનના સાસરા પક્ષનો પૂરો સાથ હતો તેઓ અમારું ખૂબ ધ્યાન રાખતા હતા અને અમારા બને ભાઈ બહેનની સગાઈ કરી ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી અમારા ભાઈ બહેનની સામ-સામી સગાઇ કરી.

થોડા દિવસો પછી અમારા સંબંધી અમારા ઘરે આવ્યા અને તમારા વિશે બધી વાત કરી અને કહ્યું તમને પપ્પા મળી ગયા અમને આ વાત સાંભળીને ખુબ ખુશી થઈ પછી અમે ઓફિસ પર તમને પહેલી વાર મળવા આવ્યા. ઓફીસમાં પગ મૂકતાંની સાથે જ તેમણે કહ્યું દિકા આવ તે શબ્દ સાંભળીને અમારી ખુશીનો પાર ન રહ્યો અમારી બધી ચિંતા દૂર થઈ ગઈ અને અમારા લગ્નનું બધું નક્કી કરી દીધું. અમારા માથેથી બધી જ ચિંતા દૂર થઈ ગઈ.

આજે હું એટલી બધી પોતાને નસીબદાર માનું છું કે તમે મને મળ્યા. ભગવાન તમને લાંબુ આયુષ્ય, ઉમર અને સરસ તંદુરસ્ત જીવન આપે. આ જીવન તમે આવા સત્કર્મ કરતા રહો. ભગવાનના ચરણ માં કોટિ કોટિ વંદન, પ્રણામ પપ્પા અમે આ ઋણ ક્યારેય અદા નહિ કરી શકીએ....

**“ ભુલો ભલે બીજું બધું પણ માબાપને ભૂલશો નહિ.”**

I love you papa Thank you Papa

તમારી વહાલી દિકા

**હેતલ સાવજ**



## રાદડિયા આશા કનુભાઈ

જન્મતારીખઃ- ૨૩/૧૨/૧૯૯૦

પિતાની પુણ્યતિથીઃ- ૨૪/૦૫/૨૦૧૨



**મારા પપ્પા,**

**જય રામાપીર સાથે જણાવવાનું કે**

મારે આજે પિતા વિશે તમને કંઈક જણાવવાનું છે તો હું વિચારું છું કે પપ્પા વિશે કોઈને કહેવાની જરૂર પડે ખરા?? એ તો સૌ જાણતા જ હોય છે. માં વિશે દુનિયામાં કવિ તથા સાહિત્યકારો, કવિઓએ ઘણા લેખો, સુવિચારો તથા કહેવતો આપી છે. પરંતુ એક પિતા વિશે જયારે કંઈ કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ તથા બેસ્ટ સાહિત્યકારો પણ ચુપકીદી કરી લેતા હોય છે. વિચારવા માટે એટલે કે તેમને ત્યાં વિચારવાની જરૂર પડે છે. કેમ કે પપ્પા વિશે તો લેખ કાગળમાં નહિ દિલમાં હોય છે. અને ઈ પણ એક દીકરીના દિલમાં. એક દીકરી માટે તેના પિતા દુનિયાના બેસ્ટ પપ્પા છે.

મારી માતાનું અવસાન કેન્સરની બીમારીના કારણે થયું હતું. અમે બે ભાઈ અને ત્રણ બહેન હતા. અમે ગામડે રહેતાં હતાં હું અને મારી મોટી બહેન ઘરની જવાબદારી પણ માથે હતી પરંતુ પપ્પાનો મારા માથે હાથ હોવાને કારણે અમે બંને ઘરની જવાબદારી ખૂબ જ સારી રીતે સંભાળતા હતા.

મારા પપ્પા ટ્રેકટર ચલાવતા હતા પરંતુ એક દિવસ મારા પપ્પા ટ્રેકટર લઈને ઘરે આવતા હતા ત્યારે રસ્તામાં તેમનું એક્સીડંટ થયું અને ત્યાં જ મારા પપ્પાનું અવસાન થયું અને અમે અનાથ થઇ ગયા.

મારા પપ્પાના મૃત્યુના ૬ મહિના બાદ અમે સુરત રહેવા માટે આવ્યા. થોડા દિવસોમાં મારી મોટી બહેનની સગાઈ થઇ ત્યારબાદ મારી અને મારા નાના ભાઈની સગાઇ થઇ. ત્યાર બાદ સંબંધી દ્વારા મહેશ પપ્પા સાથે મુલાકાત થઇ. અમે પપ્પાને મળવા ગયેલા અને પપ્પાએ દિકા કહીને મને બોલાવી. બસ એમ થઇ ગયું કે મારા પપ્પા પાછા મળી ગયા. મારા ભાઈની ઉંમર ઘટવાને કારણે આગળના વર્ષે "લાગણીનાં વાવેતર"માં મારા અને મારા ભાઈના લગ્ન બંધ રહ્યા. અને મારી મોટી બહેનના લગ્ન "લાગણીનાં વાવેતર"માં



થયા.

"લાગણીનાં વાવેતર"માં અમે એક અનોખું દ્રશ્ય નિહાળ્યું "પાંચમો ફેરો" આ "પાંચમો ફેરામાં દીદીમાં હાજર રહે છે. એ જાતે કન્યાના સાસુ-સસરાને અને કન્યાને શપથ લેવડાવે છે, દીદીમાંએ ૧૫૧ વરરાજાના માતા પિતાને પાંચ ફેરાના શપથ લેવડાવ્યા. આ પાંચ ફેરા એટલે "હું મારી વહુને તુલસી ક્યારા સમાન ગણીશ અને એના સુખે સુખી અને એના દુઃખે દુઃખી થઈશ, એની ઈચ્છાને સમજીશ અને પૂરી કરવાનો પ્રયત્ન કરીશ, ક્યારેય ભ્રુણ હત્યા નહિ કરું એવા શપથ લેવડાવ્યા અને મહેશ પપ્પાએ બધી જ દીકરીઓની વિદાઈ અને કન્યાદાન જાતે જ કર્યું.


ખરેખર મહેશ પપ્પા તમારું નામ સાંભળતાની સાથે જ ભગવાન શિવના રૂપની યાદ આવે છે. કેમ કે ભગવાનને ક્યારેય જોયા નથી. પરંતુ એમનું એક નામ તમારી સાથેનું જ છે. મહેશ કે ભગવાન આવા જ હોય. પપ્પા ભગવાનની વ્યાખ્યા આવી જ હોય છે. હા, પપ્પા તમારી પાસે લાગણી, સ્નેહ, પ્રેમ, સહાનુભૂતિ, આત્મીયતા, આપણાપણું અને સદગુણોનો અમૂલ્ય ભંડાર છે.

આદરણીય અને અનુપમ એવા શ્રી બાપુજીના પુત્રરત્ન શ્રી પપ્પા એ અમારા માટે આજે પિતાજીની ભૂમિકા નિભાવી છે.

ભગવાનને મારી એક જ પ્રાર્થના છે કે તમારા દરેક કાર્યમાં તમને ખુબ જ સફળતા મળે. તમારું અને તમારા પરીવાર જનોનું જીવન હંમેશા સુખમય રહે. તમે તન,મન,ધનથી ખુશ રહો.

ખરેખર દીકરી પપ્પાના દિલનો ટુકડો નથી પરંતુ પૂરે પૂરું હદય છે. વહાલસોયી દીકરીને પારકા ઘરે મોકલતા પિતાનું હદય કેવું ચીરાઈ જતું હશે? એ એક પિતા અને દીકરી જ જાણે.

**લિ. તમારી દિકા**
**આશા**



## કોરિગા વિમલા રવજીભાઇ

જન્મતારીખ:- ૧૮/૦૮/૧૯૮૭

પિતાની પુણ્યતિથી:- ૨૨/૦૯/૨૦૧૦



**લખી લો તમે આરસની તકતી પર**

*"My papa is best in the world"*
*Love you so much papa.........*

**"સૂર્યને જેમ તેના કિરણ વગર નથી ચાલતું તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું."**

જય રામાપીર પપ્પા, આજે મારે પણ પપ્પા વિશે કઈક જણાવવું છે. હું તો વિચારું છું કે દુનિયામાં પપ્પા વિશે કઈ કહેવાની જરૂર પડે, એ તો સૌ જાણતા જ હોય છે.'માં'વિશે તો દુનિયામાં ઘણા લેખો અને સુવિચારો છે પરંતુ એક પિતા વિશે કંઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ કે લેખકો પણ પાછા પડી જાય છે. કેમ કે પિતા વિશે તો એક દીકરી જ લખી શકે.' 'પિતા ને પુત્રી'ના પ્રેમને કોઈ તોલી શકે નહીં. એક દીકરી માટે તો તેના પિતા વર્લ્ડના બેસ્ટ પિતા જ હોય છે. હું પણ આજે મારા પપ્પા વિશે કઈક કહેવા જઈ રહી છું. મારા પપ્પા વર્લ્ડના બેસ્ટ પપ્પા હતા. મારા પરિવારમાં મારા મમ્મી -પપ્પા, અમે ચાર બહેનો અને બે ભાઈ છે. મારા મમ્મી - પપ્પાએ અમારું ખૂબ સારી રીતે બધા ભાઈ બહેનોનું લાલન-પાલનથી ઉછેર કર્યો હતો. કોઈ પણ વાતની કમી ન હતી. અમારું સુખી કુટુંબ હતું. મારા પપ્પાને ડાયાબિટીસ હતી. પરંતુ ડાયાબિટીસના લીધે ક્યારેય તેમને કંઈ પ્રોબ્લેમ થયો ન હતો. પરંતુ અચાનક તેમની તબિયત એકદમ ખરાબ થઈ ગઈ હતી અને તેમને હોસ્પિટલમાં એડમિટ કરવા પડ્યા હતા. મારા પપ્પાને એક અઠવાડીયા સુધી હોસ્પિટલમાં એડમિટ કર્યા ને તેમની તબિયતમાં સુધારો પણ થયો હતો. ને ડોક્ટરે પણ તેમણે ઘરે લઈ જવાની રજા આપી દીધી હતી. પરંતુ તે જ રાત્રે 3:00 વાગ્યે મારા પપ્પાને હાર્ટ એટેક આવવાથી મારા પપ્પાનું અવસાન થયું.

**મેં જ્યારે મારા પપ્પાના દુઃખદ સમાચાર સાંભળ્યા ત્યારે મારા હૃદયની ધરતી ધ્રુજી જાય તેવો પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો, અમારા પરિવારનું શિર છત્ર છીનવાઈ ગયું. અમારો પંખીનો માળો વિખાઈ ગ્યો......... અમારા સંસાર**



**રૂપી રથનો સારથિ અદ્રશ્ય થઈ ગયો. જીવનરૂપી નૌકાની શુકાની છીનવાય ગઈ. અમને એમ હતું કે મારા પપ્પાની ખોટ કોણ પુરશે? મનની મુંઝવણનો નિચોડ કોણ કાઢશે? વાત્સલ્ય કોણ આપશે? હવે અમારી સંભાળ કોણ લેશે?**

**'પપ્પા હતા અમારા મનના મોતી,**
**ગગનમાથી લાવો કોઈ ગોતી,**
**આંખો અમારી હીબકે રોતી,**
**પપ્પાને મળવાની વાટલડી જોતી.'**

જેમને હું સૌથી વધારે પ્રેમ કરતી હતી જેની સાથે મારા દિલની બધી વાત કહી શકતી હતી. જે મારા માથા પર હાથ મૂકીને પૂછતાં દીકરી તને કઈ પ્રોબ્લેમ તો નથીને, જેને કદી અમને દુ:ખ શબ્દનો અહેસાસ પણ થવા નથી દીધો. એ હાથ આજે મારા માથા પરથી દૂર થઈ ગયો હતો. મારા પપ્પાના અવસાન પછી તો મારી મમ્મીની ચિંતામાં અને જવાબદારીમાં ઘણો વધારો થઈ ગયો હતો. કેમ કે મારા પપ્પાએ અમને ક્યારેય 'ચિંતા' શું છે એની પણ ખબર પડવા દીધી ના હતી. પરંતુ અચાનક જ એ બધુ અમારી ઉપર આવી ગયું હતું. મારા પપ્પાએ મારા એક ભાઈ અને બે બહેનના લગ્ન કરાવી દીધા હતા. અને હવે મારા લગ્નની વાત ચાલતી જ હતી ત્યાં જ મારા પપ્પાનું અવસાન થયું હતું અને ત્યારે જ મને ખબર પડી કે

**"પિતા એક ઘટાદાર વૃક્ષ છે**
**અને એમની શીતળ છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે"**

મારા પપ્પાના અવસાન પછી તો અમારી જિંદગી જ બદલાઈ ગઈ. **'ખુશી'** શબ્દ જ અમારા જીવનમાંથી ચાલ્યો ગયો હતો. કેમ કે જે દીકરીને રોજ તેઓ તેના માથા પર હાથ મૂકીને પૂછતાં એ હાથ હવે માથા પર નહોતો. એ પછી તો મારા મમ્મીની ચિંતા અને જવાબદારી દિવસે ને દિવસે વધતી જતી હતી. મારી મમ્મી રોજે ચિંતા કરતાં કે બે દીકરીને એક ભાઈના લગ્ન અને તેમની જવાબદારી કેવી રીતે પૂરી કરશે???

મારા પપ્પાનું અવસાન થયું એને આજે ૬ વર્ષ પૂરાં થયાં છે પણ મારો એક પણ દિવસ એવો નથી કે જે દિવસે મને મારા પપ્પા યાદ ન આવ્યા હોય. કેમ કે જ્યારે પણ મારી ફ્રેન્ડ કે કોઈ પણ વ્યક્તિ પપ્પા શબ્દ બોલે એટલે પપ્પા યાદ આવી જ જાય. આજે ૬ વર્ષ પૂરાં થયાં છે. ૬ વર્ષથી હું મારા પપ્પાના પ્રેમ, વ્હાલ, માટે રડતી હતી. મને પણ મન થતું હતું કે હું પણ કોઈને પપ્પા કહી શકું, હું પણ મારા પપ્પાને જોઈ શકું, મારે પણ મારા પપ્પા સાથે વાતો કરવી છે, મારે પણ મારા પપ્પાને જોવા છે પણ એ તો હવે એક સ્વપ્ન જ બની ગયું હતું. એમને જોવા હોય તો ફોટામાં જોઈને એમની સામે વાતો કરીને, રડીને, મારા દિલનું દુખ હળવું કરી લેતી. મને પણ ઈચ્છા હતી અને હું પણ ભગવાનને પ્રાર્થના કરતી હતી



કે "મારા પપ્પા મને પાછા મળે" ને હું એમની સાથે ઘણી બધી વાતો કરું. હું એમને એકવાર જોઈ લઉ.

એ મારું સ્વપ્ન સાચું થયું. મારાં લગ્ન નક્કી થયાં. મારા સસરા અને મહેશ પપ્પા સાથે વર્ક કરતાં હોવાથી અમે મહેશ પપ્પાને એમની ઓફિસમાં મળવા ગયા. ત્યારે મહેશ પપ્પાને મેં પહેલી વાર એમની ઓફિસમાં જોયા ત્યારે મને થયું કે મારા પપ્પા મને પાછા મળી ગયા છે. મહેશ પપ્પા એ મને દીકરી કહી બોલાવી અને કહ્યું કે આજથી હું જ તારો પપ્પા છું ત્યારે મને થયું કે ભગવાને અને મારા સ્વર્ગવાસી પિતાએ મારી પ્રાથના સાંભળીને મને મહેશ પપ્પાને મળાવી છે. કેમ કે મારી પાસે બધું હતું પરંતુ એક પિતા ન હતા. જે મારા માથા પર હાથ મૂકીને જે પૂછે કે 'દીકરી તને કઈ દુ:ખ તો નથી ને 'પરંતુ મહેશ પપ્પાને હું પહેલી વાર મળી ત્યારે તેમણે મારા માથા પર હાથ મૂકીને કહ્યું કે આજથી તું મારી દિકા છે. તારી બધી જવાબદારી મારી છે. ત્યારે હર્ષથી મારી આંખોમાંથી આંસુ સરી પડ્યા કેમ કે ૬ વર્ષથી હું જે પિતાના વ્હાલ અને પ્રેમ માટે તડપતી હતી. એ પપ્પાનો પ્રેમ અને વ્હાલ મને મળી ગયા છે. અને મારી સાથે મારી બહેનોને પણ એક પિતાનો પ્રેમ પાછો મળ્યો છે. એ પછી તો મારી મમ્મીની જવાબદારી અને ચિંતાઓ દૂર થઈ ગઈ. કેમ કે બધી જવાબદારી તો મહેશ પપ્પાએ ઉપાડી લીધી હતી.

મારા મહેશ પપ્પાએ મારા લગ્ન એવી જ રીતે કરાવ્યા છે. જેવી રીતે મારા પપ્પાનું સ્વપ્ન હતું. એ સપનું મહેશ પપ્પાએ પૂરું કર્યું છે. એટલે તો મહેશ પપ્પા વિશે ગર્વથી કહીશ,

***"હર આદમી બાપ બન સકતા હૈ લેકિન પિતા બનને કે લિયે કુછ ખાસ હોના ચાહીયે"***

હું આજે એક વાત કહીશ દરેક પિતા માટે એની દીકરી એ "કાળજા નો કટકો" હોય છે. અને એ દીકરીનું કન્યાદાન કરીને વિદાય આપવી એ દરેક પિતાનું સ્વપ્ન હોય છે. પણ એક પિતાને 'કન્યાદાન' કરતી વખતે જેટલી ખુશી હોય છે એટલું જ 'વિદાય' વખતે દુ:ખ પણ હોય છે. અને એ એક પિતા સિવાય બીજું કોઈ ના સમજી શકે. આપણે તો વિચારી પણ ના શકીએ પણ મારા મહેશ પપ્પાએ તો સાચું કરીને બતાવ્યુ છે. સુખ અને દુ:ખ સાથે રાખીને કેટલીય દીકરીઓના કન્યાદાન કર્યા કરીને વિદાય પણ આપી છે. પણ ક્યારેય એમને હિંમત હારી નથી. આટલી બધી દીકરીઓનું કન્યાદાન કરીને વિદાય આપવી એ કોઈ સામાન્ય પિતાની હાથની વાત નથી. એના માટે ઈશ્વરનો આશીર્વાદ હોવા જોઇયે અને એ સત્પુરુષ જ કરી શકે. અને મારા મહેશ પપ્પાની સાથે તો ઈશ્વરનો આશીર્વાદ છે. અને ઘણા બધા માણસોની દુઆ પણ છે કે આટલી બધી દીકરીઓની વિદાય કરી શકે છે. એક પિતા માટે એના દીકરીના લગ્ન કરાવવાથી જવાબદારી પૂરી નથી થતી પરંતુ જવાબદારી ચાલુ થાય છે. એની દીકરી સાસરે સુખી તો છે ને એ બધી ચિંતા એક પિતાની હોય છે અને મારા



મહેશ પપ્પાએ બધી જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવે છે. હું એક જ વસ્તુ કહીશ કે જેવી રીતે મારા લગ્ન ધામધૂમથી કરાવ્યા એવી રીતે મહેશ પપ્પા જેમના માથે પિતાનો હાથ નથી એવી બધી દીકરીઓના દુ:ખ દૂર કરે ને એમના લગ્ન પણ ધામધૂમથી કરાવે એવી ભગવાનને પ્રાર્થના કરું છું.

મારા માટે તો મારા મહેશ પપ્પા એક ભગવાનનું સ્વરૂપ જ છે. એટલે જ તો એમને કહું છું,

**"ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ**
**ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ**
**ત્વમેવ વિદ્યા દ્રવિણમ ત્વમેવ**
**ત્વમેવ સર્વે મમ દેવ દેવ."**

મહેશ પપ્પા તમને નથી ખબર કે તમે મને અને મારા પરિવારને શું અમૂલ્ય ભેટ પાછી આપી છે. અને મારા જેવી પિતાવિહોણી દીકરીઓને પિતાની છત્રછાયા પાછી આપી છે. દુનિયામાં પૈસાથી બધુ મળે છે પણ જે 'દીકરી' પાસે 'પિતા'ન હોય તેમણે પિતા નથી મળતા. તમે તો અમને પિતા પાછા આપ્યા છે. એ પણ એવા જ પ્રેમ અને વહાલ સાથે જે સગા પિતા એની સગી દીકરીને વહાલ અને પ્રેમ કરતાં હોય. મહેશ પપ્પાની કેટલી બધી દિકાઓ છે. પણ એ એમની એક પણ દિકાને ઓછું નહીં આવવા દે. બધાને સરખો પ્રેમ અને સરખો વહાલ કરે છે. જે મારા મહેશ પપ્પા અમને દીકરીઓને પ્રેમ કરે છે. એ કોઈ સામાન્ય માણસ ના કરી શકે. કેમ કે એમના પ્રેમમાં કોઈ ને કોઈ ઊણપ તો રહી જ જાય. પણ મારા મહેશ પપ્પાના પ્રેમમાં ક્યારેય ઊણપ ના આવે.

આજે હું બહુ જ ખુશ છું કેમ કે આજે મને બધું જ મળી ગયું છે. મને આજે એક સાથે બે પિતાનો પ્રેમ મળે છે. એક તો મારા મહેશ પપ્પા અને બીજા મારા સસરારૂપી પિતા મળ્યા છે. તો પછી મને શેનું દુખ હોય છે. બંનેનો હાથ આજે મારા માથા પર છે.

આજે મારા હાથ લખવાનું બંધ જ નથી કરતાં કેમ કે આજે એક દીકરીને એના દિલની વાત કહેવાનો મોકો મળ્યો છે. તો હું મારા મહેશ પપ્પા વિશે એટલું કહીશ કે "ધન્ય છે,ધન્ય છે,ધન્ય છે."

મારા મહેશ પપ્પાના માતા-પિતાને કે જેમને મહેશ પપ્પા જેવા સત્પુરુષને સારા સત્કર્મો કરવાના સંસ્કાર આપ્યા અને સારા સંસ્કાર આપીને તેમનું સિંચન કર્યું છે. એવા માતા-પિતાને અને સવાણી પરિવારને કોટિ-કોટિ પ્રણામ, ને કોટિ કોટિ વંદન, કે મને મહેશ પપ્પા મળ્યા.

મહેશ પપ્પા તમારી દિકા તમારાં ચરણોમાં દિલથી તમને વંદનને પ્રણામ કરે છે. એ સ્વીકારજો અને મારાથી પત્ર લખવામાં કંઈ ભૂલચૂક થઈ હોય તો



તમારી વ્હાલી દીકાને માફ કરી દેજો.

છેલ્લે એટલું જ કહીશ કે “સંપતિ તો ઘણા પાસે હોય છે. પણ તેને બીજાની ખુશી માટે વાપરવી એવા દિલ મહેશ પપ્પા જેવા જ કોઈ વ્યક્તિ પાસે હોય છે.”

જય રામાપીર મારા મહેશ પપ્પાને ખૂબ લાંબુ આયુષ્ય, સારું આરોગ્ય અને સુખી રાખે અને મહેશ પપ્પા સત્કર્મો, સત્કાર્યો કરતા રહે. એવી જ ઈશ્વર પાસે અભિઅર્ચના સાથે મારી વાત પૂરી કરું છું.

*I Love You So Much My Sweet Papa*
*I Really Really Really Love You Papa*
*I Really Really Really Miss You Papa*
*Thank You So Much My Sweet Papa*
*Really Really Really Thank You Papa*

લિ.
તમારી વહાલી દીકરી
**વિમલા કોરીંગા**
જય રામાપીર





# ધોરાજીયા અંકિતા હિતેશકુમાર

જન્મતારીખઃ- ૧૮/૧૧/૧૯૯૧
પિતાની પુણ્યતિથીઃ- ૦૩/૧૦/૨૦૧૪

**પપ્પા તમે કેમ છો?**

**હું ખુબ ખુશ છું. મને આશા છે કે મારા વ્હાલા પપ્પા એટલે કે મહેશપપ્પા પણ ખુબ ખુશ હશે.**

**કારણકે સેંકડો દીકરીઓની દુઆ જેની પાસે હોય તે પપ્પા દુઃખી કેમ હોઈ શકે. ખરુંને પપ્પા ?**

પપ્પા આજે હું તમને મારા જીવન વિશે કંઈક કહેવા માંગું છું તો તમે જરૂર ધ્યાનથી વાંચજો. મારા પપ્પાની હું લાડકી દીકરી હતી. મારે ભાઈ કે બહેન નથી એટલા માટે મારા પપ્પાએ મારી બધી ઈચ્છા પૂરી કરવામાં કોઈ કચાસ રાખી નહોતી. જયારે હું ૯મા ધોરણમાં ભણતી હતી ત્યારે મારા પપ્પાને એટેક આવ્યો. મારા પપ્પા ઘણા સમય સુધી કોમામાં રહ્યા હતા. આ સમયે મારા અને મારા મમ્મી પર આભ તૂટી પડ્યું. શું કરવું તેનું ભાન જ ન રહ્યું. મારા બહેન કે ભાઈ ન હતા એટલે બધી જ જવાબદારી મારા પર આવી ગઈ. બધા કુટુંબીજનો એ ભેગા મળીને દવાખાનાનો ખર્ચ ઉપાડ્યો. પણ જેની પાસેથી લેણા લીધા હોય તેમને ચુકવવા તો પડે જ. હું ભણવામાં હોશિયાર હતી પણ ઘરમાં કમાનાર કોઈ જ ન હતું તેથી મેં મારો અભ્યાસ છોડી દીધો અને સીલાઇકામ શીખી લીધું. આમ મારા પર નાનેથી જ જવાબદારી ઉઠાવવાનો બોજ આવી પડ્યો. મારા મમ્મી ઘરકામ અને મારા પપ્પાની સેવા કરતા અને હું સિલાઈ મશીન ચલાવતી. આમ અમે ત્રણેય ફરીથી અમારા જીવનમાં ખુશીથી રહેવા લાગ્યા.

હું ૨૨ વર્ષની થઇ એટલે મારા પપ્પાએ મારા લગ્નની વાત બહાર પાડી. થોડાક સમય પછી મારી સગાઈ નક્કી થઇ. મારા પપ્પા જેવો મારા માટે છોકરો ને ઠેકાણું ઈચ્છતા હતા તેવું ભગવાનની દયાથી મળી ગયું. મારા પપ્પા ઉપરથી ટેન્શન થોડું ઓછુ થઇ ગયું. તે ખુબ ખુશ હતા. પણ આ ખુશી ભગવાનને મંજૂર ન હતી. મારી સગાઈના

આગળના દિવસે એટલે કે નવરાત્રીના આઠમાં નોરતે મારા પપ્પાને ફરી બીજો એટેક આવ્યો અને એ એટેકમાં તેમનુ અવસાન થયું. હવે હું ને મમ્મી બે જ રહ્યા ને મારા લગ્ન કેમ કરી ને થશે ? લગ્નમાં બધું કેવી રીતે કરીશું તેનું ટેન્શન થવા લાગ્યું...

જયારે પપ્પા તમે મારા જીવનમાં ભગવાન બનીને આવ્યા છો. અમને જયારે પપ્પા તમે દિકા કઈને બોલાવો ત્યારે એમ થાય કે ભગવાને પાછા મારા પપ્પાને મારા લગ્નની જવાબદારી તમને એટલે કે મહેશ પપ્પાને આપી હોય તેવું મને લાગવા લાગ્યું. અમને જયારે ખબર પડી કે પી.પી.સવાણી ગ્રુપ(મહેશભાઈ સવાણી) દીકરીઓને પરણાવે છે અને બધી જ જવાબદારી ઉઠાવે છે ત્યારે અમે પણ આ સંવેદના એક દીકરીમાં જોડાયા. અત્યારે મારા મમ્મી પર જવાબદારીનો ભાર ઉતરી ગયો. હું ખુબ નસીબદાર છું કે તમે એટલે કે (મહેશપપ્પા) મારી જિંદગીમાં આવ્યા તમે મને જે આપ્યું છે કરિયાવરમાં તે મારા મમ્મી પણ મને કદાચ ન આપી શકતે. ને મેં વિચાર્યું પણ ન હતું કે મારા લગ્ન આવી ધામધૂમથી થાશે. જયારે પપ્પાને પહેલી વખત મળી ત્યારે હું ખુબ ખુશ થઈને મેં ભગવાનને પ્રાથના કરી. કે મારા જીવનમાં મહેશ પપ્પાને મોકલ્યા તે બદલ ખુબ ખુબ ધન્યવાદ ને પપ્પાને પણ ધન્યવાદ. આનાથી વધારે શું લખુ પપ્પા તમેં તો લાખોમાં એક છો. ભગવાન તમને અને તમારા પરિવારને લાંબુ આયુષ્ય , તંદુરસ્તી આપે અને તમે મારા જેવી દીકરીઓને પરણાવી જિંદગીમાં ખુબ આગળ વધો. એ જ મારી દિલથી દુઆ.

**Thank you Papa**
**I Love you so much**

લી.
તમારી વહાલી દિકા
**અંકિતા**





## પ્રજાપતિ જસ્મિના જયંતીભાઈ

જન્મતારીખઃ- ૧૪/૦૪/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૨૬/૧૦/૨૦૦૨

**વ્હાલા પપ્પા,**
**જય રામાપીર**

**"પપ્પા" આજે તમારી "દિકા"ને તમારા વિશે લખવાનો અવસર મળ્યો છે.**

હું શું લખું પપ્પા તમારા વિશેની મારી લાગણી અને પ્રેમનું વર્ણન શબ્દોથી ન થઈ શકે. દરેક વ્યક્તિ કહે છે કે દીકરી એના પિતા માટે લાડકી હોય છે. પણ દીકરી માટે પણ એના પપ્પા જ સર્વસ્વ હોય છે.

હું મારી જ લાગણી વ્યક્ત કરું તો હું ૧૦ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું મરણ થયું પપ્પાની હું બહુ લાડકી હતી. પપ્પા મને ઘણો વ્હાલ કરતાં. એ હતા ત્યારે તો ઘણા લોકોનો સાથ હતો પણ એમના મરણ પછી હું, મમ્મી અને મારી નાની બહેન એકલા પડી ગયા. અમે કેવી રીતે જીવી રહ્યા છીયે એ વાતથી કોઈ ને કઈ જ મતલબ નહોતો. મમ્મીએ અમને ભણાવ્યા. મારા મામા મામીના સહકારથી અમને મમ્મીએ મોટા કરી સારા સંસ્કાર આપ્યા.

બધુ હોવા છતાં પણ અમારી પાસે "પપ્પા"તો ન જ હતા. સ્કૂલ કોલેજમાં બધી ફ્રેન્ડ્સના પપ્પાની વાતો સાંભળીને સારું લાગતુ ને મનમાં દુખ પણ થતું કે મને ભગવાને કેમ આવી વાતો કરવાનો મોકો ના આપ્યો. પણ ભગવાને કદાચ મારા માટે પણ કઈક સારું વિચાર્યું હશે. એટલે જ "મહેશ પપ્પા" તમે મારા જીવનમાં આવ્યા. તમે અમને ઓફિસ મળવા બોલાવ્યા હતા. તેના આગલા દિવસે જ મને મનમાં શાંતિ થઈ કે હવે મને ૧૫ વર્ષ પછી પપ્પા શબ્દ બોલવા મળશે. તમને જોયા તો તમારું પહેલું જ વાક્ય હતું "જય રામાપીર આજ થી તમારા પપ્પા નથી એવું મન માથી કાઢી નાખો હું જ તમારા પપ્પા છું" બસ એજ ઘડીએ ખરેખર મનમાંથી કાઢી નાખ્યું કે મારે પપ્પા નથી એમ. પપ્પા તમે મારી લાઈફમાં આવ્યા એમાં ઘણા લોકો નિમિત્ત બન્યા છે. મારી જેઠાણીના "બા" અને "માસી" એ તમારો પરિચય કરાવ્યો એમનો પણ આભાર માનું છું. તમે મારી લાઈફમાં આવ્યા પછી લાઈફ એકદમ સરસ તમે કહો છો એમ "NO TENSION ALWAYS BE HAPPY" તમે અમારી સાથે જ



રહો તો TENSION જ શાનું હોઈ. તમે જે બધી દીકરીઓને “દિકા” કહો છો એ તમારો શબ્દ જ તમારી દીકરી પ્રત્યેના વહાલનું પ્રતિબિંબ છે દરેક વખતે તમારો હસતો ચહેરો અમને પણ હસતાં રહેવાની પ્રેરણા આપે છે. દરેક પરિસ્થિતિમાં તમારી જેમ જ તમારી આ દિકા પાર પડે એવા આશીર્વાદ આપજો.

પપ્પા, તમારી આ દિકા હવે કોઈના ઘરની વહુ બનવાની છે. તમે આપેલી દરેક શિખામણને હું ધ્યાનમાં રાખીશ. દરેક વ્યક્તિને હું મારા પોતાના સમજીને રહીશ ને મારા પપ્પાની શિખામણને ઉજાગર કરીશ. પપ્પા મારી લાગણી વ્યક્ત કરતાં કઈ ભૂલ થઈ હોય તો તમારી આ લાડકી દિકાને માફ કરજો.

**તમારી વહાલી દિકા જસ્મિના પ્રજાપતિ**
**“જય રામાપીર”**





# કળથીયા હિરલ મનજીભાઈ

જન્મતારીખ:- ૨૧/૧૨/૧૯૯૨

પિતાની પુણ્યતિથી:- ૨૯/૦૪/૨૦૧૨

## Dear Papa,

**પિતાના વાત્સલ્યને ઝંખતી એક દીકરી**

**હિરલના પ્રણામ**

જય રામાપીર પપ્પા, દુનિયામાં વાત્સલ્યપૂર્ણ કોઈ સંબંધ હોય તો એ છે. દીકરી અને પિતાનો પ્રેમ. મારા પપ્પા મારી દરેક ઈચ્છા પૂરી કરતા હતા. હું મારા પપ્પાની લાડકી હતી. હું કોઈ પણ વસ્તુ મંગાવું તો કોલેજથી આવું ત્યાં લાવી રાખે. પરંતુ ભગવાનને મારો અને મારા પપ્પાનો પ્રેમ મંજૂર ન હતો. મારા પપ્પા ૨૯/૦૪/૨૦૧૨ના દિવસે ધામમાં ગયા. અને અચાનક અમને તેડવા આવ્યા. અને ઘરે આવ્યા અને અમને ખબર પડી કે મારા પપ્પા આ દુનિયામાં રહ્યા નથી. ત્યારે અમારી ઉપર આભ તૂટી પડ્યું હોઈ એટલું દુઃખ લાગ્યું. પછી અમને થયું કે અમારા પરિવારનું શું થશે? તે વખતે ભાઈ ભણતો હતો. આખા ઘરની જવાબદારી તેની ઉપર આવી એટલે તેને ભણતો ઉઠાડી લીધો પછી ધંધો શીખવા માટે સુરત મોકલ્યો. હું અને મમ્મી બોટાદ એકલા રહેતા હતા. અને ભાઈ સુરત રહેતો હતો. પછી અમે સુરત આવી ગયા.

મારા પપ્પા મને કાયમી કહેતા કે તારા લગ્ન હું ધામધૂમથી કરીશ પણ તારી વિદાય સમયે હું જોઈ શકીશ નહિ તો હું કહેતી કે "પપ્પા તમે મારી પાસે આવશો તો જ હું જઈશ" આ રીતે વાત કરીને અમે હસતા. મારા પપ્પા ગયા પછી દરરોજ આ શબ્દ યાદ આવતા મારી વિદાઈ સમયે કોણ હાજર રહેશે. ત્યાર પછી અમને જાણ થઈ કે મહેશભાઈ સવાણી પિતાવિહોણી દીકરીઓના લગ્ન કરાવે છે. મારા ફુવા દ્વારા અમે આ લગ્નમાં જોડાયા અને મહેશ પપ્પાએ મને પપ્પા કહેવાનો હક આપ્યો. ત્યાર બાદ મને થયું કે મને મારા પપ્પા પાછા મળી ગયા. બસ પપ્પા, અમારે બીજું કઈ જોઈતું નથી. તમે મને પપ્પા કહેવાનો હક આપ્યો એ જ અમારા માટે ઘણું છે. પપ્પા તમે રોજ અમારી સાથે રહેતા નથી પણ અમારા દિલમાં તમે હંમેશાં રહો છો. ફરી એકવાર મહેશ પપ્પા અમને મળ્યા તેનો ખૂબ ખૂબ આનંદ છે. અને **પપ્પાનો ખૂબ ખૂબ આભાર.**

**તમારી વહાલી દીકરી**

**હિરલના જય સ્વામીનારાયણ**



# ડોબરિયા ત્રિવેણી મગનભાઇ

જન્મ તારીખઃ- ૨૩/૧૨/૧૯૮૯

પિતાની પુણ્યતિથીઃ- ૧૬/૦૩/૨૦૦૨



**Dear papa,**

હું 12 વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું. તે ક્ષણે તો મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું અને ઘર સુખમાંથી દુ:ખમાં સરી પડ્યું. તે સમયે મારી મોટી બહેન તેનો અભ્યાસ છોડીને મને અને મારી નાની બહેનને અભ્યાસ અપાવવા માટે નોકરી કરવા લાગી. અને ત્રણ વર્ષ પછી હું પણ મારો અભ્યાસ છોડીને નોકરી કરવા લાગી ત્યારે મને એમ થયું કે જો આજે મારા પપ્પા હોત તો હું મારો અભ્યાસ પૂરો કરી શકી હોય. ત્યારે હું મારા પપ્પાને ખૂબ જ યાદ કરતી કે જો એ હોય તો મારી બધી ઈચ્છા પૂરી થઈ હોય અને ત્યારે જ ભગવાને મને તમારા સ્વરૂપમાં મારા પપ્પાને પાછા મોકલી આપ્યા.

આજના યુગમાં તો પોતાના સ્વાર્થના કામ માટે થઈ, માણસ ઘણું બધુ કરે છે, એવું તો બનતું જ હોય છે. પણ પારકી દીકરીને પોતાની માની અને એના માટે જે તમે કરો છો પપ્પા તે ભગવાન પણ અમારા માટે ન કરે. જ્યારે મે જન્મ લીધો ત્યારે મને નહોતી ખબર કે મારુ જીવન કેવી રીતે અને કેવી પરિસ્થિતિમાં જવાનું છે. જ્યારે પપ્પાનું અવસાન થયું ત્યારે હું 12 વર્ષની હતી. ત્યારે એમ થયું કે હવે ક્યારેય પણ મારા પપ્પાને જોઈ શકીશ નહીં. પણ જ્યારે તમે અમને મળ્યાને તમે કહ્યું કે આજથી હું તમારા પપ્પા છું ત્યારે એમ થયું કે આજે મારુ સ્વપ્ન પૂરું થઈ ગયું.

આજે સગા પણ યાદ નથી કરતાં ત્યારે તમે રોજ સવારે “GOOD MORNING” અને “GOOD NIGHT”કહો છો. ત્યારે એમ લાગે કે મારા જીવનની બધી ઈચ્છા પૂરી થઈ ગઈ છે અને તમે અમને પોતાની દીકરી માનીને કોઈ પ્રકારની ખોટ રહેવા દીધી નથી.

આ ઘટના બીજા લોકો માટે અગત્યની નહીં હોય. પણ મારા માટે અને મારા પરિવાર માટે અગત્યની છે. તેના માટે અમે જેટલો ધન્યવાદ કરીયે તેટલો ઓછો છે. આજ રીતે જ્યારે જીવનની પરીક્ષા આવે ત્યારે મારી સાથે રહેજો.



પપ્પા મારે તમને એટલું જ કહેવું છે કે તમે જેટલું મારા માટે અને બીજી દીકરીઓ માટે કરો છો એ આજના યુગમાં કોઈના કરી શકે. આજ સમાજને દીકરી બોજ લાગે છે. ત્યારે તમે તો કેટલી દીકરીઓને સહારો આપ્યો છે.

**“લોહીના સંબંધ પણ ફિક્કા લાગે છે,**
**જ્યારે હૃદયના સંબંધો જોડીએ છીએ,**
**જે સંબંધ સાચવવા પડે તે સંબંધ, ક્યારેય સાચા હોતા નથી,**
**જે સંબંધો પ્રેમથી જોડીએ અને વિશ્વાસથી બાંધીયે એ ક્યારેય વીખરતા નથી.”**

મે ક્યારેય વિચાર્યું પણ ન હતું કે મારૂ સપનું સાચું પડશે, પપ્પા હું ખૂબ જ ખુશ છું. કે તમે મારા જીવનમાં આવીને પપ્પાનું સ્થાન પૂરું કર્યું હવે શું લખું? લખતા-લખતા શબ્દો પણ ઓછા પડે છે, પપ્પા તમે મને ક્યારેય મેસેજ કરવાનું ભૂલતા નથી. તમારા મેસેજથી જ મારી સવાર શરૂ થાય છે અને રાત પૂરી થાય છે.

I Love You Papa
તમારી લાડકી દિકા
**ત્રિવેણી**



# સાવલિયા મયુરી વિનુભાઈ

જન્મ તારીખઃ- ૧૮/૦૫/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૦૯/૦૭/૨૦૧૧



**Dear Papa,**

"પપ્પા એટલે કઈ જ બોલવાની જરૂર જ ન પડે પપ્પા શબ્દ જ એટલો મહત્વનો પ્યારો અને વહાલસોયુ નામ છે. પપ્પા તમારા માટે લખવા બેસું તો કાગળ, કલમ અને શબ્દો ઓછા પડે.

દુનિયામાં વાત્સલ્યપૂર્ણ કોઈ સંબંધ હોઈ તો હું માનું છું કે તે પપ્પા અને દીકરીનો છે. મારા પપ્પા મને ખૂબ પ્રેમ કરતા હતા. મારી બધી ઈચ્છા પૂર્ણ કરતા હતા. મારા પપ્પા પ્રમાણિક, લાગણીશીલ, અને બીજાને ખુશ કરનારા હતા. તેમની અચાનક વસમી વિદાયએ મારી જિંદગીની અડધી હાર છે. તેમના વગર રહેવું મારા માટે અશક્ય હતું. મારા મમ્મી તથા પરિવાર માટે જ આ સત્યને સ્વીકારીને જીવું છું.

મહેશ પપ્પા તમે અમને મળ્યા તો જાણે આખી જિંદગી જ બદલાય ગઈ. તમે પપ્પા તરીકે મળ્યા ત્યારે તે દુઃખ જાણે અમારા સુખમાં બદલાય ગયું. પપ્પાને મળવા ગઈ ત્યારે તેમણે મને કહ્યું હવે દિકા તારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. ત્યારે હું બહુ ખુશ થઇ મારી બધી ચિંતા પપ્પા એ દુર કરી દીધી પપ્પા તમે એટલી ખુશી આપી છે કે હવે જિંદગી પાસેથી કઈ જ લેવાનું બાકી રહ્યું નથી. તમે મારી જિંદગીમાં ભગવાન બનીને આવ્યા છો. મારા જીવનની મહત્વપૂર્ણ વ્યક્તિ એટલે તમે પપ્પા તમારી પાસેથી એટલું બધું સમજવા-જાણવા અને શીખવા મળ્યું છે. તમારા આવવાથી જિંદગી જ બદલાઈ ગઈ. એક દીકરીને પપ્પાનો પ્રેમ અમુલ્ય હોય છે. તમે મને પપ્પા તરીકેનો પ્રેમ આપ્યો છે. જે મારા માટે દુનિયાની અમૂલ્ય ભેટ છે.

Thank You Papa
તમારી વહાલી દિકા
**મયુરી.**





# સાવલિયા માયા વિનુભાઈ

જન્મતારીખઃ- ૧૨/૦૫/૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૦૯/૦૭/૨૦૧૧

Dear Papa,
**પપ્પાની વહાલી દીકરી**

પપ્પા વિશે તો કહીએ એટલું ઓછું છે મારા પપ્પા પ્રમાણિક સહનશીલ, લાગણીશીલ, પ્રેમાળ હતા તેમજ બીજાને ખુશ કરનારા હતા. પપ્પા વિના આ દુનિયામાં રહેવું મારા માટે મુશ્કેલ હતું પપ્પા જયારે આ દુનિયામાંથી ગયા ત્યારે એવું લાગતું હતું કે હવે કોઈ જ નથી રહ્યું મારા માટે એ દિવસે હું ક્યારેય પણ નહિ ભૂલી શકું જયારે દુઃખનું પહાડ તૂટ્યું હોઈ એવું લાગતું હતું. પરંતુ જયારે એક દીકરીને પિતાનો પ્રેમ મેળવવા ઝંખતી રહે છે. પણ એ દીકરી પણ ભગવાન પર વિશ્વાસ રાખી પ્રાર્થના કરતી રહે છે. પિતા મળશે જ અને અમારા પર આવેલ દુઃખનો પહાડ હટશે ત્યારે એ દિવસે ભગવાને જ ચમત્કાર કરીને મહેશ પપ્પાને મોકલ્યા.

મહેશ પપ્પા તમે અમને પપ્પા તરીકે મળ્યા ત્યારે તો તે દુઃખ જાણે અમારા સુખમાં બદલાઈ ગયું આખું ઘર પરિવારમાં ખુશીની લહેર દોડી ગઈ. પપ્પા તમારો જેટલો આભાર માનું તેટલો ઓછો પડે જયારે તમે અમને મળ્યા ત્યારથી જ જીવન જાણે બદલાઈ ગયું છે. એવું લાગે છે કે સપ્તપદીઓના રંગની જેમ જીવન જાણે ખુશીઓથી ઉભરાય ગયું છે.

**તમારી વહાલી દિકા**
**માયા**



# જસાણી જલ્પા હરિકૃષ્ણકુમાર

જન્મ તારીખ:- ૨૩/૧૨/૧૯૮૯
પિતાની પુણ્યતિથી:- ૧૭/૦૭/૨૦૧૨



**જય રામાપીર,**

હું મારા પપ્પાને ખુબ જ યાદ કરું છું કે મારા પપ્પાનો સ્વભાવ ખુબ જ સારો હતો. મારા પપ્પાને પરિવારમાંથી કોઈ પણ કઈ પણ કહેતા તો એ સાંભળી લેતા. મારા પપ્પા ખુબ જ દયાળુ હતા. પપ્પા મને ખુબ જ પ્રેમ કરતા હતા. મને હંમેશા મારી દીકરી નહિ મારો દીકરો કહીને બોલાવતા. ને હું પપ્પાની ખુબ જ લાડકી હતી. મારા પપ્પા બધાનું સારું જ વિચારતા. ને મને હંમેશા કહેતા કે હું તારા લગ્ન એવી રીતે કરીશ કે આખું ગામ જોશે. આજે એ પપ્પાનું સપનું આજે મારા બેસ્ટ મહેશ પપ્પાએ પૂરું કર્યું.

મારા પપ્પાને શ્વાસની તકલીફ હતી. એકવાર એ ખુબ જ બીમાર પડ્યા અમારા ઘરમાં પૈસા પણ ન હતા. ત્યારે એ સમયે મારા મોટા બાપાને બોલાવ્યા એ સમયે મારા મોટા બાપાનો આભાર માનું એટલો ઓછો છે. ત્યારે એ સમયે બધા દોડીને આવ્યા અને પપ્પાને સારી હોસ્પિટલમાં એડમીટ કર્યા. એ સમયે મારા મોટા બાપા અને એમના દીકરાએ ખુબ જ સેવા કરી. અને એ પછી મારા પપ્પા પાંચ વર્ષની જિંદગી જીવ્યા. અને એ પછી મારા પપ્પા અચાનક બીમાર પડ્યા ને મોટા બાપાને બોલાવ્યાને બધા દવાખાને લઇ ગયા. પણ કહેવાય છે કે વિધાતાના લેખ કોણ લખી શકે. એ સમયે મારા પપ્પાની બી.પી. લો થઇ જતા બે જ કલાકમાં મૃત્યુ પામ્યાને મને ખબર પડતા જ મારા પગ નીચેથી જમીન ખસી ગઈ. એવું લાગ્યું કે હું સાવ એકલી પડી ગઈ.

**" આપની પાસે ગમે તેટલી સાધન**
**સંપત્તિ હોય પણ પપ્પા વગર અધૂરું જીવન છે,**
**પિતા એક ઘટાદાર વૃક્ષ છે તેની શીતળ**
**છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે "**

મારા પપ્પાના ગયા પછી હું સાવ એકલી પડી ગઈ મારા મમ્મી ખુબ જ

રડતા અને કહેતા કે આપણે હવે કેમ રહીશું? શું કરીશું? ત્યારે હું એમને કહેતી હતી કે આપણે કોઈ પણ વસ્તુની ખરીદી કરવા જઈએ ત્યારે જે વસ્તુ સારી લાગે એની જ ખરીદી કરીએ છીએ એમ ભગવાનને પણ મારા પપ્પા સારા લાગ્યા એટલે એ એમને લઇ ગયા. ભગવાન હંમેશા સારું જ વિચારતા હશે ને એમ કહીને હું મમ્મીને મનાવતી. ને હું સાવ એકલી પડતી ત્યારે ખુબ જ રડતી ને કહેતી પપ્પા શું કામ અમને મૂકીને ચાલ્યા ગયા. બધી કાકા બાપાની બહેનોને એના પપ્પા છે. તો મને જ મૂકીને શું કામ મારા પપ્પા ચાલ્યા ગયા? હું તો બધાથી નાની છું ને ભાઈ પણ બરોબર ઘરમાં ધ્યાન નથી આપતો. તો હું આખું ઘર કેવી રીતે સંભાળીશ. ને કેવી રીતે રાખીશ બધાનું? એટલે હું ભગવાનને રોજે કહેતી કે ગમે તે થાય મારા પપ્પાને મોકલી આપો. અને મેં સાંભળ્યું છે કે ભગવાન ક્યારેક તો આપણું સાંભળે જ. એ વાક્ય સાચું પડ્યું. ત્યારે એમને બેસ્ટમાં બેસ્ટ મહેશ પપ્પાને મોકલ્યા મહેશ પપ્પા હંમેશા મને દિકા કહીને બોલાવે છે મહેશ પપ્પા મારી લાઈફમાં આવીને ક્યારેય પણ સવાર સાંજ મેસેજ કરવાનું ભૂલતા નથી રોજ એની દીકરીને યાદ કરે છે. કહેવાય છે ને,

**"દીકરી સાપનો ભારો નહિ,**
**પણ દીકરી તો તુલસી નો ક્યારો છે."**

આજે હું ઈશ્વરનો ખુબ જ આભાર માનું છું કે, તેમણે મારી લાઈફમાં મહેશ પપ્પાને મોકલ્યા. મહેશ પપ્પા વિશે જેટલું લખું ને જેટલું કહું તેટલું ઓછુ છે એક પપ્પા દીકરી વિશે કંઈ પણ કરે તે કહેવાનું ન હોય તે બસ સમજવાનું હોય ને તેને કહેવાય બાપ-દીકરીનો પ્રેમ.

મહેશ પપ્પા વર્લ્ડના બેસ્ટ પપ્પા છે જેના વિશે કાગળ પેન લઈને કંઈ પણ લખી શકાય તેમ નથી. મહેશ પપ્પા દુનિયાના એવા પપ્પા છે ને કે દીકરી ગમે તે જ્ઞાતિની હોઈ એના મેરેજ કરાવી સગા પપ્પાની જેમ એને સાસરે વળાવે છે. ને તે દીકરીની પૂરી જવાબદારી લે છે...

**જીવન એવું જીવી ગયા કે કદિ ભૂલાય નહિ**
**દુઃખને દેખાડ્યું નહિ સુખને છલકાવ્યું નહિ,**
**હસતો રાખી ચહેરો અચાનક વિદાય લીધી,**
**પરિવારમાં ફેલાવી સ્નેહની સુગંધ,**
**એ ખોટ કડી ભૂલાય નહિ,**
**પ્રભુ મારા પપ્પાના દિવ્ય આત્માને**
**શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.**



ભગવાન આ સૃષ્ટિમાં બધી જ જગ્યાએ નથી પહોંચી શકતો એટલે જ એને આવી વ્યક્તિને એનો પડછાયો બનાવીને ધરતી પર મોકલ્યા છે. જેથી અમારા જેવી છત્રછાયા ગુમાવનાર દીકરીઓને છત્રછાયા મળી શકે.

**"હર કદમ પર સફલતા મિલે ,**
**ભગવાન કી કૃપા સે પપ્પા કે**
**જીવનમેં ખુશી હિ ખુશી મિલે"**
**આપની લાડકી દીકરી**

**લિ. જલ્પા**





# ગોંડલિયા મિતલ હિંમતભાઈ

જન્મ તારીખ:- ૨૬/૦૩/૧૯૯૨
પિતાની પુણ્યતિથી:- ૧૪/૦૫/૨૦૧૪

**My Dear Papa,**

હું અમારા ઘરમાં સૌથી નાની છું. મારા ભાઈ અને બે બહેનના લગ્ન થઇ ગયાં હતાં. તા.૧૪/૦૫/૨૦૧૪ના દિવસે એટેક આવવાથી પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા. ખુબ જ દુ:ખ થયું આવા સમયે પોતાની જાતને સંભાળવી ખુબ જ અઘરું છે. પરંતુ ભગવાનના આશીર્વાદથી ખૂબ જ થોડા સમયમાં મને મહેશ પપ્પા મળી ગયા અને મારી જિંદગીની એ કમી પણ પૂરી થઇ ગઈ.

હું પી.પી. સવાણી સ્કુલ હીરાબાગમાં ભણતી હતી. પપ્પાનું નામ તો ઘણી વાર સાંભળ્યું હતું પણ ક્યારેય મળવાનો મોકો મળ્યો ન હતો. અભ્યાસ પૂરો કર્યો પછી મેં આ સ્કુલમાં નોકરી પણ કરી હતી. ત્યાર બાદ મારી સગાઈ થઇ મારા એક સર એ મને કહ્યું કે મહેશભાઈ પપ્પા વગરની દીકરીઓના લગ્ન કરાવે છે. તું ઓફિસે મળી આવજે. હું ઓફિસમાં વિપુલભાઈ તળાવીયાને મળવા ગઈ એમની સાથે બધી વાત થઇ કે પપ્પા આ રીતે લગ્ન કરાવી આપે છે. પપ્પા વગરની દીકરીઓને છત્રછાયા આપે છે. સાંભળીને ખૂબ જ આનંદ થયો.

હું લગ્નનું ફોર્મ ચેક કરવા ઓફિસે ગઈ ત્યારે પહેલી વાર પપ્પા સાથે મુલાકાત થઇ. ત્યારે પપ્પા એ મને કહેલું કે “તારા અક્ષર તો મોતીના દાણા જેવા છે. હું એ દિવસને ખૂબ જ અમૂલ્ય માનું છું પપ્પા.” કે જયારે મારી તમારી સાથે મુલાકાત થઇ. પછી તો વારે વારે પપ્પાને મળવાનું થતું હતું. રવિવારનો દિવસ હોઈ ત્યારે બીજી કોઈ જગ્યાએ જવા કરતા પપ્પાને મળવા જવાનો વધારે આનંદ મળતો.

મારા પપ્પાના અવસાન બાદ જયારે હું બીજાના પપ્પાને જોતી ત્યારે મને ખૂબ જ દુ:ખ થતું પરંતુ આજે મને કહેતા ગર્વ થાય છે કે મારા પપ્પા મારી સાથે છે.

પપ્પા હંમેશા કહે છે કે દિકા તમારે હવે કોઈ પણ ચિંતા કરવાની જરૂર નથી તમારા પપ્પા તમારી સાથે જ છે. તો હંમેશાં ખુશ જ રહેવાનું. એટલી બધી



દીકરીઓ હોવા છતાં પપ્પાનો બધી દીકરીઓ માટે પ્રેમ એક સરખો જ રહે છે. તેમજ પપ્પા નામ સાથે બધી દીકરીઓને યાદ રાખે છે. આ પપ્પાનો પ્રેમ જ છે ને!!!!!

મારા માટે તો પપ્પા શબ્દનો અર્થ જ મહેશ પપ્પા છે. જયારે અમને જરૂર હોય ત્યારે પપ્પા અમારી સાથે જ હોય છે. પપ્પા મળ્યા પછી મારો આત્મવિશ્વાસ વધ્યો છે. હું બધાને ગર્વથી કહું છું કે હું મહેશભાઈ સવાણીની દીકરી છું.

આજ સુધી ગમે એટલા વ્યસ્ત હોવા છતાં પણ પપ્પાએ અમારા ફોન કે મેસેજનો જવાબ ન આપ્યો હોય એવું ક્યારેય બન્યું નથી. રોજે સવારે મેસેજ દ્વારા પપ્પા અમને સુવિચાર મોકલે છે જે ખૂબ પ્રેરણા આપે છે, જો કોઈક દીવસ મેસેજ આવવામાં મોડું થયું હોઈ તો એમ લાગે કે હજુ સવાર થઇ જ નથી. એટલે કે પપ્પાનો મેસેજ આવ્યા પછી જ શાંતિ થાય.

મહેશ પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. અને મારા પપ્પા મારા માટે આદર્શ છે. પપ્પા હંમેશા કહે છે કે આપણો પરિવાર ખૂબ જ મોટો છે, મને આ પરિવારની એક સભ્ય બનાવવા માટે ખૂબ ખૂબ આભાર......

હું મારી જાતને ખૂબ જ નસીબદાર માનું છું. દરેક જન્મમાં મહેશ પપ્પા જ પપ્પાના સ્વરૂપમાં મળે એવી પ્રાર્થના......

**લિ .**
**તમારી લાડકી દીકરી**
**મિતલ ગોંડલિયા**





# કથીરીયા હિના વિરજીભાઈ

જન્મ તારીખ:- ૦૧/૦૮/૧૯૮૯
પિતાની પુણ્યતિથી:- ૦૫/૧૨/૨૦૧૦

## My Best Papa Mahesh Papa

જેમણે આંગળી પકડીને ચાલતા શીખવ્યું તે સાથ છોડીને ચાલ્યા ગયા આશાનો દીપક દિલમાં બુઝાવી ચાલ્યા ગયા. પણ જયારે પપ્પાની ખૂબ જરૂર હતી ત્યારે પપ્પાએ સાથ ન છોડયો તમારા ચહેરામાં એમનો ચહેરો મેં જોયો.

જય રામદેવપીર પપ્પા તમારા માટે હું તો શું પણ કોઈ પણ કવિ તમારા માટે લખે તેટલું ઓછુ છે. તમે ગમે તે દીદીની જિંદગીમાં આવો તેની જિંદગી બદલી જાય છે. તમે કોઈ પણ નાતજાતનો ભેદભાવ નથી રાખતા તમે બધાને સરખો પ્રેમ આપો છો તમે મારી લાઈફમાં આવીને મારા પપ્પાની કમીને દૂર કરી છે. હું તમારા ચહેરામાં મારા પપ્પાનો ચહેરો જોઉ છું. હું એવું ઈચ્છું છું કે દરેક જન્મમાં મને તમારા જેવા પપ્પા મળે. અને મારો જન્મ ભાગ્યશાળી બનાવે. રામદેવપીર પાસે એક જ આશા રાખું છું. તમારા દરેક કામમાં સફળતા મળે. તમારા નામનો બીજો અર્થ મહાદેવ દાદાના નામ પરથી જ થાય છે એટલે જ તમે મહાદેવ દાદાની જેમ જગતપિતા બન્યા છો...

મારા પપ્પા ૦૫/૧૨/૨૦૧૦ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અમને છોડી ને ચાલ્યા ગયા ત્યારથી અમે જિંદગીમાં ઘણા ઉતાર ચડાવ જોયા. જયારે આપણી પરિસ્થિતિ ખરાબ હોઈ ત્યારે સગા સંબંધી પણ સાથ છોડી દે છે.

એવા સમયે તમે જિંદગીનો સહારો બનો છો પપ્પા એટલે જ મારૂ માનવું છે કે લોહીના સંબંધ કરતા લાગણીનાં સંબંધ સાચા છે. પપ્પા તમારા માટે જેટલું કહું તેટલું ઓછું છે.

જયારે મારા પપ્પા અવસાન પામ્યા ત્યારે મને એમ હતું કે ભગવાન તમે મારા મોઢામાંથી પપ્પા બોલવાનો શબ્દ છીનવી લીધો. પણ ભગવાનને ત્યાં દેર હોય છે અંધેર નહિ. એ વાત સાચી થઈ. તમે મારા પપ્પાની કમી દૂર કરીને ખરા સમયે મારો સાથ આપ્યો. હર એક ઈચ્છા પૂરી કરી જે મારા પપ્પા મારા માટે



કરતા. તમારા પ્રત્યેની લાગણી જે મારા મનમાં છે તે શબ્દમાં નહિ વર્ણવી શકાય.

પપ્પા હું ભગવાન પાસે એટલું જ માંગું છું કે ભગવાન તમને લાંબું આયુષ્ય આપે. જેમ  કે જ્યાં સુધી તાપી મૈયામાં પાણી રહે ત્યાં સુધી તમે હર એક પળ મારા જેવી દીકરીની જિંદગીમાં પપ્પાની કમી દૂર કરો.

**"My Best Papa" જય રામદેવપીર**

**લી.**
**તમારી વહાલી દિકા**
**હિના**





## સવાણી વનિતા કલ્પેશકુમાર

જન્મતારીખઃ- ૧૩/૦૮/૧૯૯૧
પિતાની પુણ્યતિથીઃ- ૦૬/૦૨/૨૦૦૫

**પ્રિય પપ્પા,**
**તમે મારા જીવનમાં આવ્યા ત્યારથી મારું જીવન ખુશખુશાલ બની ગયું છે.**

પપ્પા તમારા વિશે જેટલું લખું એટલું ઓછુ જ છે. પપ્પા તમારું સ્થાન મારા જીવનમાં ભગવાન જેટલું જ છે. ભગવાનને કદી જોયા નથી પણ તમને જોયા ત્યારથી એવું લાગે છે કે ભગવાન એવા જ હશે. જ્યારથી તમે મળ્યા ત્યારથી મારાં બધાં દુઃખ દૂર થઇ ગયાં છે. તમે ખુબ જ પ્રેમાળ છો. હું જયારે ધોરણ ૭માં ભણતી હતી. ત્યારથી જ મેં મારા પપ્પાની છત્રછાયા ગુમાવી છે. ભગવાને અમારી પર ઓચિંતા જ આભ તોડી નાખ્યું હતું.

અમે બે બહેનો અને એક ભાઈ છે જયારે મારા પપ્પાનું મૃત્યુ થયું ત્યારે મારો ભાઈ તો ૬ વર્ષનો જ હતો. મારા ભાઈને તો પપ્પાનો પ્રેમ મળ્યો જ નથી ભગવાન તમે અમારી પર આવો દગો કેમ કર્યો. ત્યારે અમારા ઘરની પરિસ્થિતિ એકદમ નબળી હોવાથી હું પછી એક જ વર્ષ ભણી પછી હું હીરા શીખીને હીરા ઘસવા લાગી અને મારા નાના ભાઈને ભણાવ્યો.

અમારે તો જમીન પણ ૪ વીઘા જ છે મારા મમ્મીએ બીજાના ખેતરમાં કામ કરી ને અમને મોટા કર્યા પછી મારી સગાઇ કરી ત્યારે મને વાત મળી કે પી.પી.સવાણી ગ્રુપમાં મહેશભાઈ સવાણી લગ્ન કરાવે છે ત્યાં નામ લખાવી નાખો. અમારા સગા સંબંધી દ્વારા અમારું નામ લખાયું.

જયારે મારું નામ લખાયું ત્યારે મને એમ થયું કે મને મારા ભગવાન આ રૂપમાં મળી ગયા છે પછી હું જયારે પહેલી મિટિંગમાં આવી ત્યારે મેં પપ્પાને જોયા ત્યારે મને ખુબ જ આનંદ થયો.

મને તો આશા જ નહોતી કે ભગવાન મને પપ્પા કહેવાનો મોકો આપશે અને આટલા પ્રેમાળ પપ્પા આપશે. અને પપ્પા જયારે મળે ત્યારે દિકા કહીને જ બોલાવે છે. ત્યારે મને એવું થાય છે કે મને મારા પપ્પા પાછા મળી ગયા મહેશ પપ્પા મારૂ એકનું જ નહિ પણ મારા પરિવારનું પણ ધ્યાન રાખે છે.



અમે જયારે સવાણી પરિવારમાં જોડાયા ત્યારે અમને પપ્પાનો પ્રેમ મળ્યો હું જેટલું વર્ણવું એટલું ઓછું છે. આ પત્ર લખતા લખતા મારી આંખોમાંથી આંસુની ધાર થાય છે.

બસ પપ્પા આપનો પ્રેમ અને વ્હાલ હંમેશા મારા હૃદયમાં રહેશે ને તમે હમેશા મારી સાથે જ રહેજો.

**મારા પ્રિય પપ્પા**
**જય રામાપીર**
**લી. વનિતા**





## સવાણી કિંજલ પુનિતકુમાર

જન્મ તારીખઃ- ૦૫/૦૧/૧૯૯૦
પિતાની પુણ્યતિથીઃ- ૦૪/૦૫/૨૦૦૫

**મારા પ્રિય પપ્પા,**
**તમારી લાડકી દિકા કિંજલના જય રામાપીર.**

પપ્પા તમે મારી લાઈફમાં આવ્યા તે પહેલાની થોડી વાત કહેવા માંગું છું. મારું ગામ રામણકા જિ.ભાવનગર અમે ત્રણ બહેનો અને એક નાનો ભાઈ છે. મોટી બહેનના લગ્ન ૨૦૦3માં કર્યા પછી ૨૦૦૫માં મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મારો ભાઈ ૫ વર્ષનો હતો. હું મારા પપ્પાને ખુબ જ યાદ કરું છું I Love You Papa મારા ઘરની પરિસ્થિતિ નબળી હોવાને કારણે અમે બંને બહેનોએ અભ્યાસ છોડી દીધો. પહેલાં મારા મમ્મી અને મોટી બહેન હીરા ઘસતા અને પછી અમે પણ એમની પાસેથી હીરા ઘસતા શીખ્યા. મારા મમ્મીએ ખૂબ મહેનત કરીને અમને બધાને મોટા કર્યા અમને ક્યારેય એવું નથી લાગવા દીધું કે અમે એકલા છીએ.

હું મારા મમ્મી વિશે એટલું જ કહેવા માંગું છું કે મારે દરેક જન્મમાં આજ મમ્મી જોઈએ. અમારા જીવનમાં જે ખુશી છે તે મારા મમ્મી પપ્પાના કારણે જ છે મને મારા ભગવાન પર પૂરે પૂરો વિશ્વાસ છે કે મારા પપ્પા જ્યાં હશે ત્યાં ખૂબ ખુશ હશે.

પછી દિવાળીના દિવસે જ મને પુનીત જોવા આવ્યા. અને મને લાગ્યું કે મને ભગવાન મળી ગયા અને સાચે જ ખૂબ જ સારું સાસરીયુ મળ્યું છે. પપ્પા હું ખૂબ જ ખુશ છું કે મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી એવા મને ખૂબ ખુશ રાખે તેવા અને મારી બધી લાગણીઓને સમજે જેવા ઘરના બધા જ સભ્યો મળ્યા છે. પરંતુ મને એક વાતનું દુઃખ હતું કે મને ત્યાં પણ પપ્પા ન મળ્યા પણ એ દુઃખ હવે દૂર થઇ ગયું છે. અને હું આ પત્ર દ્વારા મારા પ્રભુને Thank You કહેવા માંગું છું

મારા પપ્પા વિશે તો શું કહું પહેલા વિવાહ પાંચ ફેરાના, સંબંધ ભવોભવના અને પછી લાગણીનાં વાવેતર અને હવે સંવેદના એક દીકરીની આ નામ જોતાં ખબર પડે કે મારા પપ્પાની લાગણીઓ કેવી હશે? અને આ વાત તે જ દીકરી



સમજી શકે જેને મહેશ પપ્પા સાથે સંબંધ હોય,

**“એકદો આંગણ ગુજરા મીઠા સુર ભરી શરણાઈ,**
**પાનેતરમાં લાડકી જાણે લજામણી શરમાઈ,**
**કંકુ ભીના પગલા પડતા લઈ જશે એનો છેલ,**
**દીકરી મારા ઘરનો દીવો અજવાળાની હેલ,**
**દીકરી એટલે રોજ દિવાળી સુખની રેલમ છેલ.”**

આ કવિની કલ્પના પણ ઓછી પડે એવા મારા પપ્પાના વિચાર છે. અમે જયારે પહેલી વાર ઓફિસે પપ્પાને મળવા ગયા ત્યારે મેં પપ્પાને પહેલી વાર જોયા અને તમે પપ્પા મને જયારે દિકા કહીને બોલાવી ત્યારે મારી આંખોમાં ખુશીના આંસુ આવી ગયા મારા પપ્પા એની બધી જ દીકરીઓને એવી રીતે રાખે છે. કે એ મારા જ પપ્પા છે.

આપણે એક દીકરીની લાગણી નથી સમજી શકતા જયારે મારા પપ્પા આટલી બધી દીકરીઓની લાગણીને સમજી શકે છે. એવા અનેકના દિલ ખુશ કરનારાને ઈશ્વર ક્યારેય દુઃખી ન કરે અને પપ્પા તમે હંમેશા આનંદમાં રહો અને તમારું આરોગ્ય પણ સારું રહે એવી સાચા દિલથી પ્રાથના કરું છું I Love You Papa

પપ્પા તમારા આવવાથી એક એવી દુનિયા મળી છે જેની ક્યારેય કલ્પના પણ નથી કરી. એક દીવસ તમારો ફોન આવ્યો કે દિકા હું તારા ઘરે આવું છું એ સાંભળીને મને ખુબ જ ખુશી થઈ કે આટલા મોટા માણસ મારા ઘરે આવે છે.

પછી પપ્પા તમે મારા ઘરે આવ્યા અને મારા મમ્મી અને અમને બધાને મળ્યા. અને અમારી સાથે ઘરની વ્યક્તિની જેમ જ વાતો કરી. અને મારા ભાઈને ભણવા વિશે કોઈએ પહેલી વાર પપ્પાની જેમ એટલી લાગણીથી પૂછ્યું તો મારો ભાઈ રડી પડ્યો. અને પછી પપ્પાએ તેને સગો દીકરો હોઈ એમ સાંત્વના આપીને છાનો રાખ્યો ત્યારે મને લાગ્યું કે મને જ નહિ પરંતુ મારી દીદીઓ અને ભાઈને પણ સાચે જ પપ્પા મળી ગયા.

હું મીટીંગમાં ગઈ ત્યારે મને બધાની સામે જ કિંજલ કહીને બોલાવી ત્યારે મને ખુબ જ ખુશી થઈ કે મારા પપ્પા એટલા બધાની વચ્ચે પણ મને ઓળખી ગયા. પછી મેં ઘરે જઈને પપ્પાને મેસેજ કર્યો કે તમે મને તરત જ ઓળખી ગયા તો પપ્પા એ મને ખુબ જ સરસ જવાબ આપ્યો કે હું મારી દીકાને કેમ ન ઓળખું ? ખરેખર આપણા કેટલા જન્મના પુણ્ય હશે ત્યારે આપણને મહેશ પપ્પા મળ્યા...

પપ્પા તમે રોજ સવારમાં અને સાંજે મને મેસેજ મોકલો છો અને મેસેજમાં એવા સુવિચાર મોકલો કે જેનાથી અમારા જીવનમાં પરિવર્તન આવી જાય એવી સમજણવાળો મેસેજ મારા પપ્પા રોજ જ મોકલે છે.



**"લઈને આવી કેટલું પૂછે દુનિયા એટલું**
**પૂછો તો ખરા કેટલું છોડીને આવી છે.**
**પોતાના છોડ્યા ને છોડી દીધા વતન"**

આવી વિદાયને મારા પપ્પા સમજી શકે છે. એનો મને બહુ જ આનંદ છે Thank You So Much Papa અમારી લાઈફમાં આવવા બદલ અને અમારું બધું જ ટેન્શન દુર કરવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર.

અને હું હવે છેલ્લે એટલું જ કહેવા માંગું છું કે પપ્પા તમે મારા જીવનમાં ભગવાન બનીને આવ્યા છો. તમારામાં અમને સાચા પિતાના દર્શન થાય છે. પપ્પા જયારે મને દિકા કહીને બોલાવે છે ત્યારે મને ખૂબ જ ખુશી થાય છે. પપ્પા તમારા વિશે લખવા જતા કાગળ અને કલમ પણ ઓછા પડે છે તેવા મારા પપ્પા વર્લ્ડના બેસ્ટ પપ્પા છો.

જેનો ઉલ્લેખ કાગળ કે પેનથી નહિ થાય એ તો મારૂ દિલ જ જાણે કે પપ્પાનો પ્રેમ કેવો હોય છે???

કહેવાય છે કે લોહીના સંબંધ કરતા પણ લાગણીનાં સંબંધ ઉચા હોઈ છે

એવો જ સંબંધ આપનો છે પપ્પા .....

**જય રામાપીર**
**લી. તમારી દિકા**
**કિંજલ**



## જાસોલીયા કિરણ ઘનશ્યામભાઈ

જન્મ તારીખ:- ૨૨/૦૩/૧૯૮૮
પિતાની પુણ્યતિથી:- ૦૪/૦૫/૨૦૦૫



**આદરણીય મારા ભગવદીય પપ્પા,**
**તમારી લાડલી દિકાના જય રામાપીર**

અને જય સ્વામીનારાયણ. તમે ત્યાં કુશળ મંગળ હશો હું પણ ખૂબ જ ખુશ છું પપ્પા પત્ર લખતા તો મને નથી આવડતું. પહેલીવાર લખું છું. કંઈ ભૂલ થાય તો રાજી થાશે.

પહેલા તો પરિવાર વિશે વાત કરું તો સગાઇ પહેલા મમ્મી-પપ્પા, ભાઈ અક્ષય અને બહેન કિંજલ અને હું એમ અમે ૫ વ્યક્તિનું કુટુંબ હતું. ઘરની પરિસ્થિતિ ખુબ જ નબળી હતી. ખેતી વાડી કઈ જ નહોતું. પપ્પા એક નાનકડી કરીયાણાની દુકાન ગારીયાધારમાં પણ ત્યાં કઈ ના હતું. એટલે પપ્પાને અમે સૌ મામાના ગામ રામણકા આવતા રહ્યા. બહુ સુખેથી રહેતા હતા. ૨૦૦૩માં મારી મોટી બહેનના લગ્ન થયા ત્યાર પછી ૨૦૦૫માં પપ્પાનું અવસાન થયું. આખું ઘર ભાંગી પડ્યું બહુ જ દુ:ખ થયું મને પપ્પા બહુ જ વહાલા હતા. અમે બહુ એકલા પડી ગયા. પણ બાએ આખું ઘર સંભાળી લીધું અને બહુ જ મહેનત કરી કોઈના ઘરે વાસણ-કચરા પોતા વગેરે કરવા જતા. અને સાથે સાથે ખેતીમાં આખો દીવસ મજુરી કરીને અમને ત્રણ ભાઈ બહેનને ભણાવ્યા અને ઘર ચલાવતા. પરંતુ સમય જતા પૈસા રહેતા નહિ એટલે હું સાત ધોરણથી અને નાની બહેન કિંજલ આઠ ધોરણ ભણીને ભણવાનું છોડી દીધું.અને હીરા ઘસવાનું શીખીને હીરા ઘસવાનું ચાલુ કરી દીધું. આ રીતે અમે બાને આરામ રહે થોડો એટલે ટેકો આપ્યો. હું બાની બહુ જ ઋણી છું એને અમારા માટે બહુ જ કર્યું છે. હું એના માટે કઈ જ નથી. એમનું ઋણ હું ક્યારેય નહિ ચૂકવી શકું. Thank You So Much બા......

પછી થોડા સમય બાદ મારી સગાઇની વાત થઇ ઘરે પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. એટલે બા અને માસાએ નક્કી કર્યું કે થોડું સારું ઘર મળે. એવું ગોતીએ પણ નસીબ નસીબની વાત છે બે વર્ષ સગાઇ માટે બધે જોયું. પછી મારી બહેનપણી પાયલના દીયર ઘનશ્યામ સાથે વાત ચાલી. પરંતુ ઘનશ્યામ એ સમયમાં M.B.A. કરતા હતા. અને એમને થોડું ભણેલું ગોતવું હતું. તો પણ એ જોવા આવ્યા ને એમને હા પાડી.



મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું કે મને આવા જીવન સાથી મળશે. ત્યારબાદ સગાઇ થઇ. એ મારા સુખ અને દુ:ખ બંનેની વાતને સમજ્યા. અને ક્યારેય અહી પ્રોબ્લેમ નથી પડવા દીધો. અને મારા મમ્મીને પોતાના મમ્મીની જેમ સમજે છે. હું ભગવાનનો ખુબ જ ઉપકાર માનું છું કે મને દીકરીની જેમ રાખે એવા સસરા મળ્યા. અને બહેનપણી પાયલ જે બહેન જેવી મળી. મને વિશ્વાસ છે કે ઘનશ્યામ ક્યારેય મને કોઈ પણ વાતની કમી નહિ રહેવા દે.

થોડા સમય બાદ દોઢ વર્ષ પછી નાની બહેન કિંજલની સગાઇ થઇ. એ પણ ખૂબ જ ખુશ હતી. અમારા ઘરે જાણે નવી જ્યોત થઇ. પરંતુ બાને ખૂબ જ ટેન્શન હતું. બંને બહેનના લગ્નની વાત થઇ. એમના લગ્નના ખર્ચ માટે બા બહુ મુંજાતા હતા. એવામાં અમારા બને બહેનોના લગ્ન સાથે કરવાની વાત થઇ. જોત જોતામાં ગયા વર્ષે અમે ટી.વી.માં લગ્ન જોયા અને વિચાર આવ્યો કે આપને પણ આમાં જોડાઈએ. બંને જમાઈને વાત કરી તો બધું ok થયું. ત્યારબાદ ફોર્મ ભર્યું અને પપ્પાએ અમને મીટીંગમાં બોલાવ્યા. પણ મનમાં થતું હતું કે શું વાત કરીશ?કેવી રીતે બોલીશ? પણ મહેશ પપ્પાને મળ્યા ને અમને “મારી દિકા” એટલું કહીને આવકાર્યા તો મારી આંખમાં આસું આવી ગયા. અને ખૂબ જ ખુશી થઇ. એવું લાગ્યું કે આતો મારા જ પપ્પા છે. ભગવાને મને ભેટ આપી છે.


**મહેશપપ્પા તમારી વાત કરું તો આપ બહુ જ મહાન છો.**

**બાકી.......................**

એક વાર અચાનક તમારો કોલ આવ્યો ને તમે કહ્યું કે દિકા હું ઘરે આવું છું ત્યારે મારી જ નહિ પણ આખા ઘરની ખુશીનો પાર ન રહ્યો. તમે ઘરે આવ્યાને બધા સાથે વાતચીત કરી અને નાના ભાઈ અક્ષયને ભણવા વિશેની વાત કરીને જે સગા દીકરાની જેમ આશ્વાસન આપ્યું તે ખુબ જ ગમ્યું. તમે તેને કીધું કે ટેન્શન ન લેતો. હું છું ને તારી સાથે. આમ પપ્પા તમે માત્ર પ્રેમ જ નથી આપતા. સાથે સાથે આર્થિક સહાય કરીને બહુ જ મદદ કરતા રહો છો. તમે અને ઘનશ્યામ મળ્યા પછી મને કઈ જ ચિંતા રહી નથી.

પપ્પા એક વાતનું મને ખુબ જ દુ:ખ છે અક્ષય અને બા અમારા ગયા પછી એકલા પડી જશે. પપ્પા એક પ્રાર્થના કરું છું કે મારા ગયા પછી ભાઈ અક્ષયનું થોડું ધ્યાન રાખજો. ભગવાનને પ્રાર્થના કે મને થોડી સહન શક્તિ આપે અને બધાને ખુશ રાખીને હું ખુશ રહું.

પપ્પા ધન્ય છે આપના માતા પિતાને કે જેને આવા સંતાનને જન્મ આપ્યો ધન્ય છે વલ્લભદાદાને જેમને આવા સંસ્કાર આપ્યા. બાકી જોઈએ તો અઢળક પૈસો ઘણા બધાને આપ્યો છે. પણ સાચા રસ્તે વાપરી શકે એ જ મહાન છે. ભગવાનને હદય પૂર્વક પ્રાર્થના છે કે આપનું જીવન તંદુરસ્ત રહે આપ આવાને આવા પ્રેરણાદાયી કાર્યો કરતા રહો. અને બીજાને પણ પ્રેરણા આપો. ભગવાન આપને અધિક સમૃધ્ધિ આપે અને આવા સરસ કાર્યો કરવાની બીજી બીજી રીતો આપે. અને આપનું સ્વાસ્થ્ય સારું



રાખે એવી મારી બે હાથ જોડીને પ્રાર્થના છે.

પપ્પા શું લખું ને શું ન લખું? બહુ બધી વેદના હતી જે મેં તમને કહી દીધી ને હું એકદમ ફ્રી થઇ ગઈ. આવીને આવી હળવી સદાય રહું. લખવું છે ઘણું પણ વર્ણન નથી કરી શકાતું. આ પત્ર લખતા લખતા હુ બહુ જ રડી છું.

ભગવાન રામાપીર સદાય તમને ખુશ રાખે અને જીવનમાં નિરંતર સુખ શાંતિને સમૃધ્ધિ આપે. એ જ પ્રાર્થના અને ફરી વખત લખવામાં કઈ ભૂલચૂક થઇ હોઈ તો કઈ વધારે ઓછું લખાઈ ગયું હોઈ તો માફ કરજો. અને ખાસ જિંદગીમાં કઈ ભૂલ થઇ હોઈ તો ગમે ત્યારે કહી દેજો હું સાંભળવા તૈયાર રહીશ. તમે નહિ કહો તો મને કોણ કહેશે???

## I Love You My Dear Papa

**લિ.**
**તમારી વહાલસોયી**
**લાડકી**
**કિરણ**





## ભટ્ટી ચંદ્રિકા ભીખુભાઈ

જન્મ તારીખઃ- ૨૫/૦૮/૧૯૮૭
પિતાની પુણ્યતિથીઃ- ૨૭/૧૦/૨૦૦૭

**વંદનીય પપ્પા,**
**સાદર સ્નેહ અને પ્રણામ. જય રામાપીર.**

**આજે મને આવા સરસ કાર્યો અને**
**પિતાનો પ્રેમ આપનાર મહેશ પપ્પા પર ગર્વ થાય છે.**
**મારા વ્હાલા પપ્પા,**
**તમારી દીકરી ભટ્ટી ચંદ્રિકાના સાદર પ્રણામ.**

હું શું લખું? ક્યાંથી શરૂ કરું? એ મને સમજાતું નથી. આવા વ્હાલા પપ્પા વિષે કોઈ લખવાનું કહે એ પણ સૌભાગ્યની વાત કહેવાય છે. બધા જેવુ તો નથી કહેતી કે તમે મારા માટે ફરિશ્તા છો. પણ ફરિશ્તા કરતાં પણ સરસ, મધુર અને ખરેખર એક વાત્સલ્ય ભરેલા મારા સાચા પપ્પાની કમી તમે ખૂબ જ સારી રીતે પૂરી કરી છે પપ્પા.

હું એક મધ્યમ વર્ગીય પરિવારમાથી આવું છું. અમે ૫ બહેનો અને એક ભાઈ છે.હું પરિવારમાં સૌથી નાની છું. પપ્પાની ખૂબ જ લાડકી હતી. પપ્પા મારી નાનામાં નાની જીદ પણ પૂરી કરતાં જમવામાં પણ પપ્પા જમાડે ત્યારે જ જમતી ખૂબ જ વ્હાલ અને પ્રેમ જે બાપ-દીકરીમાં હોવો જોઈએ એવો જ પ્રેમ અને વ્હાલ અમારામાં હતો. પણ ઈશ્વરને કદાચ એ મંજૂર ન હતું એટલે અચાનક જ પપ્પા અમદાવાદ મારા મોટા જીજાજીને ત્યાં હોસ્પિટલના કામે જ ગયા હતા. કેમ કે મારા જીજાજીને કિડનીની બીમારી હતી. ને ત્યાં જ મારા પપ્પાને એટેક આવી ગયો....

ત્યારે ઘરની આર્થિક સ્થિતિ ખૂબ જ ગંભીર હતી. એમાં અચાનક પપ્પાનો આઘાત અમે ત્રણ મહિના આખા પરિવારે અનાજ વગર ગુજારો કરવો પડ્યો. ભાઈને પણ આવકમાં કઈ ખાસ ન હતું. આવી બધી મુશ્કેલીઓ ચાલતી હતી એવામાં બીજો મોટો આઘાત આવ્યો.મારા જીજાજીને કિડનીની બીમારી હતી ને એ પણ એમાં મૃત્યુ



પામ્યા. અમને છોડીને ચાલ્યા ગયા. ભગવાન જેની પર દુખ નાખે છે એમાં પાછું ફરીને જોતાં જ નથી. તે બહેનના નાનપણથી જ લગ્ન થઈ ગયા હતા એટલે એમને ૨ ભાણકી અને બે ભાણીયા છે. ખૂબ જ નાના છે. અને કમાવા વાળું કોઈ જ નથી. મારી બહેન ઘર-ઘરના કામ કરીને પોતાનો ગુજારો કરે છે. એ બહેન પણ તમને પપ્પાથી વધારે માને છે. એનું ધ્યાન તમારે જ રાખવાનું છે.

મને વિશ્વાસ છે કે જે રીતે તમે મારી એક પપ્પાની કમી પૂરી કરી છે તેમ તમે એની પણ પિતાની કમી પૂરી કરશો જ. પપ્પા આવી બધી પરિસ્થિતિ જોઈને ભાભી પણ અમને સાથ આપવાને બદલે અમને છોડીને ચાલ્યા ગયા. અને છેલ્લે છૂટાછેડા આપી દીધા અને એક ચિંતા નો વધારો થયો. આવામાં ભાઈ અને મમ્મીને મારી ખૂબ જ ચિંતા હતી કે ચંદ્રિકાના મૅરેજ કેમ કરીશું? સાદાયથી લગ્ન કરીએ તો પણ રીતિ રિવાજ પ્રમાણે તો કરવું જ પડે.

સુરતમાં મારા મામા રહે છે. ત્યાર થી ખબર પડી કે મહેશ પપ્પા ખૂબ જ સારા લગ્ન કરાવે છે. પછી થયું કે આપડે પણ આમાં જોડાઈ અને નસીબ સારા હસે તો આપનો પણ નંબર લાગશે.પણ મહેશપપ્પા હોય ત્યાં તો નસીબ પણ દોડીને આવે આ એવું જ થયું ફોર્મ લેવા ગયા તો ફોર્મ મળી ગયું અને ભરીને આપવા ગયા તો મારા મન માં ચિંતા હતી કે મારૂ ફોર્મ પાસ થશે ? ફોન આવશે? થોડા દિવસ પછી એક દિવસ ફોન આવ્યો કે ફોર્મ પાસ થઈ ગયું છે. અને તમારે મિટિંગ માટે પપ્પાની મુલાકાત આવવાનું છે. ઓહો, હું લખી નથી શક્તિ એટલી ખુશી થઈ ઘરમાં કે જાણે અમારી બધી જ ચિંતા એક ફોન દ્વારા જ પૂરી થઈ ગઈ. પણ પપ્પાને જ્યારે પહેલીવાર મે જોયા ત્યારે મનમાં થયું કે ભગવાન પાસે આજ સુધી જેને માટે હું રડતી હતી ,તરસતી હતી, જેને હું માંગતી હતી પ્રાર્થનામાં એ જ ઈશ્વરે મને સાક્ષાત આપી દીધું. મારા મહેશ પપ્પાના રૂપમાં બધુ જ આપી દીધું. અને એમાં પણ ત્યાં મિટિંગમાં પપ્પા એ પેલો જ શબ્દ “દિકા” આવી ગઈ તું ક્યારે આવી ગામડેથી એમ કહ્યું ત્યારે જ મારી આંખ માથી આસું અને ચહેરા પર સ્મિત આવ્યું કે કેટલા વર્ષ પછી કોઈ એ આટલો પ્રેમ આપ્યો અને મને પ્રેમથી બોલાવી.

હું એટલી બધી ભાગ્યશાળી છું. કે મને મહેશ પપ્પા મળી ગયા એટલે મે તરત જ પપ્પાના ચરણસ્પર્શ કરી આશીર્વાદ લીધા મે ક્યારેય સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે મારા જીવનમાં આટલા મહાન અને સ્નેહરૂપી પપ્પા મળશે. પપ્પા હું મારી લાગણી તો ક્યારેય નહીં લખી શકું તમે મારા હૃદયમાં છે અને હંમેશાં રહેશે. અને પપ્પા તમે અમને વૃંદાવન મોકલ્યા ત્યારે ખૂબ જ ખુશી મળી ખૂબ જ આનંદ થયો.

જે અમે ક્યારેય વિચાર્યું નહોતું. અને ત્યાં જઈને શીખવા અને જ્ઞાન ખૂબ મળ્યું, અને અમે ત્યાં જે પ્રવૃતિ કરતાં હતા. અને ત્યાં અમારા પપ્પા મહેમાન



તરીકે અમને નિહાળતા એ તો કોઈ અનુભવ કરે તો જ જાણી શકાય. અને પપ્પા વૃંદાવનની ગલીઓમાં ચાલવાની મજા જ કઈ અલગ હોય છે. પાછા ફરતી વખતી પપ્પા સાથે ટ્રેનમાં ખૂબ જ ધમાલ, મસ્તી જે જીવનમાં ક્યારેય નહોતી કરી એ મજા પપ્પા એ પપ્પાની સાથે જ કરાવી.

**I Am So Lucky,**

**I Am so Proud Of You My Papa.**

મને જ નહીં અત્યાર સુધીની બધી દીકરીઓને પપ્પાએ એવી રીતે સાચવી કે તેની નાનામાં નાની ઈચ્છા પણ પૂરી કરી છે. દરેક વસ્તુ મેરેજની સાડીઓ, ડ્રેસ વગેરે વસ્તુઓની ખરીદીમાં પણ પપ્પા કેટલું સરસ ધ્યાન રાખે છે. એ જ મારા વ્હાલા મહેશ પપ્પાને ભગવાન સુખ શાંતિ અને સ્મૃદ્ધિ આપે તેનું સ્વાસ્થ્ય સારું રાખે અને અમારો આ એક નવો પરિવાર બધી જ દીદી,ભાઈ,મમ્મી અને પપ્પા હંમેશાં સાથે અને ખુશ રહીએ એવી જ ઈશ્વરને પ્રાર્થના.....
પપ્પા ક્યારેય કોઈ પણ કામ હોય તો આ તમારી દીકરીને યાદ જરૂર કરજો.

**પપ્પાની લાડકી દિકા**
**ચંદ્રિકા**



## દેસાઇ મિતલ રાણાભાઈ

જન્મ તારીખ:-૧૨/૧૦/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૦૧/૦૬/૨૦૧૪



My Dear Papa,
**દરિયાને જેમ પાણી વગર નથી ચાલતું,**
**સૂર્યને જેમ કિરણ વગર નથી ચાલતું,**
**તેવી જ રીતે મારે પણ મારા પપ્પા વગર નથી ચાલતું.**
I Love you so much papa....

સૌ પ્રથમ તો જય રામાપીર મહેશ પપ્પા. મારા મનમાં પપ્પા વિશે જે પ્રેમ છે, જે લાગણી છે તે વ્યક્ત કરવા માટે કદાચ આ બૂકના પાનાં પણ ઓછા પડશે. છતાં હું મારી લાગણી ને ટૂંકમાં વ્યક્ત કરવાની કોશિશ કરું છું.

દરેક દીકરી એવું ચાહતિ હોય છે કે એના પિતા હંમેશાં તેની સાથે જ રહે અને પપ્પા ને પણ પોતાની દીકરી પ્રત્યે ખૂબ જ પ્રેમ હોય છે. દુનિયામાં ઘણા બધા સંબંધો જોવા મળે છે તેમાથી શ્રેષ્ઠ સંબંધ છે..."પિતા અને પુત્રી"

એક પપ્પા પોતાની દીકરીની સંપૂર્ણ જવાબદારી નિષ્ઠાથી પૂર્ણ કરે છે. દરેક ખુશીનો ખ્યાલ રાખે છે. હું જ્યારે નાની હતી ત્યારે મારા પપ્પા મને રોજ તેની સાથે લઈ જતાં હતા. તે જ્યાં જાય ત્યાં મને તેની સાથે લઈ જતાં હતા. હું પણ તેની સાથે જ જતી હતી. માત્ર એમ નામ પડે કે જવાનું છે કે તરત જ હું હંમેશાં તૈયાર જ રહેતી. હું તેના વગર એક પળ પણ નથી રહી સકતી ને આજે એ અમને બધાને છોડીને ચાલ્યા ગયા.

મારા પપ્પાએ મારા માટે ખૂબ જ દવા કરાવી. મારા ઘરની પરિસ્થિતિ સારી હોય કે ખરાબ પણ તે હંમેશા મારા માટે દોડ્યા છે. ડૉ. જે દવાખાને જવાનું કહે, જેમ કરવાનું કહે તેમ જ કરતાં અને જ્યારે આજે મારા જીવનની એવી પળ છે કે મારે મારા પપ્પાની ખૂબ જ જરૂર છે ત્યારે તે મારી સાથે નથી.

**પરંતુ ભગવાને મને મારા પપ્પાના બદલામાં મને મહેશ પપ્પાને મલાવી છે.**

Thank you god and thank you papa.

જેમ જેમ દિવસો પસાર થતાં ગયા તેમ તેમ હું મારા સ્કૂલના કામ માં લાગી ગઈ. થોડા

દિવસો પછી મારી માસીની છોકરીએ મને મહેશ પપ્પા વિશે કહ્યું, એટલે થોડા દિવસ સુધી તો એમ જ વિચાર આવતો કે આવા તો કોઈ હોય જ નહીં. કારણ કે અત્યાર સુધી મે પપ્પા વિશે ક્યારે સાંભળ્યું જ ન હતું એટલે મને આ વાત ખોટી લાગતી હતી. પરંતુ જ્યારે હું પહેલી જ મિટિંગમાં ગઈ ત્યારે અમને દાગીના પસંદ કરવાનું કહ્યું, ત્યાર બાદ પપ્પાની ઓફિસમાં જવાનું કહ્યું અને ત્યારે મે પપ્પાને પહેલી વખત જોયા એટલે કઈ રીતે વાત કરવી? શું બોલવું? એ કઈ સમજાતું ન હતું. પપ્પાએ જેટલું પૂછ્યું તેના જ જવાબ આપ્યા પરંતુ આજે તો હું પપ્પાને દરરોજ મેસેજ કરું અને વાત પણ કરું છું અને હું જે વાત માનવા તૈયાર ન હતી તે વાત મને આજે સમજાઈ ગઈ.

અમે જ્યારે પપ્પાની ઓફિસમાં ગયા ત્યારે અમે 10 દીકરીઓ હતી. ત્યારે પપ્પાએ ખૂબ જ સરસ રીતે બધા સાથે વાત કરી. જાણે એવું લાગતું હતું કે પપ્પા સાથે ભવોભવના સંબંધ છે. અને ત્યારથી જ મને પપ્પા મળી ગયા હતા. હવે હું વિશ્વાસથી કહી શકું કે મને મારા પપ્પા મળી ગયા છે. તો હું ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા પપ્પાને હંમેશાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે અને દરેક કાર્યમાં સફળતા આપે...

Love you papa....

**કહેવાય છે કે પપ્પાએ પ્રેમનો દરિયો છે...**

**પરંતુ તમારા સામે તો આ વિશાળ દરિયો પણ નાનો લાગે છે.**

કહેવાય છે કે એક દીકરી પાસે તેના પપ્પા સાથે રહેવા માટે એક પૂરી જિંદગી હોય છે... પરંતુ આજે તો એ પણ ટૂંકી લાગે છે....

**તમારી દીકરી**
**મિતલ**



# દેસાઇ યોગિતા રાણાભાઈ

જન્મ તારીખઃ- ૩૦/૦૧/૧૯૯૨

પિતાની પુણ્યતિથીઃ- ૦૧/૦૬/૨૦૧૪



**આજે હું જે કઈ વાત કહેવા જઈ રહી છું...,**

**તે માત્ર લેખ નહીં પરંતુ મારી જિંદગી છે.**

**"પિતા વગરની છત્રછાયા ત્યાર પછી પિતાવાળી છત્રછાયા"**

પપ્પા તમારા વિશે જેટલું લખું એટલું ઓછું છે.

કંઈ સમજાતું નથી કે હું શું લખું? ક્યા શબ્દમાં લખું????

મારા પપ્પાનું અવસાન તા.1/6/2015ના રોજ થયું હતું ત્યારે અમને ખૂબ આઘાત લાગ્યો હતો. ત્યારે મે ભગવાનને કહ્યું કે તમે મારા પપ્પાને મારાથી કેમ છીનવી લીધા? જ્યારે મારા પપ્પા અમને આ દુનિયામાથી છોડીને કેમ ચાલ્યા ગયા ત્યારે મને એમ થયું કે ભગવાન અમારા પપ્પાને જ કેમ લઈ ગયા. પપ્પાના અવસાન બાદ પપ્પા વિના રહેવું મુશ્કેલ હતું. અંતિમ ક્ષણોમાં હું મારા પપ્પાને મળી ન શકી પપ્પા વિના જીવન અધૂરું અધરું લાગે છે. જાણે એવું લાગે છે કે અમારા પર આભ તૂટી પડ્યું હોય. મારા પપ્પા મારી દરેક ઈચ્છા પૂર્ણ કરતાં અને ખૂબ લાડ લડાવતા હતા. અને મને મારા પપ્પા મળી ગયા.

મારા માસીની દીકરીએ જાણ કરી કે પપ્પા વગરની દીકરીના લગ્ન કરી આપે છે. જેનું નામ છે "મહેશભાઈ સવાણી". ત્યાર પછી અમે તેમની ઓફિસે ગયા ત્યાંથી અમને વધારે માહિતી મળી અને પછી અમે ત્યાં જ ફોર્મ ભર્યુંને મારા લગ્ન પણ ત્યાં જ નક્કી થયા. ત્યારબાદ પહેલી મિટિંગમાં જ મહેશ પપ્પા સાથે મુલાકાત થઈ ત્યાં મે જોયું તો બધી દીદીઓ પપ્પા પપ્પા કરતી પગે લાગતી હતી મને તો નવાઈ લાગી. અને મેં મનમાં વિચાર્યું કે મને પણ પપ્પા કહેવાનો મોકો મળી ગયો. પછી હું પપ્પાની નજીક ગઈ પપ્પાને પગે લાગી તો પપ્પાએ મારા માથા પર હાથ મૂકીને કીધું કે દિકા તારે હવે ચિંતા કરવાની કોઈ જરૂર નથી હું છું ને તારી સાથે. એ સાંભળીને જ મારી આંખમાથી ખુશીના આસું ટપકવા લાગ્યા ત્યારે મને એમ થયું કે મને મારા પપ્પા પાછા મળી ગયા છે. હવે તો સાચે જ ભગવાને મારી પ્રાર્થના સાંભળી લીધી છે. અને મને મારા પપ્પા પાછા આપી દીધા છે. એ દિવસ

હું જિંદગીમાં ક્યારેય નહીં ભૂલું મને બહુ ખુશી થઈ. મારા મનમાં જે કંઈ દુખ હતું એ દૂર થઈ ગયું  અને મને પપ્પાએ ખુશ કરી દીધી.

જ્યારે જ્યારે હું પપ્પાને મળું છું ત્યારે મને એમ જ થાય છે કે હું મારા પપ્પાને મળું છું. હું ખૂબ ખુશ થઈ જાવ છું જ્યારે સવારનું પહેલું કિરણ ખીલેને તરત જ પપ્પાનો મેસેજ આવી ગયો હોય છે. કે દિકા Good Morning જે લોહીનો સંબંધ નથી છતાં પણ આટલી સંભાળ !!!!!!! એક દીકરી માટે તે દુનિયાના બેસ્ટ પપ્પા છે તે દરેક દીકરીઓને એક સમાન જ રાખે છે. તેમનામાં કઈ જ ફરક નથી પડતો એક હોય તો પણ અને હજાર હોય તો પણ. તેમના માટે તો બધી જ દીકરી સમાન છે. આજે દીકરીને જનમતા પહેલા જ મારી નાખે છે. તેમણે ત્યાં ભલે દીકરી નથી પણ અનેક દીકરીના પપ્પા બનીને સમાજમાં અનોખુ ઉદાહરણ પૂરું પડ્યું છે.

બસ, પપ્પા હવે હું એટલું જ કહીશ કે ભગવાન મારી બધી જ ખુશી મારા પપ્પાને આપે અને જિંદગીભર ખુશ રાખે. હું ભગવાનને બસ એટલી જ પ્રાર્થના કરું છું કે તે મારા પપ્પાને ખૂબ ખુશ રાખે અને દરેક જન્મમાં મને આવા જ પપ્પા મળે. પપ્પાએ જેવો સાથ, સહકાર, પ્રેમ અને જિંદગીભર મળે બસ આવી અપેક્ષા રાખું છું મને મારા પપ્પા પર પૂરેપૂરો વિશ્વાસ છે. પપ્પા હું તમારો આભાર માનું છું. ખૂબ ખૂબ ધન્યવાદ પપ્પા....

**I Love You, I Love You Papa...**
**Thank You So Much Papa...**

**જય રામાપીર પપ્પા....**
**તમારી દિકા**
**યોગિતા**



## દેસાઇ ઉષા કિશનકુમાર

જન્મ તારીખ:- ૧૫/૦૮/૧૯૯૧
પિતાની પુણ્યતિથી:- ૦૧/૦૯/૨૦૧૦



**Only for you My Dear Papa,**
**જય રામાપીર સાથે જણાવવાનું કે તમે કેમ છો? પપ્પા મને આશા છે કે તમે સકુશલ અને ખુશ જ હશો.**

જે પપ્પા પોતાની દીકરીને જીવનમાં ખુશ રાખે તે પપ્પાના જીવનમાં દુ:ખનું સ્થાન જ નથી. પપ્પા તમે મારાં જીવનમાં આવ્યા તે પહેલાની થોડીક વાત હું તમને કહેવા માગું છું મને વિશ્વાસ છે કે તમે જરૂર ધ્યાનથી વાંચશો.

મારૂ નામ ઉષા, અમે ૬ બહેનોને એક જ ભાઈ. આમ તો અમે ગામડે રહેતા પણ ભાઈ સુરત જ રહે છે. અમે અમારૂ જીવન શાંતિથી વિતાવી રહ્યા હતા ત્યાં જ અચાનક પપ્પાની સખત બીમારી આવી. હું ૧૨માં ધોરણમાં ભણતી હતી ત્યારે પપ્પાનું અવસાન થયું. આ વસમો દિવસ હજુ મારી સામે જ છે. ઘણું દુખ થાય છે પણ શું કરવું સાવ એકલી થઇ ગઇ એવું થાય. કોઈ છોકરી એના પપ્પાની વાત કરે એટલે યાદ આવી જાય. મારા પપ્પા મને બહુ જ વહાલા હતા અને હું પણ તેમણે બહુ જ વ્હાલી હતી. અત્યારે મારા પપ્પા મને ખૂબ જ યાદ આવે છે.

**"જીવન એવું જીવી ગયા કે કદી ભૂલાય નહીં,**
**દુખને દેખાડ્યું નહીં સુખને છલકાવ્યુ નહીં,**
**હસતો રાખી ચેહરો અચાનક લીધી વિદાય,**
**પરિવારમાં ફેલાવી સ્નેહની સુગંધ એ ખોટ કદી ભૂલાય નહીં.**
**પ્રભુ મારા પપ્પાના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના"**

આજે હું ઈશ્વરનો આભાર માનું છું કે તેને મારા જીવનમાં મારા પપ્પા જેવા જ એક બીજા પપ્પાનું સ્થાન આપ્યું. પપ્પા હવે તમારા વિશે તો પણ સમય ઘટે. શબ્દો ઘટે અને શું લખવું. આમ હવે પપ્પા હું તમને એક જ પંક્તિમાં કહીને મારા શબ્દોને વિરામ આપું છું.

"કહેવાય છે કે લોહીના સંબંધ કરતાં પણ લાગણીના સંબંધ ઊંચા હોય છે. એવો જ સંબંધ આપના પપ્પા-દીકાનો છે."



**"I love you my dear papa" "Jay ramapir"**
**From your dika- Usha**



## બોદર દક્ષા નાનજીભાઈ

જન્મતારીખ:- ૧૪/૦૯/૧૯૯૧
પિતાની પુણ્યતિથી:- ૨૯/૧૨/૨૦૦૫

**પપ્પા જય રામાપીર,**

પપ્પા બધા લોકો એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી પરંતુ ભગવાને મને કુદરતના આ નિયમની વિરુદ્ધ જઈને પપ્પાના સ્વરૂપમાં મને મહેશપપ્પા આપ્યા.

જ્યારે હું ૯માં ધોરણમાં હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું. મારા પપ્પાને હાર્ટ એટેક આવી ગયો હતો. અમારા પરિવાર ઉપર જાણે ક્યાથી આવી મોટી આફત આવી. પપ્પા વિનાનું ઘર સાવ સૂનું થઈ ગયું હતું. ખરેખર તો પપ્પા શબ્દ જ બહુ મોટો છે. કારણ કે એક દીકરી માટે તેના પિતા જ તેની દુ નિયા હોય છે. દીકરી ગમે એટલી મોટી થઈ જાય પણ એના પપ્પા માટે નાની જ હોય છે. દીકરીને પણ એના પપ્પા પાસે લાડ લડાવવાનું મન થાય છે. અને મારા પપ્પા ખૂબ જ વ્હાલા હતા.

આજના યુગમાં દીકરીને સાપનો ભારો સમજે છે. એવા સમાજને શી ખબર પડે કે,

**“દીકરી સાપનો ભારો નથી પણ દીકરી તો તુલસીનો ક્યારો છે”**

દીકરીઓ લાગણીશીલ હોય છે. મમ્મી પપ્પાને કઈ પણ થયું હોય ત્યારે ઊભા પગે સેવા કરે છે. માટે જ કહ્યું છે કે

**“બંગડીની અને જાંજરીની રણકાર એના જ ઘરમાં જ**
**ગુંજે જેના નસીબમાં દીકરી હોય.**
**અને પપ્પા ભાગ્યશાળી તમે છો. અને એ જ કહું છું કે**
**દરેક દીકરીને તમારા જેવા પપ્પા મળે.”**

અમને જ્યારે દેવતા સમાન મહેશ પપ્પા વિષે જાણ થઈ કે તે લગ્ન કરાવી આપે છે, જેના માથા પરથી પપ્પાનો હાથ નથી જેને પિતાની છત્રછાયા નથી ત્યારે

અમે એમાં જોડાયા અને પછી અમારા જીવનમાં ઘણા ફેરફારો થયા જાણે મને રિયલ લાઈફમાં પપ્પા મળી ગયા હોય તેવું લાગે છે. અત્યારે હાલમાં જ્યારે પપ્પા Good Morning Dika અને Good Night Dikaના મેસેજ મોકલે છે. ત્યારે તે વાંચીને હું ખૂબ જ ખુશ થઈ જાવ છું. પપ્પા દરરોજ અમારી સાથે Whats Upમાં વાતો કરે છે. અને પપ્પા એમ પૂછે છે કે

**" કેમ છે દિકા?? "**

હું ખૂબ જ નસીબદાર છું કે મને તમે મળ્યા માટે જ દીકરી શબ્દ બોલવામાં તો માત્ર ત્રણ જ અક્ષરનો બનેલો છે પણ એનું મહત્વ ખૂબ જ વજનવાળું છે. માં-બાપને ત્યાં જન્મે ત્યારથી લઈ ને ભગવાન પાસે જાય ત્યાર સુધીઓમાં એની યાત્રા કેટલી બધી પીડાઓ દુઃખ ,સુખ, અને જુદા જુદા આરોહ-અવરોહથી બનેલી છે. છતાં પણ એ હંમેશાં પોતાના મુખ પર ખુશી લઈને ફરે છે.

દીકરી ચાલી પોતાને સાસરે,
મૂકી મા- બાપ ભાઈને આશરે
હવે માંડવો આ કેવો સૂમસામ છે
ઈનો સૂનકાર ઠેક ઘેર પહોચશે.
ઠામ ઠેકાણું મળ્યું એનો હાશ રે
પંખી ટહુકા મૂકીને વૃક્ષ છોડી ગયું,
એના ગમતા આકાશ પાસે દોડી ગયું
જાણે શ્વાસ છૂટી પડ્યો શ્વાસ રે
દીકરી ચાલી પોતાને સાસરે.....

Thank You So Much Papa.....

લિ. **તમારી લાડકી દીકરી**

**દક્ષા**





## ઝાંઝમેરા યોગિતા ભાણજીભાઇ

જન્મતારીખ:- ૦૧/૦૭/૧૯૮૯
પિતાની પુણ્યતિથી:- ૧૮/૦૬/૨૦૦૦

**તમે હંમેશાં મારી સાથે જ છો.**

હું એકલી નથી પણ મારી સાથે ઈશ્વરથી મહાન પપ્પા છે. મહેશ પપ્પા તમારા વિશે તો લખું એટલું ઓછું છે. પપ્પા તમારું સ્થાન મારા જીવનમાં સૌથી ઉપર છે.

તો મારા પપ્પા વિશે શું લખું ? હું સાત વર્ષની હતી ત્યારે મારા પપ્પાને અન્નની નળીની બીમારી હતી. અમે ચાર ભાઈ બહેન સાવ નાના હતા. ત્યારે અમારા ઘરની પરિસ્થિતિ ખૂબ ખરાબ હતી. મારા પપ્પા મજૂરી કરી ઘર ચલાવતા. પણ ભગવાને તેમને જ બીમારી આપી. અને અમારા ઘરમાં દવાખાનું આવ્યું. મારા પપ્પાને સુરત-ભાવનગર-મુંબઈ-અમદાવાદ લઈ જઈને તપાસ કરાવી ત્યારે ડોક્ટરે કહ્યું કે ઓપરેશન કરવું પડશે. પરંતુ અમારી પાસે પૈસાની વ્યવસ્થા ન થતાં. ઓપરેશન ન થયું અને ડોક્ટરે કહ્યું કે ઘરે જ થાય તે સેવા કરો પછી મારા પપ્પાને ઘરે લઈ આવ્યા અને અમુક મહિનામાં જ તેમનું અવસાન થયું. ત્યારે મારી ઉમર માત્ર ૭ વર્ષની જ હતી. અમારે કોઈનો આધાર નહોતો. ત્યાર બાદ થોડા સમય પછી મારો ભાઈ સુરત હીરામાં કામે લાગ્યો. થોડા સમય પછી મારી બહેન પણ અમને મૂકીને મારા પપ્પા પાસે ચાલી ગઈ. બસ મને જેટલું યાદ હતું તેટલું લખીને વિરામ આપું છું. જય રામાપીર

**મંદિરમાં જતાં પરમાત્માના દર્શન કરું છું**
**એ જાણીને આનંદ થાય છે.**
**મારા પપ્પાને દિલમાં વસાવ્યા બાદ**
**મારુ જીવન જ મંદિર બની ગયું છે.**
**સબસે પ્યારા કોન હૈ??**
**પાપા મેરે પાપા.....**

**લિ. તમારી વહાલી દીકરી યોગિતા**
**જય રામાપીર**



# કિકાણિ હેતલ ધનજીભાઈ

જન્મતારીખ:- ૧૨/૦૧/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૧૩/૦૩/૨૦૧૨



**Dear papa..,**

**પપ્પા તમારા માટે હું શું લખું એ મને સમજાતું નથી મારા મનમાં એટલું બધૂ છે કે ક્યાંથી શરૂઆત કરું એ સમજાતું નથી.?**

મારા પપ્પાનું અવસાન ૧૩/૩/૨૦૧૨ ના રોજ થયું હતું. મારા પપ્પાને ડાયાબિટીસ હતી. એના લીધે એને આંખે પણ ઓછું દેખાતું હતું. ૧૩/૩/૨૦૧૨ના દિવસે બપોરે ૨ વાગે મારા પપ્પા મારી સાથે વાત કરતાં હતા પછી મે કીધું કે થોડી વાર સૂઈ જાઓ. પછી અમે બધા થોડી વાર સૂતા ત્યાં તો થોડી જ વારમાં મારા પપ્પા ને આંચકી જેવુ કઈ થવા માંડ્યું અને થોડી જ વારમાં મારા પપ્પાએ મારી નજર સામે પ્રાણ છોડી દીધા. હજી પણ એ દિવસ યાદ આવે છે ત્યારે મારી આંખમાં આંસુ આવી જાય છે. હું એક બહેન અને બે ભાઈ છીએ. મારા પપ્પાને મારા લગ્નનો વધારે હરખ હતો. પણ મારા એક ભાઈ ના લગ્ન થયા પછી વર્ષ દિવસમાં મારા પપ્પા મૃત્યુ પામ્યા. એટલે જ ત્યારથી જ મને મનમાં સતત એમ થયા કરતું કે મારા લગ્નમાં મારા પપ્પાની ગેરહાજરી રહેશે.

પછી મારી સગાઈની વાત ચાલી ત્યારે મારા દાદાની છોકરી મોટી બહેન-જીજાજી એ મહેશપપ્પા દીકરીઓના લગ્ન કરાવે છે એ વાતની જાણ કરી. તેમણે અમને આ વિશે જણાવ્યુ. અને અમને આ સારું લાગ્યું. પછી અમે મહેશ પપ્પાને મળવા તેમની ઓફિસે ગયા અને તેમનો સ્વભાવ વિનમ્ર લાગ્યો. અને તેમણે સમજાવેલી વાત અમારા હદય ને સ્પર્શી ગઈ. તેથી અમે આ લગ્નમાં જોડાવાનું નક્કી કર્યું.

અને મારી એ ઈચ્છા પૂરી પણ થઈ ગઈ. કેમ કે હવે મારા લગ્નમાં મારા મહેશપપ્પા હશે. આવો ખ્યાલ તો સપને પણ નહોતો આવ્યો કે અમને તમારા જેવા પિતાની દીકરી બનવાનું સૌભાગ્ય મળશે.

બસ આટલું જ કહીશ કે પપ્પા તમારા માટેની લાગણીઓ વ્યક્ત કરવા માટે તો આ પેજ પણ ટૂંકા પડે એમ છે. અને હા ભગવાનને એટલી જ પ્રાર્થના કરીશ કે પપ્પા તમને લાંબુ આયુષ્ય આપે અને અમારા જેવી અનેક દીકરીઓના તમે પિતા બનો.

**તમારી દીકરી હેતલ**





# શેખડા આકાંક્ષા મનસુખભાઇ

જન્મ તારીખ:- ૧૪/૦૫/૧૯૯૧

પિતાની પુણ્યતિથી:- ૧૦/૦૭/૨૦૦૯

મારા પિતાનું અવસાન થયું ત્યારે હું ૧૮ વર્ષની હતી. મારા પિતાનું અવસાન હિપેટાઇટીસ-બી નામની ભયંકર બીમારીના લીધે થયું હતું. મારા પિતા હીરા ઘસતા હતા. મારા પિતાનું અવસાન થયુંને જાણે અમારા પરિવાર ઉપર આભ તૂટી પડ્યું. મારા ઘરમાં અમે ચાર વ્યક્તિ છીએ. મારા મમ્મી, હું મારી બહેન અને મારો ભાઈ. મારા પિતાનું અવસાન થયું ત્યારે મારી બહેન ૧૨મું ભણતી હતી. અને મારો ભાઈ ૭મું ભણતો હતો. હું સૌથી મોટી હતી ઘરમાં એટલે પિતાના અવસાન બાદ ઘરની બધી જવાબદારી મારી પર આવી ગઈ. મારી આ જવાબદારી મે મશીનનું કામ કરીને પૂરી કરી અને મારા ભાઈ બહેનનું ભણતર પૂરું કરાવ્યુ અને મારી જવાબદારી સારી રીતે નિભાવી.

પિતાના અવસાન પછી ૬ વર્ષે મારી સગાઈ નક્કી થઈ. મારા મમ્મીને ખૂબ જ ચિંતા થવા લાગી હતી આટલામાં અમને વાત મળી કે મહેશભાઈ સવાણી પિતાવિહોણી દીકરીઓના લગ્ન કરાવે છે અને એની બધી જ જવાબદારી સંભાળી લે છે. પછી પપ્પાને મળવા ઓફિસ પર ગયા. પપ્પાને મળીને અમારી ચિંતા દૂર થઈ ગઈ. પપ્પા તમને મળીને તો અમારી જિંદગી જ બદલાઈ ગઈ. અમે વિચાર્યું પણ નહોતું કે મારાં લગ્ન આટલા ધામધૂમથી કરીશું.

પપ્પા અમને તમે અમારા પપ્પા જેટલો જ પ્રેમ અને લાગણી આપો છો. દરરોજ સવારે ઊઠીને Good Morning Dika અને સાંજે Good Night Dikaના મેસેજ કરો છો. અમારા બર્થ ડે ના દિવસે પણ ભૂલ્યા વગર Happy Birthday Dika કહો છો અને તમે કામમાં વ્યસ્ત હોવા છતાં પણ અમારી સાથે મજાક મસ્તી કરીને અમને ખુશખુશાલ કરો છો. પપ્પા તમે હમેશા અમારી ખુશીનું ધ્યાન રાખો છો અમે ખૂબ જ ભાગ્યશાળી છીએ કે ભગવાને અમારી મુલાકાત તમારી સાથે કરાવીને ભગવાન રૂપી પપ્પા આપ્યા. પપ્પા તમારા વિષે તો લખીએ એટલું ઓછું છે. તમારા પ્રત્યેની લાગણી તો બોલી નહીં બોલાય અને લખી નહીં લખાય એટલી છે. હવે હું મારા શબ્દોને વિરામ આપું છું...

**Thank you god...,Thank you Papa...,I love you papa**

**લિ.**

**તમારી વહાલી દીકરી શેખડા આકાંક્ષા**



## ચોટલીયા દયા પ્રકાશકુમાર
## રાઠોડ કૃપા સંજયકુમાર

પિતાની પુણ્યતિથી:- ૮/૧૨/૨૦૦૦



**Dear papa,**
**મારા મહેશપપ્પા મળ્યા પછી એમના તરફથી મારા પપ્પાનો મને પ્રેમ મળ્યો...**

મારું નામ કૃપા છે અમે બે બહેનો અને બે ભાઈ છીએ. પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૧૦ વર્ષની હતી. અને મારી નાની બહેન ૮ વર્ષની હતી. મોટો ભાઈ ૧૩ વર્ષનો હતો. ત્યારે મને તો ખબર જ નહોતી કે મારા પપ્પા અમને છોડીને જતાં રહ્યા છે. અમે બધા પહેલા અમરેલી રહેતા હતા અને વેકેશનમાં ગામડે ગયા હતા. ત્યાં મારા પપ્પાને એટેક આવી જતાં એમનું અવસાન થયું. ત્યારે હું માત્ર ૬ ધોરણમાં ભણતી હતી. અને નાની બહેન ૪ ધોરણ માં ભણતી હતી. અને ભાઈ ૮ ધોરણમાં ભણતો હતો. પપ્પાના અવસાન પછી ઘરની બધી જવાબદારી ભાઈ પર આવી ગઈ. ભાઈ નવમું ધોરણ ભણીને ભણવાનું છોડી દીધું. અને સુરત આવી મામાના ઘરે રહીને કામ શીખવા લાગ્યો. હું પણ ૮ ધોરણ પૂરું કરી ઘરમાં મમ્મીની મદદ કરવા લાગી. મારા પપ્પાના ગયા પછી અમારું કોઈ નહોતું .મારા કાકા, કાકી, કે દાદીમા કોઈ દિવસ જોવા પણ આવ્યા નથી કે અમે શું કરીયે છીએ.

ભાઈ કામે લાગ્યો પછી અને બધા સુરત આવ્યા અને અમે પણ ઘરમાં કામ કરીને ભાઈની મદદ કરવા લાગ્યા પછી મારી, ભાઈની અને નાની બહેનની સગાઈ નક્કી થઈ ત્યાર પછી મારા મામાએ વાત કરી કે પી.પી.સવાણી ગ્રૂપ જે દીકરીના પપ્પા ન હોય તેવી દીકરીના લગ્ન કરાવે છે. પછી અમે પપ્પાની ઓફિસે ગયા ત્યાં એમને મળ્યા અને મિતાલી દીદી, કાજલ દીદીએ મારી સાથે વિવેકપૂર્ણ વાત કરી.

અને એમને વાત કરી કે પપ્પા બધી જ દીકરીઓને દિકા કહીને બોલાવે છે. ત્યારે અમને ખબર પડી કે પપ્પા પ્રત્યેનો પ્રેમ, લાગણી, કેવી હોય. મારા પપ્પા મને છોડીને જતાં રહ્યા એનું મને ખૂબ જ દુખ થતું. બધાને પપ્પા હોય અને મારા જ પપ્પાને ભગવાને કેમ બોલાવી લીધા. મને હવે પપ્પા શબ્દ કહેવાનો મોકો મળશે પણ નહીં. પણ મહેશ પપ્પા મળ્યા પછી મને પપ્પા કહેવાનો મોકો મળતા હું ખૂબ જ ખુશ થઈ.



જ્યારે હું બીજાના પપ્પાને જોતી ત્યારે મને એમ લાગતું કે મારા નસીબમાં પપ્પાનો પ્રેમ હશે જ નહી આજે મહેશ પપ્પા મળ્યા પછી મને પપ્પાનો પ્રેમ મળ્યો. પપ્પા હું તમારા માટે જેટલું લખું એટલું ઓછું છે. મારા આ પત્રને પૂરો કરતાં હું એટલું જ કહીશ કે મારી જિંદગીમાં તમે આવ્યા ભગવાન તમને ખૂબ જ લાંબી ઉમર, હિંમત અને શક્તિ આપે. મારી કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજો..........

**લિ. તમારી દિકા કૃપા**<br>
**જય રામાપીર**



## પટેલ કિર્તિ ભરતભાઈ

જન્મ તારીખ:- ૧૭/૦૮/૧૯૯૨
પિતાની પુણ્યતિથી:- ૧૯/૦૮/૨૦૧૦



**Dear papa,**

જય રામાપીર, પપ્પા તમારા માટે પત્રમાં શું લખું એ સમજાતું નથી. લખવા જાઉ તો શબ્દ પણ કદાચ ખૂટી જાય. શરૂઆત કેવી રીતે કરું એ જ સમજાતું નથી. પાંચ વર્ષ પહેલાં મારા પપ્પાનો સ્વર્ગવાસ થયો હતો. તમારા રૂપમાં મને પપ્પા મળી ગયા બીજું મારે શું જોઇએ?

તમે મારુ કન્યાદાન કરો છો એટલે હું પોતાને ખૂબ જ ભાગ્યશાળી માનું છું મે કોઈ દિવસ સપનામાં પણ નહોતું વિચાર્યું કે મારા લગ્ન આટલા ધામધૂમથી થશે. તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

Thank you Papa
**મારી તો ભગવાનને એટલી જ પ્રાર્થના છે**
**કે ભગવાન તમને દુનિયાની બધી જ ખુશી આપે......**

**તમારી વહાલી દીકરી**
**લિ. કીર્તિ**



# ચૌહાણ માધવી ચેતનકુમાર

જન્મતારીખ:- ૨૮/૦૩/૧૯૯૧

પિતાની પુણ્યતિથી:-------------

**Dear papa,**

કંઈ સમજાતું નથી શું કહું? તમારા માટે જેટલું કહીએ એટલું ઓછું પડે પપ્પા... તમે અમારી લાઈફમાં આવ્યા પછી હું બહુ જ ખુશ છું તમે અમારી લાઈફ ખુશીઓથી ભરી દીધી છે. તમે અમારી લાઈફમાં આવતા જ એક નવું આશાનું કિરણ પ્રગટ થયું છે. જ્યારે હું 12 વર્ષની હતી, ત્યારે અમને મારા પપ્પાએ ઘરની બહાર કાઢી મૂક્યાએ પછી મમ્મીએ અમને ત્રણેય ભાઈ બહેનને લઈને મામાના ઘરે આવ્યા. મોટા ભાઈ મમ્મીની જોડે કામ શીખવા સુરત આવ્યા અને હું મારા નાના નાની સાથે ત્રણ વર્ષ ગામડે રહી. ત્યાં હું ત્રણ વર્ષ ભણી અને 10ની પરીક્ષા આપી ત્યાં મારા મોટા ભાઈ કામ શીખી ગયા. એટલે અમે અહી સુરત આવી ગયા અને સુરતમાં અમે અલગ રૂમ ચાલુ કરીને રહેવા લાગ્યા.

ભાઈ ટાઈલ્સ વર્ક કરે છે અને હું અહીં આરીનું વર્ક શીખી એવી રીતે ઘર ચલાવીએ છીએ. પણ મમ્મીને હંમેશાં એક ચિંતા સતાવતી હતી. કે આવી મોંઘવારીમાં મારા લગ્ન કેવી રીતે કરાવશે? અને કેવા કરશે? પણ કહેવાય છે ને કોઈ ન હોય એમના ભગવાન હોય એ કહેવત આજે સાચી પડી. અમારી લાઈફમાં મહેશ પપ્પા ભગવાન બનીને આવ્યા... ખબર પડી કે જે દીકરીના પિતા ન હોય એમના લગ્ન મહેશભાઈ કરાવી આપે છે. પછી મારા મામા અને મામાજી બંને પપ્પાની ઓફિસે ગયા. ત્યાં મિતાલીદીદીને મળ્યા. અને ફોર્મ લઈ આવ્યા. અને ફોર્મ ભર્યું અને નસીબ સારું કે ફોર્મ પાસ પણ થઈ ગયું. થોડા દિવસ પછી મિતાલી દીદીનો કોલ આવ્યો કે તમારું ફોર્મ પાસ થઈ ગયું છે. હવે તમે કોઈ ચિંતા કરતાં નહીં. ત્યારે એ સાંભળીને હું ખૂબ જ ખુશ થઈ પાછું હું પપ્પાને પહેલી વાર મિટિંગમાં મળી. ત્યારે પપ્પા એ અમને કહ્યું કે દિકા તમે બધી હવે મારી દિકાઓ છો. એટલે હવે તમારે કોઈ ટેન્શન લેવાની જરૂર નથી. આ સાંભળીને હું ખૂબ જ ખુશ થઈ ગઈ.

Thank you so much Papa જે ખુશી તમે અમને આપી



છે. એ અમને પહેલાં ક્યારેય નથી મળી. તમે અમારા માટે ભગવાન બનીને જ આવ્યા છો.

ખરેખર પપ્પા!! ભગવાન ખુદ આપની મદદ કરવા નથી આવી શકતા ત્યારે એ કોઈ ફરિશ્તાને ધરતી પર મોકલી આપે છે. એ ભગવાનના ફરિશ્તા એટલે તમે છો પપ્પા....જેમ સ્વર્ગમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે તેમ પૃથ્વી ઉપર પણ મહેશ પપ્પા, રમેશઅંકલ અને રાજેશ અંકલ છે. તમારો જેટલો આભાર વ્યક્ત કરીયે તેટલો ઓછો છે. Thank you so much Papa and your familyને કે નિ:સ્વાર્થ તમે અમારા માટે આટલું કરો છો. અમને એક પિતાની છત્રછાયા આપી. અને અમારા પાલક પિતા બન્યા. અમારા માટે તમારી આટલી બધી લાગણી જોઈને હું ભગવાનને પ્રાર્થના કરીશ કે તમને હંમેશાં ખુશ રાખે અને તંદુરસ્ત રાખે. તમે તમારી દિકાઓ માટે જેટલું ધન વાપરો છો એનાથી હજારોગણું ધન ભગવાન તમને આપે અને તમે હંમેશાં બધી દીકરીઓની છત્રછાયા બનીને રહો. એવી શુભ કામના સાથે જય રામાપીર....

**Thank you so much my dear Papa**

**લિ. તમારી લાડકી**
**માધવી**





## અકબરી હેતલ ગોબરભાઈ

જન્મતારીખ:- ૧૯/૦૩/૧૯૮૬
પિતાની પુણ્યતિથી:- ૦૭/૦૧/૧૯૯૪

**"મારા વહાલા પપ્પા"**
**જય રામાપીર**

**''સહર્ષ જણાવવાનું કે તમારી દીકરી મજામાં છે,**
**તમારે ત્યાં પણ બધા ખુશી મજામાં હશો''**

આજ મને મારા પપ્પા વિશે લખવાનો અવસર મળ્યો છે, પણ શબ્દોને બાપ-દીકરીના પ્રેમનું સ્વરૂપ આપવા માટે શબ્દો ખૂબ જ ઓછા પડે છે.


મારા જીવનની તસવીર મારા પપ્પા વગર સદંતર અધૂરી હતી. પપ્પાના દેહાંત બાદ અમારા ઘરમાં અમે ચાર બહેન, એક ભાઈ અને મમ્મી હતા. ઘરની બધી જવાબદારી અમારા મમ્મી પર અચાનક આવી પડી.

પેરાલિસિસની આશરે દોઢેક વર્ષની બીમારી બાદ જ્યારે મારા પપ્પાનું નિધન થયું ત્યારે મારી ઉમર ફક્ત આઠ જ વર્ષની હતી. તે સમયે નાની વયના કારણે હું કંઈ સમજી શકતી નહિ અને ઘણી વાર હું મમ્મીને પૂછતી "મમ્મી, પપ્પા ક્યારે આવશે?" ત્યારે મમ્મીની આંખ ભીની થઈ જતી અને કહેતા "સાંજ પડે આવી જશે"

જેમ-જેમ જીવનમાં દિવસો આગળ નીકળતા ગયા તેમ-તેમ થોડી સમજણ આવતી ગઈ અને સમજાયું કે મારા પપ્પા તો અમને છોડીને બહુ દૂર જતા રહ્યા છે, મારા પપ્પા તો હવે કોઈ સાંજે પાછા આવવાના નથી.

ત્યારબાદ, હું ક્યારેય મારા મમ્મીને "પપ્પા ક્યારે આવશે" એવું પૂછતી નહિ. ઘણી વખત મારી બહેનપણીઓને તેમના પપ્પા સાથે રમતી, ખિલખિલાટ કરતી અને તેમના પપ્પાની વાતો કરતી જોઈને મારા મનમાં થતું કે મારા જીવનમાં આવો અમૂલ્ય અવસર જ નહિ હોય!!! કુદરતે મને જ આવા અવસરથી વંચિત રાખી!!! ત્યારે હું ભગવાનને ફરિયાદ કરતી કે આવા લાગણીસભર અણમોલ પળો મારા જીવનમાંથી કેમ છીનવી લીધી??

જેમ-જેમ સમય પસાર થયો, તેમ-તેમ જીવનના બધા રંગોની ઓળખ થવા



લાગી, ત્યારે જાણ થઈ કે આપણુ તો આ દુનિયામાં કોઈ જ નથી, સગાં-સ્નેહી બધા જ વિમુખ થઈ ગયા છે, કંઈક જરૂર હોય તો પણ મદદે આવે તેવું કોઈ નથી રહ્યું. આ સમયે અમે અમારા મમ્મી પરની વેદના સમજી શકતા હતા. કોઈના પણ સાથ-સહકાર વિના અમારા મમ્મીએ અમને પેટે પાટા બાંધીને, સિલાઈ કામ, હાથ ભરત, ઘર-ઘરના કચરા-પોતા કરીને પોતે અભણ હોવા છતાં પણ અમને ભણાવ્યા, ત્યારે મનમાં થતું કે આજે જો મારા પપ્પા હયાત હોત તો, મારા મમ્મીને આ પરિસ્થિતિ ક્યારેય જોવી ન પડત.

પપ્પાની ઘણી વખત યાદ આવી જતી. ઘણી વખત રડાઈ જવાતુ. જે દીકરીને બાપ નહીં એનું આ દુનિયામાં કોઈ નહિ હોય, એવું થવા લાગતુ, કુદરતે અમારૂ બાળપણ, અમારી ખુશીની પળો, અમારી લાગણીઓ, અમારી છત બધું જાણે છીનવી લીધું હોય એવું લાગતું.

સમય વધારે પસાર થયો, મને ભણતર પછી નોકરી મળી, મને વિશ્વાસ થવા લાગ્યો કે હવે મારા ઘરને ઉપયોગી બનવાની મને તક મળી, મારી મમ્મીની તનતોડ મહેનતનું ફળ આ નોકરી સ્વરૂપે મળી ગયું હતું.

હું નોકરી અને ઘરકામ બને કરવા લાગી. ત્યારબાદ ઘરમાં થોડી રાહત થવા લાગી આર્થિક સ્થિતિને થોડું સમતોલનમાં લાવવા હું ખુબ જ પ્રયત્નશીલ રહેતી. એકલતા મળતા આંખો ભીની થઈ જતી, મારી નોકરી મળવાની વાત હું મારા પપ્પાને કેમ કહું, મારે તમામ જવાબદારી પણ નભાવાની હતી. આંસુ પી જતીને જીવનના દિવસોના સથવારે આગળ ચાલવા લાગતી.

"એક બાળપણ બાપ વગર અધૂરા છાંયડા જેવું છે."

સમયની ગતિ તો ન્યારી છે. ઘરના સભ્યોએ મારા જીવનને નવી દિશા આપવાનો નિર્ણય લીધો. જેને સમાજ લગ્ન કહે છે.

થોડા જ સમયમાં મારી સગાઈ થઈ અને મારૂ જીવન અલગ દિશામાં ચાલવા લાગ્યું. લગ્ન માટે જ્યારે તારીખ નક્કી કરવાનું થયું ત્યારે સાસરવેલના સ્નેહીજનો તરફથી અમને પી.પી.સવાણી સમાજની વાત કરી અને અમો લોકો પણ તે યોગ્ય જાણી આગળ વધ્યા.

અમારા Referenceમાં હાલ રહેવાસી મેડી ગામ, જિલ્લો-અમરેલીના ઘનશ્યામભાઈ તરફથી તમામ માહિતી મળી, અને અમે પી.પી.સવાણી ગ્રુપમાં જોડાયા. જોડાયાની પહેલી મુલાકાત સુરતમાં અમને પપ્પાના શબ્દો મળ્યા,"મારી વહાલી દીકરીઓ આવી ગઈ." અને મનમાં લાગણીઓની વણજાર જે પાછળ છોડી દીધેલી એ પાછી તાજી થવા લાગી.

**"મમ્મીના શબ્દો ફરી સંભળાયા પપ્પા સાંજે આવશે.**
**તારા પપ્પા સાંજે આવશે."**

મનની એ વાત એ નાદાની એ શબ્દોમાં સાચી પડવા લાગી, મારા મનમાં હરખનો પાર



ન રહ્યો કેમ કે મારા પપ્પા પાછા આવી ગયાની લાગણીઓ મનમાં આવવા લાગી..

પપ્પાને મળ્યા અને મનમાં મનોમંથન થવા લાગ્યું, પપ્પા આટલા સરસ રીતે અમોને સાચવે છે. આટલા સરસ રીતે અમોને સાચવે છે. આટલા પ્રેમથી અમને બોલાવે છે.

શું મારા પપ્પા જો હોત તો આવા જ હોત, અને જો આવા જ હોત તો એ સાંજ પડવાને આટલી વાર કેમ લાગી,પણ પપ્પા મળ્યા, એ વાતનો ખૂબ જ હરખ અને ઉત્સાહ જીવનમાં છવાઈ ગયો.

જે છત મારી છીનવાઈ ગઈ હતી એ છત કુદરતના આશીર્વાદથી મને પાછી મળી ગઈ. આજે મને કોઈ કહે કે તારા પપ્પા શું કરે છે તો હું બેધડક કહી શકુ છું. મારા પપ્પા ખુબ જ મોટા બિઝનેસમેન છે. અને તે મને ખુબ પ્રેમ કરે છે અને હું તેની લાડકી દીકરી છું. પપ્પા... લગ્ન સમયે દીકરીના ઘરના લોકો દીકરીને કન્યાદાન સ્વરૂપે અને કરિયાવર સ્વરૂપે ઘણુ બધુ આપતા હોય છે. મારા મનમાં હંમેશાં દુ:ખ રહેતુ કે કઈ રીતે આ બધુ થશે? પણ પપ્પા તમે અમારા જીવનમાં આવ્યા પછી તો એ દુ:ખ તો વિસરાઈ ગયું. પપ્પા તમે અમારા લગ્નની સંપુર્ણ જવાબદારી નિભાવી અને આ ઉપરાંત મેડિકલ કાર્ડથી અમારા જીવનની...

**"જેમ મેઘધનુષ સાત રંગોથી ઓળખાય છે.**
**તેમ દીકરીની ઓળખ પણ એક પિતા પાસે જ મળી રહે છે."**

જે લાડ, હેત, સ્નેહ, પ્રેમ, લાગણી, ભાવનાનો ખજાનો કુદરતે મને પાછો આપ્યો. આજ હુ મારા પપ્પાને મળી શકુ છું, તેને બોલાવી શકુ છું. તેને મારી તકલીફો હું જણાવી શકુ છું. એક એવું જીવન જીવી શકું છું. જેમાં હું કોઈને પણ કહી શકુ છું. હું મારા પપ્પાની સાથે ખૂબ જ ખુશ છું.

**"કદી પિતાના રૂપે તો કદી મિત્ર સ્વરૂપે તમારો હાથ અમારી ઉપર છે**
**આશીર્વાદ રૂપે નાના હતા અમે અને ઓછી હતી સમજ**
**તો પણ અમારા પર પ્રેમ પર કર્યો વિશ્વાસ તમે**
**પ્રેમ અને સંસ્કારોનું કર્યુ સિંચન તમે**
**હ્રદય જેનું છે વિશાળ એમને ભેટ સ્વરૂપે શું આપીએ?**
**બસ! પ્રભુને પ્રાર્થના જ... હર જન્મમાં પિતા તમે જ...."**

**તમારી વહાલી દીકરી**
**હેતલ**



# અકબરી જાગૃતિ ગોબરભાઈ

જન્મ તારીખઃ- ૦૬/૦૧/૧૯૮૯
પિતાની પુણ્યતિથીઃ- ૦૭/૦૧/૧૯૯૪



**“ પિતા એક ઘટાદાર વૃક્ષ છે કે
જેની શિતળ છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે.”**

**આદરણીય પપ્પા,
સપ્રેમ નમસ્કાર!!
જય રામદેવપીર!!**

સહર્ષ જણવવાનું કે પપ્પાના શુભાશિષ મેળવ્યાથી તમારી વ્હાલી દિકરી ખૂબ જ આનંદિત છે, તમે બધાં પણ ખુશી મજામાં હશો. મારા અહોભાગ્ય કે મને આજે મારા પપ્પા વિશે કંઈક લખવાનો અણમોલ અવસર મળ્યો. પરંતુ, ‘પપ્પા’ નામના આ અઢી અક્ષરના શબ્દ વિશે મહેસૂસ ઘણું કરી શકાય, પરંતુ, તેમના પ્રત્યેની લાગણી, હેત, વગેરે શબ્દોમાં વર્ણવવું ખૂબ જ મુશ્કેલ છે. જ્યારે મને મારા પ્રેમાળ પપ્પાનું છત્ર પાછુ મળ્યું છે અને મારી લાગણીઓ વ્યક્ત કરવાનો ઉત્તમ અવસર મળ્યો છે ત્યારે પપ્પા, હું મારા જીવન વિશે કંઈક કહેવા ઈચ્છુ છુ.

તારીખ ૦૭/૦૧/૧૯૯૪નો એ ગોઝારો દિવસ કે જ્યારે હું ફક્ત પાંચ વર્ષ અને 1 દિવસની હતી. આ દિવસના સાંજના લગભગ પાંચેક વાગ્યે પેરાલિસિસની આશરે દોઢેક વર્ષની બીમારી બાદ મારા પિતાનું અવસાન થયું. અમે ઘરમાં ચાર બહેનો અને એક ભાઈ, એમ પાંચેય ભાઈ-બહેનની જવાબદારી મારા મમ્મી પર આવી પડી. પિતાના અવસાન બાદ અમે લોકો સાવ એકલા પડી ગયેલા અને પાંચ-પાંચ બાળકોની જવાબદારી ઉપાડવાના ભયથી કુટુંબીજનોએ તો અમારો સાથ જ છોડી દીધો. તેમાં પણ અમારા કુટુંબમાં દીકરીઓને લક્ષ્મીનો અવતાર નહિ પણ સાપનો ભારો ગણવામાં આવતી અને આખા કુટુંબમાં અમારા ઘેર જ વધારે છોકરીઓ હતી જેથી બાળપણથી જ પિતાની છત્રછાયા ગુમાવનાર અમે ચારેય બહેનોને બોજા સમાન ગણવામાં આવતી અને ડગલે ને પગલે મહેણાં-ટોણાં સાંભળીને અમે લોકો સાવ ભાંગી પડેલા.

પરંતું, મારી મમ્મીએ આ દુ:ખને ભગવાનની ઈચ્છા ગણી હિંમત દાખવી અને જીવનની દરેક વિપરીત પરિસ્થિતિનો સામનો કરી, સિલાઈ કામ, હાથ

ભરત, ઘર-ઘરના કચરા-પોતા વગેરે કરીને પોતે અભણ હોવા છતાં પણ અમને ભણાવ્યા.

પાંચેય ભાઈ-બહેનમાં હું સૌથી નાની અને ભણવામાં ખૂબ જ હોશિયાર એવો મારો ભાઈ કે જેણે, મારા મમ્મીને જે દુ:ખ, વ્યથા અને તિરસ્કાર ભોગવવા પડ્યા તે અમે ચારેય બહેનોને ક્યારેય ભોગવવા ના પડે તે માટે ફક્ત 12 ધોરણ સુધી ભણીને પોતાનું ભણતર અધૂરું છોડીને અમારા ભણવાના ખર્ચમાં મદદરૂપ થવા માટે હીરા ઘસવાના કાર્યમાં જોડાઈ ગયો અને અમને ચારેય બહેનોને ભણાવીને પગભર બનાવી.

સમય જતાં મારી મોટી બહેનનાં લગ્ન નક્કી થયાં, સગાં-સંબંધી પાસેથી ઉછીના પૈસા લઈને મોટી બહેનના લગ્ન કર્યા. લગ્ન બાદ, વિદાય સમયે બહેનને "સુખી થાઓ", "કંઈ જરૂર પડ્યે વિના સંકોચ યાદ કરજો" ના આશિષ વચનના બદલે "હવેથી આપણે કોઈ સંબંધ નહિ" એવાં કડવા શબ્દો કાકા અને ફોઈએ મારી બહેનને કહ્યા. પાંચેક વર્ષ બાદ, બીજા નંબરની બહેનના પણ લગ્ન બાદ વિદાય સમયે આ જ કડવા શબ્દો ફરીથી કાકા અને ફોઈએ કહ્યા. બંન્ને લગ્ન પ્રસંગના આ કડવા અનુભવ પછી હું સાવ ભાંગી પડેલી અને ત્યારે સમજાયું કે આર્થિક સંકડામણમાં તો કોઈના ઘરના કચરા-પોતા, વાસણ, સિલાઈ, વગેરે જેવા કામો કરીને પણ સાંજ પડ્યે પોતાને ઓટલે જમવાનું મેળવી શકાય, પરંતુ, પિતાને ગુમાવ્યા બાદ, વિદાય સમયે દિકરી માટે ફક્ત સારાં આશીર્વાદ મેળવવા પણ કેટલાં મુશ્કેલ છે!!

**"મા" ઘરનું ગૌરવ તો "પિતા" ઘરનું અસ્તિત્વ હોય છે.**
**"મા"ની પાસે અશ્રુની ધારા તો "પિતા"ની પાસે સંયમ હોય છે.**
**બે સમયનું ભોજન "મા" બનાવે, પણ જીવનભરના ભોજનની વ્યવસ્થા "પિતા" કરે છે.**
**"પિતા"ને આપણે સહેજ ભૂલી જઈએ છીએ,**

ક્યારેક જો ઠોકર લાગે કે વાગે છે તો આપણા મોમાંથી સ્વાભાવિક જ "ઓહ મા" એમ જ નીકળે છે. પણ રસ્તો પાર કરતાં કોઈ ટ્રક પાસે આવીને બ્રેક મારે તો આપણા મોંમાંથી "ઓહ બાપ રે" નીકળી જાય છે. કેમ કે નાના સંકટો માટે "માતા" છે, પણ મોટા સંકટો સમયે "પિતા"ની જ યાદ આવે છે.

ત્યારથી હું ભગવાન પાસે એક જ પ્રાર્થના કરતી કે વિદાય સમયે પ્રેમથી માથા પર હાથ મુકીને શુભાશિષ આપવા પોતાનો હાથ લંબાવનાર ફરિશ્તાને મોકલો. વાસ્તવિક જીવનમાં અશક્ય હોવા છતાં પણ મનમાં એક જ ઈચ્છા, એક જ વિશ્વાસ અને એક જ રાહ હતી કે એ સૂરજ ક્યારે ઊગશે અને કોઈ મને પ્રેમથી પૂછશે "કેમ છે બેટા!!"

જેમ હરણ રણમાં પાણી માટે આમ-તેમ દોડે અને વલખાં મારે, તેમ પણ મારા ત્રણેય કાકાઓ પાસેથી પપ્પારૂપી પ્રેમ મેળવવા માટે મૃગજળની જેમ ખૂબ



જ પ્રયત્નો કર્યાં અને આખરે તેમાંથી સાવ નિષ્ફળતા સાંપડી.

પરંતુ, કહેવાય છે ને કે હજારો નિષ્ફળતામાં એક સફળતા છુપાયેલી હોય છે, તેમ મારા જીવનમાં પણ નસીબે યુ-ટર્ન લીધો અને મારી ત્રીજી બહેનની સગાઈ થઈ અને તેના સાસરાપક્ષના એક સંબંધી પાસેથી મહેશ પપ્પાનો સંપર્ક થયો. ભગવાને મારી પ્રાર્થના સાંભળી અને ચમત્કાર થયો અને ભગવાને ફક્ત શુભાશિષ જ નહિ પણ પ્રેમથી 'દિકા' સંબોધનાર અને સાથે સાથે એક આદર્શ પિતા તરીકેની જવાબદારી સ્વીકારનાર 'ફરિશ્તા' મને આપ્યા.

**પપ્પા, વહાલા પપ્પા!!**

માર્ચ, ૨૦૧૫માં તમારા વિશે સાંભળ્યું અને હું સંપર્કમાં આવી અને ત્યારથી મારા જીવનના રંગો ફરીથી ખીલી ઊઠ્યા, ૨૧ વર્ષથી પિતાના જે પ્રેમ માટે તરસતી હતી, તે પિતાનો સાચો પ્રેમનો અઢળક ખજાનો મને મળ્યો. પપ્પા, તમારા મળ્યાથી મને જાણે પાંખો આવી અને પક્ષીઓની માફક હું આકાશમાં ઊંચે સુધી વિહરવા માંડી તેવી વિશેષ અનુભૂતિ મને થાય છે. નાનપણમાં કોઈ પપ્પા વિશે પૂછતુ ત્યારે હું ખૂબ જ ખચકાતી, પરંતુ, આજે હું ખૂબ જ ખુશીથી કહી શકું છું કે મારા પપ્પા ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે અને અમને બધી જ બહેનોને ખૂબ જ લાડથી રાખે છે. પપ્પા, ભલે મારે તમારી સાથે લોહીના સંબંધો ના હોય, પરંતુ, આત્મિયતા ના સંબંધો આજીવન રહેશે.

"A PAPPA is someone who HOLDS you when you cry,
SCOLDS you when you do something wrong, SHINES with Pride
when you succeed and has FAITH in you even when you Fail!!!

જય રામદેવ પીર પપ્પા,
તમારી વહાલી દીકરી
**જાગૃતિ**





## વ્યાસ કિર્તિ પરીમલકુમાર

જન્મતારીખઃ- ૦૬/૧૨/૧૯૮૭
પિતાની પુણ્યતિથીઃ- ૨૬/૦૯/૧૯૯૧

**મહેશપપ્પા તમે કહ્યું કે દિકા ક્યારેય એવું નહીં કહેવાનુ કે હું પપ્પા વગરની છું ત્યારે મને મારા પપ્પા તમારા સ્વરૂપમાં દેખાયા.**

જય રામાપીર સાથે જણાવવાનું કે હું મજામાં છું તમે પણ મજામાં હશો. હું બે વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું. ત્યારે મારો ભાઈ એક વર્ષનો હતો. મારા પપ્પાનું બારમું હતું મારા મમ્મી અમને પપ્પાની ગેરહાજરીમાં મને મશીન ચલાવીને ભણવાનો ખર્ચ, તેમજ બધા શોખ પૂરા કરતાં અને ઘરમાં બધા અમને પપ્પા વગર કોઈ પણ સાથ નથી આપતા તો એવા સમયે મારા મમ્મીએ અમને ક્યારેય પણ પપ્પાની કમી મહેસૂસ થવા દીધી નથી.

મારા પપ્પાના અવસાન થયા પછી મારા પપ્પાની આશા તમે પૂરી કરી છે પિતા સમાન પ્રેમની ઊર્મિઓ જોઈ છે. તમારી આખોમાં દીકરીઓ પ્રત્યે પ્રેમના આંસુ જોયા છે. પોતાની દીકરીઓના પિતા સમાન પ્રેમ જોયો છે. ભગવાને તો તમને દીકરીઓના પિતા સમાન મોકલ્યા છે. પિતાને દીકરીઓ ઘણી વહાલી હોય છે. તો પિતાની લાડકીને હવે એવું નથી લાગતું કે મારા પિતા નથી.

જ્યારે જ્યારે મહેશ પપ્પા મને દિકા કહે છે ત્યારે મને એમ લાગે છે કે મારા પપ્પા મને મારા માથા ઉપર હાથ મૂકીને મને દિકા કહીને બોલાવે છે અને આ શબ્દ સાંભળતી વખતે મારી આંખમાં આસુ આવે છે. અને હું ખુશીથી ખૂબ રડી પડું છું.

મારી સગાઈ તો સારા પાત્ર સાથે થઈ ગઈ પણ પછી મેરેજની વાત આવી ત્યારે મારા મમ્મી અને ભાઈને ખૂબ ટેન્શન થઈ ગયું પછી પેપરમાં વાંચીને અમે ૨૦૧૪માં જ્યારે મહેશ પપ્પા મેરેજ કરાવતા હતા ત્યારે અમે ત્યાં મેરેજ હૉલમાં ગયા, ત્યાં રાજુ અંકલને મળ્યા ત્યારે એમને મને કીધું કે અત્યારે તો દિકા તારો નંબર નહીં લાગે પણ મિતુલ સ્ક્વેર ઓફિસે જઈને ફોર્મ ભરી દો. તમારો નંબર ૬/૧૨/૨૦૧૫માં લાગશે. ત્યારે ત્યાંથી ખુશીના આંસુ લઈને ઘરે આવ્યા અને હું ને મારા મમ્મી રડી પડ્યા કે આપણે આટલા



સારા વ્યક્તિ મળી ગયા. અને અમે પછી થોડા દિવસો પછી મહેશ પપ્પાને મળી વાત કરીને નામ નોંધાવ્યું અને ત્યાર પછી મારા મમ્મી અને ભાઈને ખૂબ જ શાંતિ થઈ. ત્યારથી જ મને એક મહેશ પપ્પા જેવા પપ્પા મળી ગયા. અને મને ૨૫ વર્ષ પછી પપ્પા મળ્યાંની ખુશી મહેક ઉઠી અને મે ક્યારેય પણ વિચારેલું નહીં કે મારા જીવનમાં મને પપ્પાની ખુશી આટલી બધી મળી જાશે. હું બહુ ખુશ છું પપ્પા રિયલી હું બહુ જ ખુશ છું.

હું એમને એમ કહેવા માંગુ છું કે દીકરી તો પારકી થાપણ કહેવાય પણ દીકરી ભાગ્યશાળી પણ એટલી જ કહેવાય છે. પપ્પા તમારી દીકરીને તમે ક્યારેય ભૂલશો નહીં ૨૫ વર્ષ પછી પપ્પાનો પ્રેમ મળ્યો છે. હું ખૂબ ભાગ્યશાળી છું કે મને તમારા જેવા પપ્પા મળ્યા....

ભૂલ ચૂક હોય તો માફ કરજો મારા વહાલા પપ્પા......

જય રામાપીર,

**"ભૂલો ભલે બીજું બધું**
**મા-બાપને ભૂલશો નહીં,"**

My sweet papa
I love you papa
I Miss you papa

**તમારી વહાલી દિકા**
**કીર્તિ....**



## અણઘણ ભાવિકા જેરામભાઇ

જન્મતારીખ:- ૨૮/૧૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથી:- ૧૬/૭/૨૦૦૦



**Dear papa,**
**પપ્પા તમારા વિશે શું લખું**
**એ સમજાતું નથી.**
**તો પણ આ તૂટેલા ફૂટેલા શબ્દોમાં મારી**
**લાગણીઓ વ્યક્ત કરી રહી છું.**

મારા પિતાનું અવસાન થયું ત્યારે હું માત્ર ૭ વર્ષની જ હતી. ત્યારે તો મને એ પણ ખબર પડતી  ન હતી કે મૃત્યુ એટલે શું? જ્યારે સ્કૂલમાં મારી બહેનપણીઓ એના પપ્પા વિષે વાતો કરતી ત્યારે મને ઘણું દુ:ખ થતું કે મારે પપ્પા કેમ નથી. મારે પણ પપ્પા સાથે મન ભરીને વાતો કરવી હતી. મને પણ મારા પપ્પા આંગળી પકડીને શાળાએ મૂકવા આવે અને હું પણ મારી બહેનપણીઓ સાથે મારા પપ્પાની વાતો કરવા માંગતી હતી.

જ્યારે મે લાગણીના વાવેતર કંકોત્રી જોઈ ત્યારે મને ખ્યાલ આવ્યો કે મહેશપપ્પા દીકરીઓને પિતાની જેમ જ પ્રેમ અને વ્હાલ આપે છે. ત્યાર બાદ એક દીદી દ્વારા પપ્પા વિષે ઘણું જાણવા મળ્યું જ્યારે મારી સગાઈ થઈ ત્યારે મારી પણ ઈચ્છા હતી કે મારું કન્યાદાન પણ મારા પપ્પા જ કરે અને હવે "સંવેદના એક દીકરીમાં"મારા પણ લગ્ન થવા જઈ રહ્યા છે.

પપ્પા મારા જીવનમાં આવ્યા પછી મારું જીવન જ બદલાઈ ગયું છે. પિતાનો પ્રેમ મળ્યો. અને ઘણી બધી દીદીઓ પણ મળી. પપ્પાને હું પહેલી વાર મળી ત્યારે તેમના મોઢેથી દિકા શબ્દ સાંભળીને દિલ ભરાઈ આવ્યું હતું. આ એક નાનકડા શબ્દથી જેમ દીપક અંધારાને દૂર કરીને અજવાળું પાથરે છે તેમ મારા જીવનના બધાં દુ:ખ દૂર થઈ ગયાં. ભગવાનને મારી જેટલી ફરિયાદ હતી તે બધી દૂર થઈ ગઈ. આજે હું બહુ જ ખુશ છું કેમ કે હું પણ બધાને કહી શકું છું કે

**"મારે પણ પપ્પા છે".**

**Thank You Papa મને તમારી દીકરી બનાવવા માટે.....**

**લિ.ભાવિકા**



## અણઘણ મમતા જેરામભાઇ

જન્મ તારીખઃ- ૧૪/૦૯/૧૯૯૦
પિતાની પુણ્યતિથીઃ- ૧૬/૭/૨૦૦૦



**દરેક દીકરી માટે પપ્પા ખૂબ ખાસ હોય છે.**

આ દુનિયામાં એ જ્યારે પણ એમ બોલે કે મારા પપ્પા છે ત્યારે અંદરથી એક સલામતી લાગે. પોતે ખૂબ ખાસ લાગે. મારા પિતાનું અવસાન થયું. ત્યારે હું ૧૦ વર્ષની હતી. મારી બહેનપણી તેના પપ્પા સાથે વાત કરતી ત્યારે મને પણ એમ થતું કે મારા પણ પપ્પા હોય તો હું પણ આજે મન ભરીને વાતો કરું.

જ્યારે અમે ટીવીમાં લાગણીના વાવેતર જોયું ત્યારે ખ્યાલ આવ્યો કે મહેશ પપ્પા દીકરીઓને પપ્પા જેમ પ્રેમ અને વહાલ આપે છે. ત્યારબાદ એક દીદી દ્વારા પપ્પા વિશે ઘણું જાણવા મળ્યું ને આજે સંવેદના એક દીકરીમાં મારા પણ લગ્ન થઈ રહ્યા છે.

મહેશ પપ્પા આવ્યા પછી મને ખૂબ જ ખુશી અને પ્રેમ મળ્યો છે. હું મારા પપ્પાને માત્ર એટલું કહેવા માંગું છું કે પપ્પા હંમેશાં તમે તમારી દિકાને તમારી પાસે રાખજો ક્યારેય પણ અલગ ન થવા દેતા. કેમ કે જ્યારે હું મારા પપ્પાથી અલગ થઈશ ત્યારે મારી લાઈફ કેવી હશે? તે મને અત્યારથી જ દેખાઈ આવે છે.

**આ પત્ર લખતા લખતા પણ આસું આવે છે**
**કે મારા પપ્પાથી કોઈ ક્યારેય અલગ ન કરે...,**
**બસ પપ્પા હવે તમારા વિશે હું આ શબ્દોમાં વર્ણવું મુશ્કેલ છે...,**
**જેટલું લખીશ એટલું ઓછું છે...,**
**આટલું લખીને મારી પેનને વિરામ આપું છું...,**

**તમારી લાડકી દિકા**
**મમતા**



# વાડોદરીયા ભારતી દુલાભાઇ

જન્મતારીખ:- ૨૧/૦૪/૧૯૯૨
પિતાની પુણ્યતિથી:- ૧૫/૧૧/૨૦૦૧

**જય રામાપીર,**
**મારા વહાલા પપ્પા,**
**હું ક્યાંથી લખવાનું ચાલુ કરું અને ક્યાં પૂરું કરું એમ થાય છે પપ્પા.........**

મારા પપ્પાનું અવસાન ૧૫/૧૧/૨૦૦૧ના રોજ થયું હતું. મારા પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા તેના આજે ૧૫ વર્ષ પૂરાં થયાં છે. હું ૧૩ વર્ષની હતી ત્યારથી મારા પપ્પા મને છોડીને ચાલ્યા ગયા. અમે ચાર બહેનો અને એક નાનો ભાઈ હતો. મારા બે કાકા છે તે પણ જુદા થઈ ગયા છે. એ વિચારીને કે અમને ૫ ભાઈ બહેનને કેમ મોટા કરીશું?? એવું વિચારીને એ લોકો જુદા થઈ ગયા.

મારા મમ્મી એ ક્યારેય હિંમત ન હારી, અમે હમેશા મારા મમ્મીનો સાથ આપ્યો, અને હંમેશાં ભગવાનને પ્રાર્થના કરતાં રહ્યા કે મારા મમ્મીને હંમેશાં શક્તિ આપજો અને હંમેશાં સાથ આપજો.

પછી અમને અમારા ખોવાયેલા પપ્પા મળ્યા. અમને અમારો હક મળ્યો, અમને અમારો અધિકાર મળ્યો. મહેશ પપ્પાનો સાથ મળતા જ અમારી લાઈફ બદલાઈ ગઈ, અને મારા મમ્મી પણ બહુ જ ખુશ થયા. અને અમને કહેતા રહ્યા કે તમને એવા પપ્પા મળ્યા છે કે તેના આવતા જ તમારી લાઈફ બદલાઈ ગઈ.

મહેશ પપ્પાનો સાથ રહે એટલે કે દુનિયાની સૌથી મોટામાં મોટી ખુશી છે અને મહેશ પપ્પા અમારી સાથે લાઈફ ટાઈમ સંબંધ રાખશે એટલે અમને મારા પપ્પાની કમી ક્યારેય મહેસૂસ નહીં થાય અને અમારા મહેશ પપ્પા ક્યારેય અમારો સાથ નહીં છોડે એવી અમે હંમેશાં ભગવાનને પ્રાર્થના કરીશું. અને મારા મહેશ પપ્પાને ભગવાન હંમેશાં શક્તિ આપે અને હંમેશાં સાથ આપે એવી ભગવાનને પ્રાર્થના કરીશ.

અને મારા પ્યારા પપ્પા હમેશા ખુશ રહે અને તેમના પરિવારને હમેશા ખુશ રાખે...
મારા પપ્પા હંમેશાં બધી દિકાને ખુશ રાખે...
બસ પપ્પા આટલું લખું છું જય રામાપીર પપ્પા...
દીકરી વહાલનો દરિયો નહીં
મા-બાપ અને સાસરિયાં બને માટે જીવન જીવવાનો જરીઓ છે...
ખાંડ વિના કંસાર એટલો મોળો
નથી લાગતો દીકરી વિના સંસાર મોળો લાગે છે.
મારા વહાલા પપ્પા....

**લિ. વાડોદરીયા ભારતી દુલાભાઈ**
**I love you papa**
**I miss you papa**





## વાડોદરીયા કૈલાશ દુલાભાઈ

જન્મતારીખ:- ૦૫/૦૨/૧૯૯૪
પિતાની પુણ્યતિથી:- ૧૫/૧૧/૨૦૦૧

હું મારા મમ્મી પપ્પાની ખૂબ જ લાડકી દીકરી. મારા પપ્પા મને ખૂબ જ સ્નેહ કરતાં હતા. તેઓને મારા લગ્ન બહુ ધામધૂમથી અને મોટા ઘરમાં સારો છોકરો હોય ત્યાં કરવાની ઈચ્છા હતી. અમે બધા ખૂબ હળીમળીને મોજમસ્તીથી જીવન જીવતા હતા. પપ્પા કામ પર જાય ત્યારે અને સાંજે પાછા આવતા તારે પહેલાં મારું જ મોઢું જોતાં. અમે ચાર બહેનો અને એક ભાઈ છીએ. મારા પપ્પાને દીકરીઓ પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. પપ્પા અમારા માટે દરેક વસ્તુઓ લાવતા અને ક્યારેય કોઈ વસ્તુની કમી રહેવા નથી દીધી.

મારા પપ્પા અમને ચારેય ભાઈ બહેનોને ખૂબ જ ભણાવી ગણાવીને સારું શિક્ષણ અપાવવા માંગતા હતા. પણ તેઓની તે ઈચ્છા પૂરી થઈ નહીં. એક બીજી વાત મારા પપ્પા મને ખૂબ જ લાડ લડાવતા. અમારા બને વચ્ચેનો સંબંધ એવો હતો કે તેઓ મને કહેતા કે "તારા લગ્નની તો હું ખૂબ જ તૈયારી કરીશ"એ ઈચ્છા હતી. દરેક પિતાની ઈચ્છા પોતાની દીકરીના સપના પૂરા કરવાની હોય છે. મારા પપ્પા મને સમજાવતા કે "જો બેટા જેનું કોઈ ન હોય એના ભગવાન હોય છે. એટલે જરૂર તમારી ઈચ્છા પૂરી થાય" બેટા ભગવાન પાસે મારી પ્રાર્થના છે....

**"પથ્થર ભલે આખરી ચોટ સે તૂટતાં હૈ લેકિન પહેલી ચોટ ભી વ્યર્થ નહીં હોતી.."**
**"ભગવાન ઉપર ભરોસો રાખવાનું પક્ષીઓ પાસેથી શીખી શકાય છે.**
**કારણ કે સાંજે માળામાં પાછા ફરતી વખતે તેની ચાંચમાં**
**એક પણ દાણો હોતો નથી."**

આજ મારા પપ્પા અમને શીખવાડતા હતા. બેટા પૈસા તો બધા પાસે હોય પણ સંસ્કાર બધા પાસે ન હોય. દેવાવાળા મોટા છે તે જ ભરોસો બેટા. મારા પપ્પા હું ચાર વર્ષની હતી ત્યારથી મને છોડીને જતાં રહ્યા છે. મારા જીવનમાં મેં હાર નહોતી



માની મને ભરોસો હતો મારા પપ્પાના સંસ્કાર પર કે મારા પપ્પા આ દુનિયામાં પાછા આવશે અને મને મળશે..ઈશ્વર મારી બધી ઈચ્છા પૂર્ણ કરશે...મારા ઘરની પરિસ્થિતિ એક દમ વીક હતી. મારા મમ્મી, મારી બહેન અને મારો ભાઈ 40 રૂપિયામાં આખો દિવસ દેશમાં મજૂરી કરતાં એવામાં અમારું જીવન વિતાવ્યું છે. પણ એક ભરોશો હતો કે ભગવાન અમારા જીવનમાં ખુશી લાવશે. મમ્મીએ અમને મજૂરી કરી કરીને મોટા કર્યા એટલે એ જ મારા પપ્પા , એ જ મારા મમ્મી અને એ જ મારા ઈશ્વર છે અને એ જ મારી ખુશી છે.

**જય રામાપીર**
**મારા પ્રિય પપ્પા,**

**“નથી જીવવું બીતા બીતા કેમ કે જીવનમાં છે પપ્પાનો પ્રેમ,**
**દિલમાં પ્રેમ છે હોઠમાં છે નામ તાકાત આપી છે પપ્પાએ,**
**ઉત્સાહ છે આનદમાં તો ઉજળું કરવાની શક્તિ આપી છે પપ્પાએ,**
**ગુરુ એ જ ઈશ્વર છે, ગુરુ એ જ માતા-પિતા છે.”**

**I love you papa**
**I Miss you papa**

**લિ. વાડોદરીયા કૈલાસ દુલાભાઈ**



# વઘાસિયા વૈશાલી પરસોત્તમભાઇ

જન્મતારીખઃ- ૦૭/૦૫/૧૯૯૦

પિતાની પુણ્યતિથીઃ- ૧૫/૦૪/૧૯૯૯



**જય રામપીર પપ્પા,**

**Thanks for Coming in My Life.**

મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું બહુ નાની હતી. એટેલ કે મારી ઉમર ૭ વર્ષની હતી. અમે બે બહેનને એક ભાઈ છીએ. બને મારાથી મોટા છે. હું મારા પપ્પાની બહુ લાડકી હતી. પપ્પાને મારા વિના ન ચાલે અને મને પણ મારા પપ્પા વિના ન ચાલતું. હું મારા પપ્પાની આત્મા હતી. મારા પપ્પા ખેતી કામ કરતાં હતા. પપ્પાનો રોજનો ક્રમ એ હતો કે ખેતર જતાં પહેલાં મને ઉઠાડતા અને પછી જ ખેતર જતાં હતા. પપ્પા હતા ત્યાં સુધી મને કોઈ પણ કઈ પણ કહેતા નહી. આવી રીતે સુખના દિવસો હતા. પણ ભગવાનને કઈ અલગ જ મંજુર હશે. મારા પપ્પાને દાંતનું કેન્સર થયું છતાં પણ પપ્પાએ કોઈને જણાવ્યું નહીં અને અચાનક જ તે ઓપરેશન માટે ગયા ત્યારે પણ મને વહેલી સવારે જગાડી અને ખૂબ જ વહાલ કર્યો. અને મને પછી મને સુવડાવીને જતાં રહ્યા અને પછી પાછા આવ્યા જ નહીં, મને ત્યારે કંઈ વધારે ખબર પડતી નહીં બસ આખો દિવસ પપ્પાને યાદ કરીને રડ્યા કરતી હતી.

પપ્પાના મૃત્યુ પછી બધી જ જવાબદારી મમ્મી પર આવી ગઈ મમ્મી ખેતી કરીને ઘરનું ગુજરાન ચલાવતી, પણ હું તો સતત રડ્યા જ કરતી હતી. પણ ભગવાને પપ્પાના રૂપમાં મોટા બાપુજી પણ આપ્યા છે, તે મને મારા પપ્પા કરતાં પણ વધારે પ્રેમ કરતાં હતા. અને હજુ પણ તે એટલો જ પ્રેમ કરે છે...

પપ્પાના ગયા પછી જિંદગી જ સાવ બદલાય ગઇ હોય એવું લાગવા માંડ્યુ પરંતુ સમય નું ચક્ર તો સતત ચાલ્યા જ કરે છે આમને આમ મારા ભાઈ બહેનના લગ્નની વાત થવા લાગી. મારા બાપુજી એ તેમના લગ્ન પણ ખૂબ જ સારી રીતે કરાવી આપ્યા. પરંતુ હું તો સતત મારા પપ્પાને જ યાદ કરતી રહેતી હતી. દીદી તેના સાસરે જતી રહી, ને મે મારો અભ્યાસ આગળ ચાલુ રાખ્યો. કારણ કે હું ભણવામાં ખૂબ જ હોશિયાર હતી. એટલા માટે મારા બાપુજી મને આગળ ભણાવવા માગતા હતા. આમ મે મારો અભ્યાસ પૂરો કર્યો



અને અભ્યાસ પૂરો થતાં જ મારી સગાઈની વાતો થવા લાગી. પરંતુ હું અંદરને અંદર મુંઝાયા કરતી હતી કે મારા લગ્ન કેવી રીતે થશે...મારો ભાઈ એકલો કમાવાવાળો હતો. તે કેવી રીતે મારા લગ્નની તૈયારી કરશે. પછી મારી સગાઈ થઈ ગઈ. અને પછી મારા સસરાએ અમને પપ્પા તમારા વિશે અને પપ્પા વગરની દીકરીઓના લગ્ન કરાવી આપે છે તો તેમાં જોડાવા માટે કહ્યુ અને બધી જ કાર્યવાહી મારા સસરાએ કરાવી દીધી એટલા માટે હું મારા સસરાનો દિલથી ધન્યવાદ કરવા માંગું છું.

પપ્પા તમે મારી જિંદગીમાં આવ્યા ત્યારથી મને એમ થયું કે મને મારા પપ્પા પાછા મળી ગયા. જ્યારે મિટિંગમાં હું તમને મળી ત્યારે તમે મને દિકા કહીને બોલાવી ત્યારે એમ જ લાગ્યું કે મારા પપ્પા પાછા મળી ગયા. પરંતુ પપ્પા મારી જિંદગીમાં પહેલાથી જ એક પપ્પા હતા તે મારા મોટા બાપુજી છે અને ત્યાર પછી મારા સસરા. તો પપ્પા so sorry કેમ કે

**"આપ મેરે સબસે અચ્છે દોસ્ત હૈ પપ્પા ..."**

પપ્પા Thank you તમારા માટે ઘણું બધુ લખવું છે પણ વધારે કહી શકતી નથી. બસ રામાપીરને  એટલી જ પ્રાર્થના કે તમે આવા કાર્યો સતત કરતા રહો અને રામાપીર તમને લાંબુ આયુષ્ય આપે.

**Thank you Papa**
**I love you papa**

**"કિસી ને પૂછા વો કોન સી જગહ હૈ,**
**જહાં હર કર્મ હર જુર્મ ઔર હર ગુનાહ માફ હો જાતાં હૈ?**
**વચને મુસ્કુરાતે હુએ કહા, મેરે પાપા કા દિલ !!**

**લિ. વૈશાલી**





## ભટ્ટ જલ્પા મહેન્દ્રભાઈ

જન્મતારીખઃ-૦૩/૦૧/૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૦૨/૦૩/૨૦૦૬

**જય રામાપીર પપ્પા,**

પપ્પા તમારા માટે શું લખવું એ સમજાતું નથી, મારા મનમાં એટલું છે કે શું લખું ને કઈ જ સમજાતું નથી. પપ્પા એટલે કઈ કહેવાની જરૂર જ ન પડે.

હું 10 વર્ષની હતી ત્યારે મારા પપ્પા બીમાર થયા હતા. અમે બે ભાઈ અને બે બહેન છીએ. એક ભાઈને હું જ્યારે મારા પપ્પાની લાડકી દીકરી હતી.

પપ્પાના મૃત્યુ પછી મમ્મી, ભાઈ અને ઘરના બધા સભ્યો સાવ તૂટી ગયા હતા. પપ્પાના ગયા પછી અમારી પરિસ્થિતિ સાવ ખરાબ હતી. ત્યારે અમને અમારા મામા મુકેશભાઇ અને પરેશભાઈએ પૂરેપૂરો સાથ આપ્યો. અને અમને અમારા મામા સુરત રહેવા માટે લઈ આવ્યા.

સુરત આવ્યા પછી મારો ભાઈ શરૂઆતમાં નોકરી કરતાં હતા. અને અમારા ઘરનું ગુજરાન ચલાવતા હતા. અને તેને નોકરી કરવી પડી. મારા ભાઈ પર નાનપણથી ઘરની જવાબદારી આવી પણ મારો ભાઈએ કોઈ દિવસ હાર નથી માની. પપ્પાના ગયા પછી મમ્મી સાવ તૂટી ગયાં હતાં. મમ્મીને એમ થતું હતું કે મારા છોકરાઓનું શું થશે.

જ્યારે અમારા બાજુમાં દીદીના લગ્ન તમે કર્યા ત્યારે મારા મમ્મીને તેને કહ્યું કે તમે તમારી દીકરીના લગ્ન આમાં કરો તો સારું પછી મારા મમ્મીએ વિચાર્યું કે જો મારી દીકરીના લગ્ન આમાં થાય તો સારું.

હું જ્યારે તમને મળવા પહેલીવાર આવવાની હતી ત્યારે બહુ ડર લાગતો હતો. પણ જ્યારે તમને હું મળી અને તમે મને દિકા કહીને બોલાવી તો મારો બધો ડર વહી ગયો અને મારા માથા પર હાથ રાખીને કહ્યું કે દિકા તારે હવે કોઈ ચિંતા કરવાની જરૂર નથી ત્યારે મને મારા પપ્પાની બહુ યાદ આવી ગઈ, જ્યારે આજે તમે મારા પપ્પાની જરૂરિયાત પૂરી કરી છે.

**“ભૂલો ભલે બીજું બધું**



**મા-બાપને ભુલશો નહીં."**

**" મહેશપપ્પા આપ જીઓ હજારો સાલ**
**સાલ કે દિન હો હજારો હજાર"**

પરંતુ પૂજ્ય મહેશ પપ્પાને ધન્ય છે.

તમારા માતા પિતા અને તમારા ઉમદા શુભ વિચારોને ધન્ય છે.

અને તમારા જેવા પિતાને ધન્ય છે.

**"પપ્પા વાતો કરીએ તો સારું લાગે,**
**આમ દૂરનું આકાશ મારું લાગે,**
**તમે મૂંગા રહો તો ઝરણું પણ ખરું લાગે,**
**તમે બોલો તો મને બહુ જ સારું લાગે."**

અંતમાં એટલું જ કહીશ કે અમારી બધી જ દીકરીઓના સ્પેશિયલ મહેશ પપ્પાનું જીવન સદા આરોગ્યમય, સુખ શાંતિ ભર્યું બને એવી ભગવાન પાસે હું પ્રાર્થના કરું છું.

લિ.

**જલ્પા ભટ્ટ**





# રાઠોડ પૂનમ પ્રવીણભાઈ

જન્મતારીખ:- ૧૬/૦૩/૧૯૯૫
પિતાની પુણ્યતિથી:- ૧૦/૧૨/૨૦૦૬

આજે તમને મારો ભૂતકાળ જણાવતાં મારી આંખો ભીની થઈ રહી છે કેમ કે એક સમય હતો. જ્યારે હું મારા પપ્પાને રોજ યાદ કરીને એકલી એકલી રડતી હતી, પણ આજે હું ઘણી ખુશ છું. મારા જેવી ઘણી દીકરીઓના પિતા બન્યા એવા મહેશભાઇ સવાણી સાથે મે મુલાકાત કરી. ત્યાર બાદ મને મારા પપ્પાની ખોટ મહેસૂસ નથી થવા દીધી.

પરંતુ એ પહેલા અમારી પરિસ્થિતિ અને અને અમારા જીવન વિશે હું પપ્પા તમને કઈક કહેવા માંગું છું. અમારો પાંચ સભ્યનો હસતો-રમતો પરિવાર હતો. અમે ઘણા ખુશ પણ હતા અને અમારા પરિવારનું ગુજરાન મારા પિતાજીના સહારે જ ચાલતું હતું. પણ એક દિવસ એવો આવ્યો કે જે અમે સપનામાં પણ નહોતું વિચાર્યું કે અમારા જીવનમાં આવું પણ કઈક થશે. અચાનક જ મારા પિતાજીની તબિયત ખૂબ જ બગડી ગઈ અને મારા પિતાજી (સુરેશભાઇ ધનસુખભાઈ લાકડાવાલા) જે ઈશ્વરને પ્યારા થઈ ગયા. અને એ દિવસ તારીખ-૧૦/૧૨/૨૦૦૬નો હતો. અમારા હસતાં રમતા પરિવારમાં તો જાણે માતમનો પહાડ તૂટી પડ્યો હોય એવું વાતાવરણ છવાઈ ગયું હતું. મારા પિતાજીનું અવસાન થયું ત્યારે હું ૧૧ વર્ષની હતી. અને ધોરણ ૬માં અભ્યાસ કરતી હતી. મારી પછીના મારા નાના બે ભાઈ બહેન પણ છે. મારી નાની બહેનની ઉમર ૮ વર્ષની હતી અને મારા ભાઈ ની ઉમર તો માત્ર ૪ વર્ષની જ હતી. અને મારા મમ્મી તો આ માતમમાથી ઘણા સમય સુધી ઊભરી જ ન શક્યા. ત્યારબાદ અમારી પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ.

ત્યારબાદ મારા મમ્મી સ્કૂલમાં પટાવાળાની નોકરી કરવા લાગ્યા અને એ સમયે મારા મમ્મીને ૧૫૦૦ રૂ. જ પગાર હતો. પણ એવી મોંઘવારીમાં ૧૫૦૦રૂ. તો ઘરનું ભાડું. અને અમારું ભરણપોશણ તો ન જ પૂરું પડી શકેને ત્યારે મને એમ થતું કે હવે શું થશે? અને ત્યારે મેં એક બાજુ ભણવાનું ચાલુ રાખ્યું અને બીજી બાજુ ઘરકામ પણ શરૂ કર્યું. અને એમ

હું મારા મમ્મીનો સહારો થઈ. ત્યાર પછી હું આમ ને આમ ધોરણ ૧૦ સુધી ભણી અને પછી મેં ભણવાનું છોડીને મારા ભાઈ અને બહેનને આગળ ભણાવવાનું વિચારીને હું હીરાની ઓફિસમાં કામ કરવા લાગી. ત્યાર બાદ અમારા ઘરની પરિસ્થિતિ સુધરી પણ પપ્પાની કમી ક્યાંક ને ક્યાંક તો રહેતી જ હતી પણ એ હું કે મારા મમ્મી પૂરી ન કરી શક્યા.

ત્યાર પછી ૨૦૧૪માં મેરેજની વાત નક્કી કરવામાં આવી અને અત્યારે પહેલી વાર અમે મહેશભાઇ સવાણીના વિશે ઘણી ચર્ચાઓ સાંભળી. અને ત્યારબાદ માનસી ઓફિસે પૂછ પરછ કરી. ત્યારે ત્યાંથી મારા મમ્મીને મિતુલ સ્કવેરનું સરનામું મળ્યું. અને ત્યારબાદ પહેલી વાર અમારી મુલાકાત મહેશ પપ્પા સાથે થઈ. અને ત્યારે મહેશ પપ્પાને મળીને ઘણો આનંદ થયો અને તે સમયે મહેશ પપ્પાએ મારા મમ્મીને એક વાત કીધી કે આજથી આ મારી દીકરી છે. અને મારી આ દીકરીની બધી જ જવાબદારી મારી. હવે તમે આની ચિંતા છોડી દો. આમ કહ્યું ત્યાં મારી અને મારી મમ્મીની આંખો ખુશીથી ભીની થઈ ગઈ.

ત્યાર બાદ પપ્પાએ લગ્નની ખરીદી પણ અમારી  પસંદગીની કરાવી અને કરિયાવરની તમામ વસ્તુઓમાં કોઈ પણ પ્રકારની ખોટ ન રહેવા દીધી. અને ધામધૂમથી મારા મેરેજની તૈયારી કરાવી. અને અમે ખુશી ખુશીએ આનંદની મજા પણ માણી. અને ત્યાર બાદ મહેશ પપ્પાએ મને કન્યાદાન આપી ખુશી ખુશી મારા સાસરીએ વિદાય કરી. પણ સાચું કહું તો મને એ સમયે પણ મારા પપ્પાની યાદ જ નથી આવી કારણકે મહેશ પપ્પાએ મને મારા પપ્પાની ખોટ મહેસૂસ જ નથી થવા દીધી. અને મહેશ પપ્પામાં જ હું મારા પપ્પાની છબીને જોવ છું.

**I love you મહેશપપ્પા....**

પણ એટલું નહીં પપ્પા લગ્ન કરાવીને એમની ફરજમાંથી મુક્ત નથી થતાં. લગ્ન થયા પછી પણ પપ્પા અમારું ઘણું ધ્યાન રાખે છે. હું તો મહેશ પપ્પાને પામીને ધન્ય થઈ ગઈ છું. અને ઈશ્વરને લાખ લાખ વંદન કરીને ધન્યવાદ કરું છું કે દુનિયામાં મારા જેવી દીકરીઓને મહેશ પપ્પાનો પ્રેમ મળે. એવું જ હું ભગવાનને પ્રાર્થના કરું છું.

અને મારી માટે તો પપ્પા તો જાણે સ્વયં ઈશ્વરનું જ રૂપ છે. આવા આ પરમ શ્રી આદરણીય મહેશ પપ્પાને હમેશા આવા સારા કામોમાં આગળ ને આગળ વધારજો. અને હમેશા મારા મહેશ પપ્પાને ખુશી આપજો. હું ભગવાનને પ્રાથના કરું છું કે મારા મહેશ પપ્પાને આવીને આવી જ હિમંત પ્રદાન કરજો. તમને મારા પ્રણામ, પપ્પા.........

**I love you so much papa**
**એજ, તમારી લાડલી અને વ્હાલી**
**દીકરી, પૂનમ જય રામાપીર**





# વાઘાણી કાજલ વિઠ્ઠલભાઈ

જન્મતારીખ:-૨૯/૦૭/૧૯૮૯
પિતાની પુણ્યતિથી:-૩૦/૦૭/૨૦૧૪

**જય રામાપીર**

**મારા વહાલા પપ્પા,**

આજે તમારી દીકરી તમને સાચા મનથી લાગણીમય પત્ર લખી રહી છે. તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વહાલને શબ્દોમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો નાનો છે પરંતુ પપ્પા શબ્દ એ જ મારા માટે ખૂબ મોટો અને મહત્વનો જેને નિભાવવો અને સમજવો ખૂબ જ મુશ્કેલ છે.

કારણ કે દરેક દીકરી માટે એના પપ્પા ખૂબ જ ખાસ હોય આ દુનિયામાં એ જ્યારે પણ એમ બોલે કે મારા પપ્પા છે, મારા પપ્પા આમ, મારા પપ્પા તેમ ત્યારે પપ્પા એને અંદરથી એક સલામતી લાગે છે. પણ પોતે પણ ખૂબ ખાસ છે એના પપ્પા માટે એનું ગર્વ થાય પપ્પા ગમે એવા હોય પણ એના માટે એક શબ્દ સાંભળી શક્તિ નથી. દીકરી ગમે એટલી મોટી થઈ જાય પણ એના પપ્પા માટે નાની જ હોય છે, દીકરીને પણ એના પપ્પા પાસે લાડ લડાવવાનું મન થાય છે.

મને પણ મારા પપ્પા બહુ વહાલા છે. ભલે અત્યારે એ નથી પણ હજી પણ હું એમને જીવતા જ રાખું છું. ભગવાને એમના શરીરને ખૂબ પીડા આપી. તેમણે અમારાથી દૂર કરી દીધા મને મારા પપ્પા જીવથી પણ વધારે વહાલા હતા. ભગવાનને ખબર નહોતી કે મારા પપ્પા વગર હું પણ મનથી મરી પડીશ, હું સાવ ભાંગી પડી, મારા પપ્પાએ અમારી હિંમત, અમારી શક્તિ, અમારો સાથ એ બધુ જ અમારા પપ્પા હતા. હું નાનપણથી મોટી થઈ ત્યાં સુધી માં જ્યારે પણ હું મુંઝાઈ હોઉ, કોઈ મુશ્કેલી આવે તો પણ પપ્પા અમારા કીધા પહેલા અમારા મોઢા પરથી ઓળખી લેતા. અમને કોઈ મુશ્કેલીઓ આવવા દીધી નથી.

જ્યારે મેં મહેશ પપ્પાને પહેલી વાર જોયા ત્યારે મારી આંખોમાથી આંસુ આવી ગયા અને હું રડવા લાગી. કારણકે મહેશ પપ્પાના ચહેરા ઉપર મે મારા પપ્પાને જોયા અને મને મારા પપ્પા પાછા મળી ગયા. પપ્પાએ મારા માથા ઉપર હાથ મૂકીને કહ્યું દિકા રડીશ નહીં જ્યારે મે પપ્પાના મોઢેથી દિકા શબ્દ સાંભળ્યો ત્યારે મારું મન હળવું થઈ ગયું.

આજે હું ભગવાનને દિલથી Thank you Papa કહું છું મારા પપ્પાને પાછા મોકલવા માટે. મારી દરેક ઈચ્છા પૂરી કરી દીધી. Love you papa.

**એક વાત એ છે કે હું તમારી શિખામણ યાદ કરું છું અને લખી ને કહું છું પપ્પા,**

**" મારા સાસુ-સસરાને માતા પિતા માનવા,**
**દિયરને નાનો ભાઈ માનવો,**
**નણંદને નાની બહેન માનવી,**
**દરેક કામ સમય પર કરવું."**

આમ મારા પપ્પાને પણ ભુલાવી દેનારા મારા મહેશ પપ્પા તરફ
હું દિલથી આભારની લાગણી વ્યક્ત કરું છું.

**Thank you Papa**
**I love you papa**
**I Miss you papa**

**લિ.**
**તમારી લાડકી દીકરી**
**કાજલ**





# કેવડીયા નયના શિવજીભાઈ

જન્મતારીખ:- ૧૬/૦૬/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૦૫/૧૧/૨૦૦૦

## My lovely papa

મારૂ સર્વસ્વ છે, મારો આત્મા છે, મારા ગુરુ, મારા સખા, મારા સુખ દુ:ખના ભાગીદાર, ઈશ્વરે નીમેલા મારા જન્મદાતા અને પાલનહાર મારા પિતા છે. **જય રામાપીર**

પપ્પા તમારા માટે હું શું લખું એ મને સમજાતું નથી પપ્પા તમારા વિશે જેટલું લખું એટલું ઓછું જ છે. પપ્પા તમારું સ્થાન મારા જીવનમાં ભગવાન જેટલું જ છે. ભગવાનને કદી જોયા નથી પણ તમને જોયા ત્યારે એવું લાગે કે ભગવાન એવા જ હશે. જ્યારથી તમે મળ્યા છો ત્યારથી મારા બધા જ દુ:ખ દૂર થઈ ગયા છે.

કેમ છો? મજામાં. આટલી બધી દીકરીઓના રાજમા પપ્પા મજામાં જ હોય ને. પપ્પા આજે હું મારી જિંદગીની એક વાત કહેવા જય રહી છું જે મેં ક્યારેય કોઈને કીધી નથી. જ્યારે મારી ઉમર ફક્ત ૯ વર્ષની હતી ત્યારે મારા પપ્પા અવસાન પામ્યા. ૪/૧૧/૨૦૦૦ના રોજ ખૂબ જ તાવ આવવાથી મારા પપ્પાનું અવસાન થયું. ત્યારે આમ જોઈએ તો હું સાવ જ નાની હતી કઈ જ સમજ ન હતી. એકદમ નાદાન હતી. હું તેમના કાળજાનો કટકો હતી. મારા પપ્પાના મૃત્યુ પછી જાણે અમારા ઘર પર આભ તૂટી પડ્યું હોય તેમ લાગતું હતું.

મહેશપપ્પા મને તમારો સ્વભાવ ખૂબ જ ગમ્યો. તમને ધન્ય છે કે તમે અમારા જેવા નાના માણસો ને યાદ રાખો છો. પપ્પા મને એમ હતું કે અમારું કોઈ જ નથી હવે અમારું શું થશે? પણ મારા માટે પપ્પા ગણું કે ભગવાન ગણું એ સમાન છે. મહેશપપ્પા તમે મળ્યા છો. પપ્પા અત્યારે હું બહુ જ ખુશ છું.

**રંગ છે મહેંદીનો**
**ઉમંગ છે ઉરનો**



**શૂર છે શરણાયનો**

**ઢોલ છે બોલનો**

**પણ પ્રેમ છે તો પપ્પાનો...**

હું ધોરણ ૧૦નો અભ્યાસ પૂર્ણ કરી ઘરમાં મદદરૂપ થવા માટે સીવણ કામ કરવા લાગી ગઈ. તેનાથી અમારું ઘર તો ચાલતું. પણ મમ્મીને મારા લગ્ન ની ચિંતા હતી. મારા પપ્પા ના મૃત્યુ પછી મને જાણે જીવન પ્રત્યે નફરત થઈ ગઈ હતી. મારી બહેનપણીને ત્યાં જતી અને એના પપ્પાને પપ્પા કહીને બોલાવતી અને વાતો કરતી ત્યારે મને ખૂબ જ દુખ થતું અને રડવું પણ આવી જતું. હું ઘરે જઈને છાનાં ખૂણે રડી લેતી. અને ભગવાનને કહેતી કે ભગવાન મારે કઈ જ નથી જોતું મને ફક્ત મારા પપ્પા પાછા આપી દો. એક દિવસ ભગવાને મારી પ્રાર્થના સાંભળી લીધી અને મહેશ પપ્પાના રૂપમાં મારા પપ્પા પાછા આપી દીધા.

મને તો એમ થાય છે કે આખી બૂક થેન્કયુ પપ્પાથી ભરી દેવ. મહેશપપ્પા તમારા માટે જેટલું લખું એટલું ઓછું છે. તમે મારી જિંદગીમાં પપ્પા બનીને આવ્યા એ મારૂ ભાગ્ય છે. હું જ્યાં પણ રહીશ ત્યાં તમને ખૂબ જ યાદ કરીશ. તમારા માટે તો હું લખું એટલું ઓછું છે. હું મારી પેનને વિરામ આપું છું. પણ પેનને વિરામ આપતા પહેલા મહેશપપ્પા માટે આટલું તો જરૂર કહીશ.

**“આજ હો કલ જૈસા,**
**કલ હો ગુલાબ જૈસા,**
**મહેક હો તાજ જૈસા,**
**ઔર જિંદગી કે હર જન્મમે,**
**પાપા હો તો આપ જૈસે”**

I love you my dear papa.
I miss you.

**તમારી વહાલી દીકરી**
**નયના**





# ધોળિયા શ્રધ્ધા સંજયકુમાર

જન્મતારીખ:- ૦૮/૦૭/૧૯૯૧

પિતાની પુણ્યતિથી:- ૨૩/૫/૨૦૧૫

**પ્રિય પપ્પા,**

**જય રામાપીર,**

**પપ્પા તમારા માટે મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરૂઆત કરું??**

જય રામાપીર આજે મારે પપ્પા વિશે ઘણું બધુ લખવાનું છે એ બધું યાદ કરું તો મારી આંખમાથી આંસુ વહે છે. કવિએ ઘણા બધા કાવ્યો અને લેખો લખ્યા છે પણ પપ્પા વિશે લખવા બેસે તો કલમ, કાગળ, અને શબ્દ ઓછા પડે છે. પપ્પા એ દુનિયાની મોટી અનોખી વ્યક્તિ છે. કવિ એ એક પંક્તિ લખી છે કે ,

**“ઘોડે સવારી બાપ મરજો,**
**પણ ઘરનું દળનાર માં ન મરજો”**

પણ નહીં માં અને બાપ બનેની જરૂર છે. બાપ વગરની જિંદગી એક ખરાબ જિંદગી છે.

ભગવાનને એક પિતાનો પ્રેમ જોઈતો તે હક ન રહેવા દીધો મારા ભાઈઓ નાના છે. જ્યારે નાના ભાઈ પપ્પા વગરના બની ગયા ઘરની બધી જવાબદારી મારા ભાઈ પર આવી ગઈ. જ્યારે પપ્પાનું મૃત્યુ થયું ત્યારે અમારા પર અચાનક આભ તૂટી ગયું. મારા પપ્પાનું મૃત્યુ રાણપરડા ગામમાં થયું. મારા પપ્પાના મૃત્યુની ખબર પડી ત્યારે અમને ખૂબ દુખ લાગ્યું...

મારા પપ્પાને મારા લગ્નનું ખૂબ જ હતું મને કહેતા કે હું તમારા લગ્ન ખૂબ જ ધામ ધુમથી કરીશ. પરંતુ ભગવાને ૬ મહિના પહેલા આજ મારા પપ્પાને એમના ચરણોમા લઈ લીધા. અત્યારે બધા પોતપોતાના પપ્પાની વાતો કરે ત્યારે મને બહુ જ દુખ થાય અમારે તો પપ્પાનો પ્રેમ ક્યારેય નહીં મળે. અને મારા પપ્પાના મૃત્યુ બાદ કન્યાદાન કોણ કરશે એવું કહીને હું રડતી ત્યારે બધા કહેતા કાકા કન્યાદાન કરશે. અને મહેશ પપ્પા મળશે એવી તો ખબર પણ ન હતી. અચાનક અમારા સગા સંબંધીઓએ અમને પી.પી.

સવાણી ગ્રુપમાં નામ લખાવી નાખો. અમને એમની વાત સાંભળીને અમે લોકોએ એમાં નામે લખાવી દીધું. પછી હું જ્યારે પહેલી મિટિંગમા ગઈ ત્યારે મને દિકા કહીને બોલાવી ત્યારે મને મારા પપ્પાનાં સ્વરૂપમા દેખાયા. પછી ઓફિસે બેસેલી દીદીઓએ મને દીદી કહીને બોલાવી અને કીધું આજથી તને મહેશ પપ્પા મળી ગયા છે એટલે તારે કોઈ પણ ચિંતા કરવાની જરૂર નથી. ત્યારે મારૂ બધું જ ટેન્શન દૂર થઈ ગયું.

હું જ્યારે પી.પી.સવાણી ગ્રુપમા આવી ત્યારે ૮૦૦ દીદીઓએ અને ૬ ભાઈ, એક પપ્પા, બે અંકલ, એક દાદા મળ્યા અને પપ્પા દરરોજ સવાર પડતાં જ મેસેજ કરે છે અને અમારા ઘરે આવે છે તેમજ અમારા પરિવારનું ધ્યાન રાખે છે.

અમને મહેશ પપ્પા મળ્યા પછી અમને જીવન જીવવાની આશા આવી. પપ્પા તમે એક દીકરીની બધી જ આશા પૂરી કરી છે. પપ્પા શબ્દ એ એક મહત્વ પૂર્ણ પ્યારો અને વહાલસોયો છે. અમને મહેશ પપ્પા એટલી ખુશી આપી કે જિંદગી પાસેથી કઈ જ લેવાનું બાકી રહ્યું નથી.

મહેશ પપ્પા તમે મને પપ્પાના રૂપમા મળી ગયા છો એનો મને ખૂબ જ આનંદ છે. પપ્પા તમે મને મળી ગયા એટલે હું મારી જાતને ધન્ય માનું છું. મહેશ પપ્પા દરેક વ્યક્તિ કરતાં અલગ છે. પપ્પા અમે ભગવાનને ક્યારેય જોયા નથી પણ અમને ભગવાનના સ્વરૂપમા પપ્પા મળી ગયા. અમને લગ્નનું ખૂબ જ મોટું ટેન્શન હતું, લગ્ન કેવી રીતે કરીશું પણ એકાએક અમને જાણવા મળ્યું કે જે દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે એવી દીકરીનું કન્યાદાન મહેશભાઈ સવાણી કરે છે એટલે મારૂ બધુ જ ટેન્શન દૂર થઈ ગયું. એ તો અમારા ગામના જ છે તમે તો અમારા જીવનમાં અજવાળાં કરી દીધાં. પપ્પા તમે મળ્યા બાદ અમારા જીવનમા ખૂબ સુખ આવ્યું.

મહેશ પપ્પા મારાથી લખવામાં કઈ ભૂલચૂક થઈ હોય તો તમારી વ્હાલી દીકરીને માફ કરજો પપ્પા મળ્યાથી અમારા હૈયાની હામ પૂરી થઈ છે. તમને ભગવાન લાંબી ઉમર, શક્તિ અને હિંમત આપે......

**લિ.**
**તમારી વહાલી દીકરીના**
**જય રામાપીર**
**શ્રધ્ધા**





# ઘીનૈયા વિભા ચંદુભાઈ

જન્મતારીખ:- ૨૫/૦૩/૧૯૯૨
પિતાની પુણ્યતિથી:- ૧૭/૧૦/૨૦૦૭

**મારા વહાલા પપ્પા,**

**Dear Papa**

મહેશ પપ્પા નામ સાંભળતાની સાથે ભગવાન શિવના રૂપની યાદ આવે છે કેમ કે ભગવાન શિવના ત્રણ નામ છે - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. મેં ભગવાન ને જોયા નથી પણ આમાનું એક નામ પપ્પા તમારી સાથેનું છે. એટલે કે મહેશ અને સાબિત થઈ ગયું છે કે ભગવાન આવા જ હોય છે. ભગવાનની વ્યાખ્યા આવી જ હોય છે અને હા પપ્પા તમારી પાસે લાગણી, પ્રેમ, સ્નેહ, સહાનુભૂતિ, આત્મીયતા અને આપણાપણું સદગુણ નો અમૂલ્ય ભંડાર છે.

તમે મને જે આપ્યું છે તે હું વર્ણવી શકું એમ નથી. એક દીકરી માટે પપ્પા આકાશ સમાન હોય છે જેની નીચે તે આરામથી અને નીડર બની જીવી શકે છે જ્યારે પપ્પાનું અવસાન થયું ત્યારે મને લાગ્યું કે આ આકાશ મારા પરથી છીનવાઈ ગયું છે. કોઈ પણ દીકરી તેના પિતા ની સૌથી નજીક હોય છે અને પિતા તેની દીકરીની સાથે.

પરંતુ મને જ્યારે પણ પપ્પાની યાદ આવતી ત્યારે હું ભગવાનને ફરિયાદ કરતી હતી કે તમે મારા પપ્પાને મારાથી દૂર કેમ કર્યા. હું વિચારતી હતી કે કાશ, મારા પપ્પા મારી સાથે હોત... પણ કહેવાય છે ને કે ભગવાન પણ બધાનું સાંભળે છે તેમણે પણ મને મારા પિતા આપ્યા...મહેશ પપ્પા....

પપ્પા તમારી સાથે લોહીના સંબંધ ભલે ન હોય પણ લાગણીના સંબંધ તો છે ને તમે મારા માટે જે કઈ પણ કર્યું તે એક પિતા પોતાની દીકરી માટે કરે છે. તમારી આ દિકા તમને તે માટે thank you કહે છે. પિતા તરીકે તમારી લાગણી અને પ્રેમ મારા માટે બધુ જ છે. જેમ નાનકડો દીપ અંધારાને દૂર કરીને અંજવાળું પાથરે છે. તેમ તમે પણ મારા જીવનમાં અંજવાળું પાથર્યું છે. પપ્પા તમારા મેસેજ, લાગણી, પ્રેમ એ બધુ હું ક્યારેય ભૂલી નહીં શકું. પપ્પા તમારા લીધે મારા જીવનની મોટી કમી પૂરી થઈ છે. તમારો પ્રેમ અને લાગણી હંમેશાં મારી સાથે રહેશે, લાગણી અને પ્રેમ બંને સંબંધોના અજવાળાંને સાર્થક કરે છે તેમજ આ સંબંધો પિતા તરીકે તમારા પ્રેમના સમીકરણની સાબિતી પૂરી પાડે છે.

**I Love You Papa**
**તમારી દિકા Vibha**



## કાકડિયા કપિલા કલ્પેશકુમાર

જન્મતારીખઃ- ૩૦/૧૦/૧૯૯૦
પિતાની પુણ્યતિથીઃ- ૨૦/૦૩/૨૦૧૩



**Dear papa**
**જય રામાપીર**

બધા એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી પરંતુ ભગવાને મને પપ્પા સ્વરૂપે મહેશપપ્પા આપ્યા છે.

પપ્પા તમારા માટે હું શું લખું એ મને સમજાતું નથી. તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વ્હાલને શબ્દોમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો જ નાનો છે.

ખરેખર તો પપ્પા શબ્દ જ ખૂબ મોટો છે કારણ કે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોય છે. મારા પપ્પા જેને મને ખૂબ જ લાડ થી મોટી કરી, મારી બધી જ જરૂરિયાતો પૂરી કરી, પપ્પા ઈચ્છતા હતા કે હું M.B.A. કરું, પણ ભગવાન એ તો કેવી મરજી...

મારા પપ્પાની અચાનક તબિયત ખરાબ થઈ અને રિપોર્ટ કરાવ્યો તો ખબર પડી કે પપ્પા ને કેન્સર છે. જાણે આ વાત સાંભળી અચાનક આભ તૂટી પડ્યું હોય એવો ભયંકર ધક્કો અમારા ફેમિલી ને લાગ્યો.

ધન્યવાદ તો હું મારા મમ્મી ને કહીશ જેને પોતાના દિલ પર પથ્થર મૂકીને અમને કહ્યું કોઈ આંખ માથી આંસુ નહીં પડતું. હવેના દિવસો એ તમારી પપ્પાની જિંદગીના ખૂબ જ પીડા દેનારા છે. આપણે રોઈ ને તેની પીડા વધારવાની નથી. ત્યાર પછી મે અને મારા ભાઈએ પપ્પાની ખૂબ સારી રીતે સંભાળ રાખી. પણ કિસ્મત ને એ મંજૂર ન હતું. તેને અમારા પપ્પાને અમારાથી દૂર કર્યા. પણ હું ભગવાનનો ખુબ ખૂબ આભાર માનું કે તેને અમારા પપ્પા ને તેની પાસે બોલાવી લીધા. આવું કહેવા હું ખૂબ મજબૂર હતી. કેમ કે પપ્પાની પીડા એટલી હદ સુધી વધી ગયેલી કે પપ્પા મને કહેતા મને ઝેર આપી દે... હું તારા પગે પડું છું... એ દુખ મારા માટે એટલું વધારે હતું કે મારા મો માથી નીકળી જતું કે ભગવાન તું મારા પપ્પા ને આ પીડાથી મુક્ત કર. તો પણ મે મારા પપ્પાની આંખ સામે M.com પૂરું કર્યું. મારા પપ્પા એ મને આ દુનિયા માટે એવી ઘડેલી કે હું મારૂ ધ્યાન ખુદ રાખી શકું અને હું મારી ફેમિલી ને તેની બધી જ મુશ્કેલી માં તેની હેલ્પ કરી શકું.પપ્પાનો ખાલીપો મને ત્યારે સમજયો જ્યારે મારા લગ્ન ની વાત ચાલતી. ત્યારે કુટુંબ ના મોટા લોકો ને હાથ જોડીને કહેવું



પડતું કે તમે મારી દીકરીનું જોણ છે તો આવજો. અને ત્યારે જ મે નક્કી કર્યું જે મારી લાઈફમાં પહેલો છોકરો આવે જે મને સમજે તેને હું હા કહી દઈશ.

પપ્પા ના દવાખાના ના એટલા રૂપિયા ખર્ચ થયા કે હું ક્યારેય મારા મેરેજ માટે બચત કરી જ ન શકી. ત્યારે મને પપ્પાની ખૂબ જ યાદ આવતી. જ્યારે અચાનક મારા મામાનો છોકરો યોગેશભાઈ સોજીત્રા તેને કીધું મારા મેરેજ પણ પી.પી.સવાણી માં થયા હતા. ત્યાં સમૂહ લગ્ન નહીં પણ દીકરીના લગ્ન કરાવે છે. અને તેને પપ્પા સાથે અમારી મિટિંગ કરાવી.

જ્યારે હું પપ્પાને પહેલીવાર મળી ત્યારે પપ્પા એ કીધું આવ બેટા. જાણે મને દિલથી એવું લાગ્યું આટલું પ્રેમ ભાવ અને લાગણી થી તો એક પપ્પા જ એક દીકરી ને બોલાવે. હું બહુ જ ખુશ હતી. મને મહેશપપ્પા મળ્યા. પણ ત્યારે મારા થી એક ભૂલ થઈ. પપ્પા એ મને કીધું બેટા તારા ફૂલહાર થસે. મારા ઘરના તેમજ મારા સસરા વાળા તેની ખિલાફ હતા ત્યારે હું ખૂબ જ રડી. મારા પપ્પા ફરી મારા થી દૂર થયા.

ત્યારે અચાનક કુદરતી ચમત્કાર થયો હોય તેમ મારા પપ્પા સમાન મારા સસરા જેને પોતાની ફેમિલીની ખુશી ન વિચારતા એક પારકી દીકરી જે હજુ તેના ઘરની વહુ નહોતી બની તેની આંખ ના આંસુ જોઈને મારા સસરા એ કીધું મારી દીકરીના લગ્ન જ્યાં તે ઈચ્છે છે ત્યાં જ થશે. તે દિવસે હું ખૂબ જ ખુશ થઈ. કેમ કે ત્યારથી મને એકસાથે બે પપ્પા મળ્યા.

પપ્પા મારા જીવનમાં આવ્યા ત્યારથી હું બધાને ગર્વ થી કહું છું કે હું મહેશપપ્પાની દીકરી છું કારણ કે તેમણે એક પિતા તરીકે ની બધી જ જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી છે. પપ્પા સવારે ગૂડ મોર્નિંગ અને સાંજે ગૂડ નાઈટ નો રોજ મને મેસેજ કરે છે. હું પણ પપ્પાને ખૂબ જ યાદ કરું છું.

**Miss you papa.**

જેને પૂર્વ જન્મ માં ખૂબ જ સારા કામ પુણ્ય કર્યા હોય તેને જ મહેશપપ્પા જેવા પપ્પા અને પપ્પાને આટલી બધી દીકરીઓ મળી. પપ્પા તમે મારી લાઈફ માં આવ્યા પછી જાણે હું એકદમ ટેન્શન ફ્રી થઈ ગઈ. મને મારા મેરેજ નું કોઈ જ ટેન્શન નથી. જ્યારે કોઈ ટેન્શન આવે ત્યારે વિચારું પપ્પા છે ને અને ટેન્શન તરત જ દૂર થઈ જાય.

પપ્પા તમારા વિશે કહેવાના શબ્દો ખૂટતા જ નથી. બસ આટલું જ પણ દિલ થી કહું છું.

I love my papa.

સૂર્ય ને જેમ તેના કિરણ વગર નથી ચાલતું તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું.

નથી જીવવું બીતા બીતા કેમ કે, સાથમાં છે પપ્પા, હામ છે હૈયામાં,

હિંમત આપી છે પપ્પાએ,
ઉત્સાહ છે આનંદમાં તો ઉજળું કરવાની
શક્તિ આપી છે પપ્પા એ...

**જય રામાપીર**
**લવ યુ પપ્પા**
**પપ્પાની દિકા**
**કપિલા**



# ચોટલીયા ગાયત્રી રતિલાલ

જન્મતારીખઃ- ૧૯/૧૨/૧૯૮૯
પિતાની પુણ્યતિથીઃ- ૧૩/૦૨/૨૦૦૪



**મારા વ્હાલા પપ્પા,**
**જય રામાપીર,**

પપ્પા તમારા માટે હું શું લખું એ મને સમજાતું નથી મારા મન માં એટલું બધૂ છે કે ક્યાંથી શરૂઆત કરું?

તા. ૨/૧૨/૨૦૦૪ ના રોજ હું સ્કૂલે ભણવા ગઈ હતી ત્યારે સવારે ભણવા ગઈ અને બપોરે ઘરે આવી. કોણ જાણે ક્યાંથી તોફાન આવ્યું?, ક્યાંથી આભ તૂટી પડ્યું?ને પરિવાર પર જાણે ક્યાંથી આફત આવી? તે દિવસે મારા પપ્પા રતિલાલ નાથાલાલ ચોટલીયા નું અવસાન થયું.

પપ્પા સવારે ટિફિન લઈને કામે ગયા હતા. કામ કરતાં તે ત્રીજા માળે થી પડી ગયા અને તેમનું અવસાન થયું ત્યારે હું ૮ વર્ષની હતી. જાણે કઈ ખબર પણ નહોતી પડતી. ઘર પણ પપ્પા વિનાનું સૂનું થઈ ગયું. પપ્પા શબ્દો બોલવાના જતાં રહ્યા. રોજ સાંજે પપ્પા અમારા માટે ભાગ લઈને આવતા. એ કોઈ લાવતું બંધ થઈ ગયું.

પપ્પા તમે કેમ છો? હું બહુ ખુશ છું અને આશા રાખું કે તમે પણ ખુશ હશો. અને ખુશ કેમ ના હોય? જે પિતા એ પોતાની દીકરીઓને ખુશ રાખવામા કોઈ કચાસ ન રાખી હોય તે પિતા ક્યારેય દુખી હોય જ ના શકે. કહેવાય છે ને કે દીકરો જેમ માં ને લાડકો હોય તેમ દીકરી પિતાની લાડકી હોય છે. બાપ અને દીકરીનો પ્રેમ વ્યક્ત ન થાય તેવી લાગણી થી ભરેલો હોય છે. પરંતુ અમને પાંચેય ભાઈ બહેનને પિતાનો પ્રેમ મળે તે કદાચ ભગવાનને મંજૂર ન હતું. પરંતુ મને જ્યારે પણ પપ્પા ની યાદ આઆવતી હતી ત્યારે હું ભગવાનને પ્રાર્થના કરતી હતી કે તમે મારા પપ્પાને મારાથી દૂર કેમ કર્યા? હું વિચારતી હતી કે કાશ મારા પપ્પા મારી સાથે હોત.. પણ કહેવાય છે ને કે ભગવાન પણ બધાનું સાંભળે છે તેમણે પણ મને મારા પિતા આપ્યા મહેશપપ્પા... મહેશપપ્પા વિષે તો લેખ કાગળમાં નહીં દિલમાં હોય છે... અને એ પણ એક દીકરીના દિલમાં... એક દીકરી માટે તેના પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા હોય છે. પપ્પા બસ આટલું જ કહીશ... હવે શબ્દો નથી પણ દિલ થી કહું છું પપ્પા

I love you... પપ્પા તમે પણ ખુશ રહેજો અને અમને પણ ખુશ રાખજો ..

I Miss you papa...
**તમારી લાડકી દીકરી, ગાયત્રી**





# વિરાણી મનીષા બાબુભાઇ

જન્મતારીખઃ- ૨૮/૦૯/૧૯૮૯

પિતાની પુણ્યતિથીઃ- ૨૦/૧૧/૨૦૧૨

**Dear papa,**

મારા પપ્પાનું હાર્ટ એટેક આવવાથી અવસાન થયું હતું. ત્યારે અમે બધા મામા ના ઘરે દિવાળી ની રજામા ગયા હતા. મારા પપ્પા એ મને ખૂબ જ પ્રેમ આપ્યો છે. તેમણે મારી દરેક જરૂરિયાત પૂરી કરી છે. મારા પપ્પા અવસાન પામ્યા પછી મને બહુ એકલું લાગતું હતું. પરંતુ મહેશપપ્પા આવ્યા પછી તેમણે મારા પપ્પાનું સ્થાન લઈ લીધું છે. તેઓ મને પોતાની દીકરી માને છે. અને મને દિકા કહીને જ બોલાવે છે.

મને ગૂડ મોર્નિંગ નો મેસેજ કરીને મારા દિવસની શરૂઆત કરાવે છે. અને ગૂડ નાઈટનો મેસેજ પણ કરે છે. મહેશપપ્પા બધાને પ્રેમ અને સ્નેહ આપે છે. તેઓ મારા જીવનમાં આવ્યા પછી એવું લાગે છે કે મારા પપ્પા જ મને પાછા મળી ગયા છે.

મહેશપપ્પા ખૂબ જ સારા છે અને તેમણે બધી દીકાને પ્રેમ અને સ્નેહ આપ્યો છે.

**I love you papa**

**તમારી વ્હાલી દીકરી**

**મનીષા**

## દેવાણી સોનલ રોહિતકુમાર

જન્મતારીખઃ- ૧૨/૦૬/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૨૭/૧૦/૧૯૯૯



**જય રામાપીર પપ્પા,**

પપ્પા, આજે તમને મારો ભૂતકાળ જણાવતા મારી આંખો અશ્રુભીની  થઇ જાય છે, કારણ કે એક સમય એવો હતો કે મને રોજ પપ્પાની યાદ આવતી હતી અને મારા પપ્પા મારી સાથે નહોતા. પરંતુ આજે જેઓ મારા જેવી ૧૩૦૦ દીકરીઓના પિતા બન્યા એવા મહેશપપ્પા મારી સાથે છે, તેમની સાથે મુલાકાત થયા પછી મને કયારેય પપ્પાની ખોટ પડી નથી.

પહેલા અમારી પરીસ્થિતિ ખુબ જ ખરાબ હતી. અમારો ૬ સભ્યોનો છે. બે ભાઈ, બે બહેન, હું અને મારા મમ્મી. મારા પપ્પા મૃત્યુ પામ્યા ત્યારે હું પાંચ વરસની હતી. મને એ પણ ખબર નહોતી કે મારા હવે મને ક્યારેય નહિ મળે. મારો ભાઈ ૭ ભણીને ઉઠી ગયો, કોઈની મદદ ન મળતા આગળ ભણી ન શક્યો અને હીરા ઘસવા બેસી ગયો. અમે ત્રણેય બહેનો સિલાઈ કામ શીખી ગયું. મારા મમ્મીને થાઈરોઈડની બીમારી હતી તો તે બીમાર રહેતા.

મારા ભાઈ - બહેન મોટા થયા ને તેમના લગ્નની જવાબદારી આવી. મારા મમ્મીને ખૂબ ચિંતા રહેતી. ત્યારે અમને જાણ થઇ કે તળાજા ગામમાં સમૂહલગ્ન થાય છે. એટલે એમાં બંને બહેન અને ભાઈના લગ્ન કર્યા. ત્યારે અમને નહોતી ખબર કે પપ્પા લગ્ન કરાવે છે. મોટા ભાઈના લગ્ન થઇ ગયા. પછી ભાઈ- ભાભી અલગ રહેવા ચાલ્યા ગયા, પછી હું, મારો નાનો ભાઈને મમ્મી રહેતા હતા. હું સિલાઈ મશીન ચલાવીને અમારું ઘર  ચલાવતી હતી. અમારી પાસે મકાનનું ભાડું આપવાના પણ પૈસા નહોતા, અમે મારા મામા સાથે રહેતા હતા. ત્યાર બાદ મારી સગાઇ નક્કી થઇ. અમને ખબર પડી કે મહેશપપ્પા પિતા વગરની દીકરીઓના લગ્ન કરાવે છે. તો અમે પણ તેમાં જોડાયા. મહેશપપ્પાએ મારું કન્યા દાન કર્યું ને મને પપ્પા મળી ગયા. હવે મને કંઈ દુઃખ નથી.

**I Love you papa**
**લી. તમારી દિકા**
**દેવાણી સોનલ**





# સુરતી શીતલ મનોજભાઈ

જન્મતારીખ:- ૨૯/૦૯/૧૯૯૩
પિતાની પુણ્યતિથી:- ૨૩/૦૩/૨૦૦૭

DEAR PAPA,

જય રામાપીર,

**પપ્પા તમારા વિશે શું લખું કંઈ સમજાતું નથી. પપ્પા તમારા માટે મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરૂઆત કરું ??**

હું જ્યારે પહેલી વખત પપ્પાને મળવા ગઈ હતી ત્યારે તેમણે મને કીધું હતું કે હવે દિકા તારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી હું બેઠો છું તમારી માટે ત્યારે મારી આંખમાંથી ખુશીના આંસુ આવી ગયા. અમારા પરિવારમાં અમે ત્રણ બહેન છે અને મારી મમ્મીની મમ્મી એટલે નાની છે. હું મોટી છું અને બીજી બે મારી બહેન નાની છે. જયારે હું સ્કૂલમાં ૮મા ધોરણમાં ભણતો હતો ત્યારે મારા પપ્પાને આવી હાલતમાં જોઈ મમ્મીની તબિયત વધારે ખરાબ થઇ ગઈ અને જ્યારે પપ્પાને અશ્વિનીકુમાર લઈ જવાના હતા ત્યારે જ મમ્મીને પણ તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં એડમિટ કરવા પડ્યા હતા. પછી ૧૧ દિવસ મમ્મીને સિવિલ હોસ્પિટલમાં રાખ્યા અને જ્યારે પપ્પાનું ૧૨મું હતું ત્યારે જ મમ્મી રાતે ૧૨ વાગ્યે અવસાન પામ્યા પછી પપ્પા અને મમ્મીનું ૧૨મું સાથે કરવું પડ્યું અને પછી મારી નાની બહેન ૭ મહિનાની હતી અને તે મમ્મીનું દૂધ પીતી હતી એટલે એ પણ મમ્મીને યાદ કરીને ૧૫ દિવસમાં અવસાન પામી એટલે અમારા ઘરમાં એક મહિનામાં ત્રણ જણનું મૃત્યું થયું હતું પછી અમારા ઘરે તો જેમ દુ:ખના વાદળ વરસી ગયાં હોય પછી હુંય દસ ધોરણ ભણીને સ્કૂલ છોડી દીધી કેમ કે અમાંરી એટલી પરિસ્થિતિ નહોતી કે હું ભણી શકું બે બહેનને ભણાવાની હતી એટલે હું નોકરી પર લાગી ગઈ હું ૧૬ વર્ષની હતી ત્યારથી જ નોકરી પર લાગી ગઈ અને હુયે નોકરી કરીને મારી બે બહેનને ભણાવી અને હું હજુ પણ નોકરી કરું છું કેમ કે બે બહેનની જવાબદારી મારા પર જ હતી.

પછી મારી બહેન પણ ૮ ધોરણ ભણીને ઉઠી ગઈ અમારા દિવસો અમે દુ:ખમાં ગુજાર્યા. મમ્મી- પપ્પા બહેન બધાનો સાથ છૂટી ગયો અમને બધા જ દેખાતા પણ અમને અમારા મા બાપ ન દેખાતા એમની કમી ખૂબ જ મહેસૂસ થતી જ્યારે અમને



કોઈ કહેતું મારા મા-બાપ અમારા માટે લઈ આવ્યા ત્યારે અમારું હૈયું ભરાઈ જતું અને બંને આંખોમાંથી દરિયાની આંસુ વહેવા લાગતા. જ્યારે કઈ પણ સંજોગ હોય, તહેવાર હોય ત્યારે મમ્મી પપ્પાની યાદ આવતી હવે જ્યારથી અમારા જીવનમાં મહેશ પપ્પા આવ્યા છે, ત્યારથી અમારા જીવનમાં પપ્પાની કમી મહેસૂસ થતી નથી

પપ્પા અમારા માટે જે પણ કઈ કરે છે તે આ જન્મમાં કોઈ ન કરે. મારા મહેશ પપ્પા વલ્ડના બેસ્ટ પપ્પા છે. બસ હવે પપ્પા છે એટલે જીવનમાં કયારેય દુઃખ નહિ પડે હવે પછી મહેશ પપ્પા દુઃખ નહિ આવવા દે. દુનિયામાં એવી કેટલીય દીકરીઓ હશે. જેમાં મા બાપ નથી પણ જ્યારથી મહેશ પપ્પા મળ્યા ત્યારથી મને મા બાપની કમી મહેસૂસ થશે નહિ.

પુરુષાર્થ કરી શૂન્યમાંથી સર્જન કર્યું. કષ્ટ સહન કરીને પરિવાર માટે ફૂલો પાથરી ગયા. સુખથી છલકાયા નહિ દુઃખથી ડગ્યા નહિ વહેવાર કદી ચૂક્યા નહિ ધર્મ કદી ભૂલ્યા નહિ રડી પડે છે આંખો અમારી જોઈ તસવીર તમારી હરપળ ખટકતિ ગેરહાજરી તમારી. પલ ભરમાં છોડી ગયા અમે બધા પ્રભુને પૂછીએ છીએ કે તમારે ખજાને ક્યાં ખોટ હતી કે અમારે જેની જરૂર હતી તેની તમને શી જરૂર પડી?

બસ પપ્પા, અમારે બીજું કઈ જોતું નથી હું તમારો પ્રેમ ઈરછું છું. પપ્પા તમે અમરી જોડે રોજ રહેતા નથી પણ અમારા દિલમાં રહો છો. આંખો ખોલતાં પહેલાં તમારા ગુડ મોર્નિંગના મેસેજ મળે અને આંખો બંધ કરતા પહેલા ગુડ નાઈટના મેસેજ મળે હું કેટલી ભાગ્ય શાળી છું કે મને આટલો પ્રેમ કરવા વાળા પપ્પા મળ્યા.

**LOVE YOU PAPPA,**

મારા જીવનની મહત્વપૂર્ણ વ્યક્તિ એટલે તમે પપ્પા છો. જેને હું મારી જિંદગીની કોઈ પણ વ્યક્તિ કરતા વધારે માન આપું છે.

**Love you lot**

મારા પપ્પાના બીજા સ્વરૂપે તમે મળ્યા છો અને તેમનાં અધૂરાં સપનાં પણ તમે પુરા કરો છો હું ખુશ છું.

THANK YOU PAPA
I LOVE YOU PAPA
I MISS YOU PAPA

**જય રામાપીર પપ્પા,**
**તમારી દિકા શીતલ.**



પી. પી. સવાણી ગ્રુપ

આયોજીત

# 'દીકરી દીલનો દીવો'

# સાવલીયા પીનલ બાબુભાઈ

જન્મતારીખઃ- ૧૫/૦૨/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૧૫/૦૬/૨૦૧૧



આવતી કાલ કદાચ મારા વગર ઊગે, સૂરજ ઊગે પણ હું ન હોઉ, મારા ઘરની દરેક વ્યક્તિ સગા સંબંધી હોઈ પણ એમની વચ્ચે હું એક જ ન હોઉ તેવું પણ બને ને બન્યું પણ એવું જ હું તમારા બધાની સાથે મારી સુખદ જિંદગી પસાર કરવા માંગતો હતો પણ કદાચ ભગવાનને પણ મારો સાથ સથવારો વધુ ગમતો હશે. તેમને પણ મારી વધુ જરૂર હતી. હા મારી આવી અચાનક વિદાય તમારા બધાની જિંદગીમાં ન કેહવાય ન સહેવાય તેવો દુખદ ફટકો બની જશે પણ શું મારા સપનાને હું મારી સાથે જ લઇ જાઉ છું???

મેં મારા જિંદગીમાં ખુબ જ સારા કાર્યો કર્યા હતા કે હું તમારી વચ્ચે ન હોવા છતાં હું ખુશ છું તો મારી આ ખુશી ને તમે પણ તમારી ખુશી સમજીને આગળ વધો. મને ક્યાય ન શોધતા કારણ કે હવે હું આ દુનિયા છોડી ને જતો રહ્યો છું મારા ઘરના દરેક વ્યક્તિના હદયમાં જ્યાં ભગવાનનો વાસ છે બસ ત્યાં જ ને ત્યાં જ અરે હા હું ત્યાં જ હોઈશ અને ત્યાં જ હંમેશાં રહીશ.

આ મારા પપ્પા મને કહેતા હોય તેવું મને લાગે છે. મારા પરિવારમાં ચાર બહેનો એક ભાઈ અને મમ્મી એમ મળી ને કુલ છ વ્યક્તિનો પરિવાર છે. મારી બે બહેનોના લગ્ન સવાણી પરિવારમાં “સંબંધ ભવોભવ”માં થયા હતા આ વર્ષે મારા લગ્ન પણ સવાણી પરિવારમાં છે. મારા પપ્પા પ્રમાણિક, લાગણીશીલ, સહનશીલ, સત્યવાદી, અને પ્રેમાળ હતા તેમજ બીજાના દુઃખે દુખી થનાર તેમજ બીજાને ખુશ કરનારા હતા. મારા પપ્પા એક વહેલી સવારે ચાલતા ચાલતા મારા મમ્મી અને ભાઈ બહેનના હદયમાં સુંદર સર્વ શ્રેષ્ઠ સ્થાન છોડીને અમારાથી અત્યંત દૂર અનંતની યાત્રાએ ચાલ્યા ગયા. મજા + મહેનત = જિંદગી એવું વેણ કહ્યે સમજાવતા રહ્યા અને જિંદગીની બાદબાકી એટલે મૃત્યુ હથેળીમાં એવું સમજાવી ગયા.



મારી બે બહેનોનાં લગ્ન આ પરિવારમાં જ થયાં હતાં એટલે મહેશ પપ્પાને તો હું પહેલે થી જ સારી રીતે ઓળખતી હતી.

પરંતુ મહેશ પપ્પા તમે અમને પપ્પા તરીકે મળ્યા ત્યારે તો તે દુઃખ જાણે અમારા સુખ માં બદલાઈ ગયું આખા ઘર પરિવારમાં ખુશીની લહેર દોડી ગઈ. કદાચ આવા લગ્ન તો શું ,આવી કોઈ પણ વસ્તુ અમે તો ન જ લઈ શકત, પપ્પા તમારો ખુબ ખુબ અભાર.

પપ્પા મને હતું કે તમે અમને કપરા સમયમાં અમારી સાથે સાથે ચાલશો પણ તમે મારી સાથે ચાલ્યા નહિ. અરે રે....... તમે તો મને ઊંચકીને એકલા જ ચાલ્યા.

પપ્પા ઈશ્વર તો સુખ દુઃખ એ તે આપે જ છે તમે તો ફક્ત સુખો જ આપો છો તમે તો મારા પપ્પા જ છો. બસ છેલ્લે એટલું જ કહીશ કે તમારી દીકરી બનીને સમાજની કોઈ દીકરી કે તેનો પરિવાર દુઃખી હોઈ શકે નહિ........

I Miss you & Love you
PAPA



## ચુડાસમા રેવિશા ભરતભાઇ

જન્મતારીખ:- ૦૭/૦૧/૧૯૯૭

પિતાની પુણ્યતિથી:- ૧૭/૧૦/૨૦૧૦



સૌ પ્રથમ મારા પરિવારનો પરિચય આપુ તો અમારા પરિવારમાં ૬ સભ્યો હતા. અમે બે બહેનો અને બે ભાઈ છીએ અને મારા મમ્મી પપ્પા. મારો ત્રીજો નંબર હતો. હું સાતમા ધોરણ માં અભ્યાસ કરતી હતી ત્યારે એટલે કે હું ૧૪ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું હતું. મારા પપ્પાને હાર્ટ એટેક આવવાથી અવસાન થયું હતું. આ કારણે બધી જ જવાબદારી મમ્મી પર આવી પડી હતી. આવી અંધારી પરિસ્થિતિ અને બધા સંતાનોની જવાબદારી માથે આવી પડતાં તે એકદમ ચિંતાતુર થઈ ગઈ. પરંતુ સમય અને સંજોગો સાથે અનુકૂળ તો થવું જ પડે છે. કુદરતના આ જન્મ મરણના નિયમ સામે કોઈનું કઈ ચાલતું નથી. સમય તો સમયનું કામ કર્યે જાય છે. પરંતુ આપણે પણ સમયની સાથે અનુકૂલન સાધવું પડે છે. સારી અને ખરાબ પરિસ્થિતિ પસાર કરતા કરતા હવે સમય આવી ગયો મારા લગ્ન કરવાનો. આ બાબતને લઈને મારી મમ્મી ખૂબ ચિંતા કર્યા કરતી કે હવે શું થશે? પરંતુ કહેવાય છે ને કે જેનું કોઈ નથી તેનો ઈશ્વર છે. આ બાબતને સાબિત કરતી એક વાત અચાનક આવી મહેશભાઈ સવાણી નામના વ્યક્તિની...

મારા મમ્મીના મામાનો છોકરો ત્યાં પી.પી. સવાણીમાં લગ્નમાં સેવા કરવા જતો ત્યારે તેમણે મારા મમ્મીને મારા લગ્ન વિષે વાત કરી હતી. અને મહેશભાઇ વિષે બધી વાત કહી અને તમારો પરિચય આપ્યો કે મહેશભાઇ સવાણી કરીને એક ભાઈ છે જેઓ ગરીબ-નિરાધર દીકરીઓ અને જેમના પિતા મૃત્યુ પામ્યા હોય તેવી છોકરીઓના પપ્પા બનીને તેમના લગ્ન કરાવી આપે છે તેમજ તેમનું કન્યાદાન પણ કરે છે.



મહેશપપ્પા તમારી સાથે વાતચીત કર્યા બાદ અમે બધા ખૂબ ખુશ થઈ ગયા હતા કે ભગવાને મને તમારા રૂપમાં મારા પપ્પા પાછા આપ્યા. પપ્પા તમારા વિષે બહુ વધારે તો નથી જાણતી પરંતુ તમે એક પ્રકારે માનવ સેવાનું ખૂબ મોટું કામ કરી રહ્યા છો. અનાથ બાળકોને સાચવતા, ભણાવતા, માતા કે પિતા વગરની દીકરીઓને પરણાવી

તેમની મદદ કરવી, વિધવા તેમજ ત્યક્તા બહેનોને આશરો આપવો-આવા અનેકવિધ ધાર્મિક તેમજ સામાજિક કાર્ય તમે કરો છો જે ખૂબ જ ખુશીની વાત છે.

મહેશપપ્પા તમારા જેવા માણસો આ દુનિયામાં બહુ ઓછા જોવા મળે છે. તમે તો ખુદ ઈશ્વરે અમારા જેવી વ્યક્તિઓ માટે મોકલેલી એક મહાન વ્યક્તિ છો. જે ગરીબ લોકોની આટલી બધી મદદ કરે છે.

અમારા જેવી ઘણી દીકરીઓને પોતાના પપ્પા મળી રહે તેવા હેતુથી આપ જે કાર્ય કરી રહ્યા છો તેમાં ભગવાન તમને ખૂબ આગળ વધારે અને આવા સારા કાર્યમાં સદા આગળ રાખે એવી અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ. તમે પપ્પા બનીને અમારી જિંદગીમાં આવશો એવો સ્વપ્નમાં પણ વિચાર કર્યો ન હતો. તમારો સંપર્ક થયા બાદ અમે ખૂબ ખુશ છીએ. અને અમારા દુ:ખને અમે વિસરી જઈએ છીએ.

ગુજરાતી ભાષામાં કહેવાય છે ને કે પૈસા ખર્ચતા બધુ મળે છે પણ માતા પિતા નથી મળતા. પરંતુ તમે તો આ વાતને બાજુ પર મૂકી અમારા જેવી દીકરીઓના પિતા બન્યા. આવું તો કોઈ મહાન સંત જ કરી શકે.

પપ્પા, તમને દીકરીઓ પ્રત્યે ખૂબ ખૂબ વહાલ છે. તેથી આવી વહાલી દીકરીઓ વિષે એક લેખ સ્પેશીયલ તમારા માટે લખું છું. મારાથી આ પત્ર લખતા જો કઈ ભૂલચૂક થઈ હોય તો તમારી દિકાને માફ કરજો. બસ, આગળ કઈ નહીં લખતા મારા શબ્દોને અહી જ વિરામ આપું છું. બસ એ જ...

આપની દીકરી
**રેવિશા**



## જીનગર સપના પ્રકાશભાઈ

જન્મતારીખઃ- ૧૩/૧૦/૧૯૯૭
પિતાની પુણ્યતિથીઃ- ૧૭/૦૮/૨૦૦૭



**Loving Mahesh papa**
**I love you papa and**
**I miss you**

**મારા પ્રિય પપ્પા,**

મારી મોટી બહેનના લગ્ન મહેશ પપ્પાએ કરાવ્યા એ પછી મારા મમ્મીને રાહત મળી ગઈ. મારી દીદીની જે ખરીદી થઇ એ ખૂબ જ મસ્ત હતી. એવી ખરીદી અમે પોતે પણ ન કરી શક્યા હોત જેવી ખરીદી મહેશ પપ્પાએ કરાવી આપી. અમારા સમાજમાં બધા અમારા ઘરે આવીને દીદીની ખરીદી જોય જાય અને એવા મસ્ત લગ્ન થયાં. મારી બહેનના કે લોકો કહે અમે પોતે પણ એવાં લગ્ન નથી કરી શકતા. ગરબામાં પણ અમારી કિસ્મત સારી કે પપ્પા મળ્યા અમને મારા મમ્મીનું એ કેહવું કે ભાઈ જેવું કોઈ નથી એ બધા મહિલાઓ સોચે છે?

મારા મનમાં એવો વિચાર આવે છે કે મહેશ પપ્પાનું રૂપ બાબા રામદેવનો અવતાર લાગે છે. બહેન સગુણા અને ડાલીબાઈ બનેના દુઃખ વેઠે છે. જેમ મહેશ પપ્પા બધી દીકરી ઓના મમ્મીના પણ આસું લૂછે છે.

મારી બહેનના લગ્ન પછી મારા મમ્મીએ પૈસા જમા કર્યા અને ઘરનું મકાન ખરીદ્યું. એના પછી મારા મમ્મીને મારા લગ્નની ચિંતા મટી ગઈ. હું અને મારી મમ્મી ડેકોરેશનના પટટા અને લાઈટનું કામ કરીએ છીએ. ૨ વર્ષ પછી મારા લગ્નની વાત આવી મહેશ પપ્પાને ત્યાં ફોર્મ પાસ થયું. હું દરેક પળ અપેક્ષા રાખું છું કે મારા મહેશ પપ્પા ખુબ જ આનંદમાં રહે. મારા પપ્પા નથી એવું મને લાગતું જ નથી. લોહીનો સંબંધ નથી તો શું મને જયારે મારા પપ્પાની યાદ આવે ત્યારે હું મહેશ પપ્પાને મળીને આવી જાવ. મહેશ પપ્પા એટલી બધી દીદીઓના લગ્ન કરે. અમે પણ મહેશ પપ્પાનું નામ રોશન કરશું. મારા મહેશ પપ્પા એક વૃક્ષ છે અને અમે બધી દીદીઓ એમની ડાળીઓ અને પાંદડા છીએ.

મારા પપ્પા એમ ચમકે જેમ ચમકે પૂનમનો ચાંદ. બધા તારાઓ ટીમ ટીમ રઈને છુપાઈ જાય. એક સૂર્યના કિરણની જેમ મારા મહેશ પપ્પા બધાને રોશની આપે છે. અને બધાને જીવવાની રાહત આપે છે. મારા મહેશ પપ્પા જેવા ધર્મરાજા ક્યારેય જોયા



નથી. પપ્પા તમારા માટે લખું એટલું ઓછુ છે. હું ભગવાનને પ્રાર્થના કરું કે મારા મહેશ પપ્પા જેવા પપ્પા મળે. તમે મારા જીવનમાં આવ્યા ને ત્યારથી હું બહુ જ ખુશ છું.

વિશ્વમાં બધી દીદીઓને પપ્પા વાહલા હોઈ છે. જે પપ્પાની છત્રછાયા ગુમાવી હોઈ એમને મહેશ પપ્પા મળી જાય તો જીવન ધન્ય થઇ જાય. પપ્પા માટે લખવા બેસું તો આખી બૂક ભરાય જાય.

મહેશ પપ્પાને મારી મોટી બહેન પૂજા અને હૂ મળ્યા ત્યારે પપ્પાએ મને દિકા કહીને બોલાવ્યું તો મને એવું લાગ્યું કે મારા પપ્પા ભગવાને મને પાછા આપી દીધા.

હું ભગવાનને એક પ્રાર્થના કરું છું કે મારા મહેશ પપ્પાને મારી ઉંમર લાગી જાય અને મહેશ પપ્પાને ભગવાન ખુબ જ ખુશ રાખે. કોઈ પણ ભૂલ કરી હોઈ તો પપ્પા

**I am sorry ……………**
**I Love You Papa & I Miss You**

**લિ.**
**તમારી દિકા**
**સપના**



## વસાણી ધરતી મનજીભાઈ

જન્મતારીખઃ- ૧૯/૦૮/૧૯૯૩

પિતાની પુણ્યતિથીઃ- ૧૨/૦૮/૨૦૦૪



હું નાની હતી ત્યારથી મારા મામાને ત્યાં રહેતી હતી. મારા પપ્પા સુરત આવ્યા ત્યારે મને કીધું ચાલ બેટા સુરત આવવું છેને મેં કીધું કે એક જ વર્ષ અહીં ભણવાનું છે પછી આપણે સાથે જ રહેવાનું છે. પછી ૧૦ જ દીવસમાં મારા પપ્પાનું અવસાન થયું, ત્યારે હું ૧૧ વર્ષની હતી. મારાથી મોટી એક બહેન અને બે બહેન નાની હતી અને બે ભાઈ પણ નાના હતા અને નાનો ભાઈ તો ફક્ત ૨ વર્ષનો જ હતો.

મારા પપ્પાનું મૃત્યુ સુરત થયું હતું. એમને હાર્ટ એટેક આવેલો હતો. ત્યારબાદ તેને અમારા ગામ વિકળીયા લાવ્યા હતા. જ્યારે મારા પપ્પાનું મૃત્યુ થયું ત્યારે રવિવાર હતો. તે દિવસે બધા જ દવાખાના બંધ હતા ત્યારબાદ મારા પપ્પાના મૃત દેહને વિકળીયા મારા ગામ લાવ્યા હતા.

હું જયારે પપ્પા પાસે જતી ત્યારે મારા મોટા પપ્પાની દીકરીએ મને થોભી રાખી હતી. ત્યાર બાદ મારા મમ્મીએ મારા કાકીને કીધું કે ધરતીને લાવો ત્યારે મારા કાકી મને લઇ ગયા ને હું મારા પપ્પાનું મોઢું પણ ન જોઈ શકી પછી અમને સુરતથી દેશમાં બોલાવી લીધા. અમારે સુરત સારું જ હતું. અમને ગામડે બોલાવ્યા ત્યાર બાદ અમારી પરિસ્થિતિ નબળી પડી ગઈ. અને મારા મમ્મીને ખેતરનું કામ નહોતું આવડતું ત્યાર બાદ અમારી ત્રણ વીઘા જમીન વાવી દાડીએ જતા. મારાં મમ્મીએ ઘણું દુઃખ ભોગવીને અમને મોટા કર્યા ત્યાર બાદ અમે ત્રણ બહેનો હીરામાં બેસી ગયા. ત્યારબાદ અમારા હીરાનો પગાર આવવા લાગ્યો મારી મોટી બહેનની સગાઇ થઇ પછી અમે વિચારતા હતા કે મારી મોટી બહેનના લગ્ન અમે કઈ રીતે કરીશું. ત્યારબાદ થોડા સમય પછી મારા મમ્મીને જશુમામાં ભલાણીનો ફોન આવ્યો. પી.પી.સવાણી પપ્પા વિનાની દીકરીઓના લગ્ન કરાવી આપે છે. એટલા માટે મેં ભાણકીના લગ્નનું ફોર્મ લીધું છે. ત્યારબાદ અમે ફોર્મ ભર્યું અને જયારે મારી મોટી બહેન મહેશ પપ્પાની ઓફિસે ગઈ ત્યારે મહેશ પપ્પાએ મારા ભાઈને ભણાવવા માટે ૧૦૦૦૦ રૂપિયા આપ્યા હતા. થોડા દિવસો પછી મારી મોટી બહેનના લગ્નની

મહેંદી રસમમાં મેં મહેશ પપ્પાને જોયા અને હું જોતી જ રહી ગઈ કે પપ્પા બધી જ દીકરીઓને સરખો પ્રેમ આપે છે. તેને જોયા બાદ મને મારા પપ્પાની યાદ આવતી હું તેને ભેટીને રડવા માગતી હતી. ત્યારે હું બહુ જ ખુશ હતી કે મને મારા પપ્પાના રૂપમાં મહેશ પપ્પા મળ્યા. અત્યારે હું બહુ જ ખુશ છું.

## I Love you Papa

મહેશ પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. હું જયારે મહેશ પપ્પાને જોઈ જાઉ છું ત્યારે હું ખુબ જ ખુશ થઇ જાવ છું. મહેશ પપ્પા જેવું કાર્ય આ દુનિયામાં કોઈ કરી શકે નહિ. કદાચ ભગવાન પણ આવું સારું કાર્ય કરી શકે નહિ.

દિકા કહેવાવાળા પપ્પા મળ્યા અને પપ્પા અમને ખુબ જ પ્રેમ કરે છે. પ્રેમ કરે તે ભગવાન નો કહેવાય તે તો પપ્પા જ કહેવાય. કારણકે ભગવાનથી પણ ઊંચું સ્થાન પપ્પાનું જ હોય છે.

***"રંગ છે મહેંદીનો ઉમંગ છે ઉરનો,***
***સુર છે શરણાઈ નો બોલ છે ઢોલ નો***
***પણ પ્રેમ તો પપ્પાનો જ છે."***

I love you papa જય રામાપીર
તમારી વહાલી દિકા
**ધરતી**



## **રાણા તેજલ હસમુખભાઇ**

જન્મ તારીખઃ- ૨૯/૦૩/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૦૬/૦૩/૨૦૧૪



**જય રામાપીર**
**મહેશપપ્પા,**

તમે કહ્યું હતું કે દિકા ક્યારેય એવું નહીં કહેવાનું કે હું મારા પપ્પા વગરની છું. ત્યારે મને પપ્પા તમારા સ્વરૂપમાં મારા પપ્પા દેખાયા. મારે એક વાત વર્ણવવી છે જે માત્ર તમને જ કહી શકું છું કે પપ્પા માટે દીકરી વહાલનો દરિયો હોય છે. તે પુત્ર સમાન હોય છે. દીકરી પિતાના કાળજાનો કટકો હોય છે. મારા પિતાનું અવસાન ૦૬/૦૩/૨૦૧૪ના ગુરુવારે થયું હતું. મારા પિતાના અવસાન બાદ મારી સગાઈ નક્કી કરી અને મને સારું સાસરું મળ્યું અને એ પરિવારમાં જેની હું શોધ કરતી હતી તેવા પિતા સમાન સસરા મળ્યા જેને હું મારા પિતા જ માનું છું. અને તેમનામાં મારા પિતાની છાયા જોઉ છું. મારા ઘરમાં બધાને જ મારા લગ્નની ચિંતા રહેતી હતી. એટલામાં જ મને મહેશ પપ્પા મળ્યા એટ્લે કે અમને વાત મળી કે દીકરીના પિતા ન હોય તેમના લગ્ન કરી આપે છે. અને એ વ્યક્તિનું નામ હતું મહેશભાઈ સવાણી. જે પિતા વગરની દીકરીના લગ્ન કરી આપે છે. તેમજ તે દીકરીની બધી જ જવાબદારી લે છે. આ વાત સાંભળીને જ મારી આંખમાથી ખુશીના આંસુ સરકી પડ્યા અને મારી મમ્મીની બધી જ ચિંતા દૂર થઈ ગઈ.

આજે હું ઈશ્વરને આભાર માનું છું કે તેણે મારી લાઈફમાં મહેશ પપ્પા જેવા મહાન વ્યક્તિ મોકલ્યા. મહેશ પપ્પા વિશે તો શું કહું કે શું લખું, જેટલું લખું એટલું ઓછું જ છે. તમારો ખૂબ ખૂબ આભાર.

**"જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં,**
**દુખને દેખાડ્યું નહીં સુખને છલકાવ્યુ નહીં,**
**હસતો રાખી ચહેરો અચાનક વિદાય લીધી,**
**પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ,**
**એ ખોટ કદી નહીં ભુલાય."**

**“પ્રભુ મારા પપ્પાના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.”**

I Love You Papa

I Miss You Papa

લિ.

તમારી

વહાલી દિકા

**તેજલ રાણા**



## મિયાત્રા કાજલ મૂકેશભાઈ

જન્મ તારીખઃ- ૨૬/૦૩/૧૯૯૬
પિતાની પુણ્યતિથીઃ- ૦૪/૦૮/૨૦૧૫



**મારા વહાલા મહેશ પપ્પા,**
**જય રામાપીર,**
**આદરણીય મહેશ પપ્પાને મારા પ્રણામ,**

હું કાજલ મિયાત્રા,
પંચમહાલ જિલ્લાના એક નાનકડા ગામ જંત્રાલની રહેવાસી છું.

**“આજે લખવા બેઠી છું પિતાની લાગણી પણ લખી શકતી નથી,**
**કેમ કે પિતા-પુત્રીની લાગણીઓ આજે શબ્દોમાં અભિવ્યક્ત કરી શકાતી નથી.”**
**સાંભળું છું “પિતા” શબ્દ કોઈના મુખમાથી, તો આંખભીની થઈ જાય છે. પણ બીજી જ ક્ષણે મહેશ પપ્પાનો ચેહરો નજર સમક્ષ આવતા જીવનની બધી તકલીફો ભૂલી જવાય છે.**

આજથી ચાર વર્ષ પહેલાં હું મારા ૧૨માં ધોરણના અભ્યાસ પછી બી.એસ.સી. નર્સિંગ કરવા ભરૂચ આવી ગઈ. મને ભણાવવાનું અને મારા પગ પર ઊભી રહેવાનુ મારા પિતાનું એકમાત્ર સપનું હતું. પણ મને ક્યાં ખબર હતી કે મારા પપ્પા મારી સફળતા જોવા પણ આ દુનિયામાં નહીં રહે.

તારીખ ૦૪/૦૮/૨૦૧૫ના રોજ મારા પપ્પાનું અવસાન થયું. મારા પપ્પા છેલ્લા ૨ વર્ષથી લીવર સીરોસિસના રોગથી પીડાતા હતા. એ દિવસ મારા પપ્પાનો છેલ્લો દિવસ અને મારી જિંદગીની આશાઓ અને મારી હિંમતનો છેલ્લો દિવસ બની ગયો. મારો નાનો ભાઈ ૧૦માં ધોરણમાં હતો અને હું બી.એસ.સી. નર્સિંગના ત્રીજા વર્ષમાં. જાણે મારૂ ઘર એક જ દિવસમાં ભાંગી ગયું હતું. જવાબદારી બધી મારી મમ્મી પર આવી ગઈ હતી.



મારા પપ્પા મારી સગાઈના દિવસે મારા માથા પર હાથ મૂકીને કીધું હતું કે દીકરા કદાચ તારા લગ્નમાં કન્યાદાન ન કરી શકું તો મને માફ કરી દેજે. અને

ખરેખર એ જ થયું.

પપ્પાના અવસાન પછી એક જ ચિંતા રાત-દિવસ સતાવતી હતી કે મારા લગ્નની જવાબદારી મારી મમ્મી એકલી કઈ રીતે પૂરી કરશે?

પણ મને ક્યાં ખબર હતી કે મને મારા પપ્પા મારી જિંદગીમાં આ સ્વરૂપે પાછા મળશે.

મારા જીવનનો એ દિવસ હું ક્યારેય નહીં ભૂલી શકું કે જે દિવસે મેં તમારી સાથે પહેલી વાર ફોન પર વાત કરી. અને પપ્પાએ મને દિકા કહીને સંબોધી હતી. એ દિવસે મેં અનુભવી લીધું કે ભગવાને મારા પપ્પા મને  મહેશ પપ્પાના સ્વરૂપમાં પાછા આપી દીધા છે. એ વખતે હું મહેશ પપ્પાના નામ સિવાય કઈ જ જાણતી ન હતી. ત્યારબાદ મારૂ મોસાળ સુરત હોવાથી હું પપ્પાને મળવા પહેલીવાર પી.પી.સવાણી હોસ્પિટલ પર ગઈ અને મારી તથા મારી મમ્મીની અડધા ઉપરની સમસ્યાનો ઉકેલ પપ્પાએ ખાલી બે શબ્દમાં જ લાવી આપ્યો. કે **"આજથી કાજલ દિકા મારી દીકરી થઈ."** હું મહેશ પપ્પાને મળી એના આજે ૬ મહિના જેવું થઈ ગયું. પણ મને એક પણ વાર એવું નથી લાગ્યું કે મારા પપ્પા મારી પાસે નથી.

હું છેલ્લા ૪ વર્ષથી મારા અભ્યાસના કારણે ભરુચમાં એકલી જ રહું છું મે ઘણા જ મોટા માણસો વિશે સાંભળ્યુ હતું. પણ મહેશ પપ્પા જેવા સમાજ અગ્રણી માણસ મારી જિંદગીમાં મે ક્યારેય કોઈને નથી જોયા...

મહેશ પપ્પા માટે લખાયેલું " પ્રેરણામૂર્તિ" પુસ્તક જ્યારે મે પહેલીવાર વાંચ્યું ત્યારે હું થર થર કાંપી ઊઠી હતી. અને મને ખરેખરો અહેસાસ થયો હતો કે કોણ કહે છે કે આ કલિયુગ માં ભગવાન સાક્ષાત નથી? કોણ કહે છે આ યુગમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ નથી, મહેશ પપ્પા જેવા સમાજ અગ્રણી ભગવાનનું બિજુ સ્વરૂપ નથી તો શું છે?

આજે મારી તથા મારા જેવી ૧૦૦૦થી વધુ દીકરીઓની લગ્નની તથા લગ્ન પછીની બધી જવાબદારી મહેશ પપ્પાએ લીધી છે અને એ જવાબદારી એટલી સહજતાથી નિભાવે છે કે દુનિયાનું કોઈ પણ વ્યક્તિ કે કોઈ પણ બાપ એમની જીવન શૈલી જાણી લે કે ખાલી સાંભળી લે ને તો સમાજની કોઈ દીકરી દુખીના થાય.

**આ બે શબ્દ મહેશ પપ્પા માટે લખું તો,**

**"કદી પિતાના રૂપે તો કદી મિત્રના સ્વરૂપે,**
**તમારો હાથ અમારી ઉપર છે આશીર્વાદ સ્વરૂપે,**
**નાના છીએ અમે અને ઓછી છે સમજ,**
**તો પણ અમારા પ્રેમ પર કર્યા વિશ્વાસ તમે,**
**પ્રેમ અને લાગણીઓ નું સિંચન કર્યું તમે,**
**હદય જેનું છે વિશાળ એને ભેટ સ્વરૂપે શું આપીએ?"**



**બસ પ્રભુ ને એટલી જ પ્રાર્થના...,**

**"હર જન્મમાં પિતા તમે જ...,"**

**"મંજિલ  દૂર અને સફર ઘણી લાંબી છે,**

**નાનકડી આ જિંદગીમાં ફિકર ઘણી બધી છે,**

**આ દુનિયા તો ક્યારની મારી નાખત,**

**એક દીકરીની આશાઓ અને સપનાંઓને,**

**પણ મહેશ પપ્પા જેવા પિતાના પ્રેમની અસર ઘણી બધી છે."**

આજે આ પત્ર તો લખું જ છું મારી લાગણીઓનો પણ મારા મહેશ પપ્પાને વચન આપું છું કે મારા જીવનમાં મહેશ પપ્પાને પ્રેરણામુર્તિ બનાવી મારૂ જીવન આગળ વધારીશ અને મારા જેવી દીકરીઓને મારી આર્થિક શક્તિ મુજબ હું કદાચ એવી એક દીકરીને પણ મદદ રૂપ બનવાનો પ્રયત્ન કરીશ. મારા મહેશ પપ્પાને ભગવાન હમેશા ખુશ રાખે અને સફળતા આપે એ જ પ્રભુને પ્રાર્થના.

મહેશ પપ્પા જેવા સમાજ અગ્રણી અને મારા વ્હાલા પપ્પાને મારા કોટિ કોટિ પ્રણામ.....

**લિ.**

**તમારી દિકા, કાજલ મિયાત્રા**





## હિમા કમલેશભાઈ પાંધી

જન્મતારીખ:- ૦૬-૦૩-૧૯૯૩

## રિયા કમલેશભાઈ પાંધી

જન્મતારીખ:- ૧૪-૦૮-૧૯૯૪

પિતાની પુણ્યતિથી:- ૪/૧૧/૨૦૦૦

**ડીયર પપ્પા...,**

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે તમે બધા મજામાં હશો. અમે બંને પણ મજામાં છીએ. મારા ડેડી એક ગુજરાતી ફિલ્મોમાં ચરિત્ર અભિનેતા હતા. અમારી લાઈફ સારી ચાલતી હતી. જેવી રીતે કે એક પપ્પા હોય તેવી રીતે આજે ડેડીને એકસપાયર થયા તેને ૩ વરસ થવા આવ્યા છે. ૩ વર્ષમાં જે રીયલ લાઈફ હતી એ અમે જોઈ લીધી બહુ બધા અનુભવ થયા કે ડેડી વગરની લાઈફ શું છે. પણ મારા મમ્મીએ અમારી લાઈફ ને બહુ જ સારી રીતે સંભાળી છે. કે જે એક એકલી સ્ત્રી માટે કરવું બહુ જ અઘરું છે. માટે ડેડી એકસપાયર થયા એના ૧૨ દિવસ પછી હું ને હિમા નોકરી પર જવા લાગ્યા. ત્યારથી લાઈફનો સાચો સંઘર્ષ ચાલુ. મારા ડેડીના ધંધાના ભાગીદારોએ પણ કોઈપણ જાતની મદદ નહિ કરી જે લોકોએ પૈસા આપવાના હતા. તે લોકોએ પણ કઈ જવાબ નહિ આપ્યો ડેડીના ભાગીદારોએ લગ્ન માટે પણ કઈ સાથ નહિ આપ્યો. સગાઈ પણ મમ્મીના પિયરવાળાએ કરી આપી. એટલે મમ્મીએ વિચાર્યું આજે હું છું કાલે મારા છોકરાઓને કોનો સાથ બહુ મોડું થઈ ગયું તું તો પણ મમ્મી મહેશપપ્પાની ઓફીસે ગયા અને ફોર્મ પુરા થઈ ગયા હોવા છતાં મહેશપપ્પાએ ફોર્મ આપ્યા. ઘણા એવા લોકો જોયેલા હતા. ઉદ્યોગપતિઓ, સેલીબ્રિટીઓ, સામાજિક કાર્યકરો કે જે લોકો બીજાની મદદ કરી શકે એમ છે. પણ કરતા નથી મહેશપપ્પા પહેલા એક એવા વ્યક્તિ છે જે દરેક સમાજની દીકરીઓને પોતાની જિંદગીમાં એક દીકરી તરીકેનું સ્થાન આપે છે. અને એક પિતા તરીકેની ફરજ પણ બજાવે છે. હું મારી લાઈફને બહુ જ લકી માનું છું કે મારા ડેડી ગુમાવ્યા પછી મને એમના જેવા જ મારા મહેશ પપ્પા મળ્યા હું તો ભગવાન પાસે એટલી જ પ્રાર્થના કરીશ કે મારા ડેડીની આત્માને શાંતિ આપે અને મારા મહેશ પપ્પાી ઉતરોતર પ્રગતી થાય.

તમારી વહાલી ઢીંગલીઓ

**રિયા, હિમાના જય રામાપીર.**



# ગોટી રીંકલ ગોવિંદભાઈ

જન્મ તારીખઃ-૦૧/૧૧/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૦૫/૧૦/૨૦૦૫



મહેશ પપ્પા વિષે હું જેટલું કહીશ એટલું ઓછું છે. મહેશ પપ્પા એટલે દીકરીના દુ:ખને સુખમાં ફેરવી નાખે છે. આજે હું તમને મારા ભૂતકાળની વાત કહીશ..

**“પિતા વિનાની છત્રછાયા”**

મારા પિતાજીનું અવસાન અચાનક જ હૃદયરોગનો હુમલો આવી જવાથી થયું હતું. આ દિવસે અમને ખૂબ જ દુ:ખ લાગ્યું હતું. તા-૫/૧૦/૨૦૦૫ના દિવસે અમારા પરિવાર પર આભ તૂટી પડ્યું હોય એવો આકરો લાગ્યો.

મારા પરિવારમાં અમે ચાર ભાઈ બહેન અને મમ્મી એમ પાંચ વ્યક્તિ છીએ. અમારા ચારેય ભાઈ-બહેનની જવાબદારી બધી જ મમ્મી પર આવી ગઈ. અમે ચારેય ભાઈ બહેન સાવ નાના હતા. મોટો ભાઈ ધોરણ ૧૦માં ભણતો હતો. પછી મમ્મીને ઘર ચલાવવા માટે ભાઈ ને હીરા ઘસવા બેસાડી દીધો. અને મમ્મી ખેતી કામ કરતાં હતા. પપ્પાનું અવસાન થયું ત્યારે હુ ૧૨ વર્ષની હતી. અમને મોટા કરવામાં પપ્પાના ગયા પછી મમ્મીને ખૂબ દુખ સહન કરવું પડ્યું. પછીથી હું પણ સિલાય કામ કરું છું. પણ મમ્મી અને ભાઈ બંને એ મને કે નાના ભાઈ બહેનને ક્યારેય પપ્પાની કમી મહેસૂસ નથી થવા દીધી. હું પપ્પા શબ્દ બોલવાનું સાવ ભૂલી ગઈ હતી. પરંતુ મહેશ પપ્પા આવ્યા મારી લાઈફમાં અને મને પપ્પા શબ્દની ભેટ મળી.

**“પિતાવાળી છત્રછાયા”**

મહેશ પપ્પા આજે મારે તમને એક વાત કહેવી છે. મને હંમેશાં એક વાત સતાવતી કે મારી બધી જ friend પાસે papa છે. મારી પાસે કેમ નહી? હું ભગવાનને હમેશા પ્રાર્થના કરતી કે હે ભગવાન મને તમે અત્યારે આ જન્મમાં મને પપ્પાનો સાથ અધૂરો નો આપતા.મારે પણ પપ્પાનો પ્રેમ જોઈતો છે. ભગવાને મારી આ વાત આ જ જન્મમાં સાંભળી અને મહેશ પપ્પા મારી જિંદગીમાં આવ્યા.



હું પહેલી વાર જ્યારે પપ્પાને તેમની ઓફિસમાં મિટિંગ માટે મળવા ગઈ ત્યારે મને મહેશ પપ્પાએ એવું કીધું કે હું આજથી તારા પપ્પા છું મારે

પપ્પા નથી એવું કોઈને કહેવાનું નથી ઓકે. ત્યારે મને મારા પપ્પા મારી લાઈફમાં પાછા આવી ગયા હોય એવું લાગ્યું. પપ્પા એ મને કહ્યું કે "Papa Is Back Dika." જ્યારે પપ્પાએ મને દિકા કીધું ત્યાં જ હું ખુશ ખુશ થઈ ગઈ. જેમ કે પિતાને પોતાની દીકરી હમેશા નાની જ લાગતી હોય છે. ભલે એ પછી 30 કે 50 વર્ષની હોય. તેમજ પપ્પાને હું પહેલી વાર મળી ત્યારે પપ્પા એ મને કહ્યું કે તું તો સાવ નાની છો હજુ દિકા. ત્યારે મને મારા પપ્પાની યાદ આવી ગઈ..

પપ્પાએ મારા લગ્નની ખરીદી પણ બહુ જ સરસ રીતે કરાવી. આજ સુધી મને કોઈ એ એક જોડી પણ કપડાં લઈ દીધાં ન હતા. પણ પપ્પાએ મને એક સાથે 12 જોડી કપડાં લઈ દીધાં. લગ્નમાં કન્યાદાન માટે ડોકિયું. આ બધુ જોઈને હું ખૂબ જ ખુશ થઈ ગઈ. હું એવું ઈચ્છું છું કે તમે જ દર જન્મમાં મારા પપ્પા બનો અને ભગવાન તમને હંમેશાં તંદુરસ્ત અને ખૂબ ખુશ રાખે. મહેશ પપ્પા હું તમારો ખૂબ જ આભાર માનું છું.

મહેશ પપ્પા તમે મને જેટલું આપ્યું છે એટલું એક પિતા જ પોતાની દીકરીને આપી શકે. તમે તો મને પપ્પાનો પ્રેમ આપ્યો. હું પપ્પા શબ્દ પાછો મળવાથી ખૂબ જ ખુશ છું. તમે મને પપ્પા શબ્દ આપીને દુનિયાની સૌથી અમૂલ્ય ભેટ આપી છે. જે લાખો રૂપિયા આપતા પણ ન મળે. પપ્પા તમે મારા માટે ભગવાન છો. હું તમને ખૂબ જ ખુશ જોવા માંગું છું.

છેલ્લે બસ એટલું જ કહીશ કે,"બંગડી અને ઝાંઝરનો રણકાર એના ઘરમાં જ ગુંજે જેના નસીબમાં દીકરી હોય." અને પપ્પા તમે ભાગ્યશાળી છો કે આટલી બધી દીકરીઓનો બંગડી અને ઝાંઝરનો રણકાર તમને ભાગ્ય થયો. દરેક દીકરીને તમારા જેવા પપ્પા મળે.....

**Thank you Papa**
**I love you papa**

**લિ. તમારી દિકા**
**રીંકલ**



# ભીમાણી નિરાલી હરજીભાઇ

જન્મ તારીખઃ- ૧૭/૦૫/૧૯૯૫

પિતાની પુણ્યતિથીઃ ૯/૧૦/૨૦૧૫



**" હું જેટલી વાર થેંક્યું કહું એટલું ઓછુ છે,**
**તમે અમને બધી જ ખુશીઓ આપી છે પપ્પા "**

સૌ પ્રથમ તો જય રામાપીર કહેવા માંગુ છું પપ્પા, તમે અમારા જીવનમાં ભગવાન સ્વરૂપે આવ્યા, હું ભગવાનને હમેશા પ્રાથના કરતી કે, મને મારા પપ્પા પાછા મળી જાય. પપ્પા વગરની જિંદગી જીવવી ખૂબ જ અઘરી છે.

કોઈ પણ વ્યાખ્યાનકાર માતા વિશે બોલ્યા કરે છે. લેખકો, કવિઓએ પણ માતાના ખૂબ વખાણ કર્યા છે.

ક્યાંય પિતા વિશે બોલતા નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે. પણ તે ઉગ્ર વિસાની અને મારજુક કરનારા જ હોય છે. આવા પિતા તો સમાજમાં બે ટકા હશે પણ સારા પિતાઓ વિશે શું લખાયું છે???

આજે હું મારા પપ્પા વિશે લખવા માંગુ છું. મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. તે હંમેશાં કહેતા કે સામેવાળી વ્યક્તિ ગમે તેવું વર્તન કરે આપણે તેની સાથે સારું જ વર્તન કરવું જોઈએ. મારા પપ્પાનું અવસાન હાર્ટ એટેકે આવવાથી થયું અને પપ્પાના અવસાન બાદ મને ખૂબ જ ટેન્શન હતી. પપ્પાની યાદ આવતી ત્યારે મોટા ભાઈએ પપ્પા તરીકે મારી અને પૂરા ઘરની જવાબદારી રાખી.

થોડા સમય બાદ મારી સગાઈ થઈ. મારી મોટી બહેનની સગાઈ પપ્પાની હાજરીમાં થઈ હતી. મારી સગાઈના સમયે પપ્પાની બહુ જ યાદ આવતી હતી. મેરેજની વાતો થતાં. મહેશ પપ્પા સાથે સંપર્ક થયો. અને લગ્નનો બોજ પપ્પાએ તેના માથા પર લઈ લીધો ત્યારે મને ખૂબ જ શાંતિ થઈ મારુ ટેન્શન દૂર થયું.

જ્યારે પ્રથમ મિટિંગમાં અમે મિતુલ સ્કવેર ગયા ત્યારે મહેશ પપ્પાએ ખૂબ જ સારી રીતે વાત કરી મને ખૂબ જ આનંદ થયો ત્યાં બધાને મળીને. ત્યારબાદ શોપિંગ ટાઈમે બધી જ દીદી સાથે પણ ખૂબ આનંદ આવ્યો. સવાણી પરિવારની દીકરી



થવાનો મને મોકો મળ્યો અને પપ્પા કહેવાનો મોકો મળ્યો. તે બદલ હું ભગવાનનો અને ભગવાન સ્વરૂપી મહેશ પપ્પાનો આભાર વ્યક્ત કરું છું.

મહેશ પપ્પાનો આવો સારો સ્વભાવ જોઈને મને મહેશ પપ્પામાં મારા પપ્પા દેખાય છે.

Thank you Papa  હું મારા વ્હાલા પપ્પા વિશે લખું એટલું ઓછું છે. હજુ ઘણું લખવા ઈચ્છું છું. લખવા બેસું તો આખી બૂક ભરાઈ જાય. બસ આટલું લખીને હું મારી કલમ ને વિરામ આપું છું.

**લખવામાં કઈ ભૂલ થઈ હોય તો દિલથી માફી માંગુ છું.**

**લિ.**
**તમારી વહાલી દીકરી**
**નિરાલી**



## વેકરીયા રાધિકા મનસુખભાઇ

જન્મતારીખઃ- ૦૮/૦૭/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૨૫/૦૮/૨૦૧૩



**વ્હાલા પપ્પા,**
**જય રામાપીર,**

**પપ્પા તમારા વિશે લખવા બેસું તો શબ્દ પણ ઓછા પડે.**

મારા પરિવારમાં મમ્મી, ભાઈ, ભાભી અને ચાર બહેનો છીએ. મારી મોટી બહેનના લગ્ન થયા બાદ પપ્પા ૭-૮ વર્ષ બીમાર રહ્યા. બાદ તેમનું ૨૫/૦૮/૨૦૧૩ના રોજ સાંજે ૮ વાગ્યે તેમનું મૃત્યુ થયું. આમ અચાનક અમારી પર આભ તૂટી પડ્યું. ત્યારે અમને ખૂબ જ આઘાત લાગ્યો હતો. ત્યારે હું ખૂબ જ રડી હતી. જ્યારે મને પપ્પાની યાદ આવતી ત્યારે હું એકલી રડી લેતી. તેવી રીતે સમય પસાર થતો રહ્યો. ઘરની બધી જ જવાબદારી મારા મમ્મી ઉપર આવી ગઈ. અમે બહેનો સિલાઈકામ કરીને મમ્મી અને ભાઈને મદદ રૂપ થતાં. ત્યારબાદ ભાઈ અને બહેનના લગ્ન નક્કી થયા. ત્યારે મારા મમ્મીને ચિંતા થતી કે પપ્પા વગર આ બધું કેવી રીતે થશે. તેમ છતાં મારા મમ્મીએ જેમતેમ કરીને ભાઈ અને બહેનના પપ્પાના અવસાનના ૬ મહિના પછી લગ્ન કર્યા. ત્યારપછી મારી મોટી બહેનની સગાઈ થઈ. આમ એક પછી એક પ્રસંગ આવતા ગયા. ત્યારે પપ્પાની બહુ જ યાદ આવતી. ત્યાર પછી મારી સગાઈ થઈ. મારા ઘરમાં બધાને લગ્નની ચિંતા રહેતી હતી.

અચાનક એક દિવસ અમને પિતાની છત્રછાયા પછી મળી એટલે કે મારા કાકાએ આવીને અમને વાત કરી કે જે દીકરીના પપ્પા ન હોય તેવી દીકરીઓને મહેશભાઇ સવાણી દત્તક લઈને લગ્ન કરાવી આપે છે. તેમજ તેની બધી જ જવાબદારી તેઓ પૂરી કરે છે.

ત્યારબાદ એક દિવસ કાજલ દીદીનો ફોન આવ્યો. અમે ઓફિસે મળવા ગયા અને ત્યારે કાજલદીદી, વિશ્વાદીદી અને ભક્તિદીદીએ અમને મહેશ પપ્પા વિશે બધું સમજાવ્યું અને મહેશ પપ્પા પાસે મોકલ્યા. અને મહેશ પપ્પાને મળી મને ખૂબ જ આનંદ થયો. પપ્પાએ અમારી સાથે સારી રીતે વાત કરી. તેઓ બધી જ દીકરીઓને દિકા કહે છે. તે મને ખૂબ જ ગમ્યું. પપ્પાએ મારા જેવી ઘણી દીકરીઓના



લગ્ન કરાવ્યા છે. મહેશ પપ્પા અમારી જિંદગીમાં આવ્યા પછી એ બહુ જ ખુશખુશાલ થઈ ગયા. પપ્પાએ અમારા લગ્નની તારીખ આપી પછી ખરીદી ચાલુ થઈ. અમે અમારી પસંદગીની બધી જ વસ્તુઓ લીધી. સાડી, ડ્રેસ, હેન્ડલૂમ તેમજ બાકીની વસ્તુઓ અમારી સાથે શ્રધ્ધાદીદી, હિનાદીદી, મિતલદીદી, અંકિતાદીદી, સોનલદીદી, મિતાલીદીદી તેવી રીતે બધી દીદીઓ આવતા હતા. તે બધી દીદીઓને મારા તરફથી દિલથી થેંક્યું....

પપ્પાને તો અમે જેટલી વાર થેન્કયુ કહીયે તેટલી વાર ઓછું છે. મહેશ પપ્પાએ અમને બધી જ ખુશી આપી છે. અમારો ખૂબ જ ખ્યાલ રાખે છે. પપ્પા ગમે તેટલા વ્યસ્ત હોવા છતાં તે અમારા ફોન અને મેસેજનો જવાબ આપે છે. સારી રીતે દિલથી એક પપ્પાની ફરજ બજાવે છે. પપ્પા તમે બધી જ મુશ્કેલીઓ માથી નીકળતા શીખવ્યું. હાર ન માનતા જિંદગીમાં આગળ વધતાં શીખવ્યું.

**લિ. આપની વહાલી દીકરી**

**રાધિકા**



## માંગુકિયા દયા શંભુભાઈ

જન્મ તારીખ:-૦૫/૦૩/૧૯૯૪

પિતાની પુણ્યતિથી:- ૧૭/૦૧/૨૦૧૦



**Dear Papa,**

**સપ્રેમ યાદ,**

મહેશ પપ્પા આજે મારે તમને મન મૂકીને મારા પપ્પાના વિરહની વેદના દિલ ખોલીને કહેવી છે. મારા પપ્પાનું મૃત્યુ થયું ત્યારે હું ૧૬ વર્ષની હતી. પપ્પાની કિડની ફેઈલ થઈ ગઈ હતી. ૩ મહિના અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. તેના દવાખાનાનો ખર્ચ ૫ લાખ ઉપર થઈ ગયો હતો. આટલી મોટી રકમ ભેગી કરવી એ મમ્મી માટે પડકાર રૂપ હતું તેમના બધા જ ઘરેણાં વેચી દીધા હતા. ઘરમાં ખાવાપીવાનાં પણ ફાંફાં પાડવા લાગ્યા હતા. ૨ લાખનું તો લોહી ચડાવવું પડ્યું હતું. મમ્મી દાડિયું કરીને ઘરનું પૂરું પાડતી હતી. ૩ વર્ષનું તો દવાખાનાનું થયું.

પપ્પાનું અવસાન થતાં મારે પણ શાળા છોડવી પડી હતી. ભણવાનું ઘણું મન હતું પણ ઘરની પરિસ્થિતિ એટલી ખરાબ હતી કે ભણતર છોડીને મારે હીરા ઘસવા પડ્યા. મારી એક બહેનના લગ્ન થયેલા હતા. પણ મારે ૨ બહેનો અને ૧ ભાઈના લગ્નનો ભાર મમ્મીના માથે આવ્યો. પપ્પાના અવસાનના આઘાતમાં મમ્મી પણ રાત-દિવસ રડ્યા કરતી હતી, પૂરું જમવાનું પણ ન જમતી. તેને જોઈને અમે ૨ બહેનો પણ ખૂબ જ જીવ બાળ્યા કરતાં અને છાની છાની રડી લેતા. સમય જતાં અમે સુરત આવ્યા અને ભાડાના મકાનમાં રહેવા લાગ્યા ત્યાં જ્યારે મારી સગાઈ થઈ ત્યારે હું ખૂબ જ ખુશ હતી પણ બીજી બાજુ ઘણું દુખ હતું. પપ્પા વગર મારા લગ્નનો ભાર કોણ ઉપાડશે? ઘરમાં ભાઈ એક જ કમાનાર છે તેના પગારમાથી માંડ માંડ ઘરનું પૂરું પડે છે. સગાઈની મને ખુશી મળી પણ એક ટેન્શન હતું કે હવે મારા લગ્ન થસે ત્યારે લગ્નમાં જમણવાર, કન્યાદાન અને કર્યાવર કેવી રીતે થશે? કોણ અમને મદદ કરશે? પણ તમે મારા જીવનમાં સાક્ષાત ભગવાન બનીને આવ્યા. તમને જોઈને એવું લાગે છે કે હું પપ્પા વગરની નથી. મારે પણ મહેશ પપ્પા છે અને મારા પપ્પા એ જ મારા ખરા ભગવાન છે.

જ્યારે ઓફિસમાં પહેલીવાર હું તમને મળી ત્યારે તમે મને “દિકા” કહીને બોલાવી ‘દિકા’ શબ્દ સાંભળીને હું આભી જ બની ગઈ કારણ કે મારા પપ્પાના અવસાન પછી કોઈ પણ પુરુષે મને દિકા કહીને બોલાવી જ નથી.



ઓફિસમાં તમે મને બોલવાનું કીધું પણ દિકા શબ્દ સાંભળીને મારું હદય ભરાઈ આવ્યું. કઈ રુંધાઈ ગયો એટલે હું કંઈ પણ બોલી જ ન શકી.

પપ્પા, તમારી જેમ જ દરેક પિતાનું સ્વપ્ન હોય છે કે તેમની દીકરીના ખૂબ જ ધામધૂમ થી લગ્ન કરું પણ, મારા પપ્પા આ સ્વપ્ન પૂરું કરે એ પહેલાં જ એ અમારી વચ્ચેથી કઈક દૂર ચાલ્યા ગયા. ત્યારે તમે મારા પપ્પા બનીને એ સ્વપ્ન પૂરું કર્યું છે. તમે એક વાર મને મેસેજ માં કીધેલું કે “દિકા તારા પપ્પાએ જ મને તારી પાસે મોકલ્યો છે, તારું ધ્યાન રાખવા માટે.” અને બીજા એક મેસેજમાં તમે મને મારૂ ટેન્શન તમને કહેવાનું કીધેલું, ખરીદીમાં કઈ પ્રોબ્લેમ તો નથી ને ..... બધી મનગમતી વસ્તુ જ લેજે...હું તારા ઘરે આવીશ અને દિકા તું પણ ઘરે આવજે...આવા તમારા શબ્દો વાંચીને મને લાગતું હતું કે ખરેખર મહેશ પપ્પા સાથે મારો ભવોભવના સંબંધ હશે.


અમારા ઘરની પરિસ્થિતિ એટલી ખરાબ છે કે કદાચ મારા પપ્પા જીવતા હોત તો એ પણ મહેશ પપ્પા તમારા જેવુ કાર્ય એ પણ ન કરી શક્યા હોત. મારા લગ્નની બધી જ જવાબદારી તમે લઈ લીધી છે. એ વાત સાંભળીને મારા મમ્મી અને ભાઇનું બધુ જ ટેન્શન દૂર થઈ ગયું. તમે મને મનગમતી બધી જ વસ્તુઓ અપાવી છે.

કહેવાય છે કે આ દુનિયામાં ભગવાન છે. પણ મે ભગવાનને ક્યારેય નથી જોયા. પણ કદાચ હશે તો એ તમારા જેવા જ હશે. એક સાચા પિતા આપે એટલા લાડ-કોડ મને તમારી પાસેથી મળ્યા છે. જો તમે મને ન મળ્યા હોત તો આટલી ધામધૂમથી મારા લગ્ન થવાના પણ ન હોત. આ દુનિયામાં ઘણા પૈસાવાળા છે. પણ મહેશ પપ્પા તમારી જેમ તેનો ઉપયોગ કરવા વાળા ભાગ્યે જ કોઈ હશે. કોઈ મહાન પુરુષ જ પોતાની મહેનતના પૈસા આવા સારા કામમાં વાપરે છે. માટે મારા મહેશ પપ્પા તમે પણ એક “મહાનપુરુષ” જ છો. તમારું હદય સાગર જેટલું વિશાળ છે. અમે કદાચ બીજી વ્યક્તિ પરણાવી દેત પણ મારા મહેશપપ્પા જેવા લાડકોડ, આટલા પ્રેમ અને આવી લાગણીથી અને ધામધૂમથી એ પણ ન કરી શક્યા હોય. ઘણા સગા પિતા પોતાની દીકરીને નામથી બોલાવે છે એ પણ દિકા કે બેટા કહીને નથી બોલાવતા. પણ તમે તો બધી જ દીદીને દિકા કે બેટા કહીને જ બોલાવો છો.

કદાચ હવે મને કોઈ પૂછશે કે તારે પપ્પા છે તો હું ગર્વથી ‘હા’ કહીશ. અને કહીશ કે કોઈ ને પણ ન હોય એવા મારા મહેશ પપ્પા છે. જે દુનિયાના દરેક પપ્પા કરતાં કંઈક અલગ જ છે. અંતે હું એટલું જ કહીશ કે,

**“ ચંદા ને પૂછા તારો સે, તારો ને પૂછાહજારો સે, સબસે પ્યારા કોન હૈ?**
**પાપા મેરે મહેશપપ્પા ....... પાપા મેરે મહેશપપ્પા .......”**

**લિ. આપની લાડલી**
**દયાના જય રામાપીર**



## હિરપરા હેતલ નીતિનકુમાર

જન્મ તારીખઃ- ૧૫/૦૩/૧૯૮૯
પિતાની પુણ્યતિથીઃ- ૨૦/૦૩/૧૯૯૦



**Dear Papa,**
**આજે જે વાત કહેવા જઈ રહી છું**
**તે માત્ર લેખ નહીં પરંતુ મારી જિંદગી છે.**

પપ્પા તમારા માટે હું શું લખું એ સમજાતું નથી મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરૂઆત કરું?

મારા પિતાનું અવસાન ૧૯૯૦માં થયું છે ત્યારે હું પાંચ દિવસની હતી. અમે ૬ બહેનો છીએ એમાં હું જ નાની હતી. ભાઈની ઝંખના તો ઘણી જ હતી પણ અમારા નસીબમાં ભાઈ તો નય જ હોય ને. હું કેવી રીતે મોટી થઇ તે સમજવા માંડી ત્યારે મારા મમ્મી વાત કરતાં હોય ત્યારે ખબર પડી છે

મમ્મી તું આવા દિવસો કેમ વિતાવતી. ત્યારે અમારી પરિસ્થિતિ સાવ નબળી હતી. પપ્પાનું અવસાન થયા પછી ઘરમાં મમ્મી અને અમે ૬ બહેનો સિવાય ઘરમાં કોઈ કમાનાર ન હતું. મારી મોટી બહેનો કામ કરતી અને બધા ઘરમાં રહેતા એવી રીતે અમારું ગુજરાન ચલાવતા. જેમ જેમ મોટી બહેનો સાસરે જતી રહી ત્યાર બાદ મારા કાકાનો છોકરો નાનો હતો ત્યારથી જ મારા મમ્મી એ દત્તક લીધો છે. અત્યારે એમના લગ્ન કર્યા અને અમારી જોડે જ રહે છે અને મારા મમ્મીને ઘણી સારી રીતે સાચવે છે અને અમને પણ મારા પપ્પા યાદ ન આવે એવી રીતે સાચવે છે. મારી સગાઈ થયા બાદ અમે સાંભળ્યું કે મહેશભાઇ આવી રીતે દીકરીઓને પોતાના પપ્પાથી વંચિત ના રહી જાય એવું કરે છે. પપ્પા યાદ ન આવે તેવું અમારું ધ્યાન રાખે છે ખરેખર પપ્પા તમે મળ્યા પછી અમારા જીવન ની અંદર એક અનોખો આનંદ આવી રહ્યો છે. સમાજની અંદર ઘણા લોકો એવા છે કે દીકરીઓને દાન કરે અને પરણાવી દે છે. પરંતુ પપ્પા તમારી જેવુ તો જગતમાં કોઈ ન કરી શકે કારણ દાન તો ઘણા કરી જાય છે પણ દીકરી ને માન-સન્માન આપવું એ એક અહોભાગ્યની વાત છે. આટલું ધ્યાન તો પપ્પા કોઈ ના રાખી શકે. અત્યારે અમને એવું લાગે છે કે મહેશ પપ્પા આવ્યા પછી મને ખૂબ જ પ્રેમ અને ખુશી મળ્યા છે. ગીતાનો સંદેશ છે કે મનુષ્યનો અધિકાર કર્મ પર છે, તેના ફળ પર નહીં. આ પંક્તિ પર હું મારા પપ્પા વિશે એટલું જ કહેવા માગું છું કે મારા કર્મ સારા હશે કે મને મહેશ પપ્પા મળ્યા જેના આવવાથી મારી લાઈફ બહુ જ અલગ બની ગઈ છે હું એટલે જ પપ્પા તમને બહુ જ પ્રેમ કરું છું અને હંમેશા કરતી રહીશ. પપ્પા,



બસ હવે આનાથી આગળ તમારી દિકા વધુ લખી નહીં શકે કેમ કે મારા મહેશ પપ્પા વિશે હું ગમે એટલું લખું એ ઓછું જ દેખાય છે. બસ લાસ્ટમાં એટલું જ કહું છું કે પપ્પાની આંખોમાં ગુસ્સા જેટલો પ્રેમ પણ જોયો છે માટે

**માય ડિયર પાપા યૂ ઓલ્વેઝ વિથ મી...**

**આઈ લવ યૂ સો સો સો મચ એન્ડ મિસ યૂ લોટસ ઓફ....**

બસ, પપ્પા, હવે તમારા વિશે શબ્દોમાં વર્ણવવું મુશ્કેલ છે જેટલું લખીશ એટલું મારા માટે ઓછું જ છે. તમને ભગવાન ખૂબ જ ખુશી આપે એવી હું પ્રભુને પ્રાર્થના કરીશ અને ઓલ્વેઝ તમારી લાઈફ હેપી હેપી જાય તેવી શુભેચ્છા.

**- ગોરસિયા હેતલ**



## દોંગા સંગીતા મનુભાઈ

જન્મતારીખઃ- ૨૧/૧૦/૧૯૮૭
પિતાની પુણ્યતિથીઃ- ૨૫/૪/૨૦૦૭



My papa is best in the world
I love you papa
**જય સ્વામીનારાયણ**
**પપ્પા ક્યાથી શરૂઆત કરું એ કઈ સમજાતું નથી.**

પપ્પા શબ્દ જ એટલો મહત્વપૂર્ણ અને વહાલસોયું નામ છે. દરેક દીકરીની લાઈફમાં પપ્પાનું સ્થાન સૌથી ઉપર જ હોય છે અને તે તેમના માટે ગૌરવની લાગણી અનુભવે છે. દીકરી ગમે તેટલી મોટી થઈ જાય પરંતુ પિતા માટે દીકરી હંમેશાં નાની જ રહે છે.

મારા પપ્પાનું અવસાન ૨૫/૦૪/૨૦૧૦ના રોજ થયું હતું. અમારા ઘરમાં દુઃખના વાદળો તૂટી પડ્યા હતા. મારા પપ્પાના અવસાન પછી અમારી જિંદગી સાવ સુની થઈ ગઈ હતી. પપ્પાની દરેક પળે પળે યાદ આવતી હતી અને ઘણી વાર પપ્પાની આવતી અને આંખ માં આંસુ આવી જતાં. ભગવાને અમારા પરિવાર માથે આવું શું કામ કર્યું? અમને અમારા પપ્પાથી દૂર શું કામ કર્યા?

હું મારા જીવનની વાત તમને ટૂંકમાં કહેવા માંગું છું બગોયાની વતની, હાલમાં હું સુરતમાં મારા મમ્મી, મારો નાનો ભાઈ તથા બે નાની બહેનો સાથે રહું છું. અને મારી મોટી બે બહેનના લગ્ન થઈ ગયા છે. અને મારા પપ્પા મને બહુ યાદ આવતા. હું જ્યારે ચા બનાવતી ત્યારે મને મારા પપ્પા બહુ યાદ આવતા. મારા પપ્પાને હું સાથે જ ચા પીતા હતા. હું ૧૫ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું હતું પછી અમે મારા મામાને ત્યાં મોટા થયા. મારા મામા મામી અમને બહુ સાચવતા હતા અને તેમની સાથે જ રાખતા હતા. પછી અમે સુરત રહેવા માટે આવ્યા. સુરત મારા મામાના જમાઈ સાથે વાત કરી અને તેમણે મારા ભાઈને તેમની સાથે ધંધામાં પગાર ઉપર રહેવાનું કીધું. એમનો પગાર ૧૦૦૦૦ હતો. હું અને મારી નાની બહેન ઘરે મશીન ચલાવતા હતા. અને મારા બા અને નાની બહેન સાડીમાં સ્ટોન લગાવતા. આવી રીતે અમે ઘરનું ગુજરાન ચલાવતા હતા.



પછી મારો સંબંધ થયો મારા સસરા પક્ષ તરફથી તેમની બાજુમાં એક

મનીષા દીદી રહેતા હતા તેમણે મારા સસરાને કીધું કે મહેશભાઇ સવાણી આ રીતના લગ્ન કરે છે. પછી મારા સસરાએ મારા મમ્મીને વાત કરી. પછી મારા મમ્મી એ હા પાડી.

અમે મનીષા દીદીને મળ્યા ત્યારથી અમને એમ થયું કે ભગવાને મારા પપ્પાને મહેશ પપ્પાના સ્વરૂપમાં મને પાછા મળાવ્યા. ત્યાર પછી મારા જીવનમાં એક નવી દિશા મળી અમે મિટિંગમાં ગયા ત્યારે એમ લાગ્યું કે મહેશ પપ્પાને એમની બાજુમાં જઈને કેવી રીતે બોલાવું. બધી દીદી તેને પપ્પા કહીને બોલાવતી હતી.

મને લાગ્યું કે ચાલને મને પણ પપ્પા જ કહેવા દે ત્યારે મેં કહ્યું પપ્પા મારે તમારી સાથે ફોટો પડાવવો છે ત્યારે એમણે કહ્યું દિકા આવી જા. મારા અંદરથી એવું લાગ્યું કે ખરેખર આ મારા પપ્પા છે.

બસ આટલું જ કહીશ પપ્પા તમારા માટેની લાગણીઓ પ્રગટ કરવા માટે તો પેજ પણ ટૂંકા પડે. અને હા ભગવાનને એટલી જ પ્રાર્થના કરીશ કે પપ્પા તમને લાંબુ આયુષ્ય આપે અને અમારા જેવી દીકરીના પીતા બનીને તેમને પિતાનો પ્રેમ આપો.

પત્ર લખવામાં મારી પાસેના શબ્દોની કઈ ભૂલ થઈ હોય તો તમારી દિકા સમજીને માફ કરી દેજો.... I love you My papa

**તમારી વહાલી દીકરી**
**સંગીતા**



## દોંગા દયા મનુભાઈ

જન્મતારીખઃ- ૦૪/૦૭/૧૯૯૧
પિતાની પુણ્યતિથીઃ- ૨૫/૦૪/૨૦૦૭



**જય રામાપીર**
**Dear papa**

મારા પ્રિય આદરણીય પપ્પા,

સૌ પ્રથમ તો હું તમને જય રામાપીર કહેવા માંગુ છું અને આ પત્રની શરૂઆત કરું છું. આ વાત કરતાં મને ખૂબ જ આનંદ અને ઉત્સાહ થાય છે. મારા પ્રિય મહેશ પપ્પા મળ્યા પછી જાણે કે અમારી જિંદગીમાં નવો સૂર્યોદય થયો દરેક ખુશી દરેક તહેવાર દરેક પ્રોગ્રામમાં સામિલ કરીને અને મેસેજ કરીને એક બાપુજીની ફરજ અદા કરીને અમને રાજી કરો છો.

મારા બાપુજીને બ્લડનું કેન્સર હતું. તેમનું અવસાન ૨૫/૪/૨૦૦૭ના બુધવારના રોજ થયું. ત્યારે મારી ઉમર ૧૮ વર્ષની હતી. મારી મોટી દીદીના લગ્ન થઈ ગયા હતા. અને બીજી દીદીની સગાઈ થઈ ગઈ હતી. અમે ત્રણ બહેન એક ભાઈ અને બા હતા. બાપુજી ગુજરી ગયા પછી પૈસાનો ખૂબ જ પ્રોબ્લેમ હતો. કેમકે આ મોંઘવારીમાં ઘર ચલાવવા માટે બહુ જ મુશ્કેલી થતી હતી. અને ભાઈ નાનો હતો. અમને એવુ લાગતું હતું કે ભગવાને અમને આવું જીવન જીવવા માટે જ પૃથ્વી પર મોકલ્યા છે.

એક એવી જગ્યાએ જિંદગી જજુમવા સિવાય બીજો કોઈ માર્ગ નથી. ન સહી શકાય કે ન કહી શકાય એવી મુશ્કેલી આવી પડતી પણ મારા બા બહુ જ ધાર્મિક સ્વભાવના છે મોટું મન રાખીને સમજાવતા કે સુખ-દુખ, તડકા અને છાયા જેવુ છે. એનાથી હારી ન જવાય. મારા બા ની એ વાત એકદમ સાચી પડી. સપનામાં ન વિચાર્યું હોય એવું સુખ અને શાંતિ કદાચ બધુ મળશે પણ બેટા કહીને બોલાવનાર મારા બાપુજી ક્યાથી મળે. પણ મારા સદનસીબે કોઈ પૂછે કે બોલ દિકા, કેમ છે? જય રામાપીર ત્યાં એવું લાગે છે કે હું સપનામાં પણ એ હકીકત છે.

મને લાગે છે કે આનાથી આગળ હું મારી લાગણી શબ્દોમાં વ્યક્ત નહીં કરી શકું. કેમ કે મારા પપ્પા વર્લ્ડના બેસ્ટ પપ્પા છે. જેનો ઉલ્લેખ કાગળ કે પેનથી નહીં થાય. એ તો મારૂ દિલ જ જાણે પપ્પા વિશેનો પ્રેમ.



**" મા ઘરનું ગૌરવ તો,**
**પિતા ઘરનું અસ્તિત્વ હોય છે.**
**મા પાસે અશ્રુની ધારા તો**
**પિતા પાસે સંયમ હોય છે.**
**બે સમયનું ભોજન મા બનાવે અને**
**જીવનભરના ભોજનની વ્યવસ્થા પિતા કરે."**
**"ક્યારેય જો ઠોકર લાગે તો 'ઓહ મા' એમ જ નીકળે પણ**
**રસ્તો પર કરતાં ટ્રક પાસે આવે તો 'ઓહ બાપરે' જ નીકળી જાય છે."**

કેમ કે નાના સંકટો માટે માતા પણ મોટા સંકટો માટે પિતા જ યાદ આવે છે. માતા પિતા ઘટાદાર વૃક્ષ છે, લખવામાં કઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.

**I love you papa**
**જય રામાપીર**
લિ.
**દયા દોંગા**



# સુરાણી દક્ષા ધનજીભાઈ

જન્મતારીખ:-૧૭/૦૮/૧૯૯૨

પિતાની પુણ્યતિથી:- ૨૨/૦૪/૧૯૯૭



**Dear papa,**

**હું શું લખું એ સમજાતું નથી.**

**મારા મન માં એટલું બધુ છે કે ક્યાથી શરૂઆત કરું?**

આજથી ૧૯ વર્ષ પહેલાં મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૪-૫ વર્ષની જ હતી. તારે એ વાતની ખબર નહોતી કે દીકરીના જીવનમાં પિતાની છત્રછાયા કેટલી મહત્વની હોય છે. મારે બે બહેન અને એક ભાઈ છે. પપ્પાનું અવસાન થયું ત્યારે મોટી બહેન ૮ વર્ષની ,નાની બહેન ૨ વર્ષની અને ભાઈનો જન્મ પણ નહોતો થયો. મારા પપ્પાને બીજા માળેથી પડવાથી બ્લડ કેન્સર થયું હતું. થોડા સમય બાદ મારા મમ્મી દેશમાથી આવ્યા ત્યારે ખબર પડી કે મારા પપ્પાને બ્લડ કેન્સર છે. આ સાંભળીને મારા મમ્મીને આઘાત લાગ્યો.

મારા પપ્પાના ગયા પછી મારા મમ્મીને ખૂબ જ તકલીફો ભોગવવી પડી હતી. ત્યાર પછી રાત દિવસ એક કરીને મારા મમ્મી મારા ભાઈ બહેનને ભણાવતા. થોડા સમય પછી મારી સગાઈ નક્કી થઈ. મારા મમ્મીને ટેન્શન થવા લાગ્યું કે કેમ કરીને લગ્ન પૂરા પાડશું? શું થશે? આટલો બધો ખર્ચ કેવી રીતે પૂરો પડશે? બસ, રાતને દિવસ મને અને મારા મમ્મીને ટેન્શન થતું કે કેમ થાશે બધું ? મારી સગાઈ પછી થોડા સમય પછી ખબર પડી કે મહેશભાઈ સવાણી ખુદ એક પપ્પા બનીને પપ્પા વગરની દીકરીઓના કન્યાદાન કરે છે. પછી હું વિચારતી કે કેવા હશે મહેશ પપ્પા? મારી પણ ઈચ્છા હતી કે હું પણ એમને જોઈ શકું અને મને પણ એક પપ્પાનો પ્રેમ મળે

જ્યારે પહેલી વાર મહેશ પપ્પાની ઓફિસે ગઈ તારે એમની વાત પરથી થયું કે આટલા મોટા ઉધોગપતિ આટલી બધી દીકરીઓના લગ્ન કેમ કરાવતા હશે? આટલાં વર્ષોમાં એકટરો જોયા ડાયરેક્ટરો જોયા, બધા પૈસાવાળા હોય પણ કોઈનો વિચાર એવો નહીં કે નાના માણસોની મદદ કરીએ. પણ મહેશ પપ્પા આટલા મોટા ઉધોગપતિ હોવા છતા દીકરીઓને કન્યાદાન આપે છે મહેશ પપ્પા જેવા માણસ મે આજ સુધી નથી જોયા. અને જ્યારે મહેશ પપ્પા દિકા કહેતા ત્યારે દિલમાં એક ઠંડક થતી કે મારા પપ્પા જ મને દીકા કહે

છે. મે તો ક્યારેય વિચાર્યું નહોતું કે મને ફરી વાર પપ્પા મળશે. મહેશ પપ્પાને મળી ને હું ખૂબ જ ખુશ છું. અને મને પણ તેમણે પપ્પા કહીને ખૂબ જ આનંદ થાય છે કે મને પણ પપ્પા મળ્યા.

આમ મારા પપ્પાની કમી પૂરી કરનારા એવા મહેશ પપ્પાનો હું દિલથી આભાર માનું છું તમને હંમેશાં ખુશ અને તંદુરસ્ત રાખે એવી મારી ભગવાનને પ્રાર્થના છે. મારા કહેવામાં કઈ ભૂલચૂક થઈ હોય તો માફ કરજો પપ્પા....

Thank you Papa,
I love you so much papa

**તમારી દિકા, દક્ષા**



## ભાદાણી ફાલ્ગુની મયુરકુમાર

જન્મ તારીખઃ- ૨૧/૦૯/૧૯૮૭
પિતાની પુણ્યતિથીઃ- ૧૯/૦૭/૨૦૦૨



**જય રામાપીર**
**I love you papa**
**મારા પ્રિય Papa,**

**નથી જીવવું બીતા બીતા કેમ કે,**
**સાથમાં છે પપ્પા,**
**હામ છે હૈયામાં,**
**હિંમત આપી છે પપ્પાએ,**
**ઉત્સાહ છે આનંદમાં તો ઉજળું કરવાની**
**શક્તિ આપી છે પપ્પા એ.................**

I love you papa તમે મજામાં છો? તમે મને જ્યારથી મળ્યા ત્યારથી હું ખુશ છું. મારા માથે ટેન્શન હતું કે મારા લગ્નનો ખર્ચ કેમ નીકળશે? જ્યારે પપ્પા તમે મળ્યા ત્યારે મારા મનમાં એમ જ હતું કે મારા ઘરે ભગવાન આવ્યા.

જેમ કે મારા લગ્ન હતા ત્યારે હું મિટિંગમાં આવી તો મારી આંખ ભરાઈ આવી. કે મેં મારી જિંદગીમાં ન વિચાર્યું હતું કે મારા લગ્ન આવા સરસ માહોલમાં થશે. હું ખૂબ ખુશ થઈ ગઈ. આવી રીતે તમે મને ખુશ કરી દીધી પપ્પા.

**" મા ઘરનું ગૌરવ તો, પિતા ઘરનું અસ્તિત્વ હોય છે.**
**મા પાસે અશ્રુની ધારા તો, પિતા પાસે સંયમ હોય છે.**
**બે સમયનું ભોજન મા બનાવે અને**
**જીવન ભરના ભોજનની વ્યવસ્થા પિતા કરે."**
**"ક્યારેય જો ઠોકર લાગે તો 'ઓહ મા' એમ જ નીકળે પણ**



રસ્તો પર કરતાં ટ્રક પાસે આવે તો 'ઓહ બાપરે' જ નીકળી જાય છે."

કેમ કે નાની મુશ્કેલીઓ માટે માતા જ યાદ આવે છે પણ મોટી મુશ્કેલીઓમાં તો પિતા જ યાદ આવે છે. પિતા એક ઘટાદાર વૃક્ષ છે જેની શીતળ છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે.

તમે મને મંજિલ આપી પપ્પા,
તમે તો અમારા સાસરિયાંમાં પણ અમારું માન વધાર્યું...

"મારા પપ્પા કેવા, લાગે સુરજ જેવા,
લેતા નહીં કોઈ દી, એતો આવે સદા દેવા."
"સાગરમાં નીર ઘણું, ગાગરમાં સમાય નહીં,
મારે મનમાં લખવું છે ઘણુ, પણ કાગળમાં સમાય નહીં.."

લિ. તમારી વહાલી દીકરી
ફાલ્ગુની



## દૂધાત મિતલ રમેશભાઈ

જન્મતારીખઃ- ૦૭/૧૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૧૪/૦૧/૨૦૧૧



Dear papa,
**બધાં એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી, પરંતુ ભગવાને મને મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા.**

જય રામાપીર સાથે લેટર લખવાની શરૂઆત કરું છું. પપ્પા આ લેટરમાં શું લખું? કંઈ સમજાતું નથી કે તમારા માટે હું શું લખું મારા મનમાં એટલું બધું છે કે શરૂઆત ક્યાંથી કરું? મારા પપ્પાનું અવસાન ૧૪/૦૧/૨૦૧૧ના રોજ એટેક આવવાથી થયેલ ત્યારે અમારા ઘરમાં અંધકાર છવાઈ ગયો હતો અને ચોતરફ ઉદાસી છવાય ગઈ હતી. જ્યારે પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા ત્યારે ઘર ચલાવવાની જવાબદારી મારી મમ્મી પર આવી ગઈ. અને ત્યારે હું ૧૨માં ધોરણમાં ભણતી હતી. અને મારો ભાઈ Ty B.Com કરતો હતો. પછી મે અને મારા ભાઈએ ભણવાનું છોડી દીધું. અને બંને કામ કરવા લાગ્યા. મારો ભાઈ પણ જોબ કરતો અને હું પણ જોબ કરતી. અને દરેક પળે પપ્પાને ખૂબ જ યાદ કરતી કારણકે હું મારા પપ્પાની ખૂબ જ લાડકી હતી. મહેશ પપ્પા અમારા એક સંબંધીના કારણે અમારા સંપર્કમાં આવ્યા. અને જ્યારે હું મહેશ પપ્પા સાથે વાત કરું છું ત્યારે મને એમ લાગે છે કે મારા ખોવાઈ ગયેલા પપ્પા મને પાછા મળી ગયા. બધાં એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી, પરંતુ ભગવાને કુદરતના આ નિયમોની વિરુધ્ધ જઈને મને મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા.

હું મહેશ પપ્પામાં મારા પપ્પાને મહેસૂસ કરું છું. પપ્પા તમે મારી જિંદગીમાં આવીને મને ખૂબ જ ખુશીઓ આપી છે. તેથી હું દિલથી આભારી છું. પપ્પા તમારો આભાર માણવા માટે આભાર શબ્દ પણ ઘણો નાનો કહેવાય. પપ્પા હું તમને જ્યારે તમને યાદ કરું છું કે તમને જોઉ છું તો મારી આંખમાથી એક દીકરીના પ્રેમના આસું છલકાય છે.

પિતા વગરની દીકરીઓની ઈચ્છાઓ પૂરી કરવા ભગવાન તમને ખૂબ લાંબી ઉમરને હિમ્મત તથા શક્તિ આપે.

**બસ પપ્પા આટલું જ કહીશ.... હવે શબ્દો નથી પણ દિલ થી કહું છું**
I love you papa & I Miss you papa
**જય રામાપીર તમારી લાડકી દીકરી....મિતલ**





# મુલાણી સંગીતા ગોરધનભાઈ

જન્મ તારીખઃ- ૦૧/૦૬/૧૯૯૦
પિતાની પુણ્યતિથીઃ- ૧૪/૦૬/૨૦૧૧

Dear papa,

**તમે હંમેશાં મારી સાથે જ છો તો હું એકલી નથી.**
**પણ મારી જોડે મારા પપ્પા ઈશ્વરથી મહાન છે.**

જય રામાપીર,

હું નાની હતી ત્યારે મારા પપ્પા મૃત્યુ પામ્યા છે. અમે ભગવાનને પ્રાર્થના કરતાં કે મારા પપ્પા આજે નહીં તો કાલે જરૂર આવશે. પણ મારા પપ્પા આવ્યા જ નહીં. મારા પપ્પા મને અને મારા પરિવારને છોડીને કેમ જતાં રહ્યા. એનું મને બહુ દુખ થતું હતું. મહેશ પપ્પા ને મળવા ગઈ ત્યારે તેમણે મને બેસાડીને કહ્યું હવે દિકા તારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી.ત્યારે હું બહુ ખુશ થઈ અને મારી આંખોમાં ખુશીના આંસુ આવી ગયા. હું મારા જીવનની વાત તમને ટૂંકમાં કહેવા માંગુ છું.

તા.૧૪/૦૬/૨૦૧૧ના મારા પપ્પાને કેન્સર હોવાથી તેમનું અવસાન થયું હતું. અને મારા મમ્મીનું અવસાન તા.૧/૦૮/૨૦૧૪ને હું સંગીતા, નાના ચાર બહેન અને મોટો એક ભાઈ. અમે નાના હતા ત્યારે પપ્પા અમને ખૂબ વ્હાલ કરતાં હતા. પરંતુ આ બધો વહાલ થોડા સમય માટે જ હતો. વડીલો હમેશા કહેતા કે બહુ લાડ સારો નથી એ વાત સાચી છે.

**"પપ્પા હતા અમારા મનના મોતી,**
**ગગનમાંથી લાવો કોઈ ગોતી,**
**આંખો અમારી હીબકે રોતા,**
**વહાલા પપ્પાને મળવાની વાટલડી જોતાં."**

પપ્પા તમે જેટલું મારા માટે અને મારી દીદીઓ માટે જનની ધામ માટે. તેમજ વૃદ્ધ દાદા-દાદી માટે આટલું કરો છો. આટલું કોઈ ન કરી શકે. ખરેખર પપ્પા તમે આવા કાર્ય માટે વખાણને પાત્ર છો.



God Bless Papa
I Am Proud Of You Papa
I Love You Papa
I Miss You Papa
Thank You So Much Papa

લગ્નની ખરીદીમાં ગયેલા તો એક સ્વપ્ન જેવું લાગ્યું, જે એક પિતા દીકરી માટે લગ્નની ખરીદી કરાવે મનગમતી વસ્તુઓ ખરીદવાનું કહે. એવી જ રીતે મારા મનની અભિલાષા, મહેશ પપ્પા તમે પૂરી કરી છે. હું ખૂબ જ નસીબદાર છું એવું અનુભવું છું, મારા પપ્પાની છત્ર છાયા નથી છતાં જે કરિયાવર સાથે લઈને જઈશ એ કદાચ મારા પપ્પા હયાત હોત તો પણ હું આટલો કરિયાવર ન લઈ જાત.

સવારમાં જાગતા જ પપ્પા તમે યાદ આવો છો. પપ્પા તમે તમારી દરેક દીકરીને એક સમાન રાખો છો. પ્રેમ વરસાવો છો. મહેશ પપ્પા જેવા પપ્પા દરેક દીકરીના જીવનને ખુશીથી ભરી દેનારને જીવનમાં પણ હમેશા શુભ જ થાઓ.

મહેશ પપ્પા, મારાથી લખવામાં કઈ ભૂલ થઈ હોય તો તમારી વહાલી દીકરીને માફ કરજો. પપ્પા મળવાથી અમારા હૈયાની હામ પૂરી થઈ છે.

**"ફૂલ બનીને આવશુ, હૈયાના હામ બનીને રહેશું,**
**અને તમારા જીવનમાં મધુરી સુગંધ બની રહેશું..."**

**"આજ હો કલ જૈસા,**
**કલ હો ગુલાબ જૈસા,**
**મહેક હો તાજ જૈસા ઔર,**
**જિંદગી કે હર જન્મમે,**
**પાપા હો તો આપ જૈસા"**

**તમારી લાડકી દિકા**
**સંગીતા**
**જય રામાપીર**





# મિયાત્રા ગીતા બાબુભાઈ

જન્મ તારીખઃ- ૦૧/૦૩/૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૦૪/૦૪/૨૦૦૨

**Dear papa,**

મારા પિતાનું અવસાન થયું ત્યારે હું ૮ વર્ષની હતી. હું જ્યારે ધોરણ ૩માં હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું હતું. ત્યારે હું ખૂબ જ નાની હતી ત્યારે મને કઈ સમજ પણ નહોતી પડતી. ત્યારે મારા પપ્પાનું અવસાન થયું પણ જ્યારે  મારા પપ્પા મને છોડીને ભગવાનની પાસે ચાલ્યા ગયા પણ મને આશા મારી મમ્મી પર હતી કે કઈ નહીં મારા પપ્પા નથી તો મારા મમ્મી છે ને.

મને શું ખબર હતી કે પપ્પાનું અવસાન થયા બાદ થોડાક વર્ષોમાં મમ્મીનું પણ અવસાન થઈ ગયું. મારા પપ્પા બીમારીના કારણે જીવી શક્ય નહીં પરંતુ પપ્પાને જે બીમારી હતી. એ જ બીમારી મમ્મીને થઈ એટલે મમ્મીનું પણ તે બીમારીના કારણે અવસાન થયું. અમારા પાસે એટલી સુવિધા ન હતી કે મારા પપ્પાને સારા દવાખાને લઈ જઇ શકીએ. એના કારણે મારા પપ્પાનું અવસાન થયું.

તા.-૧૭/૦૪/૨૦૦૫માં મારી મમ્મીનું પણ અવસાન થઈ ગયું. હું શું કરીશ કે હવે મારી આગળ પાછળ કોણ? કોણ મારી મદદ કરશે? મારા મમ્મી પપ્પા વગરની આખી જિંદગી કેવી રીતે નીકળશે. પણ મારો ભાઈ પણ હતો. ભાઈ સાથે માસી અમને એના ઘરે લઈ ગયા. અમને ભણાવ્યા હું જ્યારે ધોરણ ૭માં ભણતી ત્યારે મારા ભાઈનું પણ અવસાન થઈ ગયું. ૦૪/૦૨/૨૦૦૮ના રોજ મારા ભાઈનું પણ અવસાન થઈ ગયું. હવે હું એકલી હતી પણ મારી મદદ કરવા માટે મારાં માસી હતાં. મારાં માસીએ મારે જેટલું ભણવું હતું તેટલું ભણવા કહ્યું અને હું ભણી અને આજે મારા પગ પર ઊભી છું.

જ્યારે મારા મમ્મી-પપ્પાનું અવસાન થયું ત્યાર બાદ મારા કાકા કાકી પણ મારી સાથે ન હતા. ત્યારે લાગ્યું કે ભગવાને મારી સાથે કેવું કર્યું? નહીં પપ્પાનો સાથ કે નહીં મમ્મીનો સાથ? પણ મમ્મી પપ્પા પછી માસીએ અમને મોટા કર્યા. કાકા કાકીએ તો કઈ ભણવામાં મદદ પણ ન કરી. તેમની છોકરીના લગ્ન એટલા બધા ધામધૂમથી કર્યા કે મને થયું કે મારા પપ્પા હોત તો એ પણ મારા લગ્ન આવી જ રીતે કરત. તેમની છોકરીના

લગ્ન હતા ત્યારે કાકા-કાકીની એટલી પણ ફરજ ન હતી કે તને કંઈ જરૂર છે. એવું પણ કીધું ન હતું. જ્યારે હું નોકરી પર લાગી થોડાક મહિના બાદ એક છોકરી એ પી.પી.સવાણીમાં લગ્ન કર્યા હતા કે પપ્પા વગરની છોકરીના લગ્ન મહેશ પપ્પા કરાવી આપે છે. ત્યારે મને પણ થયું કે પપ્પાની ફરજ કોઈ ઉપાડી શકતું નથી પણ એના બદલામાં પપ્પા જેટલો વહાલ કરવાવાળા મહેશ પપ્પા જે પી.પી.સવાણીમાં લગ્ન કરાવી આપે છે.

મહેશ પપ્પાએ બધી જ દીકરીઓના લગ્ન કરાવી આપે છે. મારા પપ્પા ન હોવા છતાં પણ હવે એવું લાગે છે કે મહેશ પપ્પા જ મારા પપ્પા છે. પપ્પાની જેમ વ્હાલ કરે. બધી જ દીકરીઓની જેમ થેંક્સ કહું છું. બધી જ દીકરીઓના પપ્પા છો તમે એ બધી દીકરી સગી ન હોવા છતાં પણ તમે એમને સગી દીકરી જેટલો જ વહાલ અને પ્રેમ કરો છો. આ દુનિયામાં તમારા જેવા પપ્પા કોઈ નથી કે જે આટલો બધો પ્રેમ કરી શકે.

સૌની વાણીમાં તો બરાબર જ રીતે સવાણી પરિવાર પાલન કરી રહ્યો છે જે આ હકીકત છે. પપ્પા તમે મને ઘણો સહારો આપ્યો છે. હું જિંદગીભર તમારો અહેસાન નહીં ભૂલું. ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા ભાઈની રક્ષા કરે અને મારા પપ્પાને લાંબી આયુષ્ય તેમજ ખુશી આપે એવી દિલથી પ્રાર્થના કરું છું.

**Papa Thank You So Much For**
**Coming In My Life, Love You Lots**
**Papa I Love You & Thank You So Much**

**From: Gita**



## કાકડિયા કામિની કનુભાઈ

જન્મ તારીખ:- ૩૦/૦૪/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૦૫/૦૭/૨૦૦૫

Dear papa,

**"પપ્પા શબ્દ બોલતાંની સાથે જ**
**જાણે કે ઉરમાં ઉમંગ છવાઈ જાય,**
**વસંત ઋતુ જાણે તનમનમાં**
**થનગનાટ કરવા લાગે,**
**પપ્પા તમે મળ્યા કે જાણે**
**મારા હૃદયમાં લાગણીઓનો વરસાદ થવા લાગ્યો."**

પપ્પા મારા પત્રની શરૂઆત તમને વંદન કરીને કરું છું."પપ્પા" શબ્દ જ એટલો મહત્વ પૂર્ણ છે કે એનું સ્થાન આપના જીવનમાં સૌથી ઉપર હોય છે. પપ્પા હું મારા ઘરનું પ્રથમ સંતાન છું. મારા કાકા પછી હું ઘરમાં પહેલી બાળક હતી. મારા પપ્પા ખૂબ જ ખુશ હતા. મારું નામ કાકડિયા કામિની કનુભાઈ, ગામ: બપાડા, તા.-તળાજા અને જી.ભાવનગર છે. હું ખૂબ જ લાડકોડથી મોટી થઈ હતી. મારા પછી મારી બે બહેનો ભૂમિકા અને કરિશ્મા છે. અને સૌથી નાનો ભાઈ વિવેક બધાનો લાડકો છે. મારા પપ્પા ખૂબ જ સરળ અને શાંત સ્વભાવના હતા. અમારા ઘરમાં ખૂબ જ શાંતિ અને પ્રેમ હતો. પણ ભગવાનને કદાચ આ મંજૂર નહીં હોય અને મારો ભાઈ હજુ બે વર્ષનો જ હતો અને મારા પપ્પા બીમાર પડ્યા અમે ત્યારે અમદાવાદમાં રહેતા હતા.

પપ્પાએ ઘણા રિપોર્ટ કરાવ્યા પણ રિપોર્ટમાં કઈ આવ્યું નહીં. એટલે બધાએ કહ્યું તમે સુરત આવતા રહો. વાતાવરણ ફરશે તો તબિયતમાં સુધારો આવશે. અને અમે સુરત રહેવા આવી ગયા. પણ પપ્પાને સારું ન થયું અને વધુ બીમાર રહેવા લાગ્યા. પછી પપ્પા એક સર્જન પાસે ગયા તેમણે પપ્પાને કીધું કે તમને જે બીમારી છે તેનો કોઈ જ ઈલાજ નથી.
અને તમારી પાસે ફક્ત 6 મહિના જ છે. અને પપ્પાને એનાથી ખૂબ આઘાત



લાગ્યો હતો. તે કહેતા ન હતા પણ અમને એમ કહેતા કે તમે તમારા પગભર થઈ જાવ. અને પપ્પાની બીમારી જોઈને મમ્મીએ મને ભણતી ઉઠાડી લઈને ડાયમંડમાં કામ કરવા માટે બેસાડી.

શરૂઆતમાં મારે કામ પણ નહોતું થતું. અને મમ્મી પણ ઘરકામ કરીને થોડું ઘણું કમાતા અને એક બાજુ પપ્પાની બીમારી. પપ્પાના દવાનો ખર્ચ પણ અમે નહોતા કરી શકતા. મને ખૂબ જ દુ:ખ થતું એવામાં એક દિવસ પપ્પાને મગજનો એટેક આવ્યો અને અમે એમને સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા ત્યાં અમારા કાકડિયા પરિવારે અમને થોડી મદદ કરી પપ્પાના ઈલાજ માટે હું તેમને થેંક્સ કહેવા માંગું છું. પણ પપ્પાને સારું ન થયું અને છેવટે એક મહિનો હોસ્પિટલમાં રહ્યા બાદ તા.- 5/7/2005 ની વહેલી સવારે 5:30 વાગ્યે મારા પપ્પા મૃત્યુ પામ્યા.

મારા મમ્મી તો ભાંગી જ પડ્યા હતા. અને ઘરમાં તો જાણે અંધકાર જ છવાઈ ગયો હતો. પપ્પાએ મમ્મીને ક્યારેય કઈ કામ નહોતું કરવા દીધું. પણ પપ્પાના જવાથી ઘરની બધી જ જવાબદારી મમ્મી પર આવી ગઈ. અને પપ્પાનું મૃત્યુ થયું ત્યારે હું 14 વર્ષની, નાની બહેન 11 વર્ષની, કરિશ્મા 9 વર્ષની અને ભાઈ 4 વર્ષનો જ હતો. અમારા બધાની જવાબદારી મમ્મી પર હતી. નાના ભાઈબહેનને ભણાવવા અને સાથે ઘરમાં પૂરું પાડવું. પણ મમ્મીએ હિંમત હાર્યા વગર ઘરની જવાબદારી પોતાના પર લઈ લીધી. પણ હું અને મમ્મી જે કામ કરતાં એનાથી ઘર પૂરું નહોતું થતું. એટલે મારાથી નાની બહેનને પણ મારી સાથે કામ કરવા મોકલી દીધી. હવે અમે બંને બહેનના કામથી ઘરમાં રાહત હતી. પણ હવે અમે બધા મોટા થવા લાગ્યા હતા. સાથે જ મમ્મીની ચિંતા પણ વધતી જતી હતી. કે અમારા લગ્ન કેવી રીતે થશે?

અમારા કામથી ઘરમાં પૂરું તો થતું પણ કઈ વધતું નહીં એટલે મમ્મીની ચિંતા વધી ગઈ હતી. અને ચિંતા વધવાથી તે બીમાર રહેવા લાગ્યા. તે મને કઈ કહેતા નહીં પણ પરાણે પૂછતાં તેમણે કહ્યું કે તમારા લગ્ન આવી ગયા અને આ લગ્ન આપણે કેવી રીતે કરીશું? મને એ ચિંતા થાય છે. મને છોકરા જોવા આવવા લાગ્યા પણ મારે એવા છોકરા સાથે લગ્ન કરવા હતા કે જે મારા ઘરને પોતાનું માને મારા ભાઈ બહેનને પોતાના ભાઈ બહેન માને. અને એક દિવસ મિલન મને જોવા આવ્યા. તેમનો સ્વભાવ ખૂબ જ સારો છે. અમારી સગાઈ થઈ ગઈ એ અમારા ઘરનું ઘણું ધ્યાન રાખે છે. હું એક ફોન કરું કે તરત જ ઘરનું કોઈ પણ કામ હોય તે કરે છે. પણ મમ્મીની ચિંતા તો એમની એમ જ હતી કે લગ્ન કેવી રીતે કરીશું? એવામાં એક દિવસ મારા ફુવા અમારા ઘરે આવ્યા અને એમને પપ્પા તમારી વાત કરી કે આપના સુરતમાં મહેશભાઈ સવાણી છે જે માં-બાપ વગરની દીકરીઓના મેરેજ કરાવે છે.

તે લોકો તેના માટે ફોર્મ બહાર પડે છે. તે તમે લઈ લેજો. અને એક દિવસે મારી નાની બહેને એ અમને કીધું કે પી.પી.સવાણીના ફોર્મ બહાર પડ્યા છે. તો ચાલો આપણે ફોર્મ લઈ આવીએ. અને અમે ફોર્મ લઈને ભરી દીધું. અને એક દિવસ ફોન



આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થઈ ગયું છે હવે તમારી મિટિંગ વખતે તમને ફોન આવશે. પણ પપ્પા જ્યારે હું તમને નહોતી મળી ત્યારે એવું વિચારતી હતી કે તમે તો ખૂબ મોટા માણસ છો. તમે મારા લગ્ન કરાવશો. પણ મારા પિતા થોડી બનશો? પણ મારી એ ધારણા તૂટી ગઈ. જ્યારે અમે પહેલી વાર મિટિંગમાં આવ્યા અને પહેલી વાર અમારી મુલાકાત તમારી સાથે થઈ.

ઓફિસમાં પગ મૂક્તા જ તમે મને દિકા કહીને બોલાવી મારા આનંદનો કોઈ પાર જ નહોતો. કારણકે ઘણા વર્ષો પછી મને કોઈએ આટલા પ્રેમથી દિકા કહીને બોલાવી હતી. અને હું ખુદને તમને પપ્પા કહેતા રોકી જ ન શકી. હું ઘણી વાર વિચારતી કે ભગવાને મારા પપ્પાને કેમ લઈ લીધા પણ ભગવાને તમને મારા પપ્પાના સ્વરૂપમાં પાછા આપ્યા હતા. જે મારા એકલીના નહીં પણ મારા જેવી ઘણી દીકરીઓના પપ્પા છે. પણ પપ્પા હું તમને મળીને ખૂબ જ ખુશ છું કે મને મારા પપ્પા મળી ગયા.

"પપ્પા" શબ્દ વિશે હું શું કહું કારણકે માતાના માતૃત્વ વિશે તો આપના સાહિત્યકારો, લેખકો અને કવિઓ બધા જ લખી શકે છે. પણ વાત જ્યારે એક પિતાની આવે ત્યારે ભલભલા ની કલામ રોકાઈ જાય છે. દીકરી અને પિતા વચ્ચેની સંવેદનાઓ અને ભાવનાઓનો ઉલ્લેખ કોઈ કરી શકતું નથી. તે તો માત્ર દિલમાં જ રહે છે.

● પ્રેમ શબ્દ જે બોલીને નહીં પરંતુ જતાવીને જીવે છે એ અસામાન્ય વ્યકતી છે -"પિતા"

● પોતાનાં સંતાનોને દુનિયા અને દુનિયાદારી બને કોમળતા અને કઠોરતા બેલેન્સ કરીને શીખવાડે છે તે દુનિયાના શ્રેષ્ઠ શિક્ષક છે-"પિતા".

● પોતાનાં પરિવારને સુરક્ષિત રાખીને પણ એમને નવા રસ્તાને દિશાઓ શોધવા સ્વતંત્રતા આપતા પરિવારના છત્ર છે -"પિતા"

● પોતાનાં સંતાનોને સાચા ખોટાનો ભેદ સમજાવતા, ભૂલ કરવાની છૂટ આપતા, પોતાની ભૂલો માથી નવોપાઠ ભણતા શીખવાડતા અને જરૂર પડ્યે નાની મોટી સજા આપીને સાચા રસ્તે વાળતા તે દોસ્ત, હમદર્દ, ફિલોસોફર અને પથદર્શક છે -"પિતા"

પિતા એક ઘટાદાર વૃક્ષ છે અને એ ઘટાદાર વૃક્ષ તમે છો પપ્પા. અને અમારો આખો સવાણી પરિવાર જેની શીતળ છાયાંમાં રહે છે. અને એ જ સવાણી પરિવારનો હું એક અંશ છું. અને મને ખૂબ જ ગૌરવ છે. મારી નિરાશના અંધકારને ચીરીને સૂર્યની માફક મારી આશાઓને પ્રકાશ આપનાર ઈશ્વર સ્વરૂપ તમે પપ્પાના રૂપમાં મળ્યા. એના માટે હું ભગવાનને દિલથી ખૂબ ખૂબ થેંક્સ કહેવા માંગુ છું. અને ભગવાનને હું એક જ પ્રાર્થના કરવા માંગુ છું કે તે તમને ખૂબ જ લાંબુ આયુષ્ય આપે. અને આવા સત્કાર્યો કરવાની




પ્રેરણા આપે. આજે મને ખૂબ જ આનંદ થાય છે એ કહેતા કે ભાગ્યશાળી એ છોકરી હોય છે જેને સારું સાસરિયું મળે પણ હું તો સૌભાગ્યશાળી છું કે મને સારું સાસરું અને પી.પી.સવાણી જેટલો મોટો પરિવાર મળ્યો.

જેમાં 1300થી વધુ દીદીઓ મળી અને એટલા જ જીજાજી મળ્યા. સાથે મને મિતુલ ભાઈ અને મોહિતભાઈ જેવા બે ભાઈ મળ્યા અને બધાથી શ્રેષ્ઠ તમારા જેવા પપ્પા મળ્યા. મને સવાણી પરિવારમાં ખરીદી વખતે ઘણી દીદીઓ મળી જે ખૂબ જ પ્રેમાળ સ્વભાવની હતી તેમણે મને ખૂબ જ સારી ખરીદી કરાવી. પપ્પા હું ભગવાનને એટલું જ કહેવા માંગું છું કે ભગવાન તમને એટલી ખુશીઓ આપે કે દુ:ખ નું કોઈ સ્થાન જ ન હોય તમારા જીવનમાં અને તમે જેમ અમારા મેરેજ કરાવો છો એમજ બધી છોકરીઓના મેરેજ કરાવતા રહો. અને અમારું ધ્યાન રાખતા રહો. પપ્પા લોકો કહે છે કે “દીકરી વહાલનો દરિયો હોય છે” પણ આજે હું કહું છું કે “મારા પપ્પા વહાલનો દરિયો છે.”જેમને અમને ખૂબ જ પ્રેમ આપ્યો છે અને આપતા જ રહે અને એમનો પ્રેમાળ સ્વભાવ આવો જ રહે એવી ભગવાનને પ્રાથના કરું છું.

હું સમાજ ને એટલું જ કહેવા માંગુ છું કે ઈન્ટરનેશનલ Daughter’s Day દર સપ્ટેમ્બર મહિનાના ચોથા રવિવારે ઉજવીએ છીએ. દીકરીઓના પર્વ તરીકે! આ દિવસે દીકરી તરીકે જન્મવા માટે કે દીકરીને જન્મ આપવા માટે આપણે ગર્વ અનુભવીએ છીએ અને વધામણી આપીએ છીએ.પણ શું જાતને એકવાર પણ પૂછવાની દરકાર કરી કે શું સાચે આપણે દીકરી તરીકે જન્મવા માટે સાચે જ ખુશ છીએ?

એક દીકરા જેટલો જ કે એનાથી વધુ મજબૂત અને લાગણીઓનો ટેકો પરિવાર માટે દીકરી કરી શકે છે તો પણ કેમ આપણે દીકરીને જાકારો આપીએ છીએ.

જો દીકરો આપના ઘરનો વારસો અને વંશવેલો વધારે છે તો દીકરી પણ લાગણીઓની જણસ અને સંબંધોની હૂંફને સાચવે છે. એને એ પણ એટલા જ પ્રેમથી અને ઉત્સાહથી વધાવીએ. દીકરા અને દીકરીને આપીએ સહજ સમાન પ્રેમ અને આવકાર અને આ ખાલી કહેવાની વાત નથી. પણ જીવનમાં ઉતારવા જેવી વાત છે. અને શરૂઆત આપણે જ કરવી પડે. બીજા કરે એવી વાટ રાખ્યા વગર જ આપણે જ પહેલ કરવી પડે ત્યારે જ સમાજ સુધરે છે. અને પી.પી. સવાણી પરિવાર માટે તો શું કહું જે સદા બધાની મદદ કરવા ગમે ત્યાં ટેકો બનીને ઊભો રહે. અને અમારા જેવી દીકરીઓના લગ્ન ઉત્સાહ અને પ્રેમથી કરાવે છે અને આવા જ પરિવારમાં જ તો પપ્પા તમારા જેવા તેજસ્વી તારલાઓ જન્મ લે છે. જે અસંખ્ય દીકરીઓના પિતા થવાનું ગૌરવ લઈ શકે છે. અને પપ્પા તમારા વિશે તો લખવા બેસું તો આભ જેટલા કાગળ પણ ઓછા પડે અને દરિયા જેટલી સહી પણ ઓછી પડે. પણ હું દિલથી આખા સવાણી ગ્રૂપને અને ખાસ કરીને પપ્પા તમને ખૂબખૂબ ધન્યવાદ કહેવા માંગું છું.



પપ્પા Thank You Very Very Much Papa મારી જિંદગીમાં આવવા બદલ અને આટલો પ્રેમ તેમજ હુંફ આપવા બદલ અને પપ્પા હું તમને એક રિકવેસ્ટ કરવા માંગું છું કે મારા પપ્પા મને દીપું કહીને બોલાવતા તો તમે પણ મને દીપું કહી ને જ બોલાવજો. અને છેલ્લે મારા દિલની ભાવનાઓને એક રમૂજી કહેવતથી વિરામ આપીશ કે, એ કહેવત જૂની થઈ ગઈ કે,"માં તે માં બીજા બધા વગડાના વા." આજની લેટેસ્ટ કહેવત સાંભળો, "બાપ તે બાપ બીજા બધા જંગલના સાપ"

**Papa Thanks For Coming In**
**My Life And God Bless You My Dear Papa.**

**લિ. તમારી વહાલસોયી દિકા**
**કામિની (દીપુ)**

**Love you papa**
**Miss you papa**



# કાકડિયા ભૂમિકા કનુભાઈ

જન્મ તારીખઃ-૧૬/૦૩/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ ૦૫/૦૭/૨૦૦૫



**My Lovely Papa,**
**ક્યારેક તો હું ભગવાનને કહેતી કે તમે મારા પપ્પાને કેમ લઈ લીધા. મને પપ્પા જોઈએ છે. ત્યાં ભગવાને મારી વાત સાંભળી લીધી.**

**જય રામાપીર પપ્પા,**

ક્યાંથી શરૂઆત કરું એ કઈ સમજાતું નથી? પપ્પા શબ્દ જ એટલો મહત્વ પૂર્ણ અને વહાલસોયું નામ છે. દરેક દીકરીની લાઈફમાં પપ્પાનું સ્થાન સૌથી ઉપર જ હોય છે. અને તે તેમના માટે ગૌરવની લાગણી અનુભવે છે. દીકરી ગમે તેટલી મોટી થઈ જાય પરંતુ પિતા માટે દીકરી હમેશા નાની જ રહે છે. પપ્પા હું 12 વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું હતું. મારાથી મારા બે ભાઈ નાના અને એક મોટી બહેન છે. પપ્પાનું અવસાન થયું ત્યારે અમે ત્રણેય બહેન ભણતી હતી. અને ભાઈ તો ફક્ત 3 વર્ષનો જ હતો ત્યારે પપ્પાનું મૃત્યુ થયું હતું અને બધી જ ચિંતા મમ્મી પર આવી ગઈ. ત્યારે હું હોસ્ટેલમાં ભણતી હતી. પણ પરિસ્થિતિ સારી ન હતી એટલે અમને સંસ્થાવાળા ભણાવતા હતા. પછી પપ્પા બીમાર રહેતા. એવામાં એક દિવસ પપ્પાને મગજનો એટેક આવવાથી અમે એમને સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં એક મહિનો હોસ્પિટલમાં રહ્યા અને છેવટે મારા પપ્પાનું મૃત્યુ થયું.

ત્યારે હું હોસ્ટેલમાં હતી અને મે તો પપ્પાને છેલ્લી વખત જોયા પણ નથી. બહુ દુખ લાગે છે કે પપ્પાને હું છેલ્લી વખત જોઈ પણ ન શકી. પપ્પાનું અવસાન થયું અને ઘરમાં એકદમ આભ તૂટી પડ્યું હોય એવું લાગતું હતું. મમ્મીને બહુ ટેન્શન આવી ગયું કે આપણે શું કરીશું? પછી મારી મમ્મીએ મારી મોટી બહેનને ભણાવવાનું છોડાવી દીધું અને કામ પર બેસાડી દીધી. અને મારા મમ્મી પણ ત્યારે ઘરમાં કામ કરીને ગુજરાન ચલાવતા હતા. છેવટે ઘરમાં પૂરું ન થવાથી મમ્મી એ અને દીદીએ મને ભણતી ઉઠાડી લીધી. અને હું પણ દીદીની સાથે કામ પર જવા લાગી. અને હું અને દીદી બંને કામ કરતાં પછી નાના ભાઈ બહેનને ભણાવ્યા. પછી ધીમે ધીમે હું અને મારી બહેન મોટી થઈ અને મમ્મીની ચિંતા પણ વધતી જતી હતી કે અમારા લગ્ન કેવી રીતે થશે? એક દિવસ મારા ફુવા

અમારા ઘરે આવ્યા અને એમને પપ્પા તમારી વાત કરી કે આપણા સુરતમાં મહેશભાઇ સવાણી છે જે માં-બાપ વગરની દીકરીઓના મેરેજ કરાવે છે. તો મમ્મી એ કીધું એ કેવી રીતે? પછી અમે પી.પી.સવાણી હોસ્પિટલમાં જઈને પૂછ્યું તો ત્યાં થી જાણવા મળ્યું કે ફોર્મ બહાર નથી પડ્યા. અને કીધું કે ફોર્મ બહાર પડે પછી આવજો. અમે ફોર્મ લઈને ભરી દીધું. અને એક દિવસ ફોન આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થઈ ગયું છે અને અમને મિટિંગમાં બોલાવ્યા.

**પપ્પાવાળી છત્રછાયા**

ઓફિસે જતાં જ ઓફિસમાં પગ મૂકતાં જ પપ્પાએ એમ કીધું કે આવ "દિકા". આ શબ્દ સાંભળ્યો જ ન હતો. ખૂબ ખુશ થઈ ત્યાં હું મારા મમ્મી અને મારી દીદી અને મારા કાકા ગયા હતા. દિકા કીધું મને ખૂબ જ ગમ્યું. પપ્પાએ એમ કીધું તું મારી દિકાને હું તારા પપ્પા. આટલાં વર્ષ પછી પપ્પા મળ્યા મને પપ્પા બોલવાની તમન્ના હતી. બધાને પપ્પા હોય બધી છોકરીઓ પોતાના પપ્પાને બધી જ વાતો કરે. ત્યારે મને બહુ દુખ લાગતું કે હું કોને કહું પણ હવે તમે મળી ગયા. પપ્પા હવે મારા દિલની બધી વાત શેર કરીશ તમને પપ્પા.

મારી કેટલીય આશાઓ, અરમાનો બધી જ પપ્પાની ચિતા સળગીને રાખ થઈ ગયું હતું. ત્યારે એ જ ચિતાની આગને નવપલ્લવિત કરનાર નિરાશના અંધકારને ચીરીને આશાઓને સંજીવની દ્વારા મારી આશા પૂર્ણ થઈ ગઈ. આ જિંદગી ફરીથી નવસર્જન કરનાર ઈશ્વરરૂપ પિતા તરીકે પ્રવેશ થયો જાણે કે જીવનની બધી જ ફરિયાદો દૂર થઈ ગઈ. ખરેખર હું નસીબદાર છું એક જન્મના લોહીના સંબંધે થતાં મારા પપ્પા અને "દીકરી દિલનો દીવો"માં પપ્પા અને દીકરી હોવાનું સૌભાગ્ય મળ્યું.

પપ્પા હું બહુ જ ખુશ છું કે તમે અમારી લાઈફમાં આવ્યા. અને પપ્પા હું પી.પી.સવાણી પરિવારને મળી. જેમાં 1300થી વધુ દીદીઓ મળી અને એટલા જ જીજાજી મળ્યા. સાથે મને મિતુલભાઈ અને મોહિતભાઈ જેવા બે ભાઈ મળ્યા. ખરીદી વખતે ઘણી દીદીઓ મળી જે ખૂબ જ પ્રેમાળ સ્વભાવની હતી તેમણે મને ખૂબ જ સારી ખરીદી કરાવી. અમને જે ગમતું હોય એ ખરીદી કરાવી. અને બધી દીદીને અને ખાસ પપ્પાને હું મારા તરફ થી થેંક્સ કહેવા માંગું છું. કે પપ્પા તમારા જીવનમાં ખુશીઓ હમેશા જ રહે. અને અમારા લગ્ન કરાવો છો એવી રીતે બધી છોકરીઓના લગ્ન કરાવતા જ રહો. ભગવાન તમને ખૂબ ખુશ રાખે અને આવી જ રીતે તમે અમારું ધ્યાન રાખતા રહો.

સમાજને એ જ કહેવા માંગુ છું કે સંતોની વાણીનું બરાબર રીતે આ સવાણી પરિવાર પાલન કરી રહ્યો છે. જે આ હકીકત છે. એક સારો માણસ જે આખા સમાજના વાતાવરણને સારું કરી શકે. એ જ શ્રી મહેશભાઇ વલ્લભભાઇ સવાણી તથા સમગ્ર પરિવારને મારા શત શત પ્રણામ. પપ્પા તમે અત્યારે 1300 દિકા માની લીધી એમાંથી



400થી વધારે દિકાના લગ્ન કરાવી દીધા છે. ને આ વર્ષે અમારો વારો છે. આવી જ રીતે પપ્પા તમે બધી બાપ વગરની દીકરીઓના લગ્ન કરાવતા રહો એ જ મારી ભગવાનને પ્રાર્થના છે. સવાણી પરિવારને મારા ખૂબ ખૂબ ધન્યવાદ.....

***Love You Papa***

**"કહે છે કે પપ્પા એ પ્રેમનો દરિયો છે,**
**પણ તમારા સામે તો આ વિશાળ દરિયો પણ નાનો લાગે છે,**
**કહે છે કે પપ્પાઓ સામે ભાવનાઓ વ્યક્ત કરવા.....**
**બે શબ્દો પણ કાફી હોય છે.**
**પણ આજે આ કાગળ પણ નાનો લાગે છે.**
**કહે છે કે એક દીકરી પાસે તેના પપ્પા સાથે રહેવા માટે**
**એક પૂરી જિંદગી હોય છે.**
**પણ આજે તો એ જિંદગી પણ નાની લાગે છે."**

Love You Papa
**લિ. તમારી વહાલસોયી દિકા**
**ભૂમિકા**
**I love you so much My Sweet papa**



## તરસરિયા સંગિતા વલ્લભભાઈ

જન્મ તારીખઃ- ૦૧/૧૧/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૦૫/૦૩/૨૦૧૫

મારા પપ્પાનું અવસાન તા- ૦૫/૦૩/૨૦૧૫ ના રોજ હોળીના દિવસે થયું હતું. અમે ૮ બહેન અને બે ભાઈ છીએ. ૭ બહેન મોટી અને ૨ ભાઈ તેનાથી નાના અને હું બધાથી નાની છું. જ્યારે મારા પપ્પા હતા ત્યારે જ ૭ બહેનના લગ્ન થઈ ગયા હતા.બને ભાઈના લગ્ન પણ મારા પપ્પા જ કરતાં ગયા હતા.

મારા ભાઈ ના લગ્ન પછી મારા પપ્પા બહુ બીમાર પડ્યા.તેમણે હોસ્પિટલ માં લખલ કરવા પડ્યા. અને તેમના રિપોર્ટ કરાવતા અમને ખબર પડી કે તેમણે કેન્સર છે. મારા પપ્પા પછી ૩ વર્ષ રહ્યા અને કેન્સરના કારણે જ તેમનું અવસાન થયું.

**પપ્પાના ગયા પછી...**

જ્યારે મારા પપ્પા હતા ત્યારે જ મારી સગાઈ કરતાં ગયા હતા.થોડા સમય પછી મારા લગ્નની વાત આવી તો અમને જાણ થઈ કે મહેશભાઇ સવાણી છે જે પિતા વગરની દીકરીઓનું કન્યાદાન કરે છે. અમે એમાં ફોર્મ ભર્યું અને તમને ઓફિસે મળવા આવ્યા ત્યારે હું તમને પહેલી વાર મળી હતી. હું એમ વિચારતી હતી કે હું તમારી સાથે કેવી રીતે વાત કરીશ? પણ ત્યાં આવીને એમ લાગ્યું જ નહીં કે હું તમને પહેલી વાર મળું છું. તમે અમારી સાથે વાતો કરી અને તમે કહ્યું આજથી આ મારી દિકા છે. ત્યારે હું ખુશ થઈ ગઈ. આજે પણ હું ખૂબ જ ખુશ છું કેમ કે આજે મારી પાસે પણ પપ્પા છે. જે મને દિકા કહીને બોલાવે છે.

હું પ્રાર્થના કરું છું કે તમે જે કાર્ય કરી રહ્યા છો ભગવાન તમને એમાં સફળ પાર ઉતારે.

**બસ એટલું જ...**

**Thank you Papa**
**સંગિતા**



## જીકાદરા પાયલ નાથાભાઈ

જન્મતારીખ:- ૦૭/૧૦/૧૯૯૧
પિતાની પુણ્યતિથી:- ૩૧/૦૩/૨૦૧૪



**મારા આદરણીય મહેશપપ્પાને**
**જય રામાપીર....**

**જે પપ્પા પોતાની દીકરીને જીવનમાં ખુશ રાખે તે પપ્પાના જીવનમાં દુ:ખનું તો સ્થાન જ નથી.**

પપ્પા, તમે મારી જિંદગીમાં આવ્યા તે પહેલાની થોડી વાતો કહેવા માગું છું. અને મને વિશ્વાસ છે કે તમે જરૂર ધ્યાનથી વાંચશો.

મારૂ નામ પાયલ છે. અમે ૫ બહેનો અને એક ભાઈ. અમે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનાં દોલતી ગામમાં રહેતા હતા. હું જ્યારે નાની થઇ ત્યારથી મારા પપ્પા બીમાર રહેતા હતા. અને કઈ પણ કામ કરી શકતા ન હતા. મારા મમ્મી ખેતીમાં મજૂરી કરવા જતાં હતા. એમ કરીને અમને ૬ ભાઈ બહેન ને મોટા કર્યા. મારાથી મોટી ચારેય બહેન પણ મોટી થઈને ખેતીકામ કરવા લાગી હતી. પછી એમના લગન થઈ ગયા. મારો ભાઈ હિરાનું કામ કરતો હતો. એ પણ આજે ૧૦ વર્ષ થી કામ નથી કરતો. ત્યારથી ઘરની બધી જવાબદારી મારી ઉપર આવી. જેથી હું ૭ ભણીને ખેતીકામ કરવા લાગી ગઈ. મારા પપ્પા પણ સજા થઈ ગયા હતા પછી મારા પપ્પા પણ થોડું થોડું કામ કરતાં હતા. ૫ વર્ષ કામ કર્યું. એક દિવસ મારા પપ્પા સવારે ૮ વાગે બજારે જતાં હતા ત્યારે ઝેરી મધમાખીનું આખું ઝુંડ મારા પપ્પાને કરડી ગયું. આખા શરીરમાં ઝેરી માખી કરડવાથી ત્યાં જ મારા પપ્પાનું અવસાન થયું. હું મારા મમ્મી અને ભાઈ સુરત ભાડેથી રહેવા આવી ગયા. સુરત આવીને મારી બહેને મને સિલાયનું મશીન આપ્યું. અને આજે હું સિલાય કામ કરીને મારૂ ઘર ચલાવું છું. પછી થોડા સમયમાં મારી સગાઈ કરી ત્યારથી મને ટેન્સન હતું કે મારા મમ્મી મારૂ કામ કેવી રીતે કરશે, શું કરશે? એમ વિચાર કરતાં મને મારા પપ્પા બોવ યાદ આવતા અને મારી આંખ માથી આંશુ નીકળી જતાં હતા અને મને એમ થતું કે આજે મારા પપ્પા હાજર હોત તો મારે કઈ પણ ટેન્સન નો હોત. પછી અમને વાત મળી કે પી.પી. સવાણીમાં લગ્નનું



ફોર્મ ભરાય છે. જેમાં પપ્પા વગરની ગરીબ દીકરીઓના ફોર્મ લેવાય છે. પછી અમે ફોર્મ ભર્યું. પછી થોડા સમયમાં મારી ઉપર પી.પી. સવાણીમાથી ફોન આવ્યો...પાયલદીદી તમારું ફોર્મ પાસ થઈ ગયું છે. ત્યારે હું ખૂબ ખુશ થઈ ગઈ ત્યારે મને એમ થયું કે ભગવાને મને મારા પપ્પા મહેશ પપ્પાના સ્વરૂપમાં આવ્યા. મહેશ પપ્પાએ મને ડ્રેસ, સાડી અને પાનેતરની ખરીદી ખૂબ સરસ કરાવી છે. આવી ખરીદી આવા લગ્ન તો મારા પપ્પા હાજર હોત તો એ પણ ન કરાવી શકત. આજે હું ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માનું છું કે તેને મારી જિંદગીમાં મહેશ પપ્પાને મોકલ્યા. મહેશ પપ્પા વિષે હું શું કહું, શું લખું, જેટલું લખું કે કહું એ બધુ ઓછું જ છે. જે પપ્પા દીકરી વિશે જે પણ કરે તે કહેવાનું કે લખવાનું ના હોય એ તો બસ સમજવાનું જ હોય કે બસ આને જ બાપ-દીકરીનો પ્રેમ કહેવાય. મહેશ પપ્પા વિશે જો હું કહું તો દરરોજ સૂરજ ઉગશેને આથમશે પણ કહેવાનું પૂરું નહીં થાય. અને જો મહેશ પપ્પા વિશે જો હું કઈ લખું તો પેનની શાહી પૂરી થતી જશે પણ મારા મહેશ પપ્પા વિષે લખવાનું પૂરું નહીં થાય. મારા મહેશ પપ્પા વિશે જેટલું લખું કે કહું એ ઓછું જ છે. ...ઓછું જ છે...ઓછું જ છે.... મહેશ પપ્પા આખી દુનિયાના બેસ્ટ પપ્પા છે. જેના વિશે પેનથી કાગળમાં લખી શકાય તેમ નથી એ તો મારૂ મન જ જાણે છે કે મહેશ પપ્પા મારા માટે શું છે. મહેશ પપ્પાનો હું હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. આઇ લવ યૂ પાપા..... આઇ લવ યૂ પાપા..... આઇ લવ યૂ પાપા.....

I LOVE YOU PAPA ...... I MISS YOU PAPA ......

જય રામાપીર

**જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં,**
**દુખને દેખાડ્યું નહીં, સુખને છલકાવ્યું નહીં,**
**હસતો રાખી ચેહરો અચાનક લીધી વિદાય,**
**પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ એ ખોટ કદી ભુલાય નહીં.**
**પ્રભુ મારા પપ્પાની દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.**

જોત જોતામાં દીકરી મોટી થઈ જાય છે અને એક દિવસ પાનેતર ઓઢી વિદાય થાય છે જતી વેળા પિતાની છાતીએ વળગીને સજળ નેત્રે એ કહે છે: “પપ્પા, હું જાવ છું..મારી ચિંતા ના કરશો...તમારી દવા બરોબર લેજો અને ત્યારે પોતાની આંખમાં ઉમટી આવતા આસુઓને તે રોકી શકતો નથી.”

દીકરી જ્યારે પોતાના પતિ સાથે પિયરમાં થોડા દિવસ રહેવા આવે છે ત્યારે એક છત તળે પિતા અને પતિના સાનિધ્યમાં તેને એવી તૃપ્તિ મળે છે માનો કોઈ શ્રદ્ધાળુને એક સાથે રામ અને કૃષ્ણના દર્શન થયા હોય.... દરેક દીકરી પોતાના પિતાને કેમ સૌથી વધુ પ્રેમ કરે છે કેમ કે તેને ખબર છે કે આ દુનિયા માં એક જ પુરુષ છે જે તેને ક્યારેય દુ:ખી નહીં કરે.



દીકરી એટ્લે શું?
દી: દિલ સાથે જોડાયેલો એક અતૂટ શ્વાસ
ક: કસ્તુરીની જેમ સદાય મહેકતી અને મહેકાવતી....
રી: રિધ્ધિ-સિધ્ધી આપનારી અને પરિવારને ઊજળો કરે એવી એક પરી....

કહેવા માટે મારી પાસે શબ્દો નથી.
આપવા માટે વસ્તુ નથી.
પણ હા દિલથી એક વાત જરૂર કહીશ કે,
તમારું ધ્યાન રાખજો.....કેમ કે મારી પાસે મહેશપપ્પા જેવા પપ્પા નથી....

**I love you papa.**
લિ. તમારી વહાલી દીકરી,
પાયલ





## ગોહિલ નૂતન કાનજીભાઈ

જન્મતારીખ:- ૦૧/૦૭/૧૯૯૫
પિતાની પુણ્યતિથી:- ૧૨/૧૦/૨૦૧૨

**OH MY DEAR PAPA**
**MAHESH PAPA**

**આજે હું જે વાત કહેવા જઈ રહી છું તે માત્ર વાત નહીં પરંતુ મારી જિંદગી છે.**

મારું સર્વસ્વ છે, મારો આત્મા છે. મારા ગુરુ, મારા સખા, મારા સુખ-દુ:ખના ભાગીદાર ઈશ્વરે નિમેલા મારા જન્મદાતા અને પાલનહાર મારા મમ્મી છે.

મારી એક એવી વાત જિંદગીની વર્ણવી છે જે માત્ર તમને જ કહી શકું છું કે પપ્પા માટે દીકરી વ્હાલનો દરિયો હોય તે પુત્ર સમાન હોય છે. તેમના કાળજાનો કટકો હોય છે.

મારા પપ્પાનું અવસાન ૧૩/૧૦/૨૦૧૨ના રોજ થયું. અમે ત્રણ બહેન છીએ. જ્યારે મારી મોટી બહેનના લગ્ન કર્યા ત્યારે મારા પપ્પા હાજર ન હતા.

અમે અમારા પોતાના પપ્પાને પણ ન જોયા હતા. ક્યારેય અમને એમનો પ્રેમ મળ્યો નથી તે જીવતા હતા ત્યારે અમને એમ થતું કે મારા પપ્પા છે કે નહીં. અમે મારી મમ્મી અને મામા સાથે જ અમારું જીવન વ્યતીત કર્યું. અમે ત્રણ બહેનો મમ્મી અને મામાનો આભાર માનીએ તોયે ઓછું છે. મારા મામા અમને ગામડેથી સુરત લાવ્યા અને ગામડે ગારાની ઓરડી માં રહેતા પણ મામા એવા હતા કે તેમને જોઈએ તો અમને એવું થાય કે અમે અમારા ભગવાન ને જોઈએ છીએ. મારા પપ્પા હતા કે ન હતા એવું અમને લાગતું હતું. અમને એ પણ નોતી ખબર કે પપ્પા શબ્દ શું કહેવાય છે. પપ્પાનો પ્રેમ શું કહેવાય તે પણ ખબર ન હતી. મારી નાની બહેન ૪ મહિનાની હતી ત્યારે જ મારા પપ્પા અમને બધાને છોડીને જતાં રહ્યા હતા. અમારી જિંદગી નર્ક જેવી થઈ ગઈ હતી. મારી મમ્મીએ મજૂરી કરીને ત્રણેય બહેનના પેટ ભર્યા. તે પોતે ભૂખ્યા રહેતા. જ્યારે અમે સુરત આવ્યા પછી મારા મામાએ અમને ભણાવ્યા અને અમને ત્રણેય બહેનોને મોટી કરીને એક મોટી બહેનને સાસરે વળાવી. અમને ત્રણેયને મારા મામા એ સિલાય મશીન શિખડાવ્યા. કામ ધંધે લગાવ્યા એ માટે તમારો



આભાર મમ્મી - મામા thank you very much.

**Dear my Mahesh papa Thank you papa**
**Thank you so much.**

મારા આદરણીય મહેશ પપ્પા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભગવાનને મે જોયા નથી પરંતુ આમાનું એક નામ પપ્પા તમારી સાથેનું છે. મહેશ કે ભગવાન આવા જ હોય છે.

મહેશ પપ્પા thank you તમારી છત્રછાયા બધી જ દીકરીઓ પર રહે છે. તમે અમારી lifeમાં આવીને પિતાજીનો દરજ્જો આપ્યો અને અમારૂ જીવન તમે ફૂલોથી ભરી દીધું.

પપ્પા બધા લોકો એવું માંને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી પરંતુ ભગવાને મને કુદરતના આ નિયમની વિરુદ્ધ જઈને મહેશ પપ્પાના સ્વરૂપમા મારા પપ્પા આપ્યા છે. હું મહેશ પપ્પામાં મારા પપ્પાને મહેસુસ કરું છું. પપ્પા તમે મારી લાઈફમાં આવીને મને ખૂબ જ ખુશી આપી છે તેથી હું દિલથી ખૂબ જ તમારો આભાર કરું છું.

Thanks a lot dear papa for coming in my life.

મહેશ પપ્પાનો દિવસ દીકરીઓના good morningથી શરૂ થાય છે અને good nightથી પૂરો થાય છે. ગમે તેવા કામનો બોજ હોય તો પણ પપ્પા દીકરીઓને મેસેજ કરવાનું ભૂલતા નથી. હંમેશાં અમારી ખુશીઓનો વિચાર કરે છે. કોઈ પણ દીકરીના પપ્પા ગમે તેવી મુશ્કેલી આવે તો પણ રડતાં નથી પરંતુ જ્યારે પોતાની દીકરીને સાસરે વળાવતી વખતે રડવા લાગે છે. અને હંમેશાં સુખના આશીર્વાદ આપીને મહેશ પપ્પા પ્રેમથી દીકરીઓને પપ્પાની કમી પૂરી કરીને વળાવે છે.

**લોહીના સંબંધ પણ ફિક્કા લાગે છે,**
**જ્યારે હૃદયના સંબંધો જોડીએ છીએ,**

જે સંબંધો ને સાચવવા પડે તે સંબંધ ક્યારેય સાચા નથી હોતા.
જે સંબંધો પ્રેમથી જોડીએ અને વિશ્વાસથી બાંધીએ એ ક્યારેય વીખરાતા નથી.

**તમારી દિકા,**
**નૂતન ગોહિલ**



# ગેલાણી કોમલ યોગેશકુમાર

જન્મતારીખઃ- ૩૧/૦૮/૧૯૯૧

પિતાની પુણ્યતિથીઃ- ૨/૧૦/૨૦૦૮



**વ્હાલા પપ્પા,**

**પપ્પા તમે મારા જીવનને સુગંધિત બનાવી દીધું.**

**Thank You for Being a Great Dad!**

**Your Memories Will Always Live In**

**The Very Core Of My Heart.**

આપ એક મહાન પિતા છો. કે જેને મારા જેવી કેટલીય દીકરીઓના હદયમાં સ્થાન મેળવ્યું છે. મારા હદયમાં પણ આપનું સ્થાન શ્રેષ્ઠતમ છે. અમે પરિવારમાં ચાર બહેનો અને એક ભાઈ છીએ. મારા પિતા ખૂબ જ મહેનત કરી અમારા જીવનને આગળ વધારવા તત્પર હતા.

મેં ધોરણ 8 સુધી અભ્યાસ કર્યો. હું ભણવામાં મધ્યમ હતી. એટલે વિચાર્યું કે ભાઈ હોશિયાર છે તો તે ભણે અને આગળ વધે તો હું ભણતર મૂકીને મમ્મી પપ્પાને કામમાં મદદ કરું. એટલે નાની ઉમરમાં જ મમ્મી પપ્પાને કામમાં મદદ કરવા લાગી. ભાઈને 12 ધોરણ પૂરું થયું. મોટી બહેનના લગ્ન પપ્પાની હાજરીમાં જ થયા હતા. જેમ તેમ કરીને એ ખર્ચ પૂરો કર્યો ત્યાં ભાઈના ભણતરનો ખર્ચ આવી ગયો.

ભાઈને ભણાવવો કે નહીં તે વિચાર ઘરમાં ચાલતો હતો. પણ એ સમયે મારા જીજાજી ભરતકુમારની પરિસ્થિતી સારી હતી એટલે તેમણે આર્થિક સહાય કરી અને ભાઈને ભણવામાં મદદ કરી. અને અમે બંને નાની બહેનો બીજાના ખેતરમાં મજૂરી કામ કરી ઘરનું ગુજરાન ચલાવતા. સમય ધીમે ધીમે પસાર થયો. ભાઈ એ પી.ટી.સી. કર્યું. પછી નોકરીમાં જોડાયો. આ સમય દરમિયાન મારા પપ્પા બીમાર પડ્યા અને એમને ફેફસાંની બીમારી થઈ. આ બીમારી ઘણા ખર્ચ કરવા છતાં પણ ગઈ નહીં. અને હું મારો સહારો આદર્શ પિતાને ખોઈ બેઠી.

પછી તો જીવનની રંગીન દુનિયા બેરંગી બની ગઈ.મારી ચિંતા વધતી ગઈ કે હવે શું થશે.પિતાની યાદ હમેશા આવતી જ રહેતી. ભાઈ સાંત્વના આપતો પણ પિતા ગયાનું દુઃખ મને હતું જ. પછી થોડી ખુશીની પળો આવી. મોટી બહેન અને

ભાઈની સગાઈ થઈ. એકનો એક ભાઈ એટલે સમાજના નિયમોને ધ્યાનમાં રાખીને એક પ્રસંગ કર્યો. પ્રસંગના ખર્ચા માંથી ભાઈ ક્યારે બહાર નીકળે એની ચિંતા સતત રહેતી. ત્યારે પણ જીજાજી ભરતકુમારે ખૂબ સહયોગ આપ્યો.

હવે ધંધામાં મંદીનો સમય એટલે જીજાજીનો ધંધો પણ નબળો પડ્યો. ભાઈની સરકારી નોકરી એટલે સરકાર પાંચ વર્ષ સુધી પગાર પણ ઓછો આપે. આર્થિક સહયોગ આપી શકે એવું કોઈ નહીં. અમે મશીન ચલાવતા પણ સુરત જેવા શહેરમાં ઘર ચલાવવું મુશ્કેલ હતું. એક વિચાર કે ચિંતા વારંવાર થતી કે ભાઈ પ્રસંગનો ખર્ચ ક્યાથી કાઢશે. એના ઘરનું જ થાય છે એમાં લગ્નનો ખર્ચ આવશે તો શું થશે? આવી વિકટ પરિસ્થિતિમાં શું કરવું એની ખૂબ જ ચિંતા હતી.

આવા વિકટ સમયે મહેશ પપ્પા તમે મારા જીવનમાં આવ્યા. એકદમ પપ્પા જેવો જ આપનો સ્વભાવ અને હું અને મારા મમ્મી આપણને મળ્યા. ત્યારે તમે મારા મમ્મીને કીધું કે આ હવે મારી દિકા છે. તમે ચિંતા ન કરો. આ શબ્દો મારા મમ્મીના હદયમાં આવતા જ તેના આનંદનો પાર ન રહ્યો. એ આનંદ વર્ણવવા મારી પાસે શબ્દો જ નથી.

**"પૂરી જિંદગી પાપા કે નામ કરતી હું,**
**મે ખુદ કો પાપા કી ગુલામ કરતી હું,**
**જિસને પૂરી જિંદગી મુજ પર નિસાર કર દી,**
**ઉસ પાપા(મહેશપપ્પા) કો સલામ કરતી હું."**

આપ જે મારા જેવી પિતા વગરની દીકરીઓની કાળજી રાખો તે જોઈને મારી આંખમાં હર્ષના આંસુ આવી જાય છે. હું હદયથી ગર્વ અનુભવું છું કે તમારા જેવા પપ્પા મળ્યા. અને હું ભાગ્યશાળી છું કે હું તમારી દીકરી બની.

ભગવાને મને સૌથી મોટી ગિફ્ટ આપી. ભગવાને મને સારામાં સારા મિત્ર જેવા મહેશ પપ્પા આપ્યા.

હું ઈશ્વરને હદયથી પ્રાર્થના કરું છું કે મારા મહેશ પપ્પાને ભગવાન આવા જ સત્કાર્યો માટે લાંબુ આયુષ્ય આપે. સંપતિ તો ઘણા પાસે છે પણ સાચા માર્ગે વાપરનાર મારા મહેશપપ્પાને પ્રણામ.

**લિ.**
**તમારી લાડકી દીકરી**
**કોમલ**





# સતાણી ગુલાબ જયદીપકુમાર

જન્મતારીખ:- ૨૧/૦૭/૧૯૯૩

પિતાની પુણ્યતિથી:- ૨/૧૦/૨૦૦૮

**પ્રિય પપ્પા,**

જય રામાપીર પપ્પા,

આજે મારે પણ પપ્પા વિશે કંઈક જણાવવું છે. હું તો વિચારું છું કે દુનિયામાં પપ્પા વિશે કઈ કહેવાની જરૂર પડે, એ તો સૌ જાણતા જ હોય છે. 'માં'વિશે તો દુનિયામાં ઘણા લેખો અને સુવિચારો છે પરંતુ એક પિતા વિશે કંઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ કે લેખકો પણ પાછા પડી જાય છે. કેમ કે પિતા વિશે તો લેખ કાગળમાં નહીં પણ દિલમાં હોય પણ છે એ પણ એક દીકરી જ લખી સકે.'પિતા ને પુત્રી'ના પ્રેમને કોઈ તોલી શકે નહીં. એક દીકરી માટે તો તેના પિતા વર્લ્ડના બેસ્ટ પિતા જ હોય છે. કેમ કે પપ્પા તમે દરેક ઈચ્છા પૂર્ણ કરતાં હોય છે. દીકરીને પણ ખ્યાલ હોય છે કે પુરુષપ્રધાન આ સમાજમાં આ એક વ્યક્તિ જેમ કે પપ્પા તમને દુખી નહીં થવા દે.

હું જ્યારે નાની હતી ત્યારે ધોરણ ૮માં અભ્યાસ કરતી ત્યારે મારા પપ્પાનું બીમારીના કારણે અવસાન થયું પછી હું અને મારા દાદી અને મારા મમ્મી ખેતી કામ કરતાં ત્યારે મારો ભાઈ પી.ટી.સી. માં અભ્યાસ કરતો ત્યારે મારી મોટી દીદી ઘરકામ કરતી મારે એક ભાઈ અને ત્રણ દીદી છે. ભાઈને ભણાવતા અમે ખેતમજૂરી કરી અમારું ગુજરાન ચલાવતા. થોડા સમય પછી અમે સુરત આવ્યા. પછી ભાડાના મકાનમાં રહેતા. સિલાય કામ કરી ગુજરાન ચલાવતા.અમારી ચિંતા મારા ભાઈને ઘણી હતી. પછી અમારી સગાઈ ગોતી ત્યાં અમારા ગામના રમેશભાઈ જોગાણીએ અમને સવાણી પરિવારનો સંપર્ક કરાવ્યો. હું એટલું કહેવા માંગુ છું પૈસા ભગવાને ઘણા બધા લોકોને આપ્યા છે. પણ આવો પરિવાર આવા પપ્પા મને જન્મો જનમ મળે. ઘણા ધનિક લોકો છે પણ મારા પપ્પા જેવા કોઈ નહીં જેમને હજારો દીકરીઓના કન્યાદાન કરાવ્યા. સમાજને વિશે એ કહેવા માંગુ છું કે જ્યારે મહેશ પપ્પા જેવા પપ્પા મળ્યા ત્યારે મને કુંવરબાઈનો પ્રસંગ યાદ આવી ગયો.

હું ટૂંકમાં કહીશ કે ભગવાન મારા પપ્પાથી વિશેષ આવા કોઈ મહાન



વ્યક્તિ હોય તો મારા મહેશ પપ્પા છે. જેમને મારી જેવી દીકરીઓને પપ્પાનો દરજ્જો આપ્યો. જન્મો જન્મ હું તમારા જેવા જ પપ્પા માંગું છું. ભગવાને મને સૌથી મોટી ગિફ્ટ આપી હું ભાગ્યશાળી છે કે હું તમારી દિકરી બની હું ઈશ્વરને હદય પૂર્વક પ્રાર્થના કરું છું કે મારા મહેશ પપ્પાને ભગવાન આવા સત્કાર્યો માટે લાંબું આયુષ્ય આપે ખૂબ સંપતિ આપે સાચે માર્ગે વાપરનારા મારા મહેશ પપ્પાને ભાલાવાળા સદાયને માટે ખૂબ ખૂબ બળ આપે.....

મારાથી કઈ પણ ભૂલ થઈ હોય તો તમારો દીકા બે હાથ અને માથું નમાવીને તમારી ક્ષમા માંગે છે.

**તમારી વ્હાલી દિકા**
**ગુલાબ સતાણી**





## સાવલિયા જાગૃતિ મગનભાઈ

જન્મ તારીખઃ- ૧૫/૦૩/૧૯૮૮
પિતાની પુણ્યતિથીઃ ૧૪/૦૫/૨૦૦૫

**આત્મપ્રિય મહેશપપ્પા,**

**જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે મારા પપ્પા વિશે તમને કંઈક જણાવવાનું છે.**

હું એક મધ્યમ વર્ગની છોકરી છું. હું મારા પપ્પાને બહુ જ વહાલી હતી. તેઓ હંમેશાં મારી ખુશીનું ધ્યાન રાખતા. મારી દરેક જરૂરિયાત મારા પિતા પૂરી કરતાં, હું પણ મારા પિતાને ખૂબ જ પ્રેમ કરું છું. પરંતુ અચાનક જ હાર્ટ એટેક આવવાથી તા.-૧૪/૦૫/૨૦૦૫ના રોજ મારા પપ્પાનું અવસાન થયું. પછી તો અમારા ઉપર જાણે આભ તૂટી પડ્યું. પપ્પા વિનાનું ઘર સૂનું થઈ ગયું. પપ્પા બોલવાના શબ્દો પણ જતાં રહ્યા.

અમારા ઘરમાં હું અને મારા બે ભાઈ, મમ્મી છે. પપ્પાના ગયા પછી અમારા ત્રણેયની જવાબદારી મમ્મી ઉપર આવી ગઈ. મમ્મી રાત-દિવસ મહેનત મજૂરી કરી અમારું ઘર ચલાવતી.

હું પહેલીવાર ઓફિસ તમને મળવા માટે આવી ત્યારે એવું વિચારતી કે આટલી મોટી વ્યક્તિને કેવી રીતે મળીશ, તે કેવી રીતે મારી સાથે વાત કરશે, એવા પ્રશ્નો મારા મનમાં ઉત્પન થતાં હતા. પરંતુ પપ્પાને મળ્યા પછી પપ્પાએ કહ્યું હતું કે તું મને પપ્પા કહેજે ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયા. ત્યારે મને સમજાયું કે પપ્પા આટલા સાદા અને સરળ છે. પપ્પા મારા જીવનમાં આવ્યા ત્યારથી હું બધાને ગર્વ થી કહું છું કે હું મહેશપપ્પાની દીકરી છું. કારણકે તેમણે એક પિતા તરીકેની બધી જ જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી છે.

પપ્પા તમારે મારા જેવી ઘણી દીકરીઓ છે પણ કોઈ દીકરી વિશે તમારી લાગણી ઓછી નથી એ તો મને ખબર છે. પપ્પા તરફથી મને ખૂબ જ સહકાર મળ્યો છે અને તેના માટે હું મારા હદય થી એક પપ્પા તરીકેની લાગણી અનુભવું છું. તમે અમને પપ્પા તરીકે બોલાવવાનો હક આપ્યો છે તે હું જિંદગીમાં નહીં ભૂલું. લખવામાં કઈ પણ ભૂલ થઈ હોય તો માફ કરજો. મારા પત્રને પૂરો કરતાં પહેલા એટલું જ કહીશ કે આઇ લવ યૂ પાપા મારી જિંદગીમાં આવવા **માટે ભગવાન તમને ખૂબ લાંબી ઉમર, હિમ્મત અને શક્તિ આપે.**

**તમારી દીકરી, જાગૃતિ**



# બોદરા હિના પદમશીભાઈ

જન્મતારીખઃ- ૨૭/૦૨/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૧૫/૦૬/૨૦૧૪



**જય રામાપીર,**
**મારા વ્હાલા પપ્પા,**

પપ્પા તમારા વિશે જેટલું કહું એટલું ઓછું કહેવાય. તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વ્હાલને શબ્દમાં ઉતારવા માટે આ કાગળ ઘણો જ નાનો છે.

અમારા ઘરમાં મારા મમ્મી-પપ્પા, મારા બે ભાઈ અને હું- એમ પાંચ વ્યક્તિ રહેતા હતા. મારા પપ્પા એક વર્ષથી બીમાર હતા. તેમણે કેન્સર હતું એક વર્ષથી દવા ચાલુ હતી. અચાનક તેઓ વધારે બીમાર પડી ગયા અને દવાખાને દાખલ કર્યા. એક મહિનો ત્યાં રાખ્યા હતા અને કેન્સરની ગાંઠનું ઓપરેશન કર્યું. પછી તેમને ઘરે લાવ્યા. પછી ઘરે તેઓ પાંચ દિવસ રહ્યા અને ૧૫-૦૬-૨૦૧૪ના દિવસે તેઓ અવસાન પામ્યા. તે દિવસે હું બહુ રડી. મને એમ થઈ ગયું કે હવે હું પપ્પા કોને કહીશ, પપ્પા વગરનું ઘર સૂનું સૂનું લાગશે, મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતાં હતા. ક્યારેક પપ્પા મને ખીજાઈ ગયા હોય તો હું રિસાય જતી, જમતી પણ નહીં અને પછી તરત મારા પપ્પા મને મનાવી લેતા. અને કહેતા કે ચાલ બેટા હવે જમી લે હવે ક્યારેય તને નહીં ખીજાવ. મારા પપ્પા મને બહુ યાદ આવતા. ઘરમાં બધાને બહુ જ હસાવતા. મારા બંને ભાઈ હીરામાં નોકરી કરે છે. અને હું સીવવાનું કામ કરતી. મારા મમ્મી પણ મને મદદ કરાવતા. મારા પપ્પાનું અવસાન થયા પછી ૩ થી ૪ મહિના પછી મારો સંબંધ ગોતવાનું ચાલુ કર્યું. સંબંધ થઇ ગયા પછી ઘરમાં બધાને ચિંતા થતી કે આપણી પાસે કોઈ જ નથી. બહેનના લગ્ન કેવી રીતે કરશું એક દિવસ અમારા ઘરે મારા ફુવા બેસવા આવ્યા હતા અને તેમણે વાત કરી કે મહેશભાઇ સવાણી જે દીકરીને પિતા ન હોય તેને પરણાવે છે. અને પછી અમે તમારો કૉન્ટેક્ટ કર્યો અને અમે તમને અમારા ઘરની બધી હકીકતની વાત કરી અને મારા ફુવાએ તમને કહ્યું કે મહેશભાઇ આ દીકરીનું ફોર્મ લઈ લેજો અને પછી તમે મારૂ ફોર્મ લઈ લીધું. અને અમે બધા ખૂબ જ ખુશ થઈ ગયા. થોડા દિવસ પછી તમે મને મિટિંગમાં બોલાવી. તમને જોઈને હું ખૂબ જ ખુશ થઈ

ગઈ અને તમે મને દિકા કહ્યું ત્યારે મારી આંખોમાં ખુશીના આંસુ આવી ગયા. તમે મને કહ્યું કે આજથી તું મારી દીકરી, તું મને પપ્પા કહેજે ત્યારથી જ હું તમને પપ્પા કહેવા લાગી. મને એમ થઈ ગયું કે મને મારા જીવનમાં મારા પપ્પા પાછા મળી ગયા અને પછી રોજ પપ્પા મને સવારે good morning અને સાંજે good night dika એવા મેસેજ કરતાં અને હું પણ પપ્પાને મેસેજ કરતી. હું બહુ જ ખુશ છું કે મને સ્વીટ પપ્પા મળ્યા. મે સપનામાં પણ નહોતું વિચાર્યુ કે મારા લગ્ન આવા ધામધૂમથી થાશે. હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું. આવી જ રીતે બધી દિકાઓને ખુશ રાખજો અને તમે પણ હંમેશાં ખુશ રહેજો. તમારી તબિયત સાચવજો. બસ આટલું જ કહું છું. પપ્પા તમે મળ્યા તો જાણે પ્રેમ મળ્યો, વ્હાલ મળ્યું, સુખ મળ્યું ને મારો ખોવાયેલો આત્મવિશ્વાસ મળ્યો. લખવામાં કઈ ભૂલચૂક થઈ હોય તો મને માફ કરી દેજો પપ્પા.

**તમારી વહાલી દીકરી,**
**હીના**



## જાદવ પાયલ કાળુભાઇ

જન્મ તારીખ:-૧૬/૧૦/૧૯૯૫
પિતાની પુણ્યતિથી:-૨૨/૦૯/૨૦૧૧



**જય રામાપીર, Dear Papa,**

સૌ પ્રથમ તો હું મારા મહેશપપ્પાને જય રામાપીર કહીને આ પત્રની શરૂઆત કરું છું. હું દડવા ગામની છું. મારા પપ્પા બીમાર રહેતા તેથી એને ભાવનગર લાલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. પણ તેમણે સારુ ના થયું અને એટેક આવી ગયું. મારા પપ્પાનું અવસાન થયું ત્યારબાદ અમારા ઘરમાં અંધારું છવાય ગયું એવું લાગતું હતું કે હવે કોઈ નથી અમારા માટે એ દિવસ હું ક્યારેય નહીં ભૂલી શકું. છેલ્લી વાર હું પપ્પાને ના મળી શકી એ દિવસ હું મારા ફઈને ત્યાં હતી. છેલ્લી વાર પપ્પાને ના મળી શકી એ વાતનો બહુ અફસોસ થાય છે. પપ્પા વિના સમાજમાં રહેવું બહું મુશ્કેલ છે. ત્યાર પછી હું મારી મમ્મી અને નાનો ભાઈ મામા સાથે સુરત આવ્યા અને હું લેસ પટ્ટીમાં કામ કરવા લાગી ત્યાં મારી મુલાકાત ચાંદની દીદી સાથે થઈ. એમને મને ભાવેશ અંકલના નંબર આપ્યા, તેમણે મારી મુલાકાત મહેશપપ્પા જોડે કરાવી. બધા એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા નથી આવતા પરંતુ ભગવાને મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પા આપ્યા. પપ્પા તમારા માટે હું શું લખું, મારા મનમાં એટલું છે કે ક્યાથી શરૂઆત કરું. જ્યારે પપ્પા સાથે મારી મુલાકાત થઈ ત્યારે પપ્પાએ, મારા માથે હાથ મૂકીને કહ્યું દિકા તારે હવે કઈ ટેન્શન નથી તારા પપ્પા હવે આવી ગયા છે. પપ્પા તમે મારી લાઈફ માં આવ્યા. હું બહુ ખુશ છું. મારા જીવનમાં પપ્પાની કમી પૂરી થઈ ગઈ. ભગવાનને બસ એક જ પ્રાર્થના કરું કે મારા પપ્પાને ભગવાન સદાય હસતાં રાખે. પપ્પા મળવાથી મને ઘણી બધી દીદીઓ મળી છે. તેનો મને ઘણો આનંદ છે. પપ્પા હું તમને જ્યારે યાદ કરું છું. જ્યારે જોવ છું. તો મારી આંખમાથી એક દીકરીના પ્રેમના આંસુ છલકાય છે. બસ પપ્પા, હવે શબ્દ નથી, પણ દિલથી કહું છું પપ્પા,

**Thank You So Much Papa**

**આજ હો કલ જૈસા, કલ હો ગુલાબ જૈસા,**
**મહેક હો તાજ જૈસા ઓર...જિંદગી કે હર જન્મ મે પાપા હોતો આપ જૈસા......**

**I Love You So Much Papa**

**તમારી લાડકી દિકા પાયલ, જય રામાપીર**





# પટેલ ઉમા કાંતિભાઈ

જન્મતારીખઃ- ૧૧/૦૯/૧૯૮૨
પિતાની પુણ્યતિથીઃ- ૨૭/૦૨/૨૦૧૨

**જય રામાપીર જય ખોડિયારમાં**
**તમારી વ્હાલી દિકા ઉમાના જય રામાપીર**

મારા પપ્પા હું ક્યાથી શરૂ કરું એ જ વાતની ખબર નથી પડતી. પપ્પા હું અને કુમાર તમને મળવા આવ્યા હતા ને મે કહ્યું હતું કે હું એક વિધવા છું અને હવે મારે આમાં જોડાવું છે. આ મારા બીજા લગ્ન છે.

પહેલા લગ્નમાં તો મારા પપ્પા હતા. હું ૧૮ વર્ષની થઈ એટલે બધાને કહે ક્યાય સારી વાત હોય તો ધ્યાનમાં રાખજો મારી દીકરી હવે મોટી થઈ ગઈ છે, હું પપ્પાને કહેતી કે મારે લગ્ન નથી કરવા મારે તમારી પાસે જ રહેવું છે. ત્યારે પપ્પા મને કહેતા કે,

**કટારી ગમે એટલી વ્હાલી હોય એને કેડે જ ખોસાય, પેટમાં નહીં,**
**તેમ દીકરી ગમે એટલી મોટી થઈ જાય પણ એ સાસરે જ શોભે.**
**દીકરી ગમે એટલી જવાબદારી સંભાળતી હોય,**
**સમજુ હોય પણ એને બાપનું ઘર છોડવું જ પડે ને પારકા ઘરે જવું પડે.**
**દીકરી બે ઘરની ઈજ્જત હોય છે.**
**એટલે જ તો કહેવાય છે કે "નારી તું નારાયણી"**

પછી પપ્પાના થોડા શબ્દમાં મને ઘણું સમજાયું ને મે લગ્ન માટે હા પાડી. ત્યાં મારી સાસરીમાં બધુ સારું હતું ત્યાં મારે એક બાળક થયું એ સવા માહિનાનું થયું ત્યાં મારા પપ્પાનું અવસાન થયું ને બાળક ૧ વર્ષનું થયું ત્યાં મારા પતિનું અવસાન થયું. પછી તો મારા જીવનમાં દુઃખનો કોઈ પાર જ ન રહ્યો. બધી બાજુ દુઃખ જ ક્યાં જવું કોને કહેવું?

સાસરિયાં વાળાએ એક વર્ષ સાચવ્યા પછી તો છોકરું બીમાર થાય. હું બીમાર થાવ તો દવાના પૈસા આપે નહીં. કપડાં લઈ ન આપે. ત્યાં ગામમાં મારા ફઈ છે. તેમણે ખબર પડી એટલે એમને મારા મમ્મીને વાત કરી તો મમ્મી ઢીલા પડી ગયા. ને કહ્યું કે હું એને ફોન કરું ત્યારે તો મારી દીકરી મને કહે કે મમ્મી મારે બધુ સારું છે. તમે



તમારી તબિયત સાચવજો. ને ટાઈમે જમી લેજો. તો આ સાચી વાત છે.

પછી મારા મમ્મીને મારા બધા સંબંધીઓ મને સુરત લઈ આવ્યાને મને કહે બેટા સુરતમાં અજાણ્યાને પણ રોટલો મળે છે. તો તને અને તારા દીકરાને કેમ નહીં. તારે તો તારા પપ્પાના ઘરમાં રહેવાનુ છે. પછી શું વાંધો ને સમય જતાં મારો દીકરો બે વર્ષનો થઈ ગયો. પછી હું હીરાની ઓફિસમાં કામ કરવા લાગી. ત્યાં અમારા શેઠ ખૂબ દયાળુ છે. એમને માને કીધું કે બેટા મમ્મી છે ત્યાં સુધી પછી તારું કોણ? પછી મને બે જગ્યાએ છોકરા બતાવ્યા તો મને ગમી ગયું પછી મે હા પાડી.

ઉનાળામાં લગ્ન રાખવાના હતા. પછી મારા મામાના ગામની એક દીકરીએ અમને પી. પી. સવાણીમાં જોડાવા કહ્યું.

પછી અમે તમારા સુધી પહોંચી ગયા અને ત્યારથી તમે જવાબદારી લીધી છે ત્યારના મારા મમ્મીને હું ખૂબ ખુશ છીએ. કે તમે મારા માથા પરનો ઘણો ભાર દૂર કરી દીધો.

પપ્પા એ દિવસ ક્યારેય નહિ ભૂલું જે દિવસે મારા મહેશ પપ્પા મારી જિંદગીમાં આવ્યા. ને મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો.

આજે મને મારા પપ્પા ન હોવાનો કોઈ અફસોસ કે દુખ નથી કેમ કે મારા પપ્પા મારી સાથે જ છે મારા મહેશ પપ્પાના સ્વરૂપમાં.

જ્યારે ગુજરાતી ગીત આવતું દીકરી તો પારકી થાપણ કહેવાય એમાં એવી એક લાઇન આવે છે કે દીકરીના માથે હવે બાપનો હાથ નહીં ફરશે. આ સાંભળ્યું ત્યારે મને ખૂબ જ રડવું આવતું પણ હવે રડવું નથી આવતું. મારે તો મહેશ પપ્પાનો હાથ મારા માથે છે જ ને.

**તમારા માટે લખું એટલું ઓછું છે.**
**પણ ની:સ્વાર્થી કોઈ હોય તો એ મહેશપપ્પા.........**
**રૂપિયા તો લોકો પાસે ઘણા છે,**
**પણ ખુલ્લા મને વાપરે એ મહેશપપ્પા.....**
**દિકા તો બધાય સગા કહે,**
**પણ સાચી ફરજ નિભાવે છે એ મારા મહેશપપ્પા.**

**God bless you papa...**
**Love You Papa...**
**Thank You So Much Papa...**
**I Am Proud Of You Papa...**
**I Miss you papa...**
**લિ. ઉમા**





## ચાવડા સેજલ મનસુખભાઇ

જન્મતારીખઃ-૦૪/૦૬/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ-૧૮/૦૫/૨૦૧૪

**My sweet papa,**
**પપ્પા જય રામાપીર,**

પપ્પા તમે હંમેશાં મારી સાથે જ છો તો હું મારી જાતને એકલી નથી માનતી. મારી જોડે મારા પપ્પા છે જે ઈશ્વરથી પણ મહાન છે.

મારા પપ્પાનું અવસાન 18/05/2014ના રોજ એેટેક આવવાથી થયેલ ત્યારે અમારા ઘરમાં અંધકાર છવાય ગયો હતો. મારા પપ્પા મારી માટે બધું જ હતા. હું બધા કરતાં પપ્પાની લાડકી હતી અને મારી મમ્મી અને હું બંને મારા પપ્પા જતાં રહ્યા પછી ખેતી કામ કરવા લાગી ગયા.

પપ્પા તમે અમારી લાઈફમાં આવ્યા પછી અમારી જિંદગી ખુશ ખુશાલ છે. મહેશ પપ્પા ના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. હું મહેશ પપ્પામાં મારા પપ્પાને મહેસૂસ કરું છું. પપ્પા મારી અને તમારી મુલાકાત પહેલી મિટિંગમાં અને શોપિંગમાં થઈ. ત્યારે મને લાગ્યુ હતું કે મારા પપ્પા મને કેમ પ્રેમથી બધી જ ખરીદી કરાવતા હોય એવી વ્યક્ત થતું હતું.

આમ મારા પપ્પાને પણ ભુલાવી દેનારા મારા મહેશ પપ્પા તરફ હું દિલથી આભારની લાગણી વ્યક્ત કરું છું.

**જય રામાપીર**
**લિ.**
**તમારી વહાલી દિકરી**
**સેજલ**



## કણજરિયા મનીષા ધીરુભાઈ

જન્મ તારીખઃ- ૨૨/૦૭/૧૯૯૭
પિતાની પુણ્યતિથીઃ- ૧૯/૧૨/૨૦૧૨



**Dear papa and my sweet papa,**

મહેશ પપ્પાને મળવા ગઈ ત્યારે તેમણે મને બેસાડીને કહ્યું હવે દિકા તારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી ત્યારે હું બહુ ખુશ થઇ ગઈ અને મારી આંખમાં ખુશીના આંસુ આવી ગયા.

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે મારા પપ્પા અને મારી જિંદગી વિશે તમને કંઈક જણાવવાનું છે કે પપ્પા માટે દીકરી વ્હાલનો દરિયો હોય છે. તે પુત્ર સમાન હોય છે. તેનો કાળજાનો કટકો હોય છે.

મારા પરિવારમાં મારે એક ભાઈ અને અમે બે બહેનો છીએ. મારા પપ્પા ગામ મોટા જાદરામાં ટેમ્પો ચલાવતા હતા. અમારા ઘરમાં કોઈ ખોટ ન હતી. અમારો પરિવાર સુખી હતો અને થોડા સમય પછી મારી મોટી બહેનના લગ્ન અમે ધામધૂમથી કર્યા. પપ્પા બહુ જ ખુશ હતા. અને પછી જિંદગીએ અમારી સાથે શું વેર હશે? તે વેર અમારી સાથે વાળ્યું. એક દિવસ અચાનક મારા પપ્પાને તા.19/12/2012ના રોજ હૃદયરોગનો હુમલો આવી ગયો હતો. તે દિવસોને યાદ કરીને મને ખૂબ જ દુખ થાય છે. ત્યારે તો અમારા ઘરમાં ચારે બાજુ ઉદાસી, ભયંકર ખાલીપા સાથે જીવાતું જીવન એટલું જ બચ્યું હતું. અમારા ઘરે કમાવાવાળું કોઈ જ નહોતું. પપ્પાના ગુજરી ગયા બાદ હું અને મારા મમ્મી ખેત મજૂરી કરવા જતા હતા. પછી તેમાથી મારા નાના ભાઈના ભણતરનો ખર્ચ પૂરો પાડતાં અને ઘરમાં ગુજરાન ચલાવતા હતા. પછી મારા મમ્મી પપ્પા ગુજરી ગયાની ચિંતામાં રહેતા હતા. ચિંતામાં ને ચિંતામાં મારા મમ્મી બીમાર થવા લાગ્યા.અને થોડા સમય બાદ 22/02/2015ના રોજ મારા મમ્મી ગુજરી ગયા. પછી તો અમારી માથે આભ તૂટી પડ્યું હોય તેમ ખૂબ જ આઘાત લાગ્યો. હું અને મારો ભાઈ મા બાપ વગરના થઈ ગયા. અમે બને ભાઈ બહેન વિચારતા કે અમે શું કરીશું? ક્યાં જઈશું? પછી અમને મારી મોટી બહેન તેના ઘરે લઈ જતી. પણ, મારા

મામાએ ના પાડી કે અમે બને ભાઈ બહેન મામાના ઘરે રહ્યા. અને પછી મારા મામા અમને બને ભાઈ બહેનને ગામડેથી સુરત લઈ આવ્યા. હું અને મારો ભાઈ મામા ભેગા ખૂબ જ ખુશ છીએ. મારા મામાના ઘરના સભ્ય, વડીલો બધા ખૂબ જ ખુશ છીએ. મારા મામાના ઘરના સભ્યો બહુ  જ સારા છે. અમને બહુ જ સાચવે છે. થોડા સમય પછી મારા મામાએ એક સારા પરિવારમાં મારી સગાઈ કરાવી દીધી. મારા ભાભીના ગામના સંબંધી થતાં હતા. દીપકભાઈ સાવલિયા નામના વ્યક્તિએ અમને લગ્ન ફોર્મ ભરવાનું કહ્યું. અમને આર્થિક સહાય મળે અને લગ્નનું ફોર્મ પણ ભર્યું. અને થોડા સમય બાદ મિટિંગ હતી ત્યારે હું પહેલીવાર મહેશ પપ્પાને મળી ત્યારે મહેશ પપ્પાએ મને દિકા કહીને બોલાવી ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયા. પછી મને મહેશ પપ્પાનો પ્રેમ મળ્યો અને જિંદગીનું ફરીથી નવસર્જન કરનાર ઈશ્વર સ્વરૂપ મહેશ પપ્પાનો પિતા તરીકે પ્રવેશ થયો અને જાણે કે જીવન પ્રત્યેની દરેક ફરિયાદો દૂર થઈ ગઈ. અર્થ વગરની જીંદગીનો અર્થ મળી ગયો. મારું એક સપનું હતું અને ભગવાને તે પૂરું કર્યું છે. મારી ઈચ્છા હતી કે મારા લગ્નમાં મારા પિતા હોય અને તમારા આખા પરિવારેએ કમી પૂરી કરી છે. મેં ક્યારેય વિચાર્યું પણ ન હતું કે મારું સપનું સાચું પડશે. મહેશ પપ્પા હું બહુ જ ખુશ છું પપ્પા હવે શું લખું વધારે લખતા લખતા શબ્દ પણ ઓછા પડે છે. પપ્પા તમે મને ક્યારેય ભૂલતા નહી....મારાથી ક્યારેય કોઈ ભૂલ થઈ જાય તો પપ્પા આ તમારી લાડલીને માફ કરજો.

આજે મને ગર્વ થાય છે તમારા પર. તમે આટલી બધી દીકરીઓના જીવનમાં પપ્પા બનીને તેમનુ પપ્પા વિનાનું અધૂરું જીવન પૂરું કર્યું. આજે હું ખૂબ જ ખુશ છું. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તમે પણ જીવનમાં હંમેશાં ખુશ રહો અને મારા જેવી ઘણી બધી દીકરીઓના પપ્પા બનીને એમનું અધૂરું જીવન પૂરું કરો.

**I Miss you Papa**
**નથી જીવવું બીતાં બીતાં કેમ કે**
**સાથમાં છે સાયા**
**હામ છે હૈયામાં**
**હિમ્મત આપી છે પપ્પાએ ઉત્સાહ છે, આનંદમાં**
**તો ઊજળું કરવાની શક્તિ આપી છે પપ્પાએ**

**Thank you papa...**
**I Miss You Pappa...**
**તમારી વહાલી દીકરી**
**મનીષા**



## બોરડ સરોજ દકુભાઈ

જન્મ તારીખઃ- ૧૮/૦૬/૧૯૮૯
પિતાની પુણ્યતિથીઃ- ૨૧/૦૯/૨૦૧૦



**જય રામાપીર,**

**Hello, Dear Papa,**

હું મારા મહેશ પપ્પા વિશે જેટલું લખું, જેટલા વખાણ કરું તેટલા ઓછા પડે છે. ભગવાને મારા માથા પરથી મારા પપ્પાનો છાયો છીનવી લીધો ત્યારથી મારી જિંદગીમાં અંધારું થઈ ગયું હતું. પણ જ્યારથી મહેશ પપ્પા મળ્યા ત્યારથી મને એક નવી જિંદગી મળી છે. મહેશ પપ્પા જે આટલા મોટા કામ કરે છે તે તો દુનિયામાં કોઈ પણ ન કરી શકે તેને જરા પણ તેનું અભિમાન નથી એ જ સૌથી મોટી વાત છે. તે કેટલી મોટી હસ્તી છે છતાં પોતાની દીકરીઓ સામે સાવ સામાન્ય માણસ બની જાય છે. અને તેની સાથે સુખ- દુખની વાતો કરે છે. તે આટલાં બધાં મોટા કામો મૂકીને રોજ સવાર-સાંજ whats up માં દીકરીઓને સમાચાર પૂછે છે. તેને તેની દીકરીઓની કેટલી ચિંતા રહે છે મારી દીકરીઓ ખુશ તો છે ને હું ભગવાનને એટલી જ પ્રાર્થના કરું છું કે બધા જ જન્મમાં મારા સ્વ. પિતા અને મહેશ પપ્પા જેવા જ પિતા મળે. મહેશ પપ્પા માટે હું ભગવાનને પ્રાર્થના કરીશ કે મારી ઉંમર તેને લાગી જાય જેથી તે ગુજરાતમાં તો નહીં પણ દુનિયામાં આવાં સારાં કામો કરતાં રહે કારણ કે આ સારા કામો કરવાવાળા માણસો ઓછા હોય છે. દીકરીઓના લગ્ન કરી લીધાં એટલે સંબંધ પૂરા થઈ ગયા તેમ નહીં પણ હવે મારી દીકરીઓનાં સંબંધ મારી સાથે ચાલુ થાય છે. તેવા વિચારો ધરાવતા મારા આ ગ્રેટ પપ્પા છે. મારા પપ્પા એ બધી જ દીકરીઓનો બોજ પોતાના માથે લીધો છે આવું તો કોઈ કરી જ ન શકે. જેના પિતા આ દુનિયામાં નથી તેનું દુખ તો એક દિવસ અંગૂઠા વગરની આંગળીઓનાં ઉપયોગથી આપના દરેક કામ કરી જુઓ. પિતાની કિંમત સમજાય જશે. હું ભગવાન ને રોજે પ્રાર્થના કરતી કે મારી એવી કઈ ભૂલ છે કે જેથી તમે મારા પપ્પાને મારાથી હંમેશા માટે દૂર કરી દીધા પણ આજે ભગવાને મારી પ્રાર્થના સાંભળી અને મારી લાઈફમાં પાછા મહેશ પપ્પાને મોકલીને તે કમી પૂરી કરી દીધી.



Thank you god.
I Love my Dear Papa
**તમારી લાડકી દિકા, સરોજ**



# સરવૈયા નૂતન ધીરુભાઈ

જન્મતારીખ:- ૧૪/૦૭/૧૯૯૩
પિતાની પુણ્યતિથી:- ૧૦/૧૦/૨૦૧૫

**Dear papa,**
**My papa is best in the world.**
**Love you papa**

***જય સ્વામીનારાયણ***
***જય રામાપીર***
***પપ્પાનો પ્રેમ,***
***પ્રેમ છે એક મીઠો વ્હાલ છે,***
***કરો તો ખબર પડે,***
***પ્રેમ છે પપ્પાનો સહારો, જો મળે તો ખબર તો પડે,***
***પ્રેમ છે એક બાપ-દીકરીનો, સાથે રહો તો ખબર પડે,***
***પ્રેમ છે મારા મહેશ પપ્પાનો, મેળવો તો ખબર પડે,***
***પ્રેમ મળ્યો છે નૂતન સરવૈયા, પત્ર વાંચો તો ખબર પડે.***
***પૈસાથી તમે બધી વસ્તુ ખરીદી શકો છો,***
***પણ "માતા પિતા"નો "પ્રેમ" નહીં...***

અમે ચાર ભાઈબહેન છીએ. ત્રણ બહેનો અને એક ભાઈ..ભાઈ નાનો. પપ્પાનું અવસાન થયાને 9 મહિના થયા અને હું આ કાગળ લખું છું. પિતાના અવસાનની વાત આવતાં જ મારી આંખમાં આંસુ આવી જાય છે. **"પિતા"** શબ્દ જ એવો છે, કે પિતા વગર આ જીવનમાં રહેવું ખૂબ જ અઘરું છે. મારા પપ્પાનું અવસાન તા:10/10/2015 ના રાત્રે 1:30 કલાકે થયું.

મારા પપ્પા નાના હતા ત્યારથી જ બીમાર હતા. ત્યારે મારા પપ્પાની ઉંમર માત્ર 15 વર્ષની હશે. મારા પપ્પાને શ્વાસની બીમારી હતી. અને જ્યારે અમે મારા પપ્પાને દવાખાને લઈ ગયા ત્યારે મારા પપ્પાને તકલીફ એટલી બધી વધી ગઈ હતી કે અમારાથી પણ ન જોવાતું ત્યારે હું મારા પપ્પાને દવાખાને મળવા જતી તો મારા પપ્પા મારા સામે જોયા કરતાં અને મને કહેતા કે બેટા મારે ઘરે આવવું છે અને હું મારા પપ્પાને



કહેતી કે હા પપ્પા હું તમને ઘરે લઈ જઈશ. પણ ભગવાનને તે ઈચ્છા નહોતી. મારા પપ્પા નાનપણથી જ બીમાર રહેતા.મારા પપ્પા એટલી દવા પિતા કે આપણાથી પણ ન જોવાય પણ મારા પપ્પા હીમત ક્યારેય હાર્યા નહોતા. જ્યારે જ્યારે મારા પપ્પા બીમાર પડતાં ત્યારે અમે તેને દવાખાને લઈ જતાં ક્યારેક ક્યારેક તો 10 દિવસમાં બે વાર દાખલ કરવા પડતાં પણ જ્યારે અમે 07/10/2015ના દિવસે 9:00 કલાકે મારા પપ્પાને દાખલ કરવામાં આવ્યા અને તે I.C.U.માં હતા અને 10/10/2015ના રાત્રે 1:30 કલાકે મારા પપ્પાનું અવસાન થયું તે પહેલા જ મારા પપ્પાની સામે હું ઊભી હતી. મારા પપ્પા મારી સામે જોતાં હતા. મને એમ થતું હતું કે મારા પપ્પાને જાણે મને કઈ કહેવું હોય એવું લાગતું હતું પણ ત્યાં સામે મને કોઈએ ઊભી ન રહેવા દીધી. અને ત્યાંથી મને બહાર કાઢી. પછી મારા પપ્પાનું અવસાન થયું. સવારે 5:00 કલાકે મારા પપ્પાને ઘરે લાવ્યા. અને જાણે અમારા ઘરમાં અંધકાર છવાય ગયો. ઘરમાં ઉદાસી છવાય ગઈ. જાણે અમારા ઉપર આભ ફાટી ગયું એમ લાગતું હતું.

મારા પપ્પા વગર અમને ઘરમાં અંધકાર લાગતો હતો. પપ્પા વગર થોડી વાર ન ચાલતુંને પપ્પા અમને સાવ એકલા મૂકીને ચાલ્યા ગયા. હું મારા મમ્મી અને બહેનો ખૂબ રડ્યા. હું મારા પપ્પાના ફોટાને જોતી તો મારા પપ્પા મને ખૂબ યાદ આવતા. મારા પપ્પાના અવસાન બાદ બધી જ જવાબદારી મારા મમ્મી પર આવી ગઈ. પણ મારા મમ્મી સાસરે આવ્યા ત્યારથી જ સિલાય કામ કરતાં મારા પપ્પા પહેલેથી જ બીમાર રહેતા એટલે મારા મમ્મી સિલાય કામ કરે અને ઘર ચલાવતા. મારા મમ્મી રાત દિવસ ગણતાં નહીં. ક્યારેક ક્યારેક તો મમ્મી આખી રાત સિલાય કામ કરતાં. આમ મારા મમ્મી ઘર ચલાવે અને દવાખાનું પણ બોવ જ આવતું ગમે તેમ કરીને મારા મમ્મીએ ઘર ચલાવ્યું અને અમને મોટા કર્યા. હું મારા મમ્મીને ધન્યવાદ આપું છું. મારા મમ્મીને હિંમત બોવ છે.

I LOVE YOU MOM. મારા મમ્મી સિલાઇ કામ કરીને ઘર ચલાવે છે. હું ભગવાનને એટલી પ્રાર્થના કરીશ કે મારા મમ્મીને ભગવાન હિમ્મત આપતા રહે.

જ્યારે મારા પપ્પાનું અવસાન થયું ને 7 મહિના થયા અને એક વ્યક્તિ એ આ પી.પી. સવાણી ગ્રૂપ પિતાવીહોણી દીકરીઓનાં લગ્ન કરાવી આપે છે એ વાતની અમને ખબર પડી. એટલે અમે ફોર્મ ભર્યું. અને ભગવાનની ઈચ્છાથી આ ફોર્મ પાસ થઈ ગયું અને 19/6/2016 સવારે 9.00 વાગ્યે મહેશ પપ્પાની મુલાકાત થઈ. જ્યારે મે પહેલી મિટિંગમાં મહેશ પપ્પાને જોયા તો મને એમ થયું કે મારા પપ્પા મને પાછા મળી ગયા અને જ્યારે મહેશ પપ્પાએ મારા માથા ઉપર હાથ મૂક્યો અને મને દિકા કીધું તો મારી આંખમાં આસું આવી ગયા. અને રડાઇ ગયું. મને પપ્પાએ એમ કહ્યું કે આજથી મમ્મીને કઈ ટેન્શન નથી દેવાનું હું છું ને ! આજ થી બધી જ જવાબદારી મારી ઉપર..મને મારા પપ્પાનો આવો પ્રેમ



ફરીથી મળશે એ મે સપનામાં પણ નહોતું વિચાર્યું. પપ્પા તમે ખૂબ જ મોટું કરી કરી રહ્યા છો. તમે પિતા વગરની દીકરીઓના લગ્ન કરી રહ્યા છો. મને ખૂબ જ આનદ થાય છે જેને પિતાની છત્ર છાયા ગુમાવી દીધી હોય એને મહેશ પપ્પાનો ફરીથી પિતાના રૂપમાં પ્રેમ મળે તે જ દીકરીને ખબર હોય કે પપ્પાનો પ્રેમ કેવો હોય. Maheshpapa is best in the world. અમે લગ્નની ખરીદી કરવા ગયા ત્યાં પૂજાદીદી, ભૂમિદીદી અને ક્રિષ્નાદીદી આ બધી દીદીઓએ અમને ખૂબ જ સારી રીતે ખરીદી કરવી અને અમારી હેલ્પ પણ કરી જાણે અમારી મોટી દીદી હોય તેમ અને ત્યાં ઘનશ્યામઅંકલ પણ હતા. અને અમને ખરીદી કરવાની ખૂબ મજા આવી. આ દીદીઓ અને ઘનશ્યામઅંકલનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

બસ મહેશ પપ્પા અમારે બીજું કઈ જ નથી જોઈતું. બસ હું તમારો પિતા પ્રત્યેનો પ્રેમ ઈચ્છું છું. જ્યારે આંખો ખોલું ત્યારે Good Morning Dika નો મેસેજ આવે છે અને જ્યારે આંખો બંધ કરું છું ત્યારે Good Night Dikaનો મેસેજ વાંચું છું. અને મારી સાથે ભલે નથી રહેતા પણ મારી સાથે રોજ ફોન પર મેસેજમાં વાત કરે છે. એક વાર મને મેસેજ આવ્યો ત્યારે રાત્રે 12:30 થયા હશે. દિકા શું કરે છે? તું કેમ હજી સૂતી નથી? ત્યારે મે પપ્પાને કહ્યું કે પપ્પા મારા પપ્પાની યાદ આવી ગઈ અને તેનો ફોટો જોઈને રડાઇ ગયું તે તમારી જેવા જ લાગે છે ત્યારે પપ્પાએ કીધું કે બેટા રડવાનું નથી હવે હું જ તારા પપ્પા છું.મને તારા પપ્પાએ જ મોકલ્યો છે ત્યારે આ શબ્દ સાંભળીને મારું હૈયું ભરાઈ ગયું. અને મે પપ્પા સાથે લગભગ એક કલાક વાત કરી. પણ મારા પપ્પાની યાદ ન આવવા દીધી. અને મહેશ પપ્પાએ મારા પપ્પાની જગ્યા લઈ લીધી. અને પપ્પા મને મેસેજ કરે ત્યારે પહેલા મને એમ જ કહેતા કે દિકા હું છું ને તારા પપ્પા........

આમ મહેશ પપ્પાની વાત કરું એટલી ઓછી છે. જ્યારે હું ખરીદી કરવા ગઈ ત્યારે પપ્પાએ મને પાનેતર પહેરેલી જોઈ. અને પપ્પાના શબ્દ મને ભૂલાતા જ નથી કીધું કે મારો દિકો કેટલો સારો લાગે છે...ત્યારે હું એટલી બધી ખુશ થઈ કે હું કહી જ નથી શક્તી.

મહેશ પપ્પાનો મેસેજ રોજે જ આવે છે. મારી સાથે વાત કરે છે. જાણે મારી સાથે જ હોય એવું લાગે છે અને હું પણ બહુ જ ખુશ છું કે મારા લગ્ન મહેશ પપ્પા કરાવે છે. અને મારા મમ્મીને કઈ જ ટેન્શન નથી. અને મારા મમ્મી પણ બહુ જ ખુશ છે. ભગવાનને એટલી પ્રાર્થના કરું છું કે મારા પપ્પાને ભગવાન સદાય હસતાં રાખે........

ભગવાન બધી જ ઈચ્છા પૂરી કરે અને આમ ને આમ સારા કાર્ય કરતાં રહે...પપ્પા તમને ભગવાન ખૂબ લાંબું આયુષ્ય આપે.



**"પ્યારે પાપા,સચ્ચે પાપા,**
**બચ્ચો કે સંગ બચ્ચે પાપા,**
**કરતે હૈ પૂરી હર ઈચ્છા,**
**મેરે સબસે અચ્છે પાપા,"**

મારી બધી જ ઈચ્છા પૂરી કરી છે પપ્પાએ. હું મારા પપ્પા વિશે લખું એટલું ઓછું છે કેમ કે પ્રેમ કદી પૂરો નથી થતો. એક પિતા તેમની દીકરીને ગમે તેટલો પ્રેમ કરે પણ ઓછો પડે છે. હું કેટલી ભાગ્યશાળી છું કે મને મહેશ પપ્પાનો પ્રેમ મળ્યો. હું સમાજને આટલો મેસેજ આપવા માંગુ છું કે પિતા એક ઘટાદાર વૃક્ષ છે જેની શીતળ છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે.

**"મા" ઘરનું ગૌરવ તો "પિતા" ઘરનું અસ્તિત્વ હોય છે.**
**"મા"ની પાસે અશ્રુની ધારા તો "પિતા" પાસે સંયમ હોય છે.**

બે સમયનું ભોજન "મા" બનાવે છે પણ જીવનભરના ભોજનની વ્યવસ્થા પિતા કરે છે.

પિતાને આપણે સહજ ભૂલી જઈએ છીએ. ક્યારેક જો ઠોકર લાગે કે વાગે છે તો આપના મોંમાંથી "ઓહ માં" એમ જ નીકળે છે પણ જ્યારે રસ્તો પસાર કરતાં કોઈ ટ્રક પાસે આવે અને બ્રેક મારે તો આપના મોમાથી "ઓહ બાપરે" એમ જ નીકળી જાય છે.

એટલે કે નાના સંકટો માં "માતા" છે પણ મોટા સંકટો આવે છે
ત્યારે "પિતા" જ યાદ આવે છે.

જય સ્વામીનારાયણ ..., જય રામાપીર...,

**તમારી વહાલી દિકા**
**નૂતન**





# દૂધાત રીટા દિલીપભાઇ

જન્મ તારીખઃ- ૦૯/૧૦/૧૯૮૩
પિતાની પુણ્યતિથીઃ- ૨૯/૧૦/૨૦૧૪

મારું નામ દૂધાત રીટા દિલીપભાઈ છે. મારા પપ્પાનું અવસાન ૨૯/૧૦/૨૦૧૪ના રોજ થયું હતું. મારા પપ્પાના અવસાન પછી અમારી ખૂબ ખરાબ અને નબળી પરિસ્થિતિઓના કારણે અમે બધા ઘણી મુશ્કેલીમાં હતા. મારા પપ્પાના અવસાન પછી મારા મમ્મીને અમે બે બહેન અને ભાઈની ચિંતા વધી ગઈ હતી ત્યારે કુદરતના આશીર્વાદ સમાન પપ્પા તમારી સાથે અમારી મુલાકાત થઈ હતી ત્યાર પછી અમોને એવું લાગ્યું કે કુદરત અમારાથી  નારાજ નથી. ફરીથી મને મારા પપ્પા તમારા રૂપે આપી દીધા. કુદરતનો હું આભાર માનું છે કે આ ભીડમાં પણ મારી સંભાળ માટે ફરીથી તમને મારી સાથે મોકલ્યા એવો હું અનુભવ કરું છું. પપ્પા હું જ્યારે પણ તમને જોઉ છું કે મળું છું ત્યારે મને મારા પપ્પાનો ચહેરો દેખાય છે.

એ જ અનુભવ છે પપ્પા તમે મારા ગોડ ફાધર છો. મારી કુદરતને એ જ પ્રાર્થના કે મારા પપ્પા હંમેશા ખુશ રહે. તમારી તમામ મુશ્કેલી પ્રભુ મને આપે અને પપ્પા તમે હંમેશાં હસતાં અને ખીલખિલાટ કરતાં રહો.

Thank you papa
**તમારી નટખટ,**
**રીટા**



## રાણા અંજલિ રાજેશભાઈ

જન્મતારીખઃ- ૧૪/૧૨/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૧૨/૦૮/૨૦૧૨



**આજે તમારી દીકરી તમને મનથી લાગણીમય પત્ર લખી રહી છે. પિતા વગરની છત્રછાયા, ત્યાર પછી, પિતાવાળી છત્રછાયા.**

**જય શ્રી કૃષ્ણ,**

હું સુરતમાં જ રહું છું. મારા પરિવારમાં અમે ત્રણ ભાઈ-બહેન છે. મારા કરતાં એક મોટી બહેન છે અને એક નાનો ભાઈ છે. દુનિયામાં વાત્સલ્યપૂર્ણ કોઈ સંબંધ હોઈ તો હું માનું છું કે તે “ દીકરી અને પિતાનો” છે. દીકરી પિતાના કાળજાનો ટુકડો હોય છે.

મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતાં હતા. મારી દરેક ઈચ્છા પૂરી કરતાં હતા. હું મારા પપ્પાની લાડકી દીકરી હતી. મારા પપ્પા હતા ત્યારે અમે ખૂબ જ મસ્તી કરતાં હતા. એ અમારા પપ્પા તો હતા પણ તેની સાથે મારા સૌથી બેસ્ટ ફ્રેન્ડ પણ હતા. અમે એક બીજાને સુખ-દુખની બધી જ વાતો કરતાં હતા. ઘરમાં મમ્મી સાથે પપ્પાનો ઘણી વાર ઝઘડો થાય તો હું પપ્પાને સમજાવતી અને શાંત કરી દેતી. મારા પપ્પા જ્યારે પણ દુઃખી થાય તો હું કઈ પણ કંરીને ખુશ કરી દેતી. અમે એક-બીજા વગર જમવાનું પણ ન જમતા. મને જોઈતી દરેક વસ્તુ મને લાવી આપતા પરંતુ ઈશ્વરને મારા પપ્પાને મારા પ્રત્યેનું વાત્સલ્ય મંજૂર નહીં હતું.

હું જ્યારે ૧૨માં ધોરણમાં ભણતી હતી ત્યારે પિતાની મિટિંગ હતી ત્યારે મારા પપ્પા મારી સ્કૂલે આવ્યા હતા. મિટિંગ પૂરી થતાં ટીચરે મને બોલાવીને પૂછ્યું કે તારા પપ્પાને આ દાંત પાસે ગાંઠ છે. મને એની કોઈ જ ખબર ન હતી. મે ઘરે આવીને મમ્મીને પૂછ્યું. મારા મમ્મીએ પપ્પાને ડોક્ટર પાસે જવાની સલાહ આપી. પણ મારા પપ્પા એકલા જ ગયા. મમ્મીને પણ ના લઈ ગયા. ડોક્ટરે પપ્પાને કેન્સર છે એવું લખીને આપ્યું. પણ પપ્પાએ ઘરે આવીને અમને કોઈને ન કહ્યું. અને એમ જ દિવસો પસાર થઈ ગયા. જ્યારે એ મોટું થયું ત્યારે પપ્પાએ કીધું કે મને કેન્સર છે. આ સાંભળી અમે બધા રડવા લાગ્યા. પપ્પાએ કહ્યું કે એટલે જ હું કોઈને કહેતો ન હતો. મમ્મી પપ્પાને ઘણી હોસ્પિટલમાં લઈ ગયા. પણ બધા જ ડોક્ટરે ના પાડી દીધી કે આ બીમારીનો



કોઈ ઈલાજ નથી. પછી મમ્મી તેમને અમદાવાદ લઈ ગયા. પણ ત્યાં તો ડોકટરે પપ્પા ફક્ત આઠ જ મહિના રહેશે એમ કહ્યું. અમે આ વાત પપ્પાને પણ ના કહી. અમે આ આઠ માહિનામાં પપ્પાની ઘણી સેવા કરી અને અમે એમને ખુશ રાખતા હતા. પપ્પા જ્યારે સૂઈ જાય ત્યારે હું, મારા મમ્મી અને બહેન ખૂબ જ રડતાં અને મમ્મીને કહેતા..કે ભગવાને આવું શું કામ કર્યું હશે એમ જતાં જતાં દિવસો પસાર થઈ ગયા અને આખરે અંતિમ ઘડી આવી ગઈ. શ્રાવણ મહિનામાં 12/08/2012ના દિવસે સાંજે ૭.૦૦ વાગ્યે તેમણે પોતાનો આખરી શ્વાસ લીધો. એ દિવસે હું અને મારા મમ્મી ખૂબ જ રડ્યા હતા. હું ભગવાનને રોજ પ્રાર્થના કરતી હતી કે મારા પપ્પાને પાછું આવવું જ પડશે. મને વિશ્વાસ હતો કે કોઈ પણ સ્વરૂપે મારા પપ્પા પાછા આવશે જ, મારા પપ્પાની ગેરહાજરીમાં મારા મમ્મી ઉપર મારી બહેનને પરણાવવાની જવાબદારી આવી ગઈ છતાં એ મારા મમ્મીએ હિંમત ન હારી અને બહેનને પરણાવી અને હવે જ્યારે મને પરણાવવાની ઘડી આવી ત્યારે મમ્મીને એમ થતું હતું કે દીકરીને આ બધુ હું કઈ રીતે અપાવીશ. મારી મમ્મી પાસે તો એટલા રૂપિયા પણ ન હતા. હું મારા મમ્મીને કહેતી હતી કે જેનું કોઈ ન હોય એના ભગવાન હોય છે. ત્યાર પછી જાણવા મળ્યું કે મહેશભાઈ સવાણી પિતા વગરની દીકરીઓને મદદ કરે છે. ત્યારે અમે એમનું સરનામું કોઈક પાસેથી મેળવીને તેમણે મળવા માટે ગયા હતા. પણ એમને મળી શકયા ન હતા. અમને જાણ થઈ કે પાંચમા મહિનાની પહેલી તારીખે મેરેજ ફોર્મ આપવાના છે. એટલે અમે ત્યારે આવીને મેરેજનું ફોર્મ લીધું અને ફોર્મ ભરીને સબમીટ કર્યું. જ્યારે અમારા મોબાઈલ પર પહેલો ફોન આવ્યો કે તમારું ફોર્મ પાસ થઈ ગયું છે અને અમને કહેવામા આવ્યું કે તમારે પહેલી મિટિંગમાં આવવાનું છે ત્યારે અમે બહુ જ ડરી ગયા. પણ જ્યારે મહેશ પપ્પાએ બધી જ મમ્મીઓને કહ્યું કે આજથી આ બધી દીકરીઓ અમારી છે. અને મમ્મીઓને કોઈ ચિંતા કરવાની જરૂર નથી એ સમયે મારી આંખમાં આંસુ આવી ગયા.

આજે હું ઈશ્વરનો આભાર માનું છું કે તેને મારી લાઈફમાં મહેશ પપ્પાને મોકલ્યા. મહેશ પપ્પા વિશે તો હું શું કહુ કે શું લખું. જેટલું લખું એટલું ઓછું છે. એક પપ્પા દીકરી વિશે કંઈ પણ કરે તે કહેવાનું ના હોય. તે બસ સમજવાનું હોય કે બસ આને “બાપ દીકરીનો પ્રેમ” કહેવાય. મહેશ પપ્પા વર્લ્ડના સૌથી બેસ્ટ પપ્પા છે. મારા જીવનમાં મહેશ પપ્પાના આવવાથી જાણે હવે દુનિયાના બધા સુખ મને મળી ગયા એવો આનંદ થાય છે. “Thanks for coming my life papa” જાણે જીવનમાં કોઈ હવે અભાવ જ નથી. એવો અહેસાસ થાય છે.

હું ભગવાનને એવી પ્રાર્થના કરું છું કે મારા પપ્પા દિવસે- દિવસે ખૂબ જ આગળ વધે અને આવા સારા સારા કામ કરે એ જ અમારા ભગવાન છે.



પણ એમને મનુષ્ય અવતાર આપી આ પૃથ્વી પર મોકલ્યા અને આજે એ મારા પપ્પા છે.

હું દિલથી પપ્પાને thanks કહું છું, જીવનભર મારી સાથે રહેજો પપ્પા એ જ અપેક્ષા છે. દરેક જન્મમાં મને આવા જ પપ્પા મળે એવી ઈશ્વરને પ્રાર્થના કરું છું અને કહું છું કે

**"મહેશ પપ્પા જીવો હજારો સાલ,**
**હર સાલ કે દિન હો પચાસ હજાર"**

પરમપૂજ્ય મહેશપપ્પા ધન્ય છે, તમારાં માતા-પિતા ધન્ય છે, તમારા ઉમદા શુભ વિચારોને ધન્ય છે, આ પાલક પિતાને ધન્ય છે, સવાણી પરિવારને જય શ્રીકૃષ્ણ.

**Love you papa**
**From, Your dika,**
**Anjali Rana**





## રાદડીયા અંકિતા જયસુખભાઇ

જન્મતારીખઃ- ૨૭/૧૨/૧૯૯૧
પિતાની પુણ્યતિથીઃ- ૪/૫/૨૦૦૫

**હું અંકિતા રાદડીયા મહેશ પપ્પાને હદયથી મારી લાગણીઓ વિશે થોડું કહેવા માંગું છું અને હદય થી મહેશ પપ્પાનો આભાર વ્યક્ત કરું છું.**

Dear papa,

તમારા વિશે તો શું કહું એ મને જ સમજાતું નથી. મનમાં તો ઘણી વાતો છે પણ સમાજ નથી પડતી કે ક્યાથી શરૂઆત કરું?

મારા પપ્પાનું અવસાન ૨૦૦૫માં થયું હતું. ત્યારે મારી ઉંમર ૧૪ વર્ષની હતી. મારા પપ્પાનું અવસાન મગજની નસ ફાટવાથી થયું હતું. તે હિરામાં કામ કરતાં હતા. પપ્પાના મૃત્યુ સમયે હું આઠમાં અભ્યાસ કરી ચૂકી હતી. પપ્પાના મૃત્યુ પછી મારા મમ્મી અને દાદીએ કાપડ માર્કેટનું કામ કરીને મને ધોરણ ૧૨ સુધી ભણાવી. પછી મારા બે નાના ભાઈ ભણતા હોવાથી મે અને મારા મમ્મી મશીન ચલાવી ઘરનું ભરણપોષણ કરતા હતા.

હું મારા પપ્પાની ખૂબ લાડકી દીકરી હતી. તે મને ખૂબ જ પ્રેમ કરતાં હતા. પપ્પાના અચાનક અવસાનથી અમારા પરિવાર પર આભ તૂટ્યું હોય તેવું લાગતું હતું. પરંતુ મારા મમ્મી અને દાદીની હિંમત અને સાહસથી અમને જીવન જીવવાનો એક અલગ રસ્તો મળી ગયો. તે માટે હું મારા મમ્મીને જેટલી વાર થેન્કયુ કહું એટલી વાર ઓછું છે.

મહેશ પપ્પા તમારી સાથે મારી પહેલી મુલાકાત મિતુલ સ્કેવરમાં મિટિંગ દરમ્યાન થઈ હતી. તે દિવસ ફાધર્સ ડે હતો. ત્યારે હું તમને પહેલી વાર મળી હતી. ત્યારે મહેશ પપ્પા એવું લાગતું હતું કે મારા પપ્પા મને પાછા મળી ગયા હોય. મહેશ પપ્પા ત્યારે તમે મને દિકા કહીને બોલાવી ત્યારે મને એવું લાગ્યું કે પપ્પાના ગયા પછી આટલા પ્રેમથી દિકા કહીને પહેલીવાર તમે જ મને બોલાવી.

મને એ વાત ની ખૂબ જ ખુશી છે કે સવાણી પરિવારમાં જોડાયા પછી મારા મમ્મીની મારા લગ્ન કરવવાની ચિંતા દૂર થઈ ગઈ. તે બદલ હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું.

હું સમાજને એ મેસેજ આપવા માંગુ છું કે દરેક ગામ, શહેર, રાજ્ય કે દેશની અંદર ઘણી વિધવા બહેનો હશે. ઘણી દીકરીઓ પિતા વગરની હશે. તેમણે સમાજના પરિવાર સધ્ધર, પૈસાવાળા લોકો તેમની આર્થિક પરિસ્થિતિ સમજીને તેમની મહેશ પપ્પાની જેમ મદદ કરે. તો સમાજની ગરીબી અને લાચારી દૂર થશે.

**થેન્કયુ મહેશ પપ્પા, I love you**



## બલદાણિયા રૂપા સુધીરકુમાર

જન્મતારીખ:- ૧૨/૦૭/૧૯૮૯
પિતાની પુણ્યતિથી:- ૦૧/૦૫/૨૦૧૧



**સાદર સ્નેહ અને પ્રણામ સાથે જય રામાપીર,**
મારી જેવી દીકરીઓને વ્હાલની છાયડી પૂરી પાડનાર, સવાર સાંજ દરરોજ મેસેજ દ્વારા વ્હાલ પહોચાડનાર, સગા પિતાની ગરજ સારનાર, આપના વ્યક્તિત્વ ને સત સત પ્રણામ...

મારા પિતાનું અવસાન ૨૦૧૧ માં થયું ત્યારે અમારી પરિસ્થિતી નબળી હતી. મારા પપ્પાને કિડનીની બીમારી હતી. તેમની બંને કિડની ફેઈલ હતી. ખૂબ જ દવા કરાવી પણ પપ્પા અમારી પાસે ન રહ્યા. અંતે અમને છોડીને ભગવાન પાસે જતાં રહ્યા.

અમે બંને બહેનો સિલાય કામ કરીને ઘર ચલાવીએ છીએ અને ભાઈ નાનો હોવા છતાં તેને દુકાનમાં કામ કરીને અમને મદદ કરે છે. જ્યારે ભાઈને ભણવાના દિવસો હતા ત્યારે તેને જવાબદારી નિભાવવાનો સમય આવ્યો.

પછી થોડા સમય પછી મારી સગાઈ નક્કી કરવામાં આવી. ત્યાર બાદ થોડા સમય પછી લગ્ન કરવાના દિવસો નજીક આવતા ગયા. મમ્મીને ચિંતા થવા લાગી. કેવી રીતે આ પ્રસંગ કરીશું? ત્યારબાદ અમને પી.પી. સવાણી ગ્રુપની વાત સાંભળવા મળી. મહેશભાઇ સવાણી પપ્પા વગરની દીકરીઓને ગોદ લઈને તે દીકરીઓના લગ્ન કરાવી આપે છે.

ત્યાર પછી અમારા સબંધીએ મહેશ પપ્પા વિશે વાત કરીને અમને સહાય કરી અને અમને લગ્નના ફોર્મ ભરાવી અમને મહેશ પપ્પાની મુલાકાત કરાવી. ત્યારે ઓફિસેથી ફોન આવ્યો અને મિટિંગમાં બોલાવવામાં આવ્યા. હું મહેશ પપ્પાને ઓળખતી ન હતી અને તેમણે જોયા પણ ન હતા. ખૂબ જ ડર લાગતો હતો. પણ જ્યારે પપ્પાની ઓફિસમાં ગયા અને તેમણે અમારી સાથે વાત કરી ત્યારે અમને ખૂબ જ ગમ્યું અને માથે હાથ મૂકીને દિકા કહીને બોલાવી. ત્યારે આંખમાંથી આંસુ આવી ગયા. ત્યારે મારા પપ્પાની યાદ આવી ગઈ. ત્યારે મને મારા મહેશ પપ્પા પાછા મળી ગયા અને હૈયામાં હરખ સમાતો ન હતો. પપ્પાની આ ઝલક જોઈને, પ્રેમ અને વાત્સલ્યભર્યા ભાવથી વાત કરીને મમ્મીની ચિંતા દૂર કરી. મમ્મીને હિમ્મત આપવા લાગ્યા કે આજથી આ મારી દીકરી.



આવી જ રીતે હું ગર્વથી કહી શકું છું કે મારા પપ્પા મહેશભાઇ સવાણીની હું દીકરી છું. કોઈ પણ દીકરી પોતાના લગ્ન સમયે કન્યાદાન આપવાનો સમય આવે ત્યારે પપ્પા અને મમ્મીની યાદ આવે છે ત્યારે આ ગરજ મહેશ પપ્પાએ પૂરી કરી છે. હવે ચિંતામુક્ત કરીને આવી જ રીતે પપ્પા રોજ સવાર સાંજ મેસેજ દ્વારા દિકા કહીને ગુડ નાઇટ અને ગુડ મોર્નિંગ કહીને પ્રેમ પહોચાડનાર મહેશ પપ્પાને ખૂબ ધન્યવાદ. આવી જ રીતે મારા જેવી અનેક બહેનોને પપ્પાની ગરજ પૂરી પાડે છે.

હું દિલથી પ્રાર્થના કરું છું કે અમને જેવા પપ્પા મળ્યા તેવા બધી જ પિતા વગરની બહેનોને પપ્પા મળે અને પપ્પાના પ્યારના વખાણ કરવા મુશ્કેલીનું કામ છે. પપ્પા મારા માટે અમુલ્ય ભેટ છે. એટલે જ હું ભગવાન પાસે માંગું મારા મહેશપપ્પા અમર રહે.

"લાખો ભલે મરે પણ લાખોનો પાલનહાર અમર રહે."

મહેશપપ્પા વિશે જેટલું લખું એટલું ઓછું છે. મારા પપ્પાને રામદેવજી મહારાજ સારું આરોગ્ય અને લાંબુ આયુષ્ય આપે.

**" હર કદમ પર સફળતા મિલે,**
**ભગવાન કી કૃપા સે પપ્પા કે**
**જીવન મે ખુશી ખુશી મળે"**
**આઈ લવ યુ પાપા**

**તમારી લાડકી દિકા**
**રૂપા**



# પરમાર જયશ્રી હરજીભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૬/૧૯૯૭
પિતાની પુણ્યતિથીઃ-૦૪/૦૪/૨૦૧૪



**મારા વહાલા પપ્પા,**

દરેક દીકરી માટે એના પપ્પા ખૂબ ખાસ હોય. આ દુનિયામાં એ જ્યારે પણ બોલે કે મારા પપ્પા છે. મારા પપ્પા આમ, મારા પપ્પા તેમ, ત્યારે એને અંદરથી એક સલામતી લાગે પોતે પણ ખૂબ ખુશ થાય છે. પપ્પા ગમે તેવા હોય દીકરી તેના પપ્પા વિશે એક પણ ખોટો શબ્દ સાંભળતી નથી. દીકરી ગમે તેટલી મોટી થઈ જાય પપ્પા માટે એ હંમેશાં નાની જ હોય છે. દીકરીને પણ પપ્પા પાસે લાડ લડવાનું મન થાય છે.

મને મારા પપ્પા બહુ વહાલા હતા. મારા પપ્પા અમને બહુ લાડ કરતાં. અમે ૬ બહેનો અને એક ભાઈ છીએ પરંતુ મારા પપ્પા અમને બધાને દીકરો જ કહેતા. મારા પપ્પા મકાઈની લારી ચલાવતા હતા. આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. કમાવાવાળા એક અને ખાવાવાળા વધારે એટલે મારી મમ્મી પણ મકાઈની લારી ચલાવવા લાગી. નાના ભાઈનું ધ્યાન રાખવા અમે ઘરે રહેતા. અચાનક એક દિવસ મારા પપ્પા ઘરમાં પડી ગયા અને બેભાન થઈ ગયા. દવાખાને લઈ ગયા અને ડોકટરે કહ્યું મગજની નસ ફાટી ગઈ છે અને પપ્પા અમને મૂકીને ચાલ્યા ગયા. દુખની કોઈ સીમા રહી નહીં. મારા મમ્મી એકલા લારી ચલાવે તો પૂરું પડે નહીં તેથી અમે બધી બહેનો દોરા કાપવાનું અને સિલાઈ મશીન ચલાવતા હતા. મારા પપ્પા પછી મારા મોટા પપ્પા અમારું ધ્યાન રાખતા અને સંભાળ લેતા, અમને મદદ કરતાં. એક વર્ષ પછી મોટા પપ્પા પણ મૃત્યુ પામ્યા. હવે તો કોઈ સહારો ન હતો. મારા મોટા પપ્પા જતાં જતાં અમારી બંને બહેનોની સગાઈ કરાવતા ગયા. અમારી મકાઈની લારી એ લોકો મકાઈ ખાવા આવે તો કહેતા કે તમારે ૬ છોકરીઓ છે તો લગન માટે મહેશભાઇ સવાણી લગ્ન કરાવે છે તો તમે એમાં જોડાવ. દુનિયામાં ભગવાન છે પણ આપણી નજર નાની પડે છે. મહેશપપ્પા તમે અમારા જીવનમાં

આવ્યા, અમારી ખુશીની કોઈ સીમા નથી. અમને તો જાણે ભગવાન મળી ગયા એવું લાગે છે.

પપ્પા તમારા પ્રેમના બદલે તમારો આભાર માનવા માટે શબ્દ ઓછા પડે. પપ્પા તમારા પ્રેમની કોઈ કિંમત નથી, તમારા પ્રેમની કોઈ તુલના નથી, પપ્પા તમે મળ્યા અને અમને એવું લાગ્યું કે બીજું જીવન મળ્યું. જો પપ્પા આના માટે હું તમને થેન્કયૂ નહીં કવ કારણ કે થેન્ક યૂ કહેવાથી અહેસાન ઊતરી જાય છે પરંતુ આ અહેસાન નથી આ તો બાપ દીકરીનો પ્રેમ છે. જો મારા ખુદના પપ્પા હોય તો પણ એ મારી ઈચ્છા પૂરી કરે પણ પપ્પા તો અમને બધાને મૂકીને ચાલ્યા ગયા મને તો વાંચતા લખતા પણ આવડતું નથી તે કેવી રીતે લખું પણ આ હું લખાવું છું, બોલ મારા છે પણ બીજા પાસે લખાવ્યું છે, લખતા લખતા મારી પેનની શાહી ખૂટી જાય પણ તમારી વિશે લખવાનું પૂરું ન થાય. પપ્પા તમે જે કઈ દિકાઓ માટે કરો છો તે કોઈ કરી શકે નહીં. આજે હું આંખો બંધ કરીને પપ્પાને યાદ કરવા ઈચ્છું છું ત્યારે પપ્પા તમારો ચેહરો દેખાય છે આ હકીકત છે. મને એમ કહેવાનું મન થાય છે કે દીકરી કોઈને ભારે પડતી નથી તે સદાય મા-બાપનો સહારો બનવા ઈચ્છે છે. જો પપ્પા તમે ન મળ્યા હોત તો અમારી ખુશી આવત નહીં અને આટલી સારી રીતે લગ્ન પણ થાત નહીં તેથી આટલી ખુશી આપવા બદલ આભાર શબ્દ ઓછો પડે છે અને ખુશીનો પાર રહ્યો નથી. હવે જિંદગી બીજા મુકામ સાથે આગળ વધે છે અને તેમાં પણ મહેશપપ્પાનો સાથ છે તેથી દરેક બાબત માટે પપ્પા તમને દિલ થી થેન્ક યૂ.

**Thank you so much...**
**I love you papa.....**
**I miss you papa.....**

**લિ.**
**આપની લાડકી દિકા,**
**જયશ્રી**



## પરમાર કાજલ હરજીભાઈ

જન્મતારીખઃ- ૨૬/૦૮/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૦૪/૦૪/૨૦૧૪



**ક્યા શબ્દથી શરૂઆત કરું?**
**કશું જ સમજાતું નથી.**
**મનમાં અને દિલમાં ફક્ત આજે મહેશ**
**પપ્પા અને ખુશી છે.**

અમે ઘરમાં ૬ બહેન અને ૧ ભાઈ અને મમ્મી-પપ્પા. અમે મકાઈની લારી ચલાવીએ છીએ. અને કામમાં પણ મદદ કરીએ છીએ. અમે સાદગીથી જીવન જીવતા હતા. અચાનક એક દિવસ મારા પપ્પા ઘરમાં પડી ગયા અને બેભાન થઈ ગયા. દવાખાને લઈ ગયા અને ડોકટરે કહ્યું મગજની નસ ફાટી ગઈ છે. અને પપ્પા અમને મૂકીને ચાલ્યા ગયા. અને બીજા જ દિવસ થી પપ્પાની ખામી મહેસૂસ થવા લાગી. અને દુખ તો જાણે ઘર જ કરી ગયું હોય એમ અમે બધાજ દુખી થઈ ગયા. એક હાથ હતો માથા પર તે હવે નથી. ઘણા બધા દુખના દિવસો આવ્યા અને એવું લાગવા લાગ્યું કે સુખ આવાનું જ નથી. પરંતુ કહેવાય છેને કે રાત પછી દિવસ આવે છે. તેમ દુખ પછી સુખ પણ આવે છે. તેવી જ રીતે મારા જીવનમાં મહેશ પપ્પાનું આગમન થયું.

**"મેઘ વરસ્યા ને**
**મહેશપપ્પા મળ્યા**
**મળ્યા તે મળ્યા**
**કોઈ દિવસ ભુલાય નહીં"**

જેમ ઘર બનાવવા માટે મજબૂત પાયાની જરૂર હોય છે તેમ ઘરમાં પણ પપ્પા રૂપી પાયાની જરૂર પડે છે અને તે જરૂરિયાત મહેશ પપ્પાએ પૂરી કરી છે. મારા પપ્પાને મારા લગ્ન કરવાનો ખૂબ જ શોખ હતો જે હવે પૂરો તો થશે પણ તેમાં મારા પપ્પા હશે નહીં પરંતુ મારા પપ્પાની ખામી પૂરી કરવા માટે મહેશ પપ્પાના મળ્યા છે. જે સુખ મેં સપનામાં પણ વિચાર્યું ન હતું તે મને મહેશ પપ્પા આવવાથી મળ્યું છે. જેવા દુખના દિવસો હતા તેવા સુખના દિવસો આવવા લાગ્યા છે. કારણ કે હવે અમારી પાસે મહેશ પપ્પા છે. જેમ પૃથ્વી સૂર્યની આસપાસ ફરેછે તેમ મહેશ પપ્પા અમારી આસપાસ ખુશી લઈને ફરે છે. કેવી રીતે



આભાર માનવો તે કઈ જ ખબર પડતી નથી. જેટલો આભાર માણીએ એટલો ઓછો છે. સપનામાં પણ વિચાર્યું ન હતું કે મારા લગ્ન આટલી બધી સારી રીતે થસે. જો પપ્પા અમને ન મળત તો અમે શું કરત તે કઈ જ સમજાતું નથી. પરંતુ ભગવાને અમારી તરફ જોયું અને ઈશ્વર રૂપી અમારી પાસે મહેશ પપ્પાને મોકલ્યા જે અમારા દરેક સુખનો આધાર બને છે. અને દુખને તો અમારા સુધી આવવા દેતા નથી.

**દિલથી મહેશ પપ્પાને Thank you very very much.**
**I Miss you so much.**
**I Love you papa**
**જય રામાપીર**

**લિ.**
**આપની દિકા**
**પરમાર કાજલ**



# રાણા સાધના હીરાલાલ

જન્મતારીખ:- ૧૪/૧૦/૧૯૯૪
પિતાની પુણ્યતિથી:- ૧૦/૦૯/૨૦૦૦



**Dear Papa**
**જય રામાપીર**
**જય શ્રી કૃષ્ણ**

હું એક મધ્યમ વર્ગની દીકરી છું. અમારા કુટુંબ માં અમે ૪ બહેનો છીએ. હું મારી ત્રણ બહેનો કરતાં નાની છું તેથી મારા પિતા અને મમ્મી એ હંમેશાં લાડમાં રાખી. પણ પિતાનો લાડ મારા માટે થોડા સમય માટે જ હતો.

હું ૬ વર્ષની હતી ત્યારે મારા પિતાનું અવસાન ૧૦/૦૯/૨૦૦૦ના રોજ થયું હતું ત્યારે અમારા ઉપર જાણે આભ તૂટી પડ્યું હોય એવી પરિસ્થિતી સર્જાય હતી. મારા મમ્મીને સમજ નહોતી પડતી હતી કે આમાંથી કેવી રીતે ઊભી થશે? પણ જેમ જેમ સમય જતો રહ્યો તેમ મમ્મી કામમાં વ્યસ્ત થઈ ગયા. અને મારા મમ્મીએ એકલા જાતે અમે ૪ બહેનોની જવાબદારી લઈ લીધી. મારી ત્રણ બહેનો તો નગર પ્રાથમિક સ્કૂલમાં ભણતી હતી અને મારી બહેનો ભણવા સાથે બહાર કામ પર પણ જતી જેથી મમ્મીને ઘરમાં મમ્મીને કોઈ પણ રીતે મદદ કરી શકે. હું તો એ સમયે નાની હતી જેથી મને એમાં વધારે સમજ ન પડતી. પણ અત્યારે એ બધુ યાદ કરું છું તો મારી આંખમાં આંસુ આવી જાય છે. કેમ કે ભલે મારા પિતા ન હતા પણ મારા મમ્મી અને મારી બહેનોએ હંમેશાં મને લાડમાં રાખી અને મારી જીદ પણ હંમેશા પૂરી કરી. હવે મારા સ્કૂલ એડમિશનનો સમય આવ્યો તો મારી મમ્મી મને પ્રાઈવેટ સ્કૂલમાં ભણાવવા માંગતા હતા પણ મજબૂરીને કારણે મને નગર પ્રાથમિક સ્કૂલમાં એડમિશન કરાવ્યુ અને ત્યારબાદ સમય આગળ વધતો ગયો અને મારી ત્રણ બહેનો ધોરણ 7 સુધી જ ભણી કેમ કે ઘરમાં મમ્મીને મદદ કરવાની હતી પણ મારી બહેનો અને મારી મમ્મી એ મને ૧૨ ધોરણ સુધી ભણાવી. જેથી હું મારી બહેનો કરતાં નસીબદાર છું કે મને એમના કરતાં વધારે ભણવા મળ્યું તેથી હું મારી મમ્મી અને બહેનોને Thank you કહેવા માંગું છું.

મારી મમ્મીએ મારી ત્રણ બહેનોને જેમ-તેમ કરીને પરણાવી તેમાં મારા બનેવીઓએ મદદ કરી પણ હવે મારા લગ્નની વાત આવી પણ અમારી પરિસ્થિતિ



હવે સારી નથી રહી કે મારા લગ્ન માટે કઈક બચાવી શકીએ. તે છતાં અમે અમારા દિવસો પસાર કરતાં રહ્યા ત્યારે અચાનક મારા બહેન અને બનેવી અમારા ઘરે આવ્યા અને મમ્મીને વાત કરી કે જે પિતા વગરની દીકરી હોય તેનું “મહેશભાઇ સવાણી” કન્યાદાન કરી એક પિતાની ફરજ બજાવે છે તેથી અમે સવાણી પરિવાર સાથે સંપર્ક કરવાનું વિચાર્યું. ૨૦૧૫માં લગ્ન સમારોહમાં બોલાયું હતું કે ૨૦૧૬ના લગ્નના ફોર્મ ૧/૬/૨૦૧૬ના રોજ મળવાના છે તે છતાં અમે વારંવાર પી.પી.સવાણી હોસ્પિટલ અને ઓફિસમાં તપાસ કરતાં રહ્યા. તેમ છતાં પણ અમને ફોર્મ ના મળ્યું તો પણ અમે મે માહિનામાં ફરીથી ફોર્મ માટે ઓફિસે ગયા. પણ ત્યાં ખબર પડી કે ૨૦૧૬ના લગ્નનાં બધાં જ ફોર્મ ભરાઈ ગયાં છે. આ વાત સાંભળીને હું ને મારા મમ્મી ઉદાસ થઈ ગયા. એ સમયે કાજલદીદી એ કહ્યું કે હજી બીજા ફોર્મ ભરાસે પણ એના માટે તમારે એક અઠવાડિયાની રાહ જોવી પડસે. એટલે અમે અમારું નામ વેઈટિંગમાં લખાવ્યું. અને અમને અઠવાડિયામાં ફોર્મ મળી ગયું. ત્યારબાદ મારૂ નામ પણ સિલેક્ટ થઈ ગયું. અમારી ખુશીનો તો પાર જ ના રહ્યો અમે ખૂબ જ આનંદમાં આવી ગયા. કહેવાય છે ને કે ખરાબ સમયમાં બધા જ દરવાજા બંધ થઈ જાય છે પણ ભગવાન હંમેશાં એક દરવાજો તો ખોલે જ છે જે આપના હિતમાં જ હોય છે. મને એ ખુલેલા દરવાજામાં પિતાના રૂપમાં મહેશપપ્પા મળ્યા એ માટે હું ભગવાનને જેટલું થેન્કયુ કહું એટલું ઓછું છે.

પહેલી મીટિંગ માટે જ્યારે કાજલદીદીનો ફોન આવ્યો કે તમારે મમ્મી સાથે મીટિંગમાં આવવાનું છે ત્યારે મને ડર લાગવા માંડ્યો કે મીટિંગમાં શું થશે? પરંતુ જ્યારે હું અને મારા મમ્મી મહેશ પપ્પાને મળ્યા તો એમણે અમને બધી જ વાત શાંતિથી સમજાવી અને મારા મમ્મીને કહ્યું હવે તમે તમારું બધું જ ટેન્શન અહિયા છોડી દો કેમ કે આ હવે મારૂ ટેન્શન છે. તે સમયથી જ મારી મમ્મી એ ચિંતા કરવાનું છોડી દીધું. ત્યારબાદ મારા લગ્ન ની ખરીદી મારી મનપસંદની થઈ. મને જે જે દીદીઓએ ખરીદી કરાવી એ લોકોના નામ તો મને નથી આવડતા પણ દિલથી તમને થેન્ક્સ કહેવા માંગું છું.

મહેશપપ્પાને તો જેટલીવાર થેન્કયુ કહું એટલું ઓછું છે. મહેશ પપ્પાનો તો દિવસ જ દિકાઓના ગૂડ મોર્નિંગથી શરૂ થાય અને રાત ગૂડ નાઈટ દિકા, જય રામાપીર દિકા, લવ યુ દિકા અને have a sweet dreamથી પૂરો થાય છે. અને હું ભગવાનને પ્રાર્થના કરીને કહું છું કે મને મારા પપ્પા સાથે આપ્યા અને સાથે ભાઈ આપ્યા અને મહેશપપ્પા હંમેશા જીવનમાં ખુશ રહે અને આવા સરસ કાર્યો કરીને એમના જીવનને પ્રગતિમય બનાવે.

પપ્પા, તમારી દીકાથી કોઈ ભૂલચૂક થઈ જાય તો નાની દિકાને માફ કરી દેજો.

**લિ.**
**તમારી દિકા,**
**સાધના**



## નંદવાણા સંગીતા પુનાભાઇ

જન્મતારીખઃ- ૨૯/૦૪/૧૯૯૩

પિતાની પુણ્યતિથીઃ- ૨૯/૧૧/૨૦૧૫



હું એક મધ્યમવર્ગ માંથી આવું છું. અમારું એક નાનકડો પરિવાર હતો. અમે બે બહેન એક ભાઈ અને મમ્મી-પપ્પા એમ પાંચ જણાનો સુખી પરિવાર હતા.

હું મારા પપ્પાની લાડકી હતી. મને જોઈતી દરેક વસ્તુ મને લાવી આપતા પરંતુ ઈશ્વરને મારા પપ્પાનો મારા પ્રત્યેનો વાત્સલ્ય મજૂર નહીં હોય. મારા પપ્પા ૨૯/૧૧/૨૦૧૫ના દિવસે હાર્ટ એટેક આવવાથી મૃત્યુ પામ્યા એ દિવસને હું હજુ ભૂલી શકી નથી. પિતા વગરની જિંદગી થડ વગરના ઝાડ જેવી હોય છે.

પિતાના પ્રેમ મેળવવા માટે તડપતી એક દીકરી પપ્પાની યાદ આવી જાય તો રડવા જેવી થઈ જાય. પણ હું રડું તો મારા મમ્મીને છાનું કોણ રાખે. તે વિચારીને ક્યારેક એકાંતમાં રડી લેતી. પણ એક દિવસ ૧૯/૬/૨૦૧૬ના રોજ મને મારા મહેશ પપ્પા મળ્યા મારી અંધકાર થયેલી જિંદગીમાં અજવાળું આવ્યું. મને થયું કે મને મારા પપ્પા પાછા મળી ગયા. હું બહુ ખુશ થઈ ગઈ. જ્યારે હું મહેશ પપ્પાને જોઉ છું ત્યારે મને મારા પપ્પા દેખાય છે.

અમે જ્યારે મહેશ પપ્પાની ઓફિસે ગયા ત્યારે મહેશ પપ્પાએ મારા મમ્મીને કીધું કે આજથી આ દીકરીની બધી જ જવાબદારી મારી અને હાથમાં સેટની ડિઝાઈન પસંદ કરવાની ચોપડી આપી અને લગ્નની ખરીદી મહેશ પપ્પાએ જ કરાવી. જિંદગીમાં આજ સુધી કોઈ હેવી ડ્રેસ કે સાડી નથી પહેરી તે આજે પપ્પાએ ઈચ્છા પૂરી કરી કદાચ મારા પપ્પા પણ આટલું ન કરી શકતે જેટલું મહેશપપ્પા એ મારા માટે કર્યું છે.

**"તેરી લાડકી મે છોડુંગી ના તેરા સાથ ........."**

**I love you so much papa**



લિ. સંગીતા



# નંદવાણા અસ્મિતા પુનાભાઈ

જન્મતારીખ:- ૩૦/૦૮/૧૯૯૮

પિતાની પુણ્યતિથી:- ૨૯/૧૧/૨૦૧૫

Dear Papa

હું અસ્મિતા નંદવાણા મહેશ પપ્પાને હદયથી મારી લાગણીઓ વિશે થોડું કહેવા માંગુ છું અને હદય થી મહેશપપ્પાને આભાર વ્યક્ત કરું છું.

દરેક દીકરી માટે એના પપ્પા ખૂબ ખાસ હોય. આ દુનિયામાં એ જ્યારે પણ બોલે કે મારા પપ્પા છે. મારા પપ્પા આમ, મારા પપ્પા તેમ, ત્યારે એને અંદર થી એક સલામતી લાગે પોતે પણ ખૂબ ખુશ થાય છે. પપ્પા ગમે તેવા હોય દીકરી તેના પપ્પા વિશે એક શબ્દ સાંભરતી નથી. દીકરી ગમે તેટલી મોટી થઈ જાય પપ્પા માટે એ હંમેશાં નાની જ હોય છે. દીકરીને પણ પપ્પા પાસે લાડ લડાવવાનું મન થાય છે.

મને મારા પપ્પા બહુ વહાલા હતા. ભલે તે અત્યારે નથી પણ હજુ જીવે છે તેમ જ માનું છું.

પપ્પા હતા ત્યાં સુધી દુનિયા બહુ સારી લાગતી હતી. બધા જ માણસો સારા લાગતાં હતા. બધા પોતાના લાગતા પણ જ્યારે પપ્પા ગયા ત્યારે ખબર પડી કે દુનિયાની હકીકત શું છે.?

પણ મહેશપપ્પા તમે એક ભગવાન બનીને આવ્યા હું તમારી અંદર મારા પપ્પાને જોવ છું જ્યારે અમે તમારી ઓફિસમાં પહેલીવાર આવ્યા ત્યારે તમારામાં મારા પપ્પાની છબી દેખાઈ દેખાઈ હતી. તમે જ્યારે પહેલીવાર દિકા કીધું ત્યારે એવું જ પોતાપણું લાગ્યું.

પપ્પા તમે મારી લાઈફમાં આવ્યા ત્યારથી હું બહુ ખુશ છું. મને મારા પપ્પા પાછા મળ્યા છે.તમે મારી જિંદગી ખુશીથી ભરી દીધી. થેન્કયુ પપ્પા...તમને ગમે તેટલું થેન્કયુ કહું પણ તે શબ્દ નાનો કહેવાય.

**My Mahesh papa is best in the World.**
**I Love You So Much Papa**

લી.

તમારી વ્હાલી દિકા

**અસ્મિતા**



## મોરડીયા મનીષા સવજીભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૮/૧૯૯૧

પિતાની પુણ્યતિથીઃ- ૨૬/૦૧/૧૯૯૩



My sweet papa

પપ્પા પહેલા તો હું ભગવાનને થેન્ક્સ કહું છું કારણકે તેમણે મને તમારા જેવા પપ્પાની ભેટ આપી.

જો પપ્પા મને તો આજ સુધી ખ્યાલ જ ન હતો કે પપ્પાનો પ્રેમ કેવો હોય? કેમ કે હું સવા વર્ષની હતી ત્યાં જ મારા પપ્પા અવસાન પામ્યા હતા. પપ્પાનો ચેહરો કેવો હતો તે યાદ નથી ફોટો જોઈને અંદાજ મારુ કે મારા પપ્પા આવા હશે અત્યાર સુધી કોઈ પપ્પા પપ્પા કરે તો મને થાય કે મારે તો કોઈને પપ્પા જ નહીં કહેવાનું. મને તો પપ્પા કહેવા જ ન મળ્યું પરંતુ ભગવાને કૃપા કરી મને એક સાથે બે પપ્પાની ભેટ આપી એક મહેશ પપ્પા અને બીજા મારા સસરા તે પણ મને ખૂબ જ પ્રેમ આપે છે અને મહેશપપ્પા તો પોતાની સગી દીકરીની જેમ ખૂબ જ પ્રેમ આપે તેમણે કેટલી દીકરી હોવા છતાં બધાની ઉપર એક સરખો વહાલ વરસાવે. જ્યારે હું પહેલી મિટિંગ માં ગઈ અને પપ્પાને મળી ત્યારે પપ્પા બધી દીદીઓને કેટલો પ્રેમ આપતા અને દિકા શબ્દ કહે ત્યાં તો જીવનનું બધુ જ દુખ ભૂલાય જાય. તમે ખૂબ હેલ્પ કરી અમારો ભાર હળવો કર્યો. તમે મારા જીવનમાં પપ્પા રૂપે આવ્યા તેથી થેન્કસ .

અમે ૩ બહેનો અને એક ભાઈ છીએ. પરંતુ ભાઈ સાવ નાનો હતો તો મમ્મી અને મોટી બહેનો એ હિરામાં કામ કરીને ઘર ચલાવતા. થોડું ઘણું જમીનમાથી અને મામા માસીના સપોર્ટથી ઘર ચાલતું. જીવનમાં દુખો તો ઘણા આવતા પરંતુ ભગવાનના બળે વિતાવતા. બને બહેનોના લગ્ન થઈ ગયા પરંતુ ભાઈ બહેનના મેરેજનું ટેન્શન રહેતું તો મારી બહેનપણીના સવાણી ગ્રુપમાં થયા તો એના કહેવાથી અમે આમાં જોડાયા અને મમ્મીનું ટેન્શન હળવું થઈ ગયું.

આમ અમારું ટેન્શન હળવું કરાવનાર મારા પપ્પાની ખોટ ટાળનાર મારા મહેશપપ્પા ને હું કરોડો વાર થેન્કસ કહું છું. મારા શબ્દોની ભૂલચૂકને પપ્પા માફ કરજો અને આગળની લાઈફમાં ભૂલ થાય તો માફ કરતાં રહેજો.

**I love you papa** **લિ. તમારી દિકા**

**મનીષા**





## જાસોલીયા શ્રધ્ધા બાબુભાઈ

જન્મતારીખ:- ૦૬/૦૬/૧૯૯૨

પિતાની પુણ્યતિથી:- ૨૫/૧૨/૨૦૧૩

**તમારી દિકા શ્રધ્ધા,**
**પપ્પા આ પત્રમાં મેં મારા**
**દિલની તમામ લાગણી શબ્દરૂપે**
**મેં પ્રગટ કરી છે**

અમારો સાત વ્યક્તિનો પરિવાર જેમાં મમ્મી પપ્પા, ચાર બહેન અને એક ભાઈનો સુખી પરિવાર હતો. બે બહેનના લગ્ન થઇ ગયાં છે. અમારો પરિવાર ખુશીઓથી ભરેલો હતો. પણ પપ્પા અચનાક બીમાર પડી ગયા. પપ્પા દ્વારા થતી આવક બંધ થવા લાગી. ધીરે ધીરે ઘરમાં પણ પૈસાની તંગી આવવા લાગી. ભાઈ નાનો હતો. ભણવાનું ચાલુ હતું. મારૂ પણ ભણવાનું ચાલુ હતું. ત્યારે મારી બહેન નોકરીની શોધમાં સુરત આવી ત્યારે મહેશ પપ્પાએ તેને પી. પી. સવાણી સ્કૂલ અબ્રામામાં નોકરી અપાવી તેમજ તેને દીકરી બનાવી. આમ તેની નોકરી દ્વારા ઘરને થોડો સહારો મળ્યો મારી બહેન જયારે વેકેશનમાં ગામ આવી ત્યારે તેને મળવા પપ્પા અમારા ઘરે આવ્યા અમે લોકો ખુબ જ ખુશ થયા કે આટલા મોટા માણસ આપણા ઘરે આવવાના અને જયારે પપ્પા ઘરે આવ્યા અને મહેશ પપ્પાએ જ્યારે એમ કહ્યું કે આજથી આ ચારેય દીકરી મારી ત્યારે મારા પપ્પાની આંખમાં આસું સાથે દિલનો બોજો હળવો થઈ ગયો. જ્યારે અમારા પરિવારના લોકો એ સાથ છોડી દીધો ત્યારે પપ્પા અમારા તારણહાર થઈને આવ્યા.

૨૫ ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે સવારે અમારા ઘરે દુ:ખનો સૂરજ લઈને આવ્યો તે દિવસે સવારે મમ્મી પપ્પાને જગાડવા ગયા ત્યારે પપ્પા હંમેશાને માટે આંખો બંધ કરી દીધી હતી. ઘર આખું દુ:ખમાં આવી ગયું. એવા સમયે પપ્પાની અંતિમ વિધિ માટે પપ્પા એ ૨૫૦૦૦ રૂપિયાનું કુરિયર મોકલ્યું અને ફોન કર્યો કે વધારે પૈસાની જરૂર હોય તો ફોન કરવાનું કહ્યું. આમ આ સમયે પપ્પા ભગવાન બનીને આવ્યા.

થોડા દિવસ પછી હું ભી બહેન સાથે સુરત આવી ત્યારે પપ્પા અમને મળવા આવ્યા.તે દિવસે હું પપ્પાના ખભા પર માથું નાખીને ખુબ રડી એ દિવસે એવું લાગ્યું કે ભગવાને મારા પપ્પાને મહેશ પપ્પાના સ્વરૂપમાં પાછા મોકલી દીધા. તે



દિવસે જયારે પપ્પાએ કહ્યું કે આજથી તું મારી દીકરી અને મારા લગ્નની જવાબદારી પણ તેમના માથે લઈ લીધી. તે દીવસ મારી જિંદગીનો સૌથી સુંદર દિવસ હતો. ત્યાર બાદ મહેશ પપ્પા એ મને પણ મારી બહેન સાથે પી.પી.સવાણી સ્કૂલ અબ્રામામાં નોકરી અપાવી. ત્યાર બાદ અમારા ઘરમાં બને બહેનોની આવક આવવા લાગી એટલે મમ્મી અને ભાઈને પણ સુરત બોલાવી લીધા.

કોણ કહે છે ભગવાનને કોઈએ નથી જોયા હું કહું છું મેં જોયા છે મહેશ પપ્પાના સ્વરૂપમાં. હું જ નહિ મારી જેવી તમામ પિતાવિહોણી દીકરીઓ માટે ભગવાન છો. મહેશ પપ્પા બધી દીદીઓ માટે હીરો છે. પપ્પા ખાલી લગ્ન કરાવીને જવાબદારી પૂરી નથી કરતા .આજે પણ પપ્પાના ગુડ મોર્નિંગથી દીવસની શરૂઆત થાય અને ગુડ નાઈટથી દીવસ પૂરો થાય. અને કોઈ પણ ટેન્શન હોઈ તો પપ્પાને કહીંને દિલ હળવું થઇ જાય છે. પપ્પાને જયારે મળવા જઈએ ત્યારે પપ્પા દિકા કહીને બોલાવે ત્યારે કંઇક અલગ જ ખુશી મળે છે. સ્કુલમાં જયારે કોઈ મને મહેશ પપ્પાની દિકા કહીને બોલાવે ત્યારે મારી ખુશી સાતમા આસમાને પહોંચી જાય છે.

આજે મધ્યમ વર્ગીય પરિવાર માટે દીકરીના લગ્નનો ખર્ચ એ પણ જે પરિવારમાં કમાનાર પિતા ન હોય એવા પરિવાર માટે મહેશ પપ્પા એક આશાનું કિરણ છે.

"દીકરી સાપનો ભારો" એમ કહેનાર આ સમાજને અંતે એટલુ જ કહેવા માંગું છું, જ્યાં સુધી મહેશ પપ્પા જેવા વ્યક્તિ આ સમાજમાં છે ત્યાં સુધી કોઈ દીકરી સાપનો ભારો નહિ તુલસીનો ક્યારો છે. જો મહેશ પપ્પા જેવા દશ વ્યક્તિ જો આ સમાજમાં આવી જાય તો કોઈ દીકરી બોજ નહિ લાગે.

અંતમાં એટલું જ કહેવા માંગું છું કે પપ્પા તમારો પ્રેમ આમ જ વરસાવતા રહેજો. તમે મને દરેક જનમમાં મારા પપ્પાના રૂપમાં મળજો એવી ભગવાનને મારા દિલથી પ્રાર્થના છે.

**Thank You So Much Papa**
**Love You Papa**

લિ.
**તમારી દિકા**
**શ્રધ્ધા**

